# બત્રીશીના સથવારે
# કલ્યાણની પગથારે

## ભાગ-૭



: વિવેચનકાર :

**આચાર્ય વિજય અભયશેખરસૂરિ**

ણમોત્થુ ણં સમણસ્સ ભગવઓ મહાવીરસ્સ

# બત્રીશીના સથવારે કલ્યાણની પગથારે

(ભાગ-૭, ૧૪-૧૭મી બત્રીશી)

મહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી મહારાજ રચિત
દ્વાત્રિંશદ્ દ્વાત્રિંશિકા ગ્રન્થના આધારે લોકભોગ્ય
વિવેચનકાર :

શ્રી વિજય પ્રેમ-ભુવનભાનુ-ધર્મજિત્-જયશેખરસૂરિ શિષ્ય
**આચાર્ય વિજય અભયશેખરસૂરિ**


પ્રથમ આવૃત્તિ
વિ. સં. ૨૦૭૦

卐

મૂલ્ય :
રૂા. ૭૫-૦૦

**પ્રકાશક :**
**દિવ્યદર્શન ટ્રસ્ટ**
૩૯, કલિકુંડ સોસાયટી, ધોળકા-૩૮૭૮૧૦


**નોંધ :** જ્ઞાનખાતેથી પ્રકાશિત થયેલા આ પુસ્તકને ગૃહસ્થોએ માલિકીમાં રાખવું હોય તો એનું મૂલ્ય જ્ઞાનખાતે ચૂકવવું.


**ભરત ગ્રાફિક્સ**, ન્યુમાર્કેટ, પાંજરાપોળ, રિલીફ રોડ, અમદાવાદ-૧.
Ph. : (079) 22 13 41 76, M : 99250 20106
E-mail : bharatgraphics1@gmail.com

# પ્રકાશકીય

- શ્રી જૈન સંઘમાં લોકપ્રિય માસિક શાન્તિસૌરભમાં ચાલતી લેખમાળા-બત્રીશીના સથવારે-કલ્યાણની પગથારે...ના ૮૧ થી ૯૫ લેખો ૭મા પુસ્તકરૂપે પ્રકાશિત કરતાં અમે આનંદ અનુભવીએ છીએ. પૂ.આચાર્ય શ્રીવિજયપ્રેમ-ભુવનભાનુસૂરિ સમુદાયના પૂ.આચાર્ય **શ્રીવિજયઅભયશેખરસૂરિ મહારાજ** શાસ્ત્રોના ગહન પદાર્થોને પણ સરળ ભાષામાં રજુ કરીને લોકભોગ્ય બનાવવામાં કુશળ છે એ વાત શ્રીસંઘમાં પ્રસિદ્ધ છે. તેથી ઉપકારની બુદ્ધિથી તેઓએ કલમ ઉપાડી...ને શ્રાવક-શ્રાવિકાવર્ગને પણ સુંદર બોધ મળી રહે એવી લેખમાળાની શ્રીસંઘને ભેટ મળી. આ લેખમાળા પ્રત્યે જિજ્ઞાસુઓને સારું આકર્ષણ જાગ્યું છે ને તેથી અન્યોને પણ સારો બોધ મળી રહે એ માટે આ લેખોને પુસ્તકરૂપે પ્રકાશિત કરવામાં આવી રહ્યા છે. લેખક પૂજ્ય આચાર્ય ભગવંતના ચરણોમાં ભાવભરી વંદના સાથે આવા બોધપ્રદ પુસ્તકોની શ્રીસંઘને ભેટ ધર્યા કરે એવી નમ્ર વિનંતી.

- આ પુસ્તક પ્રકાશનનો સંપૂર્ણ લાભ પોતાના જ્ઞાનખાતામાંથી લેનાર **શ્રી દીપા કોમ્પ્લેક્સ જૈન સંઘ, અડાજણ, સુરત**ને હાર્દિક અભિનંદન સાથે અનુમોદના.

- પુસ્તકનું સુંદર મુદ્રણ કરનાર ભરત ગ્રાફિક્સના પૂરા સ્ટાફને ધન્યવાદ.

- જિજ્ઞાસુઓને સ્વબોધને વિશદ કરવા માટે આ પુસ્તકનું

દિવ્યદર્શન ટ્રસ્ટ વતી

**કુમારપાળ વિ. શાહ**

# પ્રસ્તાવના

⊙ સર્વજ્ઞકથિત અને ગણધર ગુમ્ફિત પદાર્થો અદ્ભુત-અલૌકિક-અનુપમ હોયં જ એ નિઃશંક છે. આવા પદાર્થોને ન્યાયાચાર્ય ન્યાયવિશારદ મહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી મહારાજનો તર્કપૂત ક્ષયોપશમ મળે એટલે રજુઆત પણ ધારદાર બને જ. પ્રભુ શાસનના આવા અદ્ભુત રહસ્યોનો સામાન્ય ક્ષયોપશમવાળા સાધુ-સાધ્વીજી ભગવંતોને તથા શ્રાવક-શ્રાવિકાઓને પણ પરિચય મળે એ માટે પ્રસ્તુત લેખમાળાનો પ્રારંભ થયો, જેના ૧૪ મી થી ૧૭ મી બત્રીશીના ૮૧ થી ૯૫ નંબરના લેખો પ્રસ્તુત પુસ્તકમાં સાતમા ભાગરૂપે પ્રકાશિત થઈ રહ્યા છે.

⊙ એકથી તેર બત્રીશીના કુલ ૮૦ લેખો એકથી છ ભાગમાં પ્રકાશિત થઈ ગયા છે.

⊙ સિદ્ધાન્તમહોદધિ સ્વ. પૂ.આ. શ્રી **વિજયપ્રેમસૂરીશ્વરજી** મ.સા., ન્યાયવિશારદ સ્વ. પૂ.આ. શ્રી વિજય **ભુવનભાનુસૂરીશ્વરજી** મ.સા., સિદ્ધાન્તદિવાકર પૂ. ગચ્છાધિપતિ શ્રી વિજય **જયઘોષસૂરીશ્વરજી** મ.સા., સહજાનંદી સ્વ. પૂ.આ. શ્રી વિજય **ધર્મજિત્સૂરીશ્વરજી** મ.સા., શ્રી સૂરિમંત્રના પરમસાધક સ્વ. પૂ.આ. શ્રી વિજય **જયશેખરસૂરીશ્વરજી** મ.સા. આ સુવિહિત ગુરુપરંપરાના ચરણોમાં નતમસ્તકે વંદના...

⊙ પ્રભુશાસનની અનુપમ વાતોને સરળ ભાષામાં સમજવા માટે પ્રસ્તુત પ્રકાશનનો સહારો લેવાની નમ્ર વિનંતી.

અષાડ સુદ-૨, ૨૦૭૦
ડોંબીવલી ચાતુર્માસ
પ્રવેશદિન

ગુરુપાદપદ્મરેણુ
**અભયશેખર**

પ્રસ્તુત પ્રકાશનનો સંપૂર્ણ લાભ પોતાના જ્ઞાનખાતેથી લેનાર
સુરત-અડાજણના **દીપા કોમ્પ્લેક્સ**
**જૈન સંઘને ફરી ફરી અભિનંદન**

## પૂજનીય સાધુ-સાધ્વી ભગવંતોને વિનમ્ર નિવેદન

આપને આ પુસ્તક વાંચવા ખાસ વિનંતી છે. વાંચ્યા બાદ, જો શ્રી જૈનશાસનની હિતકર વાતો સરળ ભાષામાં જાણવા મળી... સારો બોધ થયો એવી જો પ્રતીતિ થાય તો અન્ય સાધુ-સાધ્વીજી ભગવંતોને, તથા આરાધક કે જિજ્ઞાસુ શ્રાવક-શ્રાવિકાઓને પણ વાંચવા માટે ખાસ પ્રેરણા કરીને આપવા માટે વિનંતી છે.

**જિજ્ઞાસુ શ્રાવક-શ્રાવિકાઓને ભલામણ -**

આ પુસ્તક વાંચશો... બીજી-ત્રીજી વાર વાંચશો. અન્ય શ્રાવક-શ્રાવિકાઓને પણ ખાસ પ્રેરણા કરી વાંચવા આપશો. એમ ૩-૪-૫ જેટલા શ્રાવક-શ્રાવિકાઓને વાંચવું હોય તે વાંચી લે... પછી ત્યાંના સ્થાનિક જ્ઞાનભંડારમાં જમા કરાવી દેવું... જો કોઈએ પોતે પોતાની પાસે રાખવું હોય તો પુસ્તકની કિંમત જ્ઞાનખાતે જમા કરાવી દેવી.

**પ્રાપ્તિ સ્થાન**

(૧) પ્રકાશક

(૨) ડૉ. હેમંતભાઈ પરીખ
૨૧, તેજપાલ સોસાયટી, ફતેહપુરા બસસ્ટેન્ડ પાસે,
પાલડી, અમદાવાદ-૭. ફોન : (૦૭૯) ૨૬૬૩૦૦૦૬

(૩) મોક્ષરુચિ મોહનલાલ ઝવેરી
૬-૧૦૯૯, ગોળશેરી, ગલેમંડી, સુરત-૩૯૫ ૦૦૩,
ફોન : (૦૨૬૧) ૨૪૩૦૩૪૨

(૪) ભવ્ય ન. કુબડિયા
C/o. ઈથોસ ઈલાઈટ ગાર. પ્રા. લિ.
૧૦૬, કોસ્મોસ પ્લેટિનમ, જંકશન ઓફ ભવાની શંકર રોડ-
ગોખલે રોડ, દાદર (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૨૮.
Mo. ૯૭૬૯૩ ૨૯૯૩૨

# લેખાંક ૮૧

મુક્તિઅદ્વેષક્રમે અધિકારની પ્રાપ્તિ થાય છે એમ તેરમી બત્રીશીમાં કહેલું. અર્થાત્ મુક્તિઅદ્વેષ, બાધ્ય-ફલાપેક્ષા, સમુચિતયોગ્યતા, મોક્ષાર્થ શાસ્ત્રશ્રવણ, સ્વારસ્ય, બુદ્ધિની માર્ગાનુસારિતા, તીવ્રપાપક્ષય, સદનુષ્ઠાનરાગ.. આ ક્રમે અધિકારની પ્રાપ્તિ થાય છે. આમાં સદનુષ્ઠાનરાગ ખુદ કલ્યાણ આશયરૂપ હોવાથી એના યોગે પૂર્વસેવા મુખ્ય = અનુપચરિત બને છે. માટે આ ક્રમે જીવને અધિકારની પ્રાપ્તિ થાય છે. આ રીતે અધિકાર પામતાં જીવોમાં અપુનર્બન્ધક સૌથી પ્રથમ હોય છે. માટે આ ચૌદમી બત્રીશીમાં એનું નિરૂપણ કરવામાં આવશે.

પૂર્વે દશમી બત્રીશીની પાંચમી ગાથામાં ભવાભિનંદીના ક્ષુદ્રતા વગેરે દોષો કહેલા હતા. આ દોષો દૂર થવા પર જીવ અપુનર્બન્ધક બને છે. અપુનર્બન્ધક બનેલો જીવ શુક્લપક્ષના ચન્દ્રની જેમ પ્રાયઃ વર્ધમાન (=વધતા) ગુણોવાળો હોય છે. એટલે કે પ્રતિક્ષણ એના ઔદાર્ય-દાક્ષિણ્ય વગેરે ગુણો વધતા જતા હોય છે.

પૌદ્ગલિક સુખનું કારણ મનાયેલી એકાદ ચીજનો પણ, સાક્ષાત્ કે પરંપરાએ પણ, કોઈપણ સ્વાર્થ વિના ત્યાગ કરવો, ભવાભિનંદી જીવ માટે ત્રણે કાળમાં ક્યારેય શક્ય હોતો નથી... કારણકે એના ક્ષુદ્રતાદિ દોષો એમાં પ્રતિબંધક છે. એટલે એ દોષો દૂર થવા પર જીવ અપુનર્બન્ધક બને છે. જે જીવ હવે પછી આખા ભવચક્રમાં મોહનીય કર્મની ઉત્કૃષ્ટ ૭૦ કો૦ કો૦ સાગરોપમસ્થિતિનો બંધ ક્યારેય કરવાનો નથી તે અપુનર્બન્ધક કહેવાય છે, જે એકવાર કરવાનો હોય તે સકૃદ્બંધક અને બેવાર કરવાનો હોય તે દ્વિર્બન્ધક કહેવાય છે.

અપુનર્બન્ધક વગેરે પરિભાષા સિદ્ધાન્ત મતે જાણવી, કારણકે કાર્મગ્રન્થિકો તો સમ્યક્ત્વભ્રષ્ટ થઈને મિથ્યાત્વે ગયેલા જીવને પણ ૭૦ કોડાકોડી સાગરોપમ બંધ સ્વીકારે છે. ગ્રન્થકાર શ્રીઉપાધ્યાયજી મહારાજે અન્યત્ર ગ્રન્થમાં ખુલાસો કરેલ છે કે ભવાભિનંદી જીવ જેવા તીવ્ર સંક્લેશ પ્રયુક્ત જેવા ઉત્કૃષ્ટ રસ સાથે ૭૦ કોડાકોડી બાંધે છે, એવા ઉત્કૃષ્ટ સંક્લેશ પ્રયુક્ત એવા ઉત્કૃષ્ટ રસ સાથેનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ સમ્યક્ત્વભ્રષ્ટ જીવને સંભવતો નથી. એટલે એવા બંધનો તો એ પણ અપુનર્બન્ધક હોય જ છે.

'ભવાભિનંદીના દોષો દૂર થયે જીવ અપુનર્બન્ધક થાય છે.' એમ અહીં જણાવ્યું, પણ એ દોષો દૂર કરવાના કોઈ ઉપાયો અહીં દર્શાવ્યા નથી એ સૂચવે છે કે અપુનર્બન્ધકપણું કોઈ ઉપાયો દ્વારા પુરુષાર્થથી સાધવાનું હોતું નથી, પણ જીવ કાળક્રમે સહજ રીતે એ ભૂમિકા પ્રાપ્ત કરી લે છે. આ વાત યુક્તિસંગત પણ છે જ, કારણકે અપુનર્બન્ધકપણાંની પૂર્વઅવસ્થામાં તો ગુરુદેવાદિ પૂજનરૂપ કોઈ પણ પુરુષાર્થ તાત્ત્વિક બનતો જ નથી અને અતાત્ત્વિક પુરુષાર્થ તો સાધ્યની સિદ્ધિ ન જ કરી આપે એ સ્પષ્ટ છે. એટલે કોઈ ઉપાય દર્શાવ્યા હોત તો પણ એની તાત્ત્વિક અજમાયશ અશક્ય જ રહેવાથી ઉપાયસાધ્યતા પણ અશક્ય જ છે.

**શંકા :** પંચસૂત્રમાં બતાવેલ ચારશરણ, દુષ્કૃતગર્હા, સુકૃત અનુમોદના... આ ઉપાયરૂપ ન બની શકે ?

**સમાધાન :** એ ઉપાય પણ અપુનર્બન્ધક બની ગયેલા જીવો માટે છે, કારણકે ચાર શરણનો સ્વીકાર કરવો વગેરે ઉપદેશ છે, અને ઉપદેશની યોગ્યતા અપુનર્બન્ધકથી જ આવે છે, એ પૂર્વે નહીં. એટલે અપુનર્બન્ધકપણું પુરુષાર્થ સાધ્ય ન હોવાથી સહજઅલ્પમલત્વની જેમ કાળસાધ્ય જ માનવાનું રહે છે, ને તેથી એ, એની જેમ જ ચરમાવર્ત

પ્રવેશ માત્રથી આવી જાય છે એમ પણ માનવું યોગ્ય ઠરે છે. આ જ વાતની સૂચના અન્ય પણ અનેક વચનો પરથી મળે છે, તે અવસરે અવસરે જોઈશું.

જેમ સુદબીજનો ચન્દ્રમા પ્રતિદિન એક-એક કલા વધતો જાય છે. પણ એમાં વૃદ્ધિ એક ધડાકે થઈ જાય એવું હોતું નથી, પ્રતિક્ષણ થયા કરતી હોય છે. જે એક દિવસ વીતે ત્યાં સુધીમાં એક કલા જેટલી થઈ જાય છે. એમ ચરમાવર્ત પ્રવેશથી, જીવમાં ઔદાર્ય-દાક્ષિણ્ય વગેરે ગુણો પ્રતિક્ષણ વર્ધમાન હોય છે. જેમ ચરમાવર્તવર્તી જીવને આંતરિક યોગ્યતારૂપે મુક્તિઅદ્વેષ જ હોય છે, છતાં બહાર ઉપયોગરૂપે ક્યારેક તેવો, વિચિત્ર કર્મોદયના કારણે મુક્તિદ્વેષ પણ જોવા મળે છે. એમ અપુનર્બન્ધક જીવને (=ચરમાવર્તવર્તીજીવને) આંતરિક યોગ્યતારૂપે તો ઔદાર્યવગેરેની વર્ધમાનતા જ હોય છે. તેમ છતાં બાહ્ય ઉપયોગરૂપે ક્યારેક તેવા વિચિત્ર કર્મોદયવશાત્ એમાં હાનિ કે વિપરીત દોષાત્મક વૈપરીત્ય પણ જોવા મળી શકે છે. 'પ્રાયઃ' શબ્દ આનું સૂચન કરવા માટે છે એમ સમજાય છે. તેરમી બત્રીશીમાં કહેલ ધારાલગ્ન શુભભાવ એ આ પ્રતિક્ષણ વર્ધમાન-ગુણતાનો સૂચક જાણવો.

સુદપક્ષમાં બીજના ચન્દ્ર કરતાં ત્રીજનો ચન્દ્ર વધારે કલાએ ખીલેલો હોય છે. એમ ત્રીજ કરતાં ચોથનો, ચોથ કરતાં પાંચમનો.... એ રીતે ઉત્તરોત્તર પુનમ સુધી વધુ ને વધુ કલાએ ખીલતો જાય છે. તેમ છતાં, ક્યારેક આકાશમાં વાદળ હોય તો પૂર્વની તિથિ કરતાં પછીની તિથિએ ઓછી કલાએ ખીલતો દેખાય અથવા સંપૂર્ણ આવરાઈ ગયેલો દેખાય એવું પણ બને છે, આમાં બહાર દેખાતી કલાઓ ઓછી હોય છે, વાસ્તવિક તો વધેલી જ હોય છે ને વાદળ ખસતાં જ વ્યક્ત થાય છે. એવું જ પ્રસ્તુતમાં જાણવું.

ઉપર કહી ગયા મુજબ અપુનર્બન્ધકજીવને મુક્તિઅદ્વેષ ક્રમે પ્રગટેલ સદનુષ્ઠાનરાગ એ જ કલ્યાણ આશય છે. એ હાજર હોવાથી એણે કરેલ ગુર્વાદિપૂજા એને મોક્ષમાર્ગમાં પ્રવેશ કરાવવાનું કારણ બને છે. આમ આ પૂર્વસેવા સ્વકાર્ય કરનારી હોવાથી મુખ્ય= અનુપચરિત છે. તેથી જ્ઞાનીઓએ આ અપુનર્બન્ધક જીવને જ મુખ્ય પૂર્વસેવા કહેલી છે.

અપુનર્બન્ધક સિવાયના સકૃદ્બંધકાદિજીવો જે ગુરુ-દેવપૂજાદિ કરે છે તે એ જીવોને તથાવિધ ભવવૈરાગ્ય ન હોવાથી મોક્ષમાર્ગમાં પ્રવેશનું કારણ બની શકતી નથી. તેમ છતાં એ પૂર્વસેવા જેવી જ દેખાય છે, તેથી એને ઉપચારથી પૂર્વસેવા કહે છે. એક વાત ધ્યાનમાં રાખવી કે- અહીં એવા ભવવૈરાગ્યની વાત છે જે અપુનર્બન્ધકને હોય અને સકૃદ્બંધકાદિને ન હોય. એટલે કે એ વૈરાગ્ય તરીકે ભવાભિષ્વંગનો અભાવ = કારમી ભોગેચ્છાનો અભાવ લેવાનો છે, કારણ કે એ જ આવા વૈરાગ્યરૂપ છે.

માર્ગપતિત અને માર્ગાભિમુખ... આ બન્ને અપુનર્બન્ધકની જ વિશેષ અવસ્થારૂપ હોવાથી એ બન્નેની પૂર્વસેવાપણ મુખ્ય હોય છે.

**પ્રશ્ન :** માર્ગપતિત અને માર્ગાભિમુખ એટલે શું ?

**ઉત્તર :** સાપના નલિકામાં થતા ગમન જેવું ચિત્તનું અવક્રગમન એ માર્ગ છે. એ (માર્ગ) વિશિષ્ટ ગુણસ્થાનની પ્રાપ્તિ કરાવી આપવામાં કુશળ એવો સ્વરસવાહી ચોક્કસ પ્રકારના ક્ષયોપશમરૂપ છે. આવા માર્ગમાં પ્રવિષ્ટ થઈ ચૂકેલો જીવ એ માર્ગપતિત છે, અને એમાં પ્રવેશને યોગ્યભાવ પામેલ જીવ એ માર્ગાભિમુખ છે.

આશય એ છે કે સાપ બહાર ભલે વાંકો સળવળાટ કરતો આવતો હોય. પણ જેવો બિલમાં પેસે કે એવી કોઈ નલિકામાં પેસે

તો સીધો ચાલે છે ને સ્વગન્તવ્યસ્થળને પ્રાપ્ત કરી લે છે. એ રીતે ચિત્તનું અવક્રગમન એ માર્ગ છે. કહેવું એ છે કે એક સદન્ધન્યાય આવે છે. સદન્ધને = શાતા વેદનીયના ઉદયવાળા અંધપુરુષને રસ્તે જતાં વચ્ચે કોઈ ખાડો વગેરે વિપરીત પરિસ્થિતિ આવે ત્યારે એનો શાતાવેદનીયનો ઉદય એને એ ખાડો વગેરે આવે એ પૂર્વે જ રસ્તો બદલી નાખવાની એક સહજ પ્રેરણા કરે છે (અર્થાત્, અહીં એ ખાડો છે એવું એને કાંઈ ખબર નથી, પણ જેવો નજીક આવે કે એના મનમાં થાય કે ડાબે ઘણું ચાલ્યો, લાવ હવે થોડું જમણે ચાલું... ને એ રસ્તો બદલી નાખે, ખાડામાંથી પડતાં બચી જાય.) આવું દરેક વિષમપરિસ્થિતિ વખતે થાય એ સદન્ધન્યાય છે. આ શાતાવેદનીયના ઉદયનો પ્રભાવ હોય છે.

એમ, ઉત્તરોત્તર ગુણની પ્રાપ્તિ કેવા આચાર, ઉચ્ચાર કે વિચારથી થાય એ કદાચ કોઈ હિતસ્વી પાસેથી ન જાણ્યું હોવા છતાં, તે તે પરિસ્થિતિમાં અંદરથી ચિત્ત જ મન-વચન-કાયાને એવા પ્રવર્તાવે. એનું ચિત્ત જ એવો વિચાર વગેરે કરવાનું સૂઝાડ્યા કરે... ચિત્તની આવી અવસ્થા એ અવક્રગમન કહેવાય. આવી અવસ્થા મુખ્યતયા ગાઢમિથ્યાત્વ મોહનીય કર્મના વિશેષ પ્રકારના ક્ષયોપશમથી થાય છે. માટે આ ક્ષયોપશમવિશેષ જ માર્ગ કહેવાય છે. આવા ક્ષયોપશમવાળો જીવ કદાચ મુસ્લિમ બન્યો હોય, અને બકરી ઈદના દિવસે બકરીને હલાલ કરવાને બધા ધર્મ રૂપે જ કહી રહ્યા હોય તો પણ એનું ચિત્ત અંદરથી આવું ન કરવાનું સૂચવ્યા કરતું હોય છે. આવું જ અન્ય પણ અત્યંત અનુચિત પ્રવત્તિઓ માટે જાણવું. ને પછી જ્ઞાનાવરણનો ક્ષયોપશમ જેમ જેમ ભળતો જાય છે તેમ તેમ ઓછી અનુચિત પ્રવૃત્તિઓને પણ પરખવાનું, ને છોડવાનું થતું જાય છે.

આવા માર્ગમાં જે પ્રવિષ્ટ થયો છે. અર્થાત્ આવો ક્ષયોપશમ

જેને પ્રાપ્ત થઈ ગયો છે, એ માર્ગપતિત છે. અને જે આવા ક્ષયોપશમને સન્મુખ થયો છે એ માર્ગાભિમુખ છે. ભગવદાજ્ઞા= વચનૌષધ. આ ભગવદાજ્ઞાની યોગ્યતા અપુનર્બન્ધકથી જ શરુ થાય છે, એ પૂર્વે હોતી નથી. પંચસૂત્રની વૃત્તિમાં માર્ગપતિત અને માર્ગાભિમુખને પણ ભગવદાજ્ઞાને યોગ્ય હોવા કહ્યા છે. એટલે ઉપદેશપદવૃત્તિ, યોગબિન્દુવૃત્તિ અને ધર્મસંગ્રહ વૃત્તિમાં પણ આ બન્નેને અપુનર્બન્ધકથી અલગ હોવા નથી કહ્યા, પણ અપુનર્બન્ધકની જ એક વિશેષ અવસ્થારૂપે કહ્યા છે. પણ શ્રીઅભયદેવસૂરિ મહારાજે ત્રીજા ચૈત્યવંદન પંચાશકની વૃત્તિમાં આ બેને અપુનર્બન્ધકની અપેક્ષાએ મોક્ષથી વધુ દૂર હોવા કહ્યા છે. અને તેથી આ બેને અપુનર્બન્ધકથી અલગ પાડ્યા છે. એટલે એમના મતે જીવનો વિકાસક્રમ દ્વિર્બંધક, સકૃદ્બંધક, માર્ગાભિમુખ, માર્ગપતિત, અપુનર્બન્ધક, અવિરતસમ્યક્ત્વી... વગેરે જાણવો. પૂર્વ મતે એ ક્રમ દ્વિર્બંધક, સકૃદ્બંધક, અપુનર્બન્ધક, માર્ગાભિમુખ, માર્ગપતિત, અવિરતસમ્યક્ત્વી.... વગેરે જાણવો. સકૃદ્બંધકાદિની પૂર્વસેવા યોગમાર્ગની પ્રાપ્તિનું કારણ બનતી નથી. માટે તાત્ત્વિક પૂર્વસેવા નથી. તેમ છતાં અપુનર્બન્ધકની ઘણી નજીકતા હોવાથી એની તાત્ત્વિક પૂર્વસેવા કરતાં બહુભેદ ન હોવાના કારણે ઉપચારથી પૂર્વસેવા કહેવાય છે.

**પ્રશ્ન :** સકૃદ્બંધકના ગુરુપૂજાદિમાં પૂર્વસેવાનો ઉપચાર શા માટે કરવામાં આવે છે ?

**ઉત્તર :** આમાં બે માન્યતા છે માટીના પિંડમાં એના કાર્યભૂત ઘડાનો બહુભેદ હોતો નથી. એટલે જણાય છે કે પરિણામી કારણમાં કાર્યનો સર્વથા ભેદ હોતો નથી. પ્રસ્તુતમાં અપુનર્બન્ધકના ગુરુપૂજાદિ તાત્ત્વિક પૂર્વસેવારૂપ છે, અને સકૃદ્બંધકના ગુરુપૂજાદિ એના કારણભૂત

છે. માટે એમાં, કારણમાં કાર્યનો ઉપચાર કરીને એનો પણ 'પૂર્વસેવા' તરીકે ઉલ્લેખ થાય છે.

બીજો મત એમ કહે છે કે સકૃદ્બંધકને સંસારની અસારતાનું સંવેદન કરાવનાર ભવના સ્વરૂપનો ઊહાપોહ હોતો નથી. અને તેથી એના ગુરુપૂજાદિ તાત્ત્વિક પૂર્વસેવારૂપ બની શકતા નથી. છતાં એ ગુરુપૂજાદિ પણ દેખાય છે તો તાત્ત્વિક પૂર્વસેવા બનનાર ગુરુપૂજાદિ જેવા જ. આ બાહ્યસાદશ્યના કારણે અમુખ્ય ઉપચાર દ્વારા એ પણ પૂર્વસેવા કહેવાય છે.

'સકૃદ્બંધકાદિને પૂર્વસેવા મુખ્ય = તાત્ત્વિક નહીં, પણ ઉપચરિત હોય છે' આ વાત યોગ્ય છે, કારણકે કર્મબંધની યોગ્યતારૂપ મલ જ્યાં સુધી તીવ્ર હોય છે ત્યાં સુધી ભવાસંગ ઘટતો નથી. આ તીવ્ર ભવાભિષ્વંગ મુક્તિદ્વેષનું જ એક સ્વરૂપ હોવાથી ગુરુપૂજાદિને મુખ્ય પૂર્વસેવારૂપ બનવા દેતા નથી, માટે એ ઉપચરિત પૂર્વસેવારૂપ જ રહે છે.

**પ્રશ્ન :** આ સકૃદ્બંધકાદિજીવ ચરમાવર્તમાં હોય કે અચરમાવર્તમાં ?

**ઉત્તર :** અચરમાવર્તમાં, કારણકે ચરમાવર્ત પ્રવેશથી તો અલ્પમલત્વ ભૂમિકા હોવાથી, તીવ્રમલ સંભવી શકતો નથી. યોગબિંદુ (૧૮૩)ની વૃત્તિમાં તીવ્રમલને ભવાસંગરૂપે કહ્યો છે. *'આ ભવાસંગરૂપ તીવ્રમલ થોડો પણ ઘટે તો જીવ અપુનર્બંધક જ બની જાય છે'* આ વિધાન પણ એ સૂચવે છે કે ચરમાવર્ત પ્રવેશ થવામાત્રથી જીવ અપુનર્બન્ધક બની જાય છે, કારણકે ત્યારથી એનો મલ અલ્પ થઈ ગયેલો હોય છે.

ઉક્તવિધાનમાં યોગબિન્દુ (૧૮૩)ની સાક્ષી છે. ત્યાં કહ્યું છે

*કે મલ-વિષ અત્યંત ઉત્કટ હોવાના કારણે અપુનર્બન્ધકાદિ અવસ્થા નહીં પામેલા શેષજીવના ભવાસંગરૂપ મલવિષનો આવેગ અંશમાત્ર પણ દૂર થતો નથી. એ થોડો પણ દૂર થાય તો જીવ અપુનર્બન્ધક જ બની જાય.*

યોગબિન્દુ (૧૪૭)માં કહ્યું છે કે *'જે ભવ્યજીવોને ચરમાવર્તવર્તી હોવાના કારણે મુક્તિપર દ્વેષ હોતો નથી.....'* અહીં મુક્તિદ્વેષ ન હોવામાં કારણ તરીકે ચરમાવર્તમાં રહેવાપણું કહ્યું છે. એટલે કે જે કોઈ ચરમાવર્તમાં આવે એ બધાનો મુક્તિદ્વેષ રવાના થઈ જ થાય. ને એ રવાના થઈ જાય એટલે ભવાભિષ્વંગ, ભવાભિનંદીપણું, તીવ્રમલ, ભવવૈરાગ્યાભાવ વગેરે રવાના થઈ જ જાય. કારણકે આ બધા પર્યાયવાચી શબ્દો જેવા જ છે અને આ વિદાય થાય એટલે અપુનર્બન્ધકત્વ આવી જ જાય

યોગબિન્દુ (૯૯)ની વૃત્તિમાં કહ્યું છે કે *અપુનર્બન્ધકાદિ મહાત્માઓને અતિ દૃઢ ભવાભિષ્વંગ હોતો નથી, અન્ય જીવોને= અચરમાવર્તવર્તી જીવોને તે હોય છે.* આમાં અપુનર્બન્ધકથી ભિન્નજીવો તરીકે અચરમાવર્તવર્તી જીવો કહ્યા છે, એનો મતલબ સ્પષ્ટ જ છે કે ચરમાવર્તવર્તી તો અપુનર્બન્ધક જ હોય.

*"કપિલવગેરેએ નિરૂપેલી પૂર્વસેવા ચરમાવર્તની નજીક રહેલા અચરમાવર્તમાં હોય છે, ચરમાવર્તમાં નહીં એમ હું માનું છું, કારણકે એ પૂર્વસેવામાં તો ભવાભિષ્વંગ હોય છે."*

(યોગબિંદુ-૯૭)નું આ વચનપણ ચરમાવર્તમાં ભવાભિષ્વંગનો અભાવ અને અપુનર્બન્ધકત્વની વિદ્યમાનતા જણાવે છે.

આ સિવાય પણ આવા અન્ય ઢગલાબંધ વચનો મળે છે જે ભવાભિનંદિતા, ભવાભિષ્વંગ, મુક્તિદ્વેષ, ભવવૈરાગ્યાભાવ,

ઉપચરિતપૂર્વસેવા આ બધાની અચરમાવર્તમાં વિદ્યમાનતા ને ચરમાવર્તમાં અવિદ્યમાનતાને જણાવતા હોય... એકાદ ઈશારો સુધ્ધાં એવો જોવા મળતો નથી કે જે આ બધાની ચરમાવર્તમાં પણ સંભાવના હોવી સૂચિત કરે.

એ જ રીતે સહજમળહ્રાસ, મુક્તિઅદ્વેષ, અપુનર્બંધકત્વ... આ બધા માટે અચરમાવર્તમાં જ નિષેધ.... ને ચરમાવર્તમાં નિશ્ચિત વિદ્યમાનતા જણાવતા હોય એવા જ ઢગલાબંધ પ્રતિપાદનો મળે છે. ચરમાવર્ત શરુ થયા પછી પણ અમુક કાળ સુધી આ સહજમળહ્રાસ વગેરે ન થયા હોય એવું સૂચવનાર કોઈ વચન મળતું નથી. માટે આ બધા વચનો એ વાત નિઃશંક પુરવાર કરે છે કે ચરમાવર્ત પ્રવેશથી જ જીવ અપુનર્બન્ધક બની જાય છે.

જે જીવને ઉત્કૃષ્ટસ્થિતિબંધ કરાવનાર અતિતીવ્રસંક્લેશ હવે ક્યારેય થવાનો હોતો નથી. અર્થાત્ એવા સંક્લેશની યોગ્યતા જ જીવમાંથી ખતમ થઈ ગઈ છે એવા જ જીવની પૂર્વસેવા ઉત્તરોત્તર ભવવૈરાગ્યનું કારણ બનતી હોવાથી મુખ્ય છે, એ વિના નહીં. એટલે કે સહજમળનો = કર્મબંધના કારણભૂત યોગ-કષાયની યોગ્યતાનો પ્રતિ આવર્ત ઘટાડો થતો હોવા છતાં, ઉત્કૃષ્ટ સ્થિતિબંધનું કારણ બનનાર અતિતીવ્ર કષાય સંભવિત રહે એટલી યોગ્યતા જ્યાં સુધી ઊભી છે, ત્યાં સુધી કરાતા ગુરુપૂજનાદિ મુખ્ય પૂર્વસેવારૂપ બની શકતા નથી, કારણકે આ મળ = યોગ્યતા, આ પૂર્વસેવાને કર્મબંધ ભવવૈરાગ્યાદિનું નિમિત્ત બનવા દેતો નથી. તીવ્ર ભવરાગની હાજરી ભવવૈરાગ્યની પ્રતિબંધક છે એમ સમજાય છે. કર્મબંધના કારણરૂપ કષાયરૂપે પરિણમવાની યોગ્યતાસ્વરૂપ આ સહજમળ કાળક્રમે ઘટતાં ઘટતાં એવો ઘટી જાય કે જેથી હવે ગમે તેવું પ્રબલ નિમિત્ત મળે તો પણ, અતિતીવ્રકષાયરૂપે આત્મા પરિણમી શકે જ

નહીં, એ રીતે એની, પરિણમવાની યોગ્યતા જ નષ્ટ થઈ ગઈ. આ અલ્પમલત્વ છે, આ ચરમાવર્તપ્રવેશકાળે થાય છે, આ અપુનર્બન્ધકત્વ છે. હવે તીવ્ર-અભિષ્વંગ-ભવરાગ ન રહેવાથી, પૂર્વસેવા ઉત્તરોત્તરવૈરાગ્યનું કારણ બની શકે છે, માટે એ મુખ્ય છે. આ શાસ્ત્રીય મર્યાદા છે.

કહેવાનો આશય એ છે કે તીવ્રકષાયરૂપે પરિણમવાની યોગ્યતા જ ન રહે એવી ભૂમિકારૂપ પુરુષની પ્રકૃતિ એ એષ્યદ્ભદ્રા પ્રકૃતિ છે. આવી પ્રકૃતિ ભવિષ્યમાં કલ્યાણની પરંપરા ચલાવનારી હોય છે, એ વાત પૂર્વની બત્રીશીઓમાં આવી ગઈ છે. માટે એને અહીં એષ્યદ્ ભદ્રા કહી છે. (એષ્યદ્=ભવિષ્યમાં ભદ્રા=કલ્યાણ કરનારી.) આવી ભૂમિકા પામેલા જીવની ગુરુપૂજા વગેરે ઉત્તરોત્તર કલ્યાણ કરનાર બને છે. તેથી એવા જીવની ગુરુપૂજા વગેરેને જ પૂર્વસેવા કહેવી એવો શાસ્ત્રીય વ્યવહાર છે. શાસ્ત્રીય મર્યાદા છે. માટે એ વાસ્તવિક પૂર્વસેવા છે. આવી ભૂમિકા વગરની અવસ્થામાં= સકૃદ્બંધકાદિ અવસ્થામાં થતી ગુરુપૂજાદિ, આ એષ્યદ્ભદ્રા પ્રકૃતિ ન હોવાથી એને પૂર્વસેવા કહેવાની શાસ્ત્રીય મર્યાદા નથી. માટે 'એ ઉપચારથી પૂર્વસેવા છે' આવી વાત યુક્તિસંગત છે.

આ એષ્યદ્ભદ્રા પ્રકૃતિના પ્રભાવે, અપુનર્બન્ધકજીવ શાન્ત અને ઉદાત્ત બને છે ઇન્દ્રિય અને કષાયના એવા પ્રકારના વિકારો કે જે ઉત્કૃષ્ટ સ્થિતિબંધ કરાવી શકે. આવા વિકારોથી રહિત હોવું એ અહીં 'શાન્તત્વ' છે. તથા ઉચ્ચ-ઉચ્ચતર વગેરે શુભઆચરણોમાં બદ્ધચિત્તતા એ અહીં 'ઉદાત્તત્વ' છે. અલ્પમલત્વભૂમિકારૂપ એષ્યદ્ભદ્રાપ્રકૃતિથી મુક્તિદ્વેષ રવાના થઈ જાય છે એ રવાના થવો એ જ આદ્ય શુદ્ધ ચિત્તપરિણામ છે. પછી ઉત્તરોત્તર એની શુદ્ધતા વધતી જાય છે. જેમ ધન્ય-ધનાઢ્ય-રૂપવાન્ યુવાન ભોગસુખનો

આશ્રય થાય છે, એમ એષ્યદ્ભદ્રા પ્રકૃતિથી શાન્ત-ઉદાત્ત થયેલો જીવ શુભચિત્તનો આશ્રય થાય છે. આમાં, જે સૌભાગ્ય-આદેયતાદિથી યુક્ત હોય તે ધન્ય જાણવો. વૈભવ-સમૃદ્ધિનો માલિક હોય તે વિત્તાઢ્ય છે. શરીરની સારી આકૃતિ ધરાવનારો રૂપવાન છે. યુવાન-તરુણ પુરુષ.. આવો યુવાન શબ્દ-રૂપ-રસ-ગંધ-સ્પર્શના સેવનસ્વરૂપ ભોગસુખનો આશ્રય બને છે.

આશય એ છે કે વાત્સ્યાયને કામસૂત્રમાં રૂપ-વય-ધનાઢ્યતા વગેરેને ભોગના કારણ તરીકે જણાવેલ છે. આ કારણો ન હોવા છતાં જે ભોગમાં પ્રવૃત્ત થાય છે એની માનહાનિ થાય છે એ પોતાની જાતને સુખી માને તો એ માત્ર એનું મિથ્યા અભિમાન બની રહે છે. રૂપાદિની હાજરીમાં જે ભોગ અનુભવ હોય એનો ત્યાં માત્ર આભાસ હોય છે. માટે એ અપારમાર્થિક હોય છે, કારણ કે કારણ વિના ક્યારેય કાર્ય થતું નથી. ને તેમ છતાં કાર્યનો ભાસ થતો હોય તો એ માત્ર બુદ્ધિનો મિથ્યાવિકલ્પ જ હોય શકે. જેની પાસે રાજ્ય-લશ્કર-કોશ વગેરે કશું નથી એ શેખચલ્લીના વિચારોમાં ચઢીને કે રાત્રે સ્વપ્નમાં પોતાની જાતને રાજા તરીકે જુએ તો સ્વબુદ્ધિની કલ્પનાસ્વરૂપ શિલ્પીથી નિર્માણ પામેલ એ રાજાપણું જેમ તાત્ત્વિક હોતું નથી એમ પ્રસ્તુતમાં જાણવું. એટલે કે રૂપ-ધન-યૌવનવિનાના ભોગીનું ભોગસેવન માત્ર મિથ્યાવિકલ્પરૂપ જ બની જ રહે છે. બસ આ જ રીતે શાન્તત્વ-ઉદાત્તત્વ એ યોગનાં કારણ છે. એટલે શાન્તત્વ-ઉદાત્તત્વ વિનાના યોગીનું યોગસેવન(= અનુષ્ઠાન) પણ માત્ર મિથ્યા વિકલ્પરૂપ જ બની રહે છે.

પણ જે યોગી શાન્ત-ઉદાત્ત છે એનું અનુષ્ઠાન વાસ્તવિક બને છે. કારણકે એ સંસાર અંગે ઊહાપોહ કરે છે. આશય એ છે કે ક્રોધાદિથી જે બાધા પામતો નથી, વ્યાકુલ થતો નથી એ શાન્ત છે.

અશાન્તજીવ તો ક્રોધાદિથી વ્યાકુલ થઈ જાય. એટલે વાસ્તવિક ચિંતન શી રીતે કરે ? એમ મહાન આશયવાળો હોય તે ઉદાત્ત છે. તુચ્છ આશયવાળા જીવો તો પુદ્‌ગલના જ સારા-નરસાપણાંની વિચારણામાં અટવાયેલા હોય છે. એટલે જે શાન્ત-ઉદાત્ત નથી એને સંસાર સંબંધી આ ગંભીર વિચારણાને કોઈ અવકાશ હોતો નથી.

શાન્ત-ઉદાત્ત જીવ સંસારના કારણનો, સંસારના સ્વરૂપનો અને સંસારના ફળનો ઊહાપોહ=વિચારણા-ચિંતન કરે છે. એ કઈ રીતે એ કરે છે તે હવે આગામી લેખમાં જોઈશું.

❖ ❖ ❖

## લેખાંક ૮૨

શાન્ત-ઉદાત્તજીવના અનુષ્ઠાન જ વાસ્તવિક હોય છે, કારણકે એ સંસારના બીજ, સ્વરૂપ અને ફળનો ઊહાપોહ કરે છે એ વાત ગયા લેખમાં જોયેલી. આ ઊહાપોહ કેવો હોય તે હવે જોઈએ.

**સંસારના બીજનો ઊહાપોહ :** આમાં સંસારના કારણનું ચિંતન આવે છે. તે આ રીતે- સંપૂર્ણ શુદ્ધ સોનુ તો માત્ર ૨૪ કેરેટનું જ હોય છે. સોનામાં ૨૨ કેરેટ, ૨૦ કેરેટ, ૧૪ કેરેટ.... વગેરે ભેદ અશુદ્ધિ ભળવાના કારણે જ પડે છે.

આકાશમાં એકપણ વાદળ ન હોય તો ગઈકાલના સૂર્યપ્રકાશમાં અને આજના સૂર્યપ્રકાશમાં કોઈ તફાવત હોતો નથી. એમ આજના જ સૂર્યપ્રકાશમાં પણ સુરતમાં અને નવસારીમાં કોઈ તફાવત હોતો નથી. હા, જો વાદળના આવરણ હોય તો એ આવરણ જેવા ગાઢ કે મંદ હોય એમ સૂર્યપ્રકાશ પણ મંદ કે અધિક હોય છે.

જીવોના જ્ઞાનમાં તરતમતા જોવા મળે છે. ક્રોધાદિ પરિણતિઓમાં તરતમતા જોવા મળે છે. તો જરૂર જીવમાં કોઈક અશુદ્ધિ ભળેલી છે.

કાર્યમાં-ફળમાં જો ભેદ જોવા મળતો હોય તો કારણમાં ભેદ હોવો જ જોઈએ. ક્યારેક દૃશ્યકારણોમાં કશો ભેદ જોવા મળતો ન હોવા છતાં ફળમાં ભેદ જોવા મળતો હોય છે. જેમકે બજારમાં મોકાના સ્થળે બે દુકાનો-એક સરખો માલ વગેરે હોવા છતાં એક ખૂબ કમાયો, બીજો ઓછું. તો આવા સ્થળે અદૃશ્ય કારણનો ભેદ માનવો જ પડે છે.

આ અશુદ્ધિ કે અદૃશ્ય કારણ એ જ કર્મ છે. જીવ અનાદિકાળથી છે ને એને કર્મો અનાદિકાળથી વળગેલા છે. એટલે એનો સંસાર અનાદિ છે. આમ સંસારનું કારણ કર્મો છે. લોકમાં કર્મો હોવા છતાં આકાશને ચોંટતા નથી, જીવને જ ચોંટે છે. એટલે કર્મો ચોંટી શકે એવી યોગ્યતા જીવમાં હોવી જોઈએ. એટલે જીવની આ યોગ્યતા પણ સંસારનું કારણ છે. આમ કર્મો અને જીવની યોગ્યતા (=સ્વભાવ) આ બે સંસારનાં કારણો છે. એમાં કર્મો એ બાહ્યકારણ છે અને સ્વભાવ એ અંતરંગ કારણ છે.

**પ્રશ્ન :** જુદા જુદા જીવોના આ કર્મ-સ્વભાવ સર્વથા એક સમાન હોય છે કે સર્વથા વિલક્ષણ ?

**ઉત્તર :** આમાં એકાન્ત નથી, પણ અનેકાન્ત છે. એટલે કે સર્વથા સદૃશ પણ હોતા નથી કે સર્વથા અસદૃશ પણ હોતા નથી. કિન્તુ કથંચિદ્ (=અમુક અપેક્ષાએ) સદૃશ અને કથંચિદ્ અસદૃશ હોય છે.

**પ્રશ્ન :** આવું કેમ માનવાનું ?

**ઉત્તર :** કારણ કે એનું કાર્ય-ફળ એવું છે. અર્થાત્ સંસાર રૂપે

સંસારાત્મક ફળ બધાને એક સરખું મળ્યું છે. માટે એના કારણભૂત કર્મને સદૃશ માનવા પડે છે. તથા દેવ-નરકાદિ રૂપે ફળ બધાને અસમાન મળે છે. માટે એના કારણભૂત કર્મને પરસ્પર અસદૃશ પણ માનવા પડે છે. આ જ રીતે સ્વભાવ અંગે પણ જાણવું.

**પ્રશ્ન :** અપુનર્બન્ધકજીવો તો સાંખ્યાદિદર્શનમાં પણ હોય છે. એમને અનેકાન્તનો બોધ ન હોવાથી આવી વિચારણા શી રીતે ઘટે?

**ઉત્તર :** તમારી વાત બરાબર છે. એટલે અહીં અનેકાન્તગર્ભિત જે વિચારણા જણાવેલી છે તે જૈનદર્શનમાં રહેલા અપુનર્બન્ધક જીવ માટે જાણવી જોઈએ. એ સિવાયના અપુનર્બન્ધકજીવો સંસારના કારણનો વિચાર તો કરે જ છે કે આ સંસાર એ જીવની સ્વાભાવિક અવસ્થા નથી, પણ પ્રકૃતિ-અવિદ્યા-કર્મવગેરે નામ ધરાવનાર કોઈક જીવભિન્ન પદાર્થના કારણે થયેલી અસ્વાભાવિક અવસ્થા છે. વગેરે... જો કે ફળમાં જોવા મળતા સંસારરૂપે સમાનતા અને દેવ-નરકાદિરૂપે અસમાનતાના પ્રયોજક તરીકે કારણભૂત પ્રકૃતિ વગેરેમાં પણ સમાનતા-અસમાનતા માન્યા વગર કોઈને છૂટકો નથી. પણ શબ્દથી એનો સ્વીકાર હોતો નથી. તે છતાં કદાગ્રહશૂન્યતા = પ્રજ્ઞાપનીયતા હોવાથી આ અસ્વીકાર બાધક બનતો નથી.

**સંસારના સ્વરૂપનો ઊહાપોહ**- આ સંસાર શારીરિક - માનસિક અનેક પ્રકારના સેંકડો દુઃખોથી વ્યાપ્ત છે. વળી જન્મ-જરા-મૃત્યુની અનવરત પરંપરાથી પ્રચુર છે. એ જીવને અનાદિકાલથી વળગ્યો હોવા છતાં જીવ જ્ઞાન-દર્શન-ચારિત્રરૂપ ઉપાયો દ્વારા એનાથી મુક્ત થઈ શકે છે. જેમકે સુવર્ણને લાગેલો મલ યોગ્ય ઉપાયો દ્વારા દૂર થાય છે ને સુવર્ણ એનાથી મુક્ત થાય છે, એમ.

**સંસારફળનો ઊહાપોહ** - કર્મના ઉદયથી દુઃખ આવ્યું-ક્લેશ થયો... એના પરિણામે ફરીથી ક્લેશ... વળી આર્તધ્યાન... એટલે

પરિણામે ફરીથી ક્લેશ... વળી દુર્ધ્યાન... પાછો ક્લેશ... વળી હાય વોય... તેથી પાછો પરિણામમાં ક્લેશ... આમ સંસારમાં અનાદિકાળથી ક્લેશ... ક્લેશ... ને ક્લેશ જ ચાલ્યા કરે છે. અવિરતપણે ક્લેશની આ પરંપરા લંબાયા જ કરવી-લંબાયા જ કરવી. આ વિપુલ ક્લેશ એ સંસારનું ફળ છે.

**શંકા :** આત્માનો સ્વભાવ જ સુખ છે. પછી ક્લેશ શી રીતે પ્રવર્તે ?

**સમાધાન** - દૂધનો સ્વભાવ મધુરતા છે. પણ એમાં લીમડાનો રસ નાખવામાં આવે અને એ જોરમાં હોય - પ્રચુર હોય... તો મધુરતા અભિભૂત થઈ જાય છે. દબાઈ જાય છે. એમ આત્મા જ્યાં સુધી નબળો છે અને મોહ જ્યાં સુધી સબળો છે ત્યાં સુધી સરવાળે સંસારની દુઃખાત્મકતા જ જય પામતી રહે છે. પણ જ્યારે દૂધનું જોર-પ્રમાણ વધે છે ત્યારે કડવાશ દબાઈને મધુરતા બચે છે. એમ આત્મા જ્યારે બળવાન બને છે ત્યારે સંસારના દુઃખો અભિભૂત થઈને સરવાળે સુખ બચે છે. પણ આ અવસ્થા તો જીવ ભવવૈરાગ્ય કેળવી મોક્ષમાર્ગ પર આગળ વધી મોક્ષને નજીક થાય ત્યારે જ આવે છે.

**શંકા :** પણ સંસારમાં વચ્ચે વચ્ચે પુણ્યજન્ય સુખસમૃદ્ધિ પણ મળ્યા કરતા હોવાથી 'અવિરતપણે દુઃખપરંપરા લંબાયા કરે છે' એમ શી રીતે કહેવાય?

**સમાધાન :** ક્ષુધાતુર માણસ વિષમિશ્રિત ભોજન દ્વારા ક્ષુધાતૃપ્તિ-રસાસ્વાદ વગેરે અનુભવે છે, અને એ વખતે ભોજનની વિષમિશ્રિતતા-દારૂણ પરિણામ વગેરે જાણતો ન હોવાથી એ તૃપ્તિવગેરેને સુખ તરીકે અનુભવે પણ છે જ, છતાં વિચક્ષણ પુરુષ એને ક્ષુધાતૃપ્તિ વગેરે અંશમાં પણ સુખ તરીકે ન જોતાં દુઃખતરીકે જ

જુએ છે, એમ પ્રસ્તુતમાં જાણવું. જેના પરિણામ સ્વરૂપે પહાડ જેવા દુઃખોની વણઝાર ખડકાતી હોય એને સુખ શી રીતે કહેવાય ? એટલે કે એ પણ દુઃખરૂપ જ હોવાથી અહીં 'જ'કાર દ્વારા સુખના અંશનો પણ વિચ્છેદ કર્યો છે.

**શંકા :** સંસારના સ્વરૂપમાં પણ જન્મ-જરા-મૃત્યુના દુઃખોનો વિચાર કર્યો અને ફળમાં પણ દુઃખોનો જ વિચાર કર્યો. તો બેમાં તફાવત શું રહ્યો ?

**સમાધાન :** ઑપરેશન-વેપારના કષ્ટ... વગેરે સ્વરૂપે દુઃખમય હોવા છતાં પરિણામે સુખમય કહેવાય છે. એટલે સ્વરૂપ અને ફળમાં ભેદ પડે છે. પણ સંસારમાં આવો ભેદપણ નથી સ્વરૂપે પણ દુઃખ-દુઃખ અને દુઃખ જ છે અને એના પરિણામે પણ માત્રને માત્ર દુઃખોની પરંપરા જ છે. આ દૃઢ કરવા માટે ફલનો વિચાર સ્વતંત્ર કરવામાં આવે છે. આ જ કારણ છે કે શ્રીપંચસૂત્રમાં સંસારની ઓળખાણ *દુઃખરૂવે, દુઃખફલે, દુઃખાનુબંધી...* એ રીતે આપી છે.

આ અપુનર્બન્ધકજીવને સંસારના બીજ, સ્વરૂપ અને ફળનો ઊહાપોહ કરતાં બધું જ દુઃખ, દુઃખ, દુઃખમય ભાસવાથી એના ઉચ્છેદની ઈચ્છા જાગે છે એ ઈચ્છા જાગવા પર એ, સંસારના ઉચ્છેદના ઉપાયની પણ બીજ, સ્વરૂપ અને ફળથી વિચારણા કરે છે. (એમ તો ભવાભિનંદી જીવ પણ સંસારના સ્વરૂપ અને ફળનું ચિંતન કરે જ છે. પણ એમાં એને સંસાર સુખમય-સોહામણો ભાસે છે પૌદ્‌ગલિક સુખ એ જ સર્વસ્વ લાગે છે.

**શંકા :** પણ સંસારમાં તો ડગલે ને પગલે દુઃખપણ અનુભવાય જ છે ને ?

**સમાધાન :** હા, આબાળગોપાળ સર્વેને પ્રસિદ્ધ વાતનો અપલાપ તો શી રીતે કરાય ? પણ એ આ દુઃખને, સુખ માટે ચૂકવવા પડતાં

મૂલ્ય જેવું માને છે. કણ જેટલા સુખ માટે ટનબંધ દુઃખ વેઠવું પડે તો પણ એ એને સસ્તામાં સોદો પત્યો એવું લાગે છે. એટલે કે એવે સ્થળે પણ એનું અંતઃકરણ આવું જ બોલ્યા કરતું હોય છે કે આ સુખ જોઈતું હોય તો આટલું દુઃખ તો વેઠવું જ પડે ને ? આ સુખની સામે આ દુઃખ કાંઈ દુઃખ નથી. એટલે એને દુઃખના દર્શન થતા નથી... ને બધું સુખરૂપ કે સુખના કારણ રૂપ ભાસ્યા કરે છે. ને તેથી, સંસારના ઉચ્છેદની ઇચ્છા જાગવી તો દૂર, પણ જેને એ જાગે છે, એ બધા જીવો ભવાભિનંદી જીવને પાગલ જેવા લાગે છે.

જ્યારે અપુનર્બન્ધકાદિજીવોનું ચિંતન આવું ચાલે છે કે - આટલા કણ જેટલા સુખ માટે ટનબંધ દુઃખ ! આ તો ભારે ખોટનો ધંધો છે... અલ્પ સુખથી આગળ અને પાછળ બન્ને બાજુ તોતિંગ દુઃખ ભાસે છે ને એ તોતિંગ દુઃખના મૂળમાં પણ વચ્ચે જે ભૌતિક સુખ ભોગવ્યું એ જ લાગે છે. એટલે કે એને બધું જ દુઃખરૂપ કે દુઃખના કારણરૂપ ભાસે છે. ને તેથી સંસારનો ઉચ્છેદ કરવાની ઇચ્છા જાગે છે.)

સંસારઉચ્છેદનાં ઉપાયની આ વિચારણા અપુનર્બન્ધક જીવ જો જૈનદર્શનમાં રહેલો હોય તો અનેકાન્તગર્ભિત ચાલે છે પણ સાંખ્ય વગેરે દર્શનમાં રહેલા એને એક એક નયની વિચારણા મળે છે. એટલે કે સાંખ્યદર્શનવાળાને દ્રવ્યાર્થિક નયની વિચારણા મળે છે. બૌદ્ધદર્શનવાળાને પર્યાયાર્થિક નયની વિચારણા મળે છે. તેમ છતાં આ જીવોને પ્રજ્ઞાપનીયતા હોવાથી ઇતરાંશની જિજ્ઞાસાની યોગ્યતા પડી હોય છે. અલબત્ સાંખ્યદર્શનવાળા અપુનર્બન્ધકે સ્વશાસ્ત્રોમાં નિત્યત્વની જ વાતો જાણેલી હોવાથી એના માટે ઇતરાંશ તરીકે અનિત્યત્વ આવે છે. અને આ અનિત્યત્વનું તો એમના ગ્રન્થોમાં ખંડન હોય છે. એટલે એની જિજ્ઞાસા શી રીતે જાગે ? તેમ છતાં એ જિજ્ઞાસાની યોગ્યતા પડેલી હોય છે. આ રીતે બૌદ્ધદર્શનમાં

રહેલાને અનિત્યત્વ અંશની જાણકારી મળી હોય છે. ઈતરાંશ નિત્યત્વની જિજ્ઞાસાની યોગ્યતા હોય છે. આ યોગ્યતાને ઉપચારથી 'જિજ્ઞાસારૂપે' જ લઈ શકાય છે. એટલે અપુનર્બન્ધક જીવનો સંસારવિચ્છેદના ઉપાયનો વિચાર, પ્રમાણ જેવો નિશ્ચય કરાવે એવા નિશ્ચય તરફ દોરી જનારો બની રહે છે. આશય એ છે કે ઉભયનય ગર્ભિત વિચાર એ પ્રમાણમાન્ય નિશ્ચય છે. અન્ય દર્શનમાં રહેલા અપુનર્બન્ધકને તે તે એક નયગર્ભિત વિચાર હોવાથી આવો નિશ્ચય ન હોવા છતાં, સ્વસંમત તે તે એક નયનો કદાગ્રહ ન હોવાથી ઈતરનયના વિચારની યોગ્યતા રહી હોવાના કારણે એને થતો નિશ્ચય, શુદ્ધ નિશ્ચયને=પ્રમાણજન્ય નિશ્ચયને અનુસરનારો હોય છે જો કદાગ્રહ બેઠો હોય તો એ કદાગ્રહ જ ઈતરનયની જિજ્ઞાસાની યોગ્યતાનો પણ પ્રતિબંધક બની રહ્યો હોવાથી શુદ્ધ નિશ્ચયનું અનુસરણ સંભવિત રહેતું નથી.

**પ્રશ્ન :** અપુનર્બન્ધકજીવ સંસારઉચ્છેદના હેતુની વિચારણા કરે છે. આ વિચારણાથી એને હેતુ તરીકે કોનો નિશ્ચય થાય છે ?

**ઉત્તર :** એ હેતુ તરીકે એ 'યોગ'નો નિશ્ચય કરે છે, કારણ કે 'મોક્ષની સાથે જીવને યોજી આપે એ યોગ' એવું શ્રેષ્ઠમુનિઓએ કહેલું છે. પ્રકૃતિ અનાદિકાળથી પુરુષનો અભિભવ કરી રહી છે. 'પુરુષનો અભિભવ કરવાનો એનો આ અધિકાર જયારે નિવૃત્ત થાય છે, ત્યારે કંઈક અંશે યોગ ચોક્કસ પ્રવર્તે છે.' આવું યોગાચાર્ય ગોપેન્દ્રનું વચન છે. આ વચનને અનુસરીને અન્ય દર્શનકારો વડે આવા શાન્ત-ઉદાત્ત ગુણયુક્ત જીવને યોગ હોવો મનાયેલો છે. કારણકે આ જીવ પ્રતિશ્રોતોગામી હોય છે. ઈન્દ્રિયો અને કષાયોને અનુકૂળ વર્તવું એ અનુશ્રોત ગમન છે, અને એને પ્રતિકૂળ વર્તવું એ પ્રતિશ્રોતોઅનુગમન છે.

અર્થાત્ મનગમતા વિષયમાં ઇન્દ્રિયને લઈ જવી અને અણગમતા વિષયમાંથી ખેંચી લેવી.. નિમિત્ત મળ્યું ને ગુસ્સો કરવો... આવું બધું જીવનું અનાદિકાળથી જે વલણ છે, તે પ્રવાહ છે- શ્રોતસ્ (શ્રોતો) છે. આ પ્રવાહમાં તણાવું તે અનુશ્રોતોનુગામિત્વ છે. આનાથી વિપરીત, ગમે એટલો આકર્ષક વિષય ઉપસ્થિત થાય તો પણ ઇન્દ્રિયને એમાં જવા ન દેવી, પાછી ખેંચી લેવી. ગમે તેવું પ્રબળ નિમિત્ત મળવા છતાં કષાય કરવો નહીં... આ પ્રતિશ્રોતોનુ-ગામિત્વ છે, કારણ કે આમાં, નદીમાં સામે પ્રવાહે તરવામાં જેમ બહુ સંઘર્ષ કરવો પડે છે એમ ખૂબ સંઘર્ષ કરવો પડે છે.

વિષય અને કષાય જીવને સંસાર તરફ તાણી જનાર છે, એટલે વિષય-કષાયને રુંધવા, એનાથી દૂર જવું એ સંસારથી દૂર જવારૂપ હોવાથી મોક્ષતરફની ગતિરૂપ બને છે, માટે એ યોગ છે. વળી આમાં વિષય-કષાયની સામે પડવાનું હોવાથી વિષય-કષાય બન્નેનું જોર ઘટતું જાય છે. આમ વિષય-કષાય મોળા પડવા એ જ તો શુભ પરિણામ છે. એટલે આ બેની સામે પડતા રહેવાથી પ્રતિદિન શુભપરિણામની વૃદ્ધિ થતી રહે છે. આ વૃદ્ધિ એ યોગનું ફલ (=કાર્ય) છે. એટલે એના પરથી યોગની વિદ્યમાનતા નિશ્ચિત થાય છે.

યોગબિન્દુમાં કહ્યું છે કે- *સામાન્યથી નદીનો પ્રવાહ પોતાના ઉદ્ગમસ્થાનથી મહાસમુદ્ર તરફનો હોય છે. આ અનુશ્રોત છે. પણ મહાસમુદ્રની નજીક, મહાસમુદ્રના ક્ષોભથી (ભરતીના-મોજાનાં જોરથી) નદીનું મીઠું જળ પાછું ફરીને, પોતાના ઉદ્ગમ સ્થાન તરફ વળે છે. આ પ્રતિશ્રોત છે. ઉપસંહારના કારણે આ ઉદ્ગમસ્થાન તરફનું જળનું ગમન જેમ વધતું જાય છે, એમ સામાન્યથી સંસારસમુદ્ર તરફ જીવનું જે ગમન થતું હોય છે, તે પ્રતિશ્રોતોનુગામિ થઈ વિપરીત દિશાના ગમનરૂપ બનવાથી પ્રતિદિન વૃદ્ધિયુક્ત બને છે.*

**શંકા :** શુભપરિણામની વૃદ્ધિરૂપ કાર્યપરથી એના કારણરૂપ યોગનું તમે અપુનર્બન્ધકમાં અનુમાન કરો છો. પણ એને તો હજુ સમ્યક્ત્વની પણ પ્રાપ્તિ થઈ નથી, તો એને યોગ કઈ રીતે સંભવે?

**સમાધાન :** એને દ્રવ્યથી યોગ હોય છે. આશય એ છે કે અપુનર્બન્ધકજીવ પૂર્વસેવારૂપ જે સદનુષ્ઠાન કરે છે તે પરમાર્થથી યોગરૂપ ન હોવા છતાં એના કારણભૂત તો હોય જ છે. એટલે 'ભાવનું જે કારણ બને તે પ્રધાનદ્રવ્ય કહેવાય' એ ન્યાયે એને પ્રધાન દ્રવ્યયોગ હોય છે. તેથી યોગાચાર્ય ગોપેન્દ્રએ તેને યોગની વિદ્યમાનતા જે કહી છે એ પણ આ રીતે જ સંગત કરવી.

**શંકા :** અપુનર્બન્ધકને જો દ્રવ્યયોગ છે, તો ભાવયોગ કોને હોય ?

**સમાધાન :** રાગદ્વેષનો અતિતીવ્ર પરિણામ એ 'ગ્રન્થિ' છે. જે જીવે અપૂર્વકરણ દ્વારા આ ગ્રન્થિને ભેદી નાખી છે એ જીવ ભિન્નગ્રન્થિજીવ છે. ગ્રન્થિભેદ દ્વારા એ જીવ સમ્યક્ત્વ પામેલો છે. નિર્મળસમ્યક્ત્વ ધરાવનાર જીવને મોક્ષની પ્રબળ અભિલાષા બેસેલી હોય છે. અવિરતિના પ્રભાવે ક્યારેક બહારથી વ્યક્તરૂપે અર્થ-કામની અભિલાષા અને તદનુરૂપ પ્રવૃત્તિ હોય તો પણ એના અંતઃકરણનો ઢાલ મોક્ષ તરફ જ હોય છે. એટલે કે અંદર યોગ્યતારૂપે તો મોક્ષની આકાંક્ષા જ સ્ફુરાયમાણ હોય છે. એ તો એકાદક્ષણ માટે પણ ખસતી નથી. અર્થાત્ એનું હૃદય અવિરત ધારાથી મોક્ષમાં લાગેલું હોય છે. એટલે અભવ્યાદિજીવને નિરતિચાર સંયમ પાલનાદિ ધર્મક્રિયા પણ અંદર સંસારની ગાઢ આસક્તિ પડી હોવાના કારણે જેમ છેવટે સંસારમાં પરિણમનારી બને છે એમ નિર્મળ સમ્યક્ત્વજીવની અર્થ-કામની પ્રવૃત્તિ પણ અંદર મોક્ષની અતિદૃઢચિત્તતા હોવાથી છેવટે મોક્ષપ્રાપ્તિમાં જ પરિણમનારી બને છે. માટે એને ભાવથી યોગ હોય છે.

અપુનર્બન્ધકજીવને મોક્ષમાં અતિદઢચિત્તતા નિર્માણ થયેલી નથી. એને તો ભવસ્વરૂપના, ભવવિચ્છેદના ઊહકાળે કે ધર્મપ્રવૃત્તિકાળે મોક્ષઆકાંક્ષા સંભવવા છતાં એ સતત સંભવતી હોતી નથી. અર્થ કામની પ્રવૃત્તિ કાળે એ સંભવતી નથી. તેથી એની ધર્મક્રિયા પણ દ્રવ્યથી જ યોગરૂપ બને છે.

એટલે ફલિતાર્થ આ મળે છે કે નિર્મળ સમ્યક્ત્વીને મોક્ષાકાંક્ષા-વાળું ચિત્ત સાર્વદિક હોવાથી એની અર્થ-કામની પ્રવૃત્તિ પણ ભાવથી યોગરૂપ બને છે, જ્યારે અપુનર્બન્ધકને મોક્ષાકાંક્ષાવાળું ચિત્ત કદાચિત્ હોવાથી એની ધર્મપ્રવૃત્તિપણ ભાવથી યોગરૂપ બનતી નથી, માત્ર દ્રવ્યથી યોગરૂપ બને છે.

**શંકા :** સમ્યક્ત્વીની અર્થ-કામપ્રવૃત્તિપણ યોગરૂપ બને એ કઈ રીતે ?

**સમાધાન :** જેમ અન્યમાં આસક્તસ્ત્રીનો સ્વપતિસંબંધી વ્યાપાર પણ અશ્રેયજનક હોય છે એમ નિર્મળસમ્યક્ત્વીનો કુટુંબાદિ વ્યાપાર પણ પાપબંધજનક હોતો નથી. આશય એ છે કે અન્યમાં આસક્તસ્ત્રીની=હજુ પણ પરપુરુષસાથે ક્રીડા કરવાને ઇચ્છતી સ્ત્રીની અન્યપુરુષસંબંધી ક્રિયા તો પાપ કરાવે છે, પણ સ્વપતિસંબંધી શુશ્રૂષાદિ ક્રિયા પણ પાપબંધ કરાવે છે. અહીં પાપબંધ એટલે, સ્વપતિમાં આસક્તસ્ત્રીની સ્વપતિ સંબંધી ભોગક્રિયા જે પાપબંધ કરાવે એના કરતાં અધિક-વિશેષપ્રકારનો પાપબંધ સમજવો. એટલે 'સ્વપતિમાં આસક્તસ્ત્રીની સ્વપતિસાથેની ભોગક્રિયા પાપજનક હોતી નથી' એવો અનિષ્ટ અર્થ આવી નહીં પડે.

આ જ રીતે ભિન્નગ્રન્થિકજીવનો કુટુંબાદિ વ્યાપાર પણ બંધ કરનારો બનતો નથી. કારણકે પુણ્યયોગકાળે પણ=પુણ્યજનક ક્રિયાકાળે પણ જો પરિણામ પાપના હોય તો જેમ પાપનો જ બંધ થાય છે એમ

અશુભ (= પાપજનક) કુટુંબ ચિંતાદિકાળે પણ ભિન્નગ્રન્થિક જીવને શુદ્ધ પરિણામના પ્રભાવે સદ્અનુબંધ જ ઉત્પન્ન થાય છે. યોગબિંદુ (૨૦૪-૨૦૫)માં કહ્યું છે કે- *જે સ્ત્રી અન્ય પુરુષમાં આસક્ત છે અને જેનું મન હંમેશા એ પુરુષમાં જ રમ્યા કરે છે એ સ્ત્રીની સ્વપતિસંબંધી શુશ્રૂષાદિપ્રવૃત્તિ પણ વસ્તુતઃ પરપુરુષ ખાતે જ જમા થાય છે અને તેથી પરપુરુષના પરિભોગજન્ય પાપબંધ પણ એને થાય છે. આ જ રીતે જે ભિન્નગ્રન્થિજીવ મોક્ષમાં આસક્ત હોય છે, જેનું મન સતત મોક્ષમાં રમ્યા કરતું હોય છે એ જીવની કુટુંબચિંતા વગેરેરૂપ સંસારસંબંધી સર્વ પ્રવૃત્તિઓ પણ મોક્ષ ખાતે જમા થાય છે અને એનાથી એને નિર્જરા પણ થાય છે. ગ્રન્થિભેદના પ્રભાવે મોક્ષાત્મક ઉત્તમભાવને જોતાં જીવનું ચિત્ત વિચિત્ર કર્મોદયવશાત્ પુત્ર-પત્નીની મમતા વગેરે પરિણામથી આકુલ હોય ત્યારે પણ ત્યાં-મોક્ષમાં નથી રમતું એવું બનતું નથી.*

આમ ભિન્નગ્રન્થિકજીવની ધર્મક્રિયા તો મોક્ષખાતે જમા થાય છે જ, એની અર્થ-કામ પ્રવૃત્તિપણ મોક્ષખાતે જ જમા થાય છે ને તેથી નિર્જરાફલક જ હોય છે. કારણકે મન મોક્ષમાં રમતું હોય છે. અલબત્ત, સંસારક્રિયા કાળે મન પુત્રાદિની મમતામાં રમતું હોય છે, છતાં આ મનની રમણતા કર્મોદયવશાત્ હોય છે ને કામચલાઉ હોય છે જ્યારે એની મોક્ષમાં રમણતા સ્વકીય રુચિવશાત્ હોય છે ને કાયમી હોય છે. તેથી સરવાળે એ બળવત્તર રહેવાથી બધી પ્રવૃત્તિ મોક્ષખાતે જમા થાય છે ને નિર્જરાફલક બને છે.

**શંકા :** તો શું બાહ્ય અર્થ-કામની પ્રવૃત્તિ કર્મબંધ ન કરાવે ?

**સમાધાન :** પોતાના આશયની શુદ્ધિ હોય તો કુટુંબની સારસંભાળ વગેરે રૂપ બાહ્ય હેતુ કર્મબંધપ્રત્યે અકારણ બની રહે છે, કારણકે 'જે જેટલાં સંસારનાં કારણો છે એ એટલા મોક્ષનાં કારણ છે' આવા ઓઘનિર્યુક્તિના વચનને અનુસરીને જણાય છે કે સંસારના

કારણો જ વિશેષપ્રકારના પરિણામના પ્રભાવે મોક્ષના કારણ તરીકે પરિણમે છે.

**શંકા :** ક્રિયાને પણ મોક્ષનું કારણ કહી છે. ક્રિયા વિનાનો ભાવ પાંગળો છે. એટલે એ અકિંચિત્કર બની જશે.

**સમાધાન :** તમારી વાત બરાબર છે. પણ 'ભિન્નગ્રન્થિકજીવને ક્રિયા હોતી નથી' એવું તમને કોણે કહ્યું? એને વિરતિક્રિયા ન હોવા છતાં શુદ્ધ શ્રદ્ધાનુસારિણી શુશ્રૂષા તો હોય જ છે. આશય એ છે કે એને 'જિનવચનો પ્રમાણભૂત છે' આવી પ્રતીતિરૂપ શુદ્ધ શ્રદ્ધા હોય છે. વળી જિનવચનો પ્રમાણભૂત ભાસ્યા એટલે એને સાંભળવાના મનરૂપ શુશ્રૂષા ઊભી થાય જ. આ શુદ્ધ શ્રદ્ધાનુસારિણી શુશ્રૂષા છે. એ ભાવને અકિંચિત્કર બનવા હોતી નથી.

**પ્રશ્ન :** આ શુશ્રૂષાદિરૂપ સમ્યગ્ક્રિયાને કોણ ખેંચી લાવે છે ?

**ઉત્તર :** પૂર્વોક્ત ઊહાપોહ આ ક્રિયાને ખેંચી લાવે છે. એ કઈ રીતે ખેંચી લાવે છે તે હવે આગામી લેખમાં જોઈશું.

❖ ❖ ❖

## લેખાંક ૮૩

ઊહાપોહ સમ્યગ્ક્રિયાને ખેંચી લાવે છે. એ વાત છેલ્લે ગયા લેખમાં જોયેલી. હવે, એ કઈ રીતે ખેંચી લાવે છે ? એ આ લેખમાં જોઈએ. પુરુષને પૌદ્ગલિક સુખનો અતિ અતિગાઢ રસિયો પ્રકૃતિએ અનાદિકાળથી બનાવેલો છે. આ સુખમાટે પુરુષને તીવ્ર વિષય-કષાયમાં તાણી જવો એ પ્રકૃતિની, પુરુષનો અભિભવ કરવારૂપ પ્રવૃત્તિ છે. આ પ્રવૃત્તિ અટકી જવી એ પ્રકૃતિની અપ્રવૃત્તિ છે. તથા પુરુષ વિષય-કષાયનું જોર ઘટાડવાનો પુરુષાર્થ

પ્રારંભે એ પ્રકૃતિની વિરોધી પ્રવૃત્તિ છે. ભવસંબંધી અને ભવવિયોગ સંબંધી પરિશુદ્ધ ઊહાપોહ આ અપ્રવૃત્તિ અને વિરોધી પ્રવૃત્તિ દ્વારા સદ્ અનુષ્ઠાનનું અવંધ્યકારણ છે. એટલે એ ઊહાપોહ જ સમ્યગ્ક્રિયાને ખેંચી લાવે છે.

યોગબિન્દુની ૨૦૭-૨૦૮મી ગાથામાં કહ્યું છે કે- *પ્રકૃતિનો અધિકાર ખસવો એટલે પ્રકૃતિની પ્રવૃત્તિ અટકવી. એ અટકે એટલે પ્રકૃતિના અપ્રવૃત્તિ અને વિરોધી પ્રવૃત્તિરૂપ ધર્મો પ્રવર્તે છે. જ્યાં સુધી એ ધર્મો પ્રવર્તતા નથી ત્યાં સુધી નિર્મળ મન સ્વરૂપ ઊહાપોહ સંભવતો નથી. વળી આ ઊહાપોહ ઝળહળતા રત્નસમાન છે. એની હાજરીમાં વીર્ય પ્રબળ બને છે.* આ વીર્ય એટલે સદ્વીર્ય... કારણ કે અસદ્વીર્ય તો પ્રકૃતિનો અધિકાર હતો ત્યારે પણ પ્રબળ હતું જ. સદ્વીર્ય પ્રબળ બનવાથી ક્ષુદ્રતાદિ દોષો માથું ઊંચકી શકતા ન હોવાના કારણે શુભભાવની સ્થિરતા થાય છે. શુભભાવ સ્થિર થવાથી સદ્અનુષ્ઠાન પણ હંમેશા પ્રવર્તે છે. આમ, ઊહાપોહ સદ્અનુષ્ઠાનનું અવંધ્યકારણ બને છે.

**શંકા-** યોગવિંશિકા, યોગબિન્દુ, જ્ઞાનસાર વગેરે ગ્રન્થોમાં અધ્યાત્મ વગેરે યોગોનો પ્રારંભ દેશવિરતિગુણઠાણાથી કહ્યો છે. એટલે સ્પષ્ટ છે કે ચોથે અવિરતસમ્યગ્દૃષ્ટિગુણઠાણે ભાવયોગ ન હોય, દ્રવ્યયોગ જ હોય. જ્યારે તમે તો એને પણ ભાવયોગ કહો છો, તો વિરોધ નહીં થાય ?

**સમાધાન-** મોહનીયકર્મની ૨૮ ઉત્તર પ્રકૃતિઓમાંથી સમ્યક્ત્વ મોહનીય, મિશ્રમોહનીય અને મિથ્યાત્વમોહનીય... આ ત્રણ દર્શનમોહનીય છે. બાકીની ૨૫ પ્રકૃતિઓ ચારિત્રમોહનીય છે. એટલે કે ચારિત્રનો ઘાત કરનારી છે. એટલે અનંતાનુબંધીની ચાર પ્રકૃતિઓ પણ ચારિત્રમોહનીય હોવાથી ચારિત્રની વિરોધી છે. ચોથે

ગુણઠાણે આ ચારનો ઉદય હોતો નથી. તો 'એના ઉદયથી ઘાત પામનાર ચારિત્રગુણ પ્રગટ થવો જ જોઈએ' એમ નિશ્ચયનય કહે છે. આ પ્રગટેલ ચારિત્રગુણને નજરમાં લઈને અહીં એ સમ્યગ્દૃષ્ટિને ભાવયોગ કહ્યો છે એ જાણવું.

પણ વ્યવહારનય અલ્પની વિવક્ષા કરતો નથી (એટલે કે અલ્પનો અભાવ તરીકે વ્યવહાર કરે છે). જેમકે જેની પાસે માત્ર પાંચ-પચ્ચીશ રૂપિયા જ છે. એવા માણસને એ ધનવાન ન કહેતાં નિર્ધન જ કહે છે. જ્યારે નિશ્ચયનય તો 'જેની પાસે ધન હોય એ ધનવાન' આ વ્યુત્પત્તિને નજરમાં રાખીને એનો ધનવાન તરીકે ઉલ્લેખ કરે જ છે, કારણ કે છેવટે પાંચ-પચ્ચીશ રૂપિયા પણ 'ધન' તો છે જ. આ જ રીતે વ્યવહારનય, ચારિત્ર અને યોગ અંગે પણ વ્યવહાર કરે છે. સમ્યક્ત્વીને ઉદયમાંથી માત્ર અનંતાનુબંધી કષાયો ખસ્યા છે, પણ અપ્રત્યાખ્યાનાવરણીય વગેરે ખસ્યા નથી. તો જે ચારિત્રગુણ પ્રગટ થયો છે અને ભાવથી યોગ પ્રગટ્યો છે એ અતિઅલ્પ હોવાથી વ્યવહારનય એની વિવક્ષા કરતો નથી. અને તેથી ભાવયોગનો નિષેધ કરી માત્ર દ્રવ્યયોગ ત્યાં સ્વીકારે છે.

પણ ગ્રન્થકારે પ્રસ્તુત બત્રીશીની ૧૬મી ગાથામાં ભિન્નગ્રન્થિને ભાવથી યોગ જે કહ્યો છે, એ નિશ્ચયનયને અનુસરીને જાણવો, કારણકે એ તો અલ્પહાજરીની પણ નોંધ લેનારો છે. યોગબિન્દુની ૨૦૯મી ગાથાના પૂર્વાર્ધમાં જે જણાવ્યું છે કે *'અને આ યોગનો હેતુ હોવાથી યોગ છે'* એની વ્યાખ્યામાં એના વ્યાખ્યાકારે આ નિશ્ચયનયના અભિપ્રાયને જ નજરમાં રાખ્યો છે, અને *'વળી આ શુદ્ધ અનુષ્ઠાન યોગનો હેતુ હોવાથી=મોક્ષના યોગનું=મોક્ષના સંયોગનું કારણ હોવાથી યોગરૂપ છે.'* એ રીતે વ્યાખ્યા કરીને સમ્યક્ત્વીના શુશ્રૂષાદિ શુદ્ધ અનુષ્ઠાનને ભાવથી યોગરૂપે જણાવેલ છે.

તેમ છતાં, યોગબિન્દુની એ ગાથાના ઉત્તરાર્ધમાં આ અનુષ્ઠાનનો સમવતાર મુખ્ય પૂર્વ સેવામાં જણાવ્યો હોવાથી ગ્રન્થકારે અહીં બત્રીશીમાં એ ગાથાને ઉદ્ધરણ તરીકે જે આપી છે તેમાં એને યોગની પૂર્વસેવા તરીકે જ જણાવ્યો છે. આ અર્થ લેવા માટે પૂર્વાર્ધમાં જે **योगहेतुत्वाद्योगः** જણાવેલ છે. એની વ્યાખ્યા આવી જાણવી કે એ શુશ્રૂષાદિ અનુષ્ઠાન યોગના કારણભૂત હોવાથી (કારણમાં કાર્યનો ઉપચાર કરીને) યોગરૂપ જાણવાં. પૂર્વસેવા પણ યોગનું કારણ જ છે. એટલે આ વ્યાખ્યાનુસારે આ શુશ્રૂષાદિ પણ મુખ્ય પૂર્વસેવારૂપ જ છે.

**શંકા :** અપુનર્બન્ધકના અનુષ્ઠાન પણ યોગની પૂર્વસેવારૂપ છે ને અવિરત સમ્યક્ત્વીના પણ યોગની પૂર્વસેવારૂપ જ છે. તો બન્ને સરખા થઈ જશે.

**સમાધાન :** શ્રી અનુયોગદ્વાર વગેરે ગ્રન્થોમાં નૈગમનયના નિરૂપણમાં પ્રસ્થકનું દૃષ્ટાન્ત આવે છે. એમાં, પ્રસ્થક બનાવવાનું કાષ્ઠ લેવા સુથાર વનમાં જઈ રહ્યો હોય ને ત્યારે એને કોઈ પૂછે કે શું લેવા જાય છે ? તો એ જવાબ આપે છે કે 'હું પ્રસ્થક લેવા જઈ રહ્યો છું...' પછી લાકડું છેદતી વખતે, છોલતી વખતે.. કોરતી વખતે.. વગેરે દરેક ક્રિયામાં પ્રશ્ન પૂછાય ત્યારે 'પ્રસ્થક છેદું છું...' 'પ્રસ્થક છોલું છું...' 'પ્રસ્થક કોરું છું..' આમ બધી અવસ્થામાં એ 'પ્રસ્થક' તરીકે નૈગમનયને માન્ય છે. એમ છેલ્લે પ્રસ્થક તૈયાર થઈ ગયા પછી એના પર 'પ્રસ્થક' એવા અક્ષરો કોતરવામાં આવી જાય એટલે એ પણ નૈગમને 'પ્રસ્થક' તરીકે માન્ય છે. શ્રી અનુયોગદ્વારમાં આ જણાવ્યા પછી એમ જણાવ્યું છે કે આમાં છેલ્લે જે પ્રસ્થક જણાવ્યો એમાં નૈગમનયની શુદ્ધિનો પ્રકર્ષ છે. કારણકે પ્રસ્થક માપવાની પ્રક્રિયાને સૌથી નજીક છે ને પછી જેમ જેમ પૂર્વ-પૂર્વની અવસ્થાનો પ્રસ્થક લઈએ તેમ તેમ નૈગમની શુદ્ધિ ઘટતી જાય છે, અશુદ્ધિ વધતી જાય છે, કારણ કે દૂર-દૂરતરની અવસ્થાઓ છે.

આ રીતે નૈગમનયને અપુનર્બન્ધકના અનુષ્ઠાનપણ યોગની મુખ્ય પૂર્વસેવારૂપે માન્ય છે અને સમ્યક્ત્વીના પણ મુખ્ય પૂર્વસેવારૂપે માન્ય છે. છતાં સમ્યક્ત્વીના એ ભાવયોગની સૌથી નજીકના હોવાથી એમાં નૈગમનયની શુદ્ધિનો પ્રકર્ષ પરાકાષ્ઠાએ પહોંચેલો હોય છે. આ પરાકાષ્ઠાની અપેક્ષાએ સમ્યક્ત્વીજીવને અપુનર્બન્ધકજીવ કરતાં ચઢિયાતો કહેલો સ્પષ્ટ પ્રતીત થાય છે.

એટલે ટૂંકમાં નિશ્ચયનયે અપુનર્બન્ધકને મુખ્યપૂર્વસેવા, અવિરતસમ્યક્ત્વીથી ભાવયોગ. વ્યવહારનયે અપુનર્બન્ધકને મુખ્ય પૂર્વસેવા, અવિરત સમ્યક્ત્વીને ચઢિયાતી મુખ્યપૂર્વસેવા અને દેશવિરતથી ભાવયોગ... યોગશતક વગેરેમાં વ્યવહારનયની અપેક્ષાએ નિરૂપણ છે. માટે કોઈ વિરોધ છે નહીં એ સૂક્ષ્મબુદ્ધિથી વિચારવું. આમાં સર્વત્ર મુખ્ય પૂર્વસેવા જ દ્રવ્યયોગરૂપે પણ કહી શકાય છે.

**શંકા :** અનંતાનુબંધી ચાર જો ચારિત્ર મોહનીય છે, તો અન્યત્ર ગ્રન્થોમાં એને દર્શનસપ્તકમાં કેમ ગણેલા છે ? એ સમ્યક્ત્વના ઘાતક કઈ રીતે બને છે ?

**સમાધાન :** અનંતાનુબંધી ચારનો સંક્રમ અપ્રત્યાખ્યાનાવરણીય વગેરે અન્ય ચારિત્ર મોહનીય સાથે પરસ્પર છે. પણ મિથ્યાત્વ મોહનીય વગેરે દર્શન મોહનીય સાથે નથી, માટે એ છે તો ચારિત્ર મોહનીય જ. તેમ છતાં એ પરંપરાએ સમ્યક્ત્વના ઘાતક પણ છે. કોઈપણ કષાયનો તીવ્ર ઉદય અનંતાનુંબંધીની સહાયતા વિના શક્ય નથી. વળી બીજે ગુણઠાણેથી લઈને ચારિત્ર મોહનીયનો ઉદય મધ્યમ દ્વિસ્થાનિક રસથી વધુ હોતો નથી. એટલે કષાયની તીવ્રતા માટે જીવે મિથ્યાત્વે આવવું જ પડે છે. અપ્રત્યાખ્યાનાવરણ ક્રોધાદિમાં

અનંતાનુબંધી ક્રોધાદિનો ઉદય ભળવાથી જીવ મિથ્યાત્વે ગયા વિના રહેતો નથી, ને તેથી સમ્યક્ત્વનો ઘાત થયા વિના રહેતો નથી. આમ અનંતાનુબંધી કષાયો પરંપરાએ સમ્યક્ત્વના ઘાતક છે. એટલે જ એને દર્શનસપ્તકમાં પણ ગણવામાં આવે છે. વળી અનંતાનુબંધીનાં ક્ષય બાદ જ દર્શન મોહનીયનો ક્ષય થાય છે. માટે પણ એને દર્શનસપ્તકમાં ગણ્યા છે.

**શંકા :** અનંતાનુબંધીને દર્શનસપ્તકમાં કેમ ગણવામાં આવે છે એ તો સમજાયું.. પણ એને ચારિત્ર મોહનીયમાં કેમ ગણ્યા છે ? એ કયા ચારિત્રનો ઘાત કરે છે ?

**સમાધાન :** ચારિત્ર એ પાપ અકરણ રૂપ છે. માટે પાપકરણ એ ચારિત્રનો પ્રતિપક્ષ છે. વળી પાપકરણ મન-વચન-કાયાથી કરણ-કરાવણ-અનુમોદન રૂપ હોય છે. અનંતાનુબંધીના ઉદયવાળો જીવ પાપનાં પક્ષપાતને છોડી શકતો નથી... જેને અનંતાનુબંધીનો વિપાકોદય નથી, પણ ક્ષયોપશમ છે એવા જીવને કરણ રૂપે માત્ર પોતે જે આરંભ-સમારંભાદિ કરતો હોય એટલા પાપ, કરાવણ રૂપે પોતાના આશ્રિત વગેરે પાસે જે કરાવે તે પાપ, તેમજ અનુમોદન રૂપે પણ વધુમાં વધુ આ કરણ-કરાવણનાં જે પાપ હોય તેનું જ અનુમોદન (સંમતિ) હોય છે, અન્યનાં પાપનું નહીં, કારણ કે પાપનો પક્ષપાત નથી. (સમ્યક્ત્વ જેમ જેમ નિર્મળ થતું જાય તેમ તેમ આ અનુમોદન પણ ઘટતું આવે છે). અનંતાનુબંધીના ઉદયવાળા જીવને-મિથ્યાત્વીને પાપનો પક્ષપાત હોવાથી વિશ્વમાં અનંતાનંત સંસારી જીવોથી થતાં પાપોમાં સંમતિ (અનુમતિ-અનુમોદના) હોય છે. પોતાનું કરણ-કરાવણ અનુમોદનરૂપ પાપ અનંતમા ભાગે હોય છે ને આ વિશ્વના બધા જીવોના પાપોની અનુમોદનારૂપ પાપ એના કરતાં અનંતગણું.. અનંતબહુભાગ હોય છે... એ સ્પષ્ટ રીતે સમજાય

છે. અનંતાનુબંધી કષાયનો ઉદય, જીવને અનુમોદનારૂપ આ અનંત બહુભાગ પાપકરણથી અટકવા દેતો નથી, ને તેથી એ પાપના અકરણરૂપ ચારિત્રને પ્રગટવા દેતો નથી, અર્થાત્ હણી નાખે છે. માટે એ ચારિત્રાનો ઘાતક હોવાથી ચારિત્ર મોહનીય છે.. (અનંતાનુબંધીનો ઉદય જેમ જેમ મંદ થતો જાય તેમ આ અનંતબહુ-ભાગ પાપસ્વરૂપ અનુમોદના ઘટતી આવે છે, એ જાણવું.)

**શંકા :** અવિરતસમ્યક્ત્વી જીવને પણ અનંતાનુબંધી કષાયનો ક્ષયોપશમ હોય છે ને તેથી એ પણ અનુમોદનારૂપ અનંતબહુભાગ પાપથી વિરામ પામ્યો હોય છે, એવું માનવું પડશે. તો શું એને પણ પાપોની વિરતિ હોય છે ?

**સમાધાન :** હા, હોય છે. મિથ્યાત્વી જીવને સ્વકૃત પાપનું કરણ-અનુમોદન, આશ્રિતાદિનાં પાપનું કરાવણ-અનુમોદન અને તદન્ય સર્વજીવોનાં પાપનું અનુમોદન.. આ બધા પાપકરણની અવિરતિ જે હોય છે, એમાંથી અવિરતસમ્યક્ત્વી જીવને અનંત-બહુભાગ પાપની પરિણામજન્ય વિરતિ હોય જ છે. ને તેથી જ શ્રીભગવતીસૂત્રમાં શ્રુત-શીલને આશ્રીને જીવોના જે ચાર વિભાગ દર્શાવ્યા છેમાં અવિરત સમ્યક્ત્વીને દેશવિરાધક કહ્યા છે, અર્થાત્ શીલનો એક બહુ જ નાનો જે દેશ (અનંતમો ભાગ) એનો જ વિરાધક (બાકીના બહુ મોટા ભાગના શીલનો પણ આરાધક) કહ્યો છે.

**શંકા :** અર્થાપત્તિથી આનો અર્થ તો એવો થયો કે અવિરત સમ્યક્ત્વીજીવ અનંતબહુભાગ વિરતિવાળો, ને સર્વવિરતિધર સર્વવિરતિવાળો-એટલે કે અવિરતસમ્યક્ત્વીને જે અનંતમો ભાગ ખૂટે છે એટલો જ એનાથી અધિક.. આ શું બરાબર છે ?

**સમાધાન :** હા, બિલકુલ બરાબર છે. મિથ્યાત્વીની અપેક્ષાએ વિચારીએ ત્યારે એ બેમાં બહુ તફાવત નથી જ. એટલે જ તો હમણાં કહી ગયો એમ શ્રી ભગવતીસૂત્રમાં વિરતિધરને સર્વારાધક કહ્યો છે, તો અવિરત સમ્યક્ત્વીને દેશવિરાધક=એક દેશનો જ વિરાધક, બાકીના બહુદેશોનો આરાધક કહ્યો છે. હા, મિથ્યાત્વીને બાજુ પર રાખીને માત્ર અવિરતસમ્યક્ત્વીનો અને વિરતિધરનો પરસ્પર વિચાર કરવામાં આવે ત્યારે વિરતિધર સેંકડો ગણો વધારે સાધક જણાયા વિના રહેતો નથી. આ વાત દૃષ્ટાન્તથી સમજીએ. ભગવતીસૂત્રનાં ક્રમ પ્રમાણે - ગાઢ મિથ્યાત્વી જીવની (પછી ભલે એ બાહ્યદૃષ્ટિએ નિરતિચાર સંયમ પાળનારો અભવ્ય પણ હોય) સાધનાના શૂન્ય ગુણ છે. આ સર્વવિરાધક છે. મંદ મિથ્યાત્વી જીવ કે જેને કોઈ કદાગ્રહ હોતો નથી, માધ્યસ્થ હોય છે, તે સ્વગૃહીત વ્રત નિયમોનું પાલન કરનારો હોય તો શીલ છે, શ્રુત નથી. એ દેશઆરાધક છે, એનાં ૧૦૦૦ ગુણ છે, અવિરત સમ્યક્ત્વી જીવ કે જેને વ્રત નિયમ ન હોવાથી શીલ નથી, પણ શ્રુત છે, તેનાં ૧,૦૦,૦૦,૦૦,૦૦૦ (એક અબજ) ગુણ છે, એ દેશવિરાધક છે. વિરતિધર સર્વઆરાધક છે એનાં ૧,૦૦,૦૦,૦૧,૦૦૦ (એક અબજ ને એક હજાર) ગુણ છે. આમાં વિચારીએ તો જણાય છે કે ગાઢ મિથ્યાત્વીની અપેક્ષાએ એક, એક અબજ જેટલો વધારે છે, જ્યારે અન્ય એક અબજ એક હજાર જેટલો વધારે છે, માટે બહુ ફેર નથી. પણ સમ્યક્ત્વના કારણે જે એક અબજ માર્ક છે એ કાઢી નાખીએ તો એક શૂન્ય પર છે ને બીજો એક હજાર પર છે, માટે ઘણો જ ઊંચો છે, એ સ્પષ્ટ જણાય છે.

**શંકા :** હજુ એક પ્રશ્ન રહે છે, અવિરતસમ્યક્ત્વીજીવને (અનંતાનુબંધીના અનુદયવાળાને) જો અનંતબહુભાગ પાપની વિરતિ છે. તો એને અવિરત કેમ કહેવાય છે ?

**સમાધાન :** શાસ્ત્રોમાં વિરતિ અવિરતિનો વ્યવહાર મુખ્યતયા સ્વકીય પાપકરણની વિરતિની અપેક્ષાએ છે. અવિરતસમ્યક્ત્વી જીવ હિંસાના પાપકરણની અવિરતિના એક અંશ માત્રથી પણ વિરામ પામ્યો હોતો નથી, માટે એને દેશથી પણ વિરતિ ન હોવાથી અવિરત કહેવાય છે.

આમ, અનંતાનુબંધીના વિપાકોદયના અભાવથી, અનંત-બહુભાગ પાપ અકરણ રૂપ જે અનંત બહુભાગ વિરતિ આવે છે તેને અનંતાનુબંધીનો ઉદય અટકાવતો હોવાથી એ ચારિત્ર મોહનીય છે, એ સ્પષ્ટ છે. તેમજ એના ઉદયથી અનંત બહુભાગ પાપનું કરણ હોવાથી અનંતગણો રસ બંધાય છે, માટે આ કષાયો અનંતાનુબંધી કહેવાય છે. આશય એ છે કે અનંતાનુબંધીનો ઉદય ન હોય તો ચારિત્ર મોહનીયનો રસ મધ્યમ દ્વિસ્થાનકથી વધારે બંધાતો નથી. પણ જો એ ઉદય હોય તો તીવ્ર દ્વિસ્થાનિક, ત્રિસ્થાનિક ને ચતુઃસ્થાનિક રસ પણ બંધાય છે. આ બધો રસ મધ્યમ દ્વિસ્થાનિક રસ કરતાં અનંતગણો હોય છે, માટે આવો અનંતગુણ રસ બંધાવનારા હોવાથી આ કષાયો અનંતાનુબંધી કહેવાય છે. વળી આવા તીવ્ર રસના કારણે તેમજ અનુબંધના કારણે જીવ અનંતસંસાર સાથે જાણે કે જોડાય છે, માટે પણ એને અનંતાનુંબંધી કહે છે એ જાણવું.

**શંકા :** જો આ રીતે અવિરતસમ્યકત્વીને પણ, પાપપક્ષપાત ન હોવાથી, દુનિયામાં થતા અનંતબહુભાગપાપની વિરતિ જ છે, તો દેશવિરતને પણ આ વિરતિ તો રહેવાની જ અને તો પછી, ૧૪ નિયમ ધારવા અંગે જે કહેવાય છે કે જો તમે સચિત્ત વગેરેનો નિયમ ન કરો તો, દુનિયામાં જે હાજારો સચિત્ત ચીજો રોજ વપરાય છે એને તમે ન વાપરતા હો તો પણ તમને એ સચિત્તના ઉપભોગનું પાપ લાગે છે, વગેરે... એ શી રીતે સંગત ઠરશે ?

**સમાધાન :** 'તમે રાત્રીભોજન ન કરતાં હો તો પણ જો તમે પ્રતિજ્ઞા લીધી ન હોય તો તમને રાત્રીભોજનનું પાપ લાગે જ છે' આવો વાક્યપ્રયોગ કેટલાક કરતા હોય છે, પણ આ વાક્યપ્રયોગ ગલત છે એ જાણવું, રાત્રીભોજન ન કરનારને રાત્રીભોજનનું પાપ શી રીતે લાગી શકે ? હા, એના પચ્ચક્ખાણ ન કર્યા હોય તો રાત્રીભોજનની અવિરતિ જે ઉભી છે તન્નિમિત્તક પાપ જરૂર લાગે, મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગ આ ચાર કર્મબંધના કારણોમાંથી રાત્રીભોજન ન કરનારને તે કરવાની પ્રવૃત્તિ રૂપ યોગ નથી, એટલે તજ્જન્ય પાપ નથી લાગતું. પણ પચ્ચક્ખાણ કર્યું ન હોવાથી અવિરતિ છે. માટે અવિરતિજન્ય પાપ લાગે છે. અર્થાત્ રાત્રીભોજનનું નહીં, પણ રાત્રીભોજનની અવિરતિનું (કરણની અપેક્ષાનું) પાપ લાગે છે.

અવિરતસમ્યક્ત્વી અને ઉપરના જીવોને પાપપક્ષપાત ન હોવાથી દુનિયાના અનંત બહુભાગ પાપની વિરતિ તો હોય જ છે. ૧૪ નિયમ અંગે જે ઉપરોક્ત વાત કહેવાય છે તે અપુનર્બંધક જીવો અને અત્યંત મંદસમ્યક્ત્વી જીવો માટે જાણવી. આ જીવોને વિરતિ ન હોવાથી અવિરતિજન્ય પાપ લાગે જ છે. એટલે એનાથી બચવા તથા પાપ અકરણની રૂચિ પ્રગટે,અભ્યાસ પડે, એ માટે ૧૪ નિયમ ધારવાના હોય છે. બાહ્ય દૃષ્ટિએ શ્રાવકપણું પાળનારા પણ બધા જ કાંઈ પાંચમું ગુણઠાણું પામી ગયા હોતા નથી. પરિણામની દૃષ્ટિએ તેઓ હજુ અપુનર્બંધક જ હોય એ પણ શક્ય છે. એવા જીવોને ૧૪ નિયમ ધારવા પાછળ આ બધા જ પ્રયોજનો છે. જેઓ નિર્મળ સમ્યક્ત્વ કે એથી ઉપર પાંચમું ગુણઠાણું પણ પામી ગયા છે એમને દુનિયામાં થતા પાપોની અવિરતિના કારણે લાગતા પાપોથી બચવાનું પ્રયોજન ૧૪ નિયમ ધારવા પાછળ નથી. પણ જેમ, સર્વવિરતને

અવિરતિના પાપોથી બચવાનું પ્રયોજન હોતું નથી. (કારણ કે અવિરતિ જ નથી) ને તેમ છતાં વૃત્તિસંક્ષેપ વગેરે તપ માટે વિવિધ અભિગ્રહો હોય છે એમ આ જીવોને પણ આવા તપના લાભ માટે ૧૪ નિયમ વગેરેના અભિગ્રહો જાણવા.

આમ, અનંતાનુબંધી કષાયો, અન્ય જીવ કૃતપાપના અનુમોદનરૂપ પાપની વિરતિનો ઘાત કરનાર હોવાથી ચારિત્ર મોહનીય છે... એ નક્કી થયું. અવિરત સમ્યક્ત્વીને અનંતાનુબંધીનો ઉદય ન હોવાથી આ વિરતિરૂપ ચારિત્રગુણ પ્રગટ થયેલો હોય છે. તેથી એને ભાવથી યોગ કહેલ છે. આ અંગેની વિશેષ વાત આગામી લેખમાં જોઈશું.

❖ ❖ ❖

## લેખાંક ૮૪

અવિરતસમ્યક્ત્વીને ભાવથી યોગ હોય છે એ વાત ગયા લેખમાં જોયેલી આ અંગે કોઈ શંકા કરે છે.

**શંકા :** અન્યત્ર ગ્રન્થોમાં વાસ્તવિક યોગ વિરતિની હાજરીમાં કહ્યો છે. અવિરત સમ્યક્ત્વીને તો કારણમાં કાર્યનો ઉપચાર કરીને ઉપચારથી યોગ કહેલ છે. એટલે પ્રસ્તુતમાં પણ એને જે યોગ કહેલ છે તે ઉપચારથી યોગ હોવો જોઈએ. ભાવથી યોગ હોવાનું કથન તો માત્ર એક કલ્પના હોય.

**સમાધાન :** ભાવયોગને સંપન્ન થવા માટે જે ત્રણ શરતો આવશ્યક છે એ ત્રણે અવિરતસમ્યક્ત્વીમાં સંભવિત છે. એટલે એનું અનુષ્ઠાન ભાવયોગ બનવું અશક્ય છે જ નહીં કે જેથી. એનું ભાવયોગ તરીકેનું કથન માત્ર સ્વકલ્પનાની પેદાશરૂપ બની રહે.

અર્થાત્ એનું અનુષ્ઠાન વાસ્તવિક રીતે જ ભાવથી યોગરૂપ છે. એને પરમાર્થથી ભાવયોગરૂપ બનાવનાર પાયાની ત્રણ શરતો નીચે મુજબ છે-

**શાસ્ત્રસંજ્ઞા :** 'આ ઉપાદેય=લાભકર્તા છે' આવો નિશ્ચય થાય તો જીવ પ્રવૃત્તિ કરે છે. 'આ હેય=નુકશાનકર્તા છે' આવો નિશ્ચય થાય તો જીવ નિવૃત્તિ કરે છે = અટકી જાય છે. વળી આ હેય-ઉપાદેયનો વિવેક પણ અનેક જુદી જુદી રીતે થાય છે. માત્ર તત્કાળ-વર્તમાનના લાભ-નુકશાનની અપેક્ષાએ વિવેક કરાવનાર બોધ હેતુવાદોપદેશિકી સંજ્ઞા કહેવાય છે. આ વિકલેન્દ્રિય-અસંજ્ઞી પંચેન્દ્રિયજીવોને હોય છે. એટલે તત્કાળ મધુર આસ્વાદ મળશે એટલો લાભ જોઈને કીડી-મંકોડા ચાસણીને ચાટવા પ્રવૃત્ત થાય છે. પછી ચોંટીને મરી જવાનું નુકશાન પણ તે જોતા નથી. મૃત્યુપર્યન્તના દીર્ઘકાળના લાભ-નુકશાનની અપેક્ષાએ વિવેક કરાવનાર બોધ દીર્ઘકાલિકી સંજ્ઞા કહેવાય છે. આ સંજ્ઞી જીવોને હોય છે. એટલે તત્કાળ મધુરસ્વાદ-ક્ષુધાશાન્તિનો લાભ હોવા છતાં અપથ્યભોજન-ઝેરીભોજનને માનવી છોડી દે છે. પણ મૃત્યુબાદની અવસ્થા પરલોકને પણ નજરમાં રાખીને લાભ-નુકશાનનો વિવેક કરવાનો હોય ત્યારે યથાર્થ શાસ્ત્ર સિવાય કોઈ આરો નથી. આ યથાર્થ શાસ્ત્ર એટલે જૈન આગમો.. એમાં સૌથી મહત્ત્વનું- વિસ્તૃત આગમ એટલે બારમું અંગ દૃષ્ટિવાદ છે. અલબત્ એના ઉપલક્ષણથી બધા જ શાસ્ત્રો લેવાના છે. તેથી, જેને શાસ્ત્રો ઉપાદેય તરીકે જણાવે એમાં જ પ્રવૃત્ત થવું અને જેને શાસ્ત્રો હેય તરીકે જણાવે એમાંથી નિવૃત્ત થવું... આવી સંજ્ઞા એ દૃષ્ટિવાદોપદેશિકી સંજ્ઞા કહેવાય છે. સમ્યગ્દૃષ્ટિજીવોને આ સંજ્ઞા હોય છે. આનો જ ટૂંકમાં અહીં 'શાસ્ત્રસંજ્ઞા' તરીકે ઉલ્લેખ થયો છે.

સમ્યક્ત્વીજીવ શાસ્ત્રસંજ્ઞી હોવાથી, ગુરુપૂજાદિ જે અનુષ્ઠાન કરે છે તે શાસ્ત્ર મુજબ જ કરે છે. પછી એ ભાવયોગરૂપ શા માટે ન બને ? અહીં આ ખ્યાલ રાખવો કે આ શાસ્ત્રસંજ્ઞાની વાત પારલૌકિક કૃત્ય અંગે છે. આગળ ૨૦મી ગાથામાં કહેવાના છે કે *'એને આમુષ્મિકવિધિમાં શાસ્ત્ર પ્રમાણ હોય છે.'* એટલે આલોક સંબંધી અર્થકામની પ્રવૃત્તિમાં તો એ મૈથુન-પરિગ્રહસંજ્ઞાથી પ્રવૃત્ત થવો અસંભવિત નથી. અલબત્ શાસ્ત્રસંજ્ઞા વિષયસેવનાદિમાં હેયત્વાદિ જણાવતી જ હોય છે. પણ અપ્રત્યાખ્યાનાવરણાદિકક્ષાનો રાગ એ બોધને દબાવીને જીવને અર્થ-કામમાં પ્રવર્તાવે છે. એટલે કે એ પ્રવૃત્તિ મૈથુનાદિ સંજ્ઞાથી થયેલી હોય છે.

**સમ્યક્ પ્રત્યયવૃત્તિ :** આત્મ, ગુરુ અને લિંગ (ચિહ્ન)ની શુદ્ધિ એ સમ્યક્ પ્રત્યય છે. આની વિશેષતા આગળ ૨૭મી ગાથામાં કહેશે.. આ સમ્યક્ પ્રત્યયના પ્રભાવે છલકતા વિશ્વાસ સાથે વૃત્તિ=પ્રવૃત્તિ થાય છે. અર્થાત્ 'આ અનુષ્ઠાન હું કરી શકીશ કે નહીં ?' એવો સંદેહ દૂર થાય છે ને અભ્રાન્તવિશ્વાસ ખડો થાય છે કે 'હું ચોક્કસ કરી શકીશ.' (આ સ્વકૃતિસાધ્યત્વજ્ઞાન છે.) એમ, 'આ અનુષ્ઠાનથી મારું ઇષ્ટ થશે' આવો (ઇષ્ટસાધનત્વનો) તથા આનાથી કોઈ મોટું નુકશાન નહીં થાય આવો (બળવદ્અનિષ્ટ અનનુબંધિત્વનો) અભ્રાન્તવિશ્વાસ ઊભો થાય છે અને તેથી જીવ ઉલ્લાસપૂર્વક નિઃશંકપણે પ્રવૃત્તિ કરે છે.

**ત્રિધા શુદ્ધઅનુષ્ઠાન :** વિષયશુદ્ધ, સ્વરૂપશુદ્ધ અને અનુબંધશુદ્ધ એમ ત્રણ પ્રકારે શુદ્ધ અનુષ્ઠાનની વાત આગળ કરશે.

આમ સમ્યગ્દષ્ટિજીવનું પારલૌકિક અનુષ્ઠાન શાસ્ત્રાનુસારી હોય છે, ત્રિધાશુદ્ધ હોય છે અને સમ્યક્પ્રત્યયપૂર્વક હોવાથી છલકતા વિશ્વાસવાળું હોય છે. એટલે એ અનુષ્ઠાન ઠેઠ મોક્ષસુધી પહોંચાડનારું બનતું હોવાના કારણે પરમાર્થથી યોગરૂપ બને છે. માત્ર કલ્પના-આભાસથી નહીં.

**શંકા :** અવિરતસમ્યક્ત્વીજીવને પણ અપ્રત્યાખ્યાનાવરણ કક્ષાના રાગ-દ્વેષ સતાવતા તો હોય જ છે. પછી એ શાસ્ત્રસંજ્ઞી કેમ હોય?

**સમાધાન :** જેને મોક્ષપ્રાપ્તિ દૂર નથી એવા આસન્નભવ્ય જીવને પરલોક સંબંધી તથા મોક્ષસંબંધી અનુષ્ઠાનોમાં શાસ્ત્રો પ્રમાણ હોય છે. કારણકે પુણ્ય-પાપરૂપ કે આત્માના હિત-અહિતરૂપ ધર્મ-અધર્મ અતીન્દ્રિય છે. એટલે એના ઉપાયને જણાવવામાં આપ્તવચનરૂપ આગમ સિવાય બીજું કોઈ પ્રમાણ સમર્થ નથી. આ વાતની સમ્યક્ત્વીને નિઃશંક પ્રતીતિ-શ્રદ્ધા હોય છે. અને એટલે જ પારલૌકિક કોઈપણ અનુષ્ઠાનમાં કે એના કોઈપણ અંશમાં આગમને અનુસરવું અનિવાર્ય હોય છે એવું પણ એ સુપેરે જાણતા હોય છે.

**શંકા-** એમાં આગમને અનુસરવામાં ન આવે તો શું વાંધો ?

**સમાધાન :** તો વિચિકિત્સાનું નુકશાન થાય છે. આશય એ છે કે અલબત્ત આપ્તપ્રણીત આગમમાં કહેલ કોઈપણ બાબત યુક્તિસંગત જ હોય છે. તેમ છતાં શ્રોતાભેદે એ સુખાધિગમ, દુરધિગમ અને અનધિગમ હોય છે. કહેવાનો ભાવ એ છે કે ચિત્રની સુંદરતા-જીવંતતા જ્યારે જેને એની કલાસૂઝ હોય એને જાણવી સરળ હોય છે. એટલે કે એના માટે એ સુખાધિગમ છે. જેને આંખ છે જ નહીં-જે અંધ છે, એના માટે એ વિષય જ નથી, એટલે કે અનધિગમ છે. આંખે દેખતો હોવા છતાં જે ચિત્રકલામાં અનિપુણ છે એના માટે આ સુંદરતા વગેરેનો યથાર્થ નિર્ણય કરવો ઘણો મુશ્કેલ છે-દુરધિગમ છે. એમ જ્ઞાનાવરણ અને દર્શનમોહકર્મનો તેજ ક્ષયોપશમ ધરાવનાર શ્રોતાને ગમે તેવી સૂક્ષ્મબુદ્ધિગમ્ય વાતો પણ સહજતાથી ગ્રાહ્ય બની જતી હોવાથી વિચિકિત્સા=શંકા સંભવતી નથી. એમના માટે આગમોક્ત વાતો સુખાધિગમ હોય છે. જે જીવોને આ ક્ષયોપશમ ઘણો મંદ હોય છે તેમને તો કશું સમજાતું જ ન હોવાથી અનધિગમ છે. પણ જે જીવોનો ક્ષયોપશમ મધ્યમ હોય છે તેઓને એ દુરધિગમ

છે, કારણ કે આગમોક્ત સ્થૂલવાતો તેઓને સમજાય છે, પણ સૂક્ષ્મવાતો અધકચરી સમજાય છે, ને તેથી એમાં ચલચિત્તતા=સંદેહ વગેરે સંભવિત રહે છે. અથવા જ્ઞાનાવરણનો ક્ષયોપશમ પર્યાપ્ત હોવા છતાં દર્શનમોહનો ક્ષયોપશમ પર્યાપ્ત ન હોય, તો બુદ્ધિથી સમજવા છતાં દિલથી સ્વીકાર મુશ્કેલ બનતો હોય છે. 'જીવો મોક્ષે જવાના ચાલુ ને ચાલુ રહેવા છતાં, આ સંસાર ક્યારેય ખાલી નહીં થાય ?' આવી બધી વાતો માટે દિલમાં રહી રહીને શંકાનો કીડો સળવળ્યા કરવો અશક્ય નથી. એવે વખતે શાસ્રવચનોનું ફરી ફરી પરિશીલન જ આ શંકા-ચલચિત્તતા વગેરે ડહોળામણને દૂર કરીને ચિત્તને નિર્મળ કરી શકે છે.

યુક્તિસંગતવાતોમાં પણ મતિવ્યામોહના કારણે થતાં આ ડહોળામણરૂપ વિચિકિત્સા ચિત્તસ્વાસ્થ્યની વિરોધી હોવી સ્પષ્ટ છે.જ્ઞાન-દર્શન-ચારિત્રની બધી સાધના છેવટે શાસ્ત્રને આધીન છે. એટલે ચિત્ત જ જો શાસ્ત્ર અંગે શંકાશીલ બની જાય તો એ સાધનામાં સ્ખલના આવે જ. આમ વિચિકિત્સા ચિત્તસ્વાસ્થ્યરૂપ સમાધિની કે જ્ઞાનાદિ ત્રણ સ્વરૂપ સમાધિની વિરોધી છે. આચારાંગજી (૫-૫-૧૬૧)માં કહ્યું છે કે *વિચિકિત્સા પામેલો આત્મા સમાધિને મેળવતો નથી.* યોગબિન્દુ (૨૨૯) માં કહ્યું છે કે *જળ જેમ મલિન વસ્ત્રને શુદ્ધ કરનાર છે એમ શાસ્ત્ર મલિન અંતઃકરણને શુદ્ધ કરનાર છે એવું પંડિતો જાણે છે.*

**પ્રશ્ન :** સમ્યક્ત્વીજીવ ત્રિધા શુદ્ધ અનુષ્ઠાન કરે છે, એવું તમે કહ્યું. એમાં ત્રિધા શુદ્ધ અનુષ્ઠાન શું છે ?

**ઉત્તર :** વિષયશુદ્ધ અનુષ્ઠાન, સ્વરૂપશુદ્ધ અનુષ્ઠાન અને અનુબંધશુદ્ધ અનુષ્ઠાન... આ વિશુદ્ધ અનુષ્ઠાનો છે. આમાં પ્રથમ કરતાં બીજું અને બીજા કરતાં ત્રીજું વધારે મહત્ત્વનું છે.

**વિષયશુદ્ધ અનુષ્ઠાન :** અહીં વિષય એટલે ઉદ્દેશ... અનુષ્ઠાન કરવા પાછળનો ઉદ્દેશ જો ભૌતિક હોય તો અનુષ્ઠાન વિષયશુદ્ધ નથી બનતું. પણ જો મોક્ષ હોય તો એ વિષયશુદ્ધ બને છે. અર્થાત્ મોક્ષમાટે કરાતું કોઈ પણ અનુષ્ઠાન વિષયશુદ્ધ અનુષ્ઠાન છે. પછી ભલે ને એ ભૃગુપાતવગેરેની જેમ સાવ અનુચિત હોય. 'આનાથી મારો મોક્ષ થાઓ' આવી ઈચ્છાથી ભૃગુપાત કરવો=પર્વત પરથી પડતું મૂકવું, શસ્ત્રપાટન= કરવત વગેરે શસ્ત્ર દ્વારા પોતાનો ઘાત કરવો, ગૃધ્રપૃષ્ઠાર્પણ= યુદ્ધ વગેરે કારણે જ્યાં ઘણા મડદાં પડેલા હોય ને ગીધડાં એની ઉજાણી કરી રહ્યા હોય તો ત્યાં પોતે પણ મડદાં વચમાં ગોઠવાઈ જવું જેથી પોતાની પીઠમાંથી ગીધ માંસવગેરે ખાવા માંડે... આવું બધું કરવું એ વિષય શુદ્ધ અનુષ્ઠાન છે.

**પ્રશ્ન :** આત્મકલ્યાણ માટે માનવ ભવ એ સૌપ્રથમ અતિ-આવશ્યક કારણ છે. એનો જ વગર સાધનાએ-વગર કારણે ભૃગુપાતાદિદ્વારા નાશ કરી નાખવો એ અત્યંત અનુચિત છે અને પાપમય સાવદ્ય ક્રિયારૂપ છે. પછી એને શુદ્ધ શી રીતે કહેવાય ?

**ઉત્તર :** આ ભૃગુપાતાદિ અનુષ્ઠાન સ્વરૂપે સાવદ્ય=પાપપ્રચુર છે એ વાત બરાબર છે. તેમ છતાં એની પાછળ મોક્ષાત્મક અત્યંત ઉપાદેયતત્ત્વને પામવાના આશયનો લેશ=અંશ રહેલો છે. તેથી એ વિષયશુદ્ધ છે.

**શંકા :** અતિ પ્રબળ ઈચ્છા વિના તો પોતાના પ્રાણની આહૂતિ કોણ આપે ? એટલે આ જીવોને પણ મોક્ષ પામવાની ઈચ્છા પ્રબળ જ હોવી કહેવી જોઈએ, પછી 'લેશ' શા માટે ?

**સમાધાન :** સ્થૂળદષ્ટિએ એ અતિ પ્રબળ લાગતી હોવા છતાં વાસ્તવમાં એવી સંભવતી નથી, કારણકે જો એ પ્રબળ હોય તો કર્મોના ક્ષયોપશમ થઈને યોગ્ય વિવેકપણ પ્રગટે જ; આવો અવિવેક

ન સંભવે. માટે અહીં 'લેશ' કહેલ છે. છતાં આ 'લેશ'નો પણ પ્રભાવ જુઓ. અનુચિતતાના અને સાવદ્યતાના કારણે અનુષ્ઠાનમાં આવતી અશુદ્ધિને ઉલ્લંઘીને એ સરવાળે 'શુદ્ધિ'ને લાવી મૂકે છે. ને તેથી અનુષ્ઠાન શુદ્ધ બને છે. અહીં એ ધ્યાન રાખવું કે ભૃગુપાતાદિ કર્યા પછી જો સમાધિને જાળવી રાખે તો જ એ વિષયશુદ્ધ અનુષ્ઠાન બને છે. જો મોતની વેદનાથી વિહ્વળ બની જાય, સંક્લેશમાં પડી જાય તો પછી એ વિષયશુદ્ધ રહેતું નથી. કારણકે એ જીવ તો દુર્ગતિમાં ફેંકાઈ જાય છે. જ્યારે વિષય શુદ્ધ અનુષ્ઠાન તો મુક્તિની સાધનાને અનુકૂળ જન્મ અપાવનાર હોવું આગળ કહેવાના છે. વળી વિહ્વલ બનનારને તો એ ભૃગુપાતાદિનો પસ્તાવો પણ થવાનો, જે પસ્તાવો ગર્ભિત રીતે મોક્ષની ઇચ્છાના પસ્તાવામાં પરિણમવાથી શુભાશય- લેશ પણ ટકવાનો નથી જ.

**સ્વરૂપશુદ્ધ અનુષ્ઠાન :** સ્થૂલવ્યવહાર કરનારા લોકોના મતે જે નિષ્પાપ=નિરવદ્ય અનુષ્ઠાન તરીકે સંમત હોય તેવા યમ-નિયમાદિ સ્વરૂપશુદ્ધ અનુષ્ઠાન છે. જેમકે... જીવાદિ તત્ત્વને યથાર્થ સ્વરૂપે ન જાણનારા પ્રથમ ગુણસ્થાનવર્તી પૂરણાદિતાપસનું અહિંસાદિયમરૂપ અને તપસ્વાધ્યાયાદિ નિયમરૂપ અનુષ્ઠાન. આશય એ છે કે મોક્ષની ઇચ્છાથી જે યમ-નિયમાદિસ્વરૂપ નિરવદ્યઅનુષ્ઠાન કરવામાં આવે છે તે સ્વરૂપશુદ્ધ અનુષ્ઠાન છે. એટલે ભૌતિક ઇચ્છાથી થતા નિયમાદિનો આમાં સમાવેશ નથી. આ અનુષ્ઠાન નિરવદ્ય છે. માટે સ્વરૂપશુદ્ધ છે. તેમ છતાં આમાં બોધ-વિવેકની વિકલતાના કારણે હિંસાદિ સાવદ્યનો સંપૂર્ણ ત્યાગ સંભવતો નથી, માટે આ અનુબંધશુદ્ધ બની શકતું નથી.

**અનુબંધશુદ્ધ અનુષ્ઠાન :** શાંતવૃત્તિથી તત્ત્વસંવેદન ગર્ભિત રીતે થતા આ યમનિયમાદિ એ અનુબંધશુદ્ધ અનુષ્ઠાન છે, કારણકે આ અનુષ્ઠાનથી ઉત્તરોત્તર વધારે પ્રબળ અનુષ્ઠાનોનો અનુબંધ= પ્રવાહ

ચાલે છે. આમાં કષાયાદિ વિકારોનો વિરોધ કરવો એ શાન્તવૃત્તિ છે અને જીવાદિ તત્ત્વોનું સમ્યક્ પરિજ્ઞાન એ તત્ત્વસંવેદન છે. ક્રોધાદિ વિકાર શાંત થવાથી ઉપશમભાવ આવે છે. આ ઉપશમ ભાવ અને તત્ત્વસંવેદનના પ્રભાવે યમનિયમાદિથી મોક્ષમાં બાધક બનતા દોષોનો વિગમ થાય છે=એ દોષો દૂર થાય છે, તથા વધારે પ્રબળ યમનિયમાદિના જનક પુણ્ય=અનુકૂળ સંયોગો વગેરેની પ્રાપ્તિ થાય છે. એટલે ઠેઠ મોક્ષની પ્રાપ્તિ થાય ત્યાં સુધી અનુષ્ઠાનોની હારમાળા ચાલે છે. માટે આ અનુબંધશુદ્ધ અનુષ્ઠાન છે. આ ત્રણ અનુષ્ઠાનોમાંના પ્રથમ વિષયશુદ્ધ અનુષ્ઠાનથી મોક્ષબાધક દોષોનો વિગમ થતો નથી, બીજા સ્વરૂપશુદ્ધ અનુષ્ઠાનથી એ દોષોનો સાનુવૃત્તિ વિગમ થાય છે અને ત્રીજા અનુબંધશુદ્ધ અનુષ્ઠાનથી સાનુબંધ વિગમ થાય છે. આ વાતને આપણે સમજીએ.

સદશ હોય એ સદશકાર્યનું કારણ બની શકે છે. મોક્ષ સર્વથા નિરવદ્ય છે જ્યારે ભૃગુપાતાદિ અનુષ્ઠાન અત્યંત સાવદ્ય છે..મોક્ષમાં વીતરાગતા કેવલજ્ઞાન છે. જ્યારે ભૃગુપાતાદિમાં ગાઢ મોહ-અજ્ઞાનનો અંધકાર છે. મોક્ષમાં જીવ સ્વભાવસ્થ હોવાથી અનુચિતતાનો અંશમાત્ર નથી.. જ્યારે ભૃગુપાતાદિમાં અત્યંત અનુચિતતા છે. આમ વિષયશુદ્ધ અનુષ્ઠાન મોક્ષથી અત્યંત વિસદશ છે. તેથી બાધકદોષને દૂર કરવારૂપે એ અંશમાત્ર પણ મોક્ષનું કારણ બની શકતું નથી. વિષયશુદ્ધ અનુષ્ઠાનના બે અંશ છે. અનુષ્ઠાન અને અનુષ્ઠાન પાછળની ઈચ્છા. આમાંનો અનુષ્ઠાન અંશ તો કાર્યભૂત મોક્ષથી સર્વથા વિલક્ષણ હોવાથી અંશમાત્ર પણ કારણ બનતો નથી, એવો પ્રથમ મત જણાવ્યો. પણ જેઓ આ અનુષ્ઠાનની પાછળ રહેલ મોક્ષની ઈચ્છા અંશને જુએ છે તેઓ કહે છે કે-મોક્ષની ઈચ્છા કંઈક અંશે મોક્ષને અનુરૂપ હોવાથી શ્લાઘ્ય છે, મોહરૂપ અંધકારનો ક્ષય કરનારી બની શકે છે, ને તેથી મોક્ષને ઉપયોગી બની શકે છે. એટલે આ ઈચ્છાના

પ્રભાવે, આગામી જન્મમાં એ જીવને દોષવિગમને અનુકૂળ સામગ્રીઓ મળી રહે છે. આ બીજો મત છે.

બીજું સ્વરૂપશુદ્ધ અનુષ્ઠાન પણ મોક્ષની ઇચ્છા તો ધરાવે જ છે. તથા જેમ મોક્ષ નિરવદ્ય છે એમ અનુષ્ઠાન પણ સ્થૂળ-લોકદષ્ટિએ નિરવદ્ય છે. માટે એ મોક્ષને સદૃશ હોવાથી મોક્ષના પ્રતિબંધક દોષોનો વિગમ કરવારૂપે મોક્ષનું કારણ બની શકે છે. એટલે અનુષ્ઠાનથી દોષો દૂર તો થાય છે. પણ જેમ મંડૂક (=દેડકો) મરી જાય, એનું શરીર સૂકાઈ જાય ને ચૂર્ણ થઈને માટીમાં ભળી જાય... એટલે દેડકાનો નાશ થઈ ગયો.. તેમ છતાં ફરીથી વરસાદ પડે, ખાબોચિયાં ભરાય તો એ ચૂર્ણમાંથી નવા દેડકા ઉત્પન્ન થાય છે.. એમ સ્વરૂપશુદ્ધ અનુષ્ઠાનથી નાશ પામેલા દોષો કાળાન્તરે નિમિત્ત મળતાં ફરીથી ઉત્પન્ન થઈ જાય છે. આ ફરીથી ઉત્પન્ન થવું એ 'અનુવૃત્તિ' કહેવાય છે. એટલે આ દોષવિગમ અનુવૃત્તિ સહિતનો હોવાથી સાનુવૃત્તિ દોષ વિગમ કહેવાય છે.

દેડકાના શરીરનું ચૂર્ણ થઈ જવું એ જેમ દેડકાનો નાશ છે, એમ એના શરીરની બળીને ભસ્મ થઈ જવી એ પણ એનો નાશ છે. છતાં આ ભસ્મ થઈ જવામાં ફેર એ છે કે એમાંથી પછી ફરીથી ક્યારેય દેડકો ઉત્પન્ન થઈ શકતો નથી. દોષોનો પણ એવો વિગમ થાય કે ફરીથી એ માથું ઊંચકી ન શકે એ નિરનુવૃત્તિનાશ છે. આવો નિરનુવૃત્તિનાશ બીજા સ્વરૂપશુદ્ધ અનુષ્ઠાનથી થઈ શકતો નથી, કારણ કે એમાં સ્થૂળદષ્ટિએ સાવદ્ય પરિહાર હોય છે, સર્વથા નહીં. સર્વથા સાવદ્ય પરિહાર માટે તો, ગુરુ-લાઘવાદિચિન્તા, દઢ પ્રવૃત્તિ વગેરે જોઈએ છે. શામાં ગૌરવ છે ? શામાં લાઘવ છે ? આ વિવેક ન હોયતો નાના પાપનો પરિહાર કરે ને મોટું પાપ સેવી લે.. આવું પણ બને... અને તો પછી સર્વથા સાવદ્ય પરિહાર શી રીતે શક્ય બને ? એમ દઢ પ્રવૃત્તિ ન હોય તો ક્યારેક શિથિલતા આવી જવાથી

સાવદ્યના પરિહારનો પ્રયત્ન ઢીલો પણ પડી જાય. તેથી બીજા સ્વરૂપશુદ્ધ અનુષ્ઠાનથી થતો દોષવિગમ નિરનુવૃત્તિ નહીં,પણ સાનુવૃત્તિ હોય છે.

તેથી આ બીજું અનુષ્ઠાન દુષ્ટ રાજાવાળા નગરના કિલ્લા જેવું છે. આશય એ છે કે કિલ્લો હોવાથી બાહ્યદષ્ટિએ નગર ઉપદ્રવરહિત છે. પણ અંદર રાજા જ દુષ્ટ છે. એટલે વાત વાતમાં નવા નવા કર વગેરે નાખીને પ્રજાને લૂંટ્યા જ કરે છે. અને તેથી એ નગર સમૃદ્ધિ પામી શકતું નથી. એમ બીજા અનુષ્ઠાનમાં નિરવદ્યતારૂપ બાહ્ય શુદ્ધિ જળવાય છે પણ અંદર રહેલ અજ્ઞાનરૂપ અશુદ્ધિની ચિંતા નથી. અને તેથી દોષની યોગ્યતા અકબંધ જ રહેવાના કારણે ચૂર્ણમાંથી દેડકાની જેમ દોષ ફરીથી ઉત્પન્ન થાય છે. એટલે જ ઊંચી ગુણસમૃદ્ધિની શક્યતા રહેતી નથી.

અહીં એ ધ્યાનમાં રાખવું કે આમાં નિમિત્ત મળે તો કાળાન્તરે દોષનો પ્રાદુર્ભાવ અવશ્ય થાય છે, પણ કોઈકને નિમિત્ત ન મળે તો દોષ પેદા ન પણ થાય.. ને ક્રમશઃ જીવ ત્રીજા અનુબંધશુદ્ધ અનુષ્ઠાનમાં પહોંચી પણ જાય.

તત્ત્વસંવેદનવાળા જીવને ગુરુલાઘવાદિચિન્તા સંભવિત હોવાથી નિરનુવૃત્તિ દોષવિગમ થાય છે. આમાં અનુષ્ઠાન સાનુબંધ હોવાથી ઉત્તરોત્તર ચઢિયાતું અનુષ્ઠાન મળ્યા જ કરે છે. એટલે પ્રથમવારના સાનુબંધ અનુષ્ઠાનથી જે દોષવિગમ થયો, એના કરતાં બીજી વારના કંઈક ચઢિયાતા સાનુબંધ અનુષ્ઠાનથી વધારે માત્રામાં દોષવિગમ થાય છે. આમ ઉત્તરોત્તર ચાલ્યા કરે છે તે ઠેઠ સર્વથા દોષનાશ=મોક્ષ સુધી ચાલે છે. એટલે સાનુબંધ અનુષ્ઠાનથી થતા દોષવિગમની પણ ઉત્તરોત્તર પરંપરા ચાલતી હોવાથી એ દોષવિગમ 'સાનુબંધ' પણ કહેવાય છે. આમ સાનુબંધ દોષહાનિ કરનારું હોવાથી *'આ અનુબંધ-શુદ્ધ અનુષ્ઠાન ઘરના દૃઢ પાયા જેવું છે'* એમ કેટલાક અન્ય દર્શનકારો

કહે છે. જેમ ઘરનો પાયો મજબુત હોય તો ઉપરનું ઘર ભાંગી પડતું નથી, પણ ચિરકાલ ટકનારું બની રહે છે. એમ તત્ત્વસંવેદનથી સંકળાયેલું અનુષ્ઠાન ઉત્તરોત્તર દોષવિગમ કરનારું બનવાદ્વારા દૃઢ બનતું જાય છે, આનાથી વિપરીત સ્વરૂપવાળું ક્યારેય બનતું નથી. એટલે કે સાનુવૃત્તિ દોષહાનિ કરનારું કે મૂળથી જ દોષહાનિ ન કરનારું ક્યારેય બનતું નથી. આમ આ અનુષ્ઠાન ઉદારફળ આપનારું હોવાથી અન્યદર્શનકારોની આ વાત જૈનોને પણ સંમત છે.

**પ્રશ્ન :** સમ્યક્ત્વી જીવનું અનુષ્ઠાન ભાવથી યોગ બનવામાં ત્રીજું કારણ સમ્યક્ પ્રત્યય જે કહેલ છે તે શું છે ?

**ઉત્તર :** પ્રત્યય એટલે પ્રતીતિ-ખાતરી-વિશ્વાસ... આ સમ્યક્ પ્રત્યય ત્રણ પ્રકારે થાય છે. સ્વઇચ્છા, ગુરુકથન અને સૂચક ચિહ્ન.. પોતાને જે સદનુષ્ઠાન કરવાની ઇચ્છા જાગી છે (આત્મપ્રત્યય), (પોતે પોતાની આ ઇચ્છા ગુરુને જણાવી ન હોવા છતાં યોગાનુયોગ) ધર્મોપદેશક ગુરુ પણ એ જ કરવાનું કહે (ગુરુપ્રત્યય) અને જેવું તેઓ કહે એ જ વખતે, સૂત્રમાં સિદ્ધિના સૂચક તરીકે કહેલા નંદી-તૂર વગેરે ચિહ્નો અકૃત્રિમ રીતે સંપન્ન થવા દ્વારા ગુરુએ કહેલી તે જ વાતને સૂચવે (લિંગપ્રત્યય)... આ ત્રણેનો કુદરતી રીતે યોગ થવો એ ત્રણ પ્રકારનો પ્રત્યય=વિશ્વાસ, વ્યભિચાર શૂન્ય સંપૂર્ણસિદ્ધિનું સાધન કહેવાયેલો છે.

**પ્રશ્ન :** સમ્યક્પ્રત્યયની શી જરૂર છે ?

**ઉત્તર :** આત્માદિ સમ્યક્ પ્રત્યય હોય તો સિદ્ધિ, સિદ્ધિથી અનુબદ્ધ થવાથી તાત્ત્વિક બને છે. અન્યથા એ પાતના = પતનના = ભ્રંશના અનુબંધવાળી હોવાથી અતાત્ત્વિક બની જાય છે આશય એ છે કે જેના ગર્ભમાં ઉત્તરસિદ્ધિનું અવંધ્ય બીજ પડેલું હોય, એવી સિદ્ધિ ઉત્તરસિદ્ધિને અવશ્ય લાવી આપે છે. વળી આ ઉત્તરસિદ્ધિ પણ

સ્વઉત્તરસિદ્ધિના અવંધ્ય બીજને ધરાવતી હોવાથી સ્વઉત્તર સિદ્ધિને અવશ્ય તાણી લાવે છે. જીવ આ ક્રમે ઉત્કૃષ્ટ સિદ્ધિ સુધી પહોંચી છેવટે મોક્ષ પામે છે. પણ જે સિદ્ધિ આવી નથી હોતી એ ઉત્તરકાળમાં અવશ્ય પતન પામનારી હોય છે. આની વાત આગામી લેખમાં જોઈશું.

❖ ❖ ❖

## લેખાંક ૮૫

આત્માદિ પ્રત્યય વિનાના અનુષ્ઠાનથી થયેલી સિદ્ધિ ઉત્તરકાળમાં અવશ્ય પતન પામે છે, એ વાતનો ગયા લેખમાં છેલ્લે ઉલ્લેખ થયેલો. આ લેખમાં એને સૌપ્રથમ વિચારીએ. જ્યાં જ્યાં પૂર્વકાળમાં આવી સિદ્ધિ ત્યાં ત્યાં ઉત્તરકાળમાં પતન.. આવી વ્યાપ્તિ(નિયમ) હોવાથી આ સિદ્ધિ ઉત્તરકાળમાં અવશ્ય પતન પામનારી હોય છે. ને તેથી એનાથી મોક્ષપ્રાપ્તિની સંભાવના રહેતી ન હોવાથી આ સિદ્ધિને વાસ્તવિક સિદ્ધિ કહેવાતી નથી, પણ ઉપરથી, પાત(=પતન) જ કહેવાય છે. કારણકે એ સિદ્ધિ પાતશક્તિથી=પતન પામવાની શક્તિથી=યોગ્યતાથી સંકળાયેલી હોય છે. જે ભૂમિમાં હાડકાં વગેરે શલ્ય રહેલા હોય એ ભૂમિપર નિર્માણ પામેલ મહેલ વગેરે બાહ્ય દૃષ્ટિએ 'મહેલ' જ દેખાવા છતાં, એમાં રહેનાર સુખચેનથી રહી શકતા ન હોવાથી એ પરમાર્થથી 'મહેલ'રૂપ રહેતો નથી. એમ જે સિદ્ધિ મિથ્યા અભિનિવેશરૂપ પાતશક્તિથી ગર્ભિત હોય છે એ ઉત્તરકાળમાં અવશ્ય નાશ પામનારી હોવાથી તાત્ત્વિક સિદ્ધિ નથી. આમ, સિદ્ધિ બે પ્રકારની થઈ... ઉત્તરસિદ્ધિના અવંધ્યબીજથી ગર્ભિત અને પાતશક્તિથી ગર્ભિત. આમાંની પ્રથમ તાત્ત્વિક છે, બીજી અતાત્ત્વિક.

'સત્ત્વશાલીને કશું અશક્ય નથી' એમ પોતાના સત્ત્વ-પરાક્રમ પર મુસ્તાક રહીને પ્રવર્તનારા હઠીલા જીવો હાઠિક કહેવાય છે. આવા જીવો ગુરુપ્રત્યય-લિંગપ્રત્યય વિના પણ હઠથી પ્રવર્તી સત્ત્વથી સિદ્ધિ સુધી પહોંચતા જોવા મળે તો પણ એ સિદ્ધિ વાસ્તવિક હોતી નથી, કારણકે વગર કારણે કાર્ય થઈ શકતું નથી. ગમે એટલો ઉદ્યમશીલ ને ગમે એટલો આત્મવિશ્વાસથી છલકતો આદમી પણ રેતીમાંથી ઘડો શું બનાવી શકે ? બાવળ પર આંબા શું ઉગાડી શકે? એટલે હાઠિકોને પણ આત્માદિ પ્રત્યયરૂપ કારણ હોય તો જ વાસ્તવિક સિદ્ધિ થાય છે.

આ આખા અધિકાર પરથી એ સૂચિત થાય છે કે આત્માદિ પ્રત્યય ઉત્તરસિદ્ધિનું અવંધ્ય બીજ છે અને મિથ્યાઅભિનિવેશ વગેરે પતનનું અવંધ્યકારણ છે. આ આત્માદિ પ્રત્યયની વાત અતીન્દ્રિય અર્થોનું પ્રકાશન કરવામાં સમર્થ એવા આગમમાં કહેલ છે. આ વાતને સદ્યોગારંભક જીવ=સાનુબંધ યોગ કરનારો જીવ=વાસ્તવિક સિદ્ધિવાળો જીવ અવલંબે છે. એટલે કે આવો જીવ જ આત્માદિ પ્રત્યય હોય તો અનુષ્ઠાન કરવું, એ વિના નહીં... આવી અપેક્ષા રાખે છે, કારણ કે આવો જીવ જાત્યમોર જેવો હોય છે. સર્વઉપાધિથી રહિત મોર એ જાત્યમોર. આ મોર જેમ અન્ય અજાત્યમોર કરતાં વિલક્ષણ હોય છે એમ સદ્યોગારંભક જીવ, અસદ્‌યોગારંભક જીવ કરતાં હંમેશા વિલક્ષણ હોય છે. અસદ્‌યોગારંભક જીવ તત્કારી-તદ્‌દ્વેષી હોય છે, સદ્યોગારંભકજીવ ક્યારેય આવો બનતો નથી. આમાં આશય એ છે કે અસદ્યોગારંભક જીવ પણ સદનુષ્ઠાન જે કરે છે તે શાસ્ત્રવચનને જોઈને જ કરે છે, માટે એ તત્કારી (=શાસ્ત્રવચનને કરનારો) તો છે જ. તેમ છતાં શાસ્ત્રમાં જ કહેલ આત્માદિ પ્રત્યય વગેરે રૂપ વિધિને એ જાળવતો નથી, ઉપરથી એનો દ્વેષ કરે છે, માટે એ તદ્‌દ્વેષી છે. સદ્યોગારંભકજીવ આવો હોતો નથી. જેમ જાત્યમોરના ઈંડાં, ચાંચ, ચરણ વગેરે અવયવોમાં અજાત્યમોરના અવયવની

શક્તિ કરતાં વિલક્ષણ શક્તિ હોય છે. એમ આ સદ્યોગારંભકજીવને પહેલેથી જ અન્ય જીવો કરતાં વિશિષ્ટ શક્તિ હોય છે, એટલે કે જાત્યમોરના ઇંડાં- રસવગેરેમાં એક એવું વિશેષ સામર્થ્ય રહ્યું હોય છે, જે આગળ જતાં મોરને વિશિષ્ટતા અર્પી જાત્યમોર બનાવે છે. એમ સદ્યોગારંભક વિશિષ્ટ જીવો માતાના ગર્ભમાં આવે ત્યારથી જ અત્યુચિત ક્રિયાવાળા હોય છે. એટલે જ પાંચમા ભગવાનનો જીવ માતાના ગર્ભમાં આવ્યો. ને માતા બધી બાબતોમાં નિશ્ચય કરવામાં સુમતિ=સારી બુદ્ધિવાળા થયા. તેથી પ્રભુનું નામ 'સુમતિ' રખાયું, પંદરમા પ્રભુ ગર્ભમાં આવવા પર માતા સુધર્મવાળા થયા, તેથી ભગવાનનું નામ 'ધર્મજિન' રખાયું. વીશમા ભગવાન ગર્ભસ્થ થવા પર માતા અને પિતા સારા વ્રતવાળા બન્યા. તેથી 'મુનિસુવ્રત' નામ રખાયું. અલબત્ત આ ક્રિયાઓ એ માતા વગેરેની છે, છતાં એ ગર્ભના પ્રભાવે હોવાથી વસ્તુતઃ ગર્ભ તરીકે રહેલા સદ્યોગરંભક જીવની જ છે. ગર્ભાવસ્થા બાદ પણ તેઓની ઉચિતક્રિયા જ હોય છે. કારણ કે સર્વ પ્રયોજનોમાં ઔચિત્ય સેવનારા, અક્ષુદ્ર, પ્રેક્ષાવાન્, શુભઆશયવાળા, અવસરના જ્ઞાતા અને અવંધ્યચેષ્ટાવાળા જીવોને જ યોગમાર્ગના અધિકારી કહેલા છે.

આ વિષયશુદ્ધ, સ્વરૂપશુદ્ધ અને અનુબંધશુદ્ધ અનુષ્ઠાનમાં ત્રીજું અનુબંધશુદ્ધ અનુષ્ઠાન ફળવાળા ન્યાગ્રોધાદિ વૃક્ષના સદ્બીજમાંથી અંકુરનો ઉદ્ગમ થવા જેવું હોય છે, કારણ કે એ શુભઅનુબંધના સારવાળું હોય છે. આ ભિન્નગ્રન્થિક જીવોને હોય છે.

બીજમાંથી અંકુરો ફૂટે એટલે પછી એ વૃક્ષ ક્રમશઃ ઠેઠ ફલપ્રાપ્તિ સુધી વિકસે છે. એમ જેમાં શુભઅનુબંધાત્મક સાર રહ્યો છે તે અનુષ્ઠાન પણ ઉત્તરોત્તર અનુષ્ઠાનને આપતાં આપતાં, ઠેઠ મોક્ષાત્મક ફળની પ્રાપ્તિ સુધી પહોંચે છે, માટે એને સદ્બીજમાંથી અંકુરો ફૂટવા જેવું કહ્યું છે.

આ અનુબંધશુદ્ધ અનુષ્ઠાન મોક્ષના ઉદ્દેશથી જ કરાય છે, માટે એ વિષયશુદ્ધ પણ છે જ. એમ એ નિરવદ્ય છે, માટે સ્વરૂપશુદ્ધ પણ છે જ. આમ સમ્યક્ત્વી જીવનું અનુષ્ઠાન ત્રણે પ્રકારની શુદ્ધિવાળું હોય છે. એટલે જ, એને સર્વોત્તમ= અવ્યભિચારીફળવાળું કહેલું છે. આ વાત એ પણ સૂચન કરે છે કે શેષ બે અનુષ્ઠાનો વ્યભિચારફળવાળા છે. એટલે કે 'એ બે મોક્ષાત્મક ફળના પ્રાપક બને જ-' એવો નિયમ નથી, છતાં ન જ બને એવો પણ નિયમ નથી. ને તેથી ક્યારેક કોઈકને એ ફળવાળા બને પણ છે. તે આ રીતે - વિષયશુદ્ધ અનુષ્ઠાનથી યોગને ઉચિત જન્મ મળે છે. ત્યાં સ્વરૂપશુદ્ધ અનુષ્ઠાનરૂપે યમ-નિયમાદિ સેવ્યા. જેના પ્રભાવે સાનુવૃત્તિ દોષહાનિ થઈ. દોષ ફરીથી ઊભા થવાની યોગ્યતા પડી હોવા છતાં નિમિત્ત જ ન મળવાથી દોષ ઊભા થયા નહીં ને શુભનિમિત્ત મળવાથી જીવ ગ્રન્થિભેદ કરીને અનુબંધશુદ્ધ અનુષ્ઠાન પામવા દ્વારા છેવટે મોક્ષપ્રાપ્તિ થઈ. પણ આવું કોઈકને જ થાય છે. માટે પ્રથમ બે, ફળને વ્યભિચારી છે. છતાં એ સર્વથા નિષ્ફળ છે, એવું પણ નથી. એટલે જ છેલ્લી ગાથામાં આ બેને પણ પ્રશમસુખના કારણ તરીકે જણાવેલા છે.

**શંકા :** સમ્યગ્દષ્ટિ જીવે કરેલા અનુબંધશુદ્ધ અનુષ્ઠાનથી થનારી સિદ્ધિ ઉત્તરસિદ્ધિનું અવંધ્યબીજ ધરાવતી હોય છે, આ સિવાયની સિદ્ધિ તો અવશ્યપાતશક્તિથી યુક્ત હોય છે.. આ વાત પૂર્વે આવી ગઈ છે. એટલે પ્રથમ બે અનુષ્ઠાન પણ અવશ્યપાતશક્તિથી યુક્ત હોવાથી, ક્યારેક પણ સફળ શી રીતે બની શકે ?

**સમાધાન :** આ શંકા અણસમજ માંથી પેદા થયેલી છે. આત્માદિ પ્રત્યય હોવા ન હોવા... અને અનુષ્ઠાન વિષયશુદ્ધાદિ હોવું એ અલગ બાબત છે. જીવને ભૃગુપાતાદિ કે યમનિયમાદિ જે કરવાની ઇચ્છા જાગી છે યોગાનુયોગ એ જ વખતે પોતાના ધર્મોપદેશક ગુરુએ પણ એ જ કરવાનું કહ્યું અને શુભસૂચક ચિહ્નો પણ મળ્યા..

તો આત્માદિ પ્રત્યય સંપન્ન થઈ જ ગયા. અલબત્ત અનુષ્ઠાન અનુબંધશુદ્ધ ન હોવાથી અવંધ્યબીજ પડતું નથી.. છતાં પાતાદિ શક્તિ પણ ન પડવાથી અવશ્ય પતનનો નિયમ ન રહેવાના કારણે ઉપર જણાવવા મુજબ સફળતા મળવાની શક્યતા ઊભી રહે છે.

અપુનર્બન્ધકજીવની અનેક અવસ્થાઓ મનાયેલી છે. એમાં અમુક અવસ્થાવાળા અપુનર્બન્ધકજીવને જેમ જિનોક્ત અનુષ્ઠાન પ્રશાંતવાહિતાનું કારણ બની શકે છે, એમ અન્ય અવસ્થાવાળા અપુનર્બન્ધકજીવને કપિલ-સૌગત વગેરે દર્શનના તે તે શાસ્ત્રમાં કહેલા અનુષ્ઠાન પણ પ્રશાંતવાહિતાનું કારણ બની શકતા હોવાથી ઉચિત જ છે. જીવોને અનાદિકાળથી કારમી વિષયેચ્છા અને એનો પ્રયોજક 'સુખ તો પૌદગલિક જ હોય' એવો તીવ્ર કદાગ્રહરૂપ અસદ્ગ્રહ હોય છે. ચરમાવર્ત પ્રવેશે એ દૂર થવાથી તો જીવ અપુનર્બન્ધક બને છે. એટલે કે અપુનર્બન્ધકજીવને અસદ્ગ્રહ હોતો નથી. એટલે જ અન્યદર્શનોક્ત અનુષ્ઠાન એ સદ્ગ્રહથી=મોક્ષના સ્વરૂપનો બોધ થવાથી એને મેળવવાની જાગેલી ઇચ્છાથી કરે છે. પોતાના દર્શન દ્વારા 'ભૃગુપાતાદિથી મોક્ષ થાય છે' એવી મળેલ સમજણના કારણે એ ભૃગુપાતાદિ કરે, તો એમાં ગર્ભિત રીતે રહેલી મોક્ષની ઇચ્છા તથા પ્રાણાંત કષ્ટ કરતાં પણ મોક્ષનું કરેલું અધિક મૂલ્યાંકન.. એને પ્રશાંતવાહિતાનું કારણ બની શકે છે. એમ સુગતાદિ દર્શનમાં રહેલાને યમનિયમાદિની મળેલી સમજણના કારણે યમનિયમાદિ સેવે તો એનું આ સ્વરૂપશુદ્ધ અનુષ્ઠાન, મોક્ષની ઇચ્છા ને સાથે અનુષ્ઠાનની નિરવદ્યતાના કારણે પ્રશાંતવાહિતાનું કારણ બને છે.

પણ જૈનધર્મને પામેલો અપુનર્બન્ધક અન્યધર્મની વાત સાંભળીને ભૃગુપાતાદિ કરે તો એ પ્રશાંતવાહિતાનું કારણ બની શકતા નથી એ જાણવું.

**પૂર્વપક્ષ :** તે તે ધર્મમાં રહેલા અપુનર્બન્ધકને તે તે ધર્મમાં કહેલ ક્રિયાઓ (અનુષ્ઠાન) પણ પ્રશાંતવાહિતા લાવી આપી શકે છે. વળી શાસ્ત્રોમાં અન્યલિંગસિદ્ધ=અન્ય ધર્મનો સંન્યાસ લઈને સિદ્ધ થયેલા જીવોની વાત પણ આવે છે. તથા શ્વેતાંબર હોય કે દિગંબર.. જટાધારી હોય કે મુંડિતમસ્તક હોય.. આવું કાંઈપણ હોય તો પણ જીવ જો સમતા ભાવને સાધે છે તો કલ્યાણ સાધી જ લે છે અને જો સમતા નથી કેળવતો તો તો બધું જ વ્યર્થ છે.. આવું જણાવતી વાતો અનેક ગ્રન્થોમાં છે. તથા માત્ર અરિહંતને નહીં, સર્વદેવોને કરેલો નમસ્કાર યોગની પૂર્વસેવારૂપે કહેવાયેલ છે. એમ માત્ર નિર્ગ્રન્થ સાધુને નહીં, કોઈપણ ત્યાગીને અપાતું દાન પણ એ પૂર્વસેવારૂપે કહેવાયેલ જ છે.

આ બધાનો સૂચિતાર્થ સ્પષ્ટ છે કે બાહ્યવેશ, ક્રિયાકાંડ વગેરેમાં સાધકે અટવાઈ જવું ન જોઈએ. 'અમારો જ પંથ સાચો.. બીજા મિથ્યા... અમારા વેશ-ક્રિયાકાંડથી જ મોક્ષ થાય, અન્યના વેશ-ક્રિયાકાંડથી નહીં..' આવું બધું માનવું ન જોઈએ. 'અમારો જ ધર્મ સાચો.. બીજા મિથ્યા...' આવું બધું માનવું એ મતાંધતા છે... ગાઢ દૃષ્ટિરાગ છે... માટે સાચા સાધકે બધાને સમભાવથી જોવા જરૂરી છે.. રાગ-દ્વેષ ટાળવા જોઈએ. સંકુચિત દૃષ્ટિ છોડીને વિશાળદૃષ્ટિવાળા બનવું જોઈએ.

**ઉત્તરપક્ષ :** પોતાની જાતને વિશાળ દૃષ્ટિવાળા માનનારા, 'જૈનશાસનનો સાચો સાર પોતે જ પામેલા છે' એવું માનનારા... આત્મનિરીક્ષણ કરવાનો ઉપદેશ આપનારા... પોતાની જાતને જ આધ્યાત્મિક-આત્મજ્ઞાની-સમ્યક્ત્વી માનનારા કેટલાકોનો તમે કહ્યો એવો, આવો સૂર હોય છે. વળી, તેઓ પોતાની વાતના સમર્થનમાં, શ્રીહરિભદ્રસૂરિ મહારાજ, શ્રી યશોવિજયજી ઉપાધ્યાય વગેરે સર્વમાન્ય ગ્રન્થકારોના સાક્ષીપાઠો પણ ઉદ્ધરણ તરીકે આપતા હોવાથી પ્રથમ નજરે આ વાત સાચી જ લાગે છે.

**શંકા :** પણ જો એનું સમર્થન કરનાર શાસ્ત્રપાઠ મળતા હોય તો એ વાત સાચી જ હોય ને !

**સમાધાન :** પણ એનાથી વિપરીત વાતને જણાવનાર શાસ્ત્રપાઠ પણ મળતા હોય તો ?

**શંકા :** શું એવા શાસ્ત્રપાઠ મળે છે ?

**સમાધાન :** ઢગલાબંધ... अरिहंतो महदेवो... 'યાવજ્જીવ અરિહંત એ જ મારા ભગવાન, સુસાધુ એ જ મારા ગુરુ.. પ્રભુએ ભાખેલો ધર્મ એ જ મારો ધર્મ... આવું સમ્યક્ત્વ મેં ગ્રહણ કર્યું છે.' 'સુદેવ-સુગુરુ-સુધર્મ આદરું... કુદેવ-કુગુરુ-કુધર્મ પરિહરું...' જો બધા જ દેવો સરખા હોય. બધા જ ધર્મો સરખા હોય.. તો આ 'સુ' 'કુ' શા માટે ? દિલની વિશાળતા દર્શાવનારા જ હરિભદ્રસૂરિ મહારાજ-ઉપાધ્યાયજી યશોવિજયજી મહારાજ વગેરેએ પણ કષ-છેદ-તાપની પરીક્ષા કરીને સાચા-ખોટાધર્મનો નિર્ણય કરવા પર જોર આપ્યું છે, તેમજ *'અમને જિનવચન યુક્તિસંગત લાગવાથી એનો સ્વીકાર કર્યો છે, અન્યધર્મના વચનો અસંગત હોવાથી ત્યાગ કર્યો છે.' 'અન્ય ધર્મના સંન્યાસીનો સંપર્ક-આલાપ પરિચય વગેરે કશું કરવું નહીં..' 'ઉન્મારગી થુણતાં હોવે ઉન્મારગ પોષ...'* કહી પ્રશંસાનો પણ નિષેધ કર્યો છે. શ્રી હરિભદ્રસૂરિમહારાજે અન્ય દેવો માટે શું શું કહ્યું છે એ જાણવા 'મહાદેવાષ્ટક' જોવું. તેઓશ્રીએ તથા ઉપાધ્યાયજીમહારાજે પોતાના માત્ર દાર્શનિક ગ્રન્થોમાં જ નહીં, અધ્યાત્મના ગ્રન્થોમાં પણ અન્ય ધર્મોને (દર્શનોને) એકાન્તવાદી કહીને મિથ્યા ઘોષિત કર્યા છે. યોગપ્રતિપાદક પ્રસ્તુત ગ્રન્થ વગેરેમાં પણ, અન્યદર્શનોક્ત યમ-નિયમાદિને માત્ર સ્થૂળ-લોકવ્યવહારથી નિરવદ્ય કહ્યા છે. જ્યારે જિનોક્ત યમનિયમાદિને વાસ્તવિક રીતે નિરવદ્ય કહ્યા છે ને એ રીતે 'બધા સમાન છે' એ વાતનો છેદ ઊડાડી દીધો છે. કલિકાળ સર્વજ્ઞ શ્રીહેમચન્દ્રસૂરિ મહારાજે વીતરાગસ્તોત્રમાં:

*'કદાચ વાયુ થંભી થાય, પર્વત ઓગળી જાય, પાણી આગ બની જાય, તો પણ અન્ય દેવો રાગાદિગ્રસ્ત હોવાથી ભગવાન બનવાને યોગ્ય નથી'* અને *'શ્રીતીર્થંકર ભગવાન સૂર્ય છે, અન્યદેવો આગિયા જેવા છે'* વગેરે વાતો કહી છે. પછી સર્વસમભાવની તો ગંધ પણ ક્યાં ?

**શંકા :** આ તો આ પૂર્વાચાર્યોના વચનમાં પૂર્વાપરવિરોધ દોષ આવી જશે..

**સમાધાન :** ના, આ જ વાસ્તવિક અનેકાન્ત છે. એ કઈ રીતે? એ પછી વિચારીએ.. પણ આ આત્મનિરીક્ષણ કરનારાઓએ પોતાના પ્રતિપાદનમાં આ બધી વાતોનો ઉલ્લેખ કેમ ન કર્યો? એક તરફી જ વાતો કર્યા કરવી.. ને બીજા પક્ષની તો જાણે કે કોઈ વાતો છે જ નહીં.. એ રીતે એને છૂપાવી દેવી.. આ ગાઢ કદાગ્રહ છે કે વાસ્તવિક તત્ત્વ નિર્ણય કરાવનાર માધ્યસ્થ્ય છે ? આ રીતે ક્યારેય વાસ્તવિક તત્ત્વનો નિર્ણય થઈ શકે નહીં. એ માટે તો બન્ને તરફી વાતોને નજર સામે લાવી પછી માધ્યસ્થ્યપૂર્વક વિચારણા કરવી જરૂરી હોય છે. તે વિચારણા આ રીતે કરી શકાય- એક ગંતવ્યસ્થળ છે. ત્યાં જવા માટે એક સીધો રાજમાર્ગ છે. તે ઉપરાંત આડી-અવળી સેંકડો કેડીઓ છે. આમાંની બહુ જ જૂજ કેડીઓ આગળ ક્યાંક ને ક્યાંક આ રાજમાર્ગને મળી જવા દ્વારા ગંતવ્ય સ્થળ સુધી પહોંચાડે છે. વળી આ જૂજ કેડીઓ પરથી પણ આંતરે આંતરે સેંકડો ફાંટાઓ પડ્યા કરે છે. જેમાંથી ઉપયોગી ફાંટાનો નિર્ણય અતિદુષ્કર હોય છે. બાકીના ફાંટાઓ તો જંગલમાં ક્યાંય અટવાઈ જાય છે. ને કેટલાક ફાંટા તો ગંતવ્યસ્થળથી વિપરીત દિશામાં જ પહોંચાડી દેનારા હોય છે. તેમ છતાં રાજમાર્ગને ન જાણનારા-ન પામેલાં મુસાફરો કાળે કાળે કેડીપર ચડનારા પણ હોય જ છે. પણ એવા હજારો મુસાફરોમાંથી માંડ એકાદ મુસાફર ક્યારેક જ ગંતવ્ય સ્થળ સુધી પહોંચી શકે છે.

જ્યારે રાજમાર્ગનો આશ્રય કરનારા મુસાફરો તો ક્રમશઃ ગંતવ્ય સ્થળે પહોંચતા જ રહેતા હોય છે, વળી કેડીમાર્ગે ગંતવ્યસ્થળે પહોંચનાર જે એકાદ મુસાફર હોય છે એણે પણ ઘણો ખરો માર્ગ તો રાજમાર્ગ પર જ મુસાફરી કરીને કાપ્યો હોય છે. આ તો ક્યાંક ભૂલ કરી નાખીને માર્ગથી ભ્રષ્ટ થઈ ગયો, પછી માર્ગ હાથમાં ન આવ્યો ને કેડીપર ચડી ગયો.. પ્રાયઃ કરીને આવું જ બનતું હોય છે. બાકી રાજમાર્ગનો આશ્રય ક્યારેય કર્યો જ ન હોતો.. માત્ર કેડીઓ દ્વારા જ બધું અંતર કાપ્યું.. આવું બનતું જ નથી એમ કહીએ તો ચાલે.

પ્રસ્તુતમાં સંસાર એ જંગલ છે. જીવો મુસાફર છે. મોક્ષ ગંતવ્યસ્થળ છે. જૈનધર્મ એ રાજમાર્ગ છે. અન્યધર્મો કેડી જેવા છે. વલ્કલચીરી જેવા અન્યલિંગસિદ્ધ જીવોએ પણ પૂર્વભવોમાં આ રાજમાર્ગને જ (=જિનોક્ત સાધનાને જ, મુખ્યતયા અવલંબ્યો છે. ને એનાપર જ એટલું બધું અંતર કાપીને એવી ભૂમિકાએ પહોંચી ગયેલા હતા કે ચરમભવમાં કેડીપર થોડું ગમન કર્યું ને કામ સીઝી ગયું. આ રીતે થતી મોક્ષપ્રાપ્તિમાં રાજમાર્ગે જે ભાગ ભજવ્યો છે એ લોકનજરમાં આવતો નથી, કારણ કે એ અચરમ ભવમાં ભજવાયેલો છે. જ્યારે કેડીએ ભજવેલો ભાગ લોકનજરમાં આવી જાય છે. કારણકે ચરમભવમાં ભજવાયેલો છે. એટલે સૂચિત એ થાય છે કે પૂર્વભવોમાં જીવે જૈનધર્મની સાધના કરી ન હોય, ને માત્ર અન્યધર્મની સાધનાથી જ કોઈ જીવ ઠેઠ મોક્ષસુધી પહોંચી ગયો... આવું ક્યારેય શક્ય બનતું નથી, અને માત્ર ચરમભવને નજરમાં રાખીને કહેવું હોય તો, 'અન્ય ધર્મની સાધના દ્વારા મોક્ષે જઈ ન જ શકાય' એમ પણ કહી શકાતું નથી, હજારોમાં કોઈક એકાદ જીવ એ રીતે પણ મોક્ષે જઈ શકે છે.

બેશક, રાજમાર્ગરૂપ જૈનધર્મની પ્રાપ્તિ અતિ અતિ ગૌરવાસ્પદ બિના છે, કારણ કે એ જ વાસ્તવિક મોક્ષમાર્ગ છે. પણ એટલામાત્રથી

કોઈને એનો ઉન્માદ આવી જાય, ને તેથી અન્યધર્મોનો તિરસ્કાર કરવા માંડે તો આ તિરસ્કાર જ એની મોક્ષમાર્ગ પરની પ્રગતિને રુંધી નાખે છે. અને આ તિરસ્કાર જો વધારે તીવ્ર હોય તો એને મોક્ષમાર્ગપરથી ક્યાંય ફંગોળી પણ નાખે છે. વળી કોઈક જીવ, મોક્ષમાર્ગરૂપ જ્ઞાન-ક્રિયાની સાધના કરતો હોવા છતાં, રાગ-દ્વેષને મોળા પાડવા દ્વારા સમતામાં આગળ વધવાનું લક્ષ્ય જ ન હોવાથી ત્યાંનો ત્યાં જ અટકી રહે છે.. આગળ વધી શકતો નથી. આ પણ ઈષ્ટ નથી. આવા બધા અનિષ્ટને વારવા માટે, સમતા કેળવવાની ચાનક લાગે એ માટે સમતાની મહત્તા ગાવામાં આવે છે. આમાં ત્રણ વાસ્તવિકતાઓને નજરમાં રાખવામાં આવે છે. (૧) કોઈક જીવો કેડીદ્વારા=કદાગ્રહ વિના-માધ્યસ્થ્ય પૂર્વક અન્યધર્મના અનુષ્ઠાન દ્વારા રાજમાર્ગને=જૈનધર્મને પામે છે. (૨) રાજમાર્ગે હોવા છતાં= જૈનધર્મના વેશ-ક્રિયાકાંડ વગેરે હોવા છતાં કેટલાક જીવો સમતા કેળવતા નથી. અને (૩) કોઈક જીવો (ચરમ ભવમાં) અન્યધર્મની સાધના દ્વારા સમતાનો પ્રકર્ષ=વીતરાગતા-કેવલજ્ઞાન પામી જાય છે એટલે સમતાની મહત્તામાટે, 'વેશ-ક્રિયાકાંડ વગેરે ગૌણ છે, કારણ કે એ હોવા છતાં ઘણા જીવો સમતા પામતા નથી અને એ ન હોવા છતાં કોઈક જીવ સમતા પામી જાય છે.' વગેરે વાતો કરવામાં આવે છે.

વળી અન્યધર્મરૂપ કેડી એ વાસ્તવિક માર્ગ તો નથી જ, કારણકે રાજમાર્ગનો આશ્રય કર્યા વગર કોઈપણ કેડી ગન્તવ્ય મોક્ષ સુધી જતી નથી જ. ઉપરથી એ ઉન્માર્ગ જ છે, કારણકે એને પકડનારા ૯૯.૯૯ ટકા જીવો સંસારમાં જ ભટકી જાય છે. આ પણ એક હકીકત છે ને એને નજરમાં રાખીને અન્યધર્મને કુધર્મ, મિથ્યામાર્ગ કહેલા છે, જેઓ રાજમાર્ગને પામી ચૂક્યા છે કે પામવાની શક્યતા ધરાવે છે, એમને કેડીનું આકર્ષણ જાગી જાય, ને તેઓ રાજમાર્ગથી

દૂર ચાલ્યા જાય.. આવું કોઈપણ આપ્તપુરુષને મંજુર હોય ન શકે એ સ્પષ્ટ છે. એટલે કેડીપર ચડીને કોઈક જીવ સમત્વમાં ખૂબ આગળ વધેલો હોય તો પણ કેડીને તો ઉન્માર્ગ-મિથ્યામાર્ગ ઘોષિત કરવી એ જ આપ્તપુરુષની ફરજ બની રહે છે. એમ એ કોઈક જીવની સમતા અનુમોદનીય-પ્રશંસનીય હોવા છતાં એની પ્રશંસા કેડીની પ્રશંસામાં પરિણમીને રાજમાર્ગ પર રહેલા જીવને કેડીનું આકર્ષણ જગાડનારી જો પ્રતીત થાય, તો એવી પ્રશંસાનો નિષેધ કરવો જરૂરી બની જ રહે છે. તેથી *'ઉન્મારગી થુણતાં હુએ ઉન્મારગ પોષ...'* વગેરે દ્વારા એનો નિષેધ કરવામાં આવ્યો છે. આમાં કોઈ સંકુચિત વૃત્તિ નથી, આમાં કોઈ મતાંધતા નથી, આમાં તો માત્ર ને માત્ર જીવ રાજમાર્ગ છોડીને કોઈ ભૂલભુલામણી ભરેલી કેડી પર ભટકી ન જાય... એવી કરુણા જ રહેલી છે.

વળી, કેડીપર રહેલો મુસાફર સામાન્યથી રાજમાર્ગને રાજમાર્ગ તરીકે પિછાણતો નથી, કારણકે જો એ પિછાણતો હોય તો તો સ્વયં કેડી છોડી રાજમાર્ગ પર આવી ન જાય ? અને પોતે જે કેડી પર છે એને જ રાજમાર્ગ તરીકે કદાગ્રહપૂર્વક માનતો હોય છે. એટલે એ તો, રાજમાર્ગ પર રહેલા પ્રવાસીને પણ પોતાની કેડીપર લાવવા પ્રયત્નશીલ હોય છે. તેથી રાજમાર્ગના વટેમાર્ગુઓ એનાથી દૂર રહે એ ઇચ્છનીય હોવાના કારણે આવા કેડીના પ્રેરકરૂપ અન્ય સંન્યાસીઓને કુગુરુ કહેવાયેલા છે. ને એમના પરિચય વગેરેને ટાળવાનો ઉપદેશ અપાયેલો છે. આમાં પણ એ સંન્યાસીઓ પ્રત્યે કોઈ દ્વેષ નથી. પણ જીવો પ્રત્યેની કરુણા જ છે.

કાચને કાચ કહેવો ને હીરાને હીરો કહેવો એમાં શું કોઈ સંકુચિતવૃત્તિ કે રાગ-દ્વેષ છે ભલા? ઊલટું કાચને પણ હીરો કહેવો એ ક્યાં તો ઘોર અજ્ઞાન છે ને ક્યાં તો 'અમે સમભાવવાળા- અમે વિશાળદૃષ્ટિવાળા' આવો દેખાડો કરવાનો કનિષ્ઠ દંભ છે.

**શંકા :** પણ જૈનધર્મ એ હીરો-રાજમાર્ગ.. ને અન્યધર્મો એ કાચ-કેડી.. આ વાત ક્યાંથી લાવ્યા ?

**સમાધાન :** મુખ્ય તો સમતા-વીતરાગતા સાધવાની છે. આ સમતાને સાધવામાં કોઈ ક્રિયા સહાયક બને કે નહીં ? ભોગવિલાસાદિ કે યુદ્ધાદિક્રિયા જો એમાં બાધક છે તો, એનાથી વિપરીત ક્રિયા એમાં સાધક હોય જ. હવે, કરિયાણાનો વેપાર પણ કમાણીમાં સાધક છે ને ઝવેરાતનો વેપાર પણ, છતાં આ બેમાં આસમાન જમીનનો ફરક છે. એમ સાધકક્રિયાઓમાં પણ તરતમતા તો રહેવાની જ. તથા અજ્ઞાન હોય તો તો બાધકને સાધક સમજી નિરૂપણ થાય એવું પણ બને જ.

એટલે, આપણે શ્રી તીર્થંકરભગવંતોને જો વીતરાગસર્વજ્ઞ માનતા હોઈએ તો, 'તેઓએ તે તે ભૂમિકામાં વધુમાં વધુ સાધક બને એવી ક્રિયા દર્શાવેલી હોય' એ પણ માનવું જ પડે. અને અન્યધર્મોના પ્રણેતા વીતરાગ-સર્વજ્ઞ જો નહોતા, તો તેઓએ અલગ પ્રકારે બતાવેલ ક્રિયાઓ અલ્પસાધક હોય ને अपुत्रस्य गतिर्नास्ति વગેરે દ્વારા દર્શાવેલ અબ્રહ્મસેવનાદિ કેટલીય વિપરીત ક્રિયાઓ બાધક પણ હોય જ. પછી જૈનધર્મની અપેક્ષાએ એ ધર્મ કાચ-કેડી-મિથ્યા કેમ ન કહેવાય ? જ્યાં ૯૯.૯૯ ટકા ભટકાઈ જ જવાની સંભાવના છે. એવી કેડીને રાજમાર્ગની અપેક્ષાએ ઉન્માર્ગ કહેવી જ પડે. આ વાસ્તવિકતાના કથનને પણ જો દ્વેષ કહેવાનો હોય તો તો ''ક્રિયાકાંડ-વેશ વગેરે ગૌણ છે, 'અમે સાચા-બીજાઓ મિથ્યા.. વગેરે કહેવું એ મતાંધતા છે'' વગેરે તમે જે કહો છો તે તમારા દ્વેષરૂપે સાબિત થઈ જશે. 'અમને ન જચતા નિરૂપણોને-આચરણોને અમે મિથ્યા કહીએ તો વાંધો નહીં, પણ તમને ન જચતા નિરૂપણો-આચારણોને તમે મિથ્યા કહો તો એ તમારી મતાંધતા-ગાઢ દષ્ટિરાગ-સંકુચિતવૃત્તિ કહેવાય..' આ તે કેવો અર્ધજરતીય ન્યાય ! ધન્ય છે 'આપણે આત્મનિરીક્ષણ કરીશું ?' એવું પૂછનારા તમારા આત્મનિરીક્ષણને!

બાકી, કુદેવ-કુગુરુ-કુધર્મ... અન્ય સંન્યાસી વગેરેનો પડછાયો પણ ન લેવો.. વગેરે વાતો તથા, પ્રભુપૂજા વગેરે ક્રિયાકાંડ.. આ જિનપ્રણીત વાતો તમને જચતી ન હોય તો તમારા માટે, બૌદ્ધાદિ દર્શનની જેમ આ પણ એક સ્વતંત્ર દર્શન થઈ ગયું.. તો બૌદ્ધાદિ ધર્મોને મિથ્યા ન કહેવા.. વગેરે ઉદારવલણ ધરાવનારા તમે, આ સ્વતંત્રદર્શનને મિથ્યારૂપ-મતાંધતા રૂપ શા માટે કહો છો ? આત્મજ્ઞાન અને સાધનાપથની વાતો કરનારા તમને જૈનો પ્રત્યે-જૈન ક્રિયાઓ પ્રત્યે આટલો બધો દ્વેષ ?

કેડી જેવા અન્યધર્મો કોઈક અપુનર્બન્ધકને રાજમાર્ગ જેવા જૈનધર્મની પ્રાપ્તિ કરાવી આપે છે. અને પૂર્વના સાધક માર્ગભ્રષ્ટ જીવને અપૂર્વસમતા કેળવાવી આપે છે. માટે, એનો સર્વથા નિષેધ માન્ય નથી. તેમ છતાં રાજમાર્ગનો મુસાફર કે રાજમાર્ગની નજીક રહેલો મુસાફર કેડી તરફ આકર્ષાઈ ન જાય એ માટે એનો નિષેધ પણ છે જ. આ જ અનેકાન્તવાદ છે. પ્રભુવચનોનું વાસ્તવિક રહસ્ય આ રીતે જ મળી શકે. માત્ર એકતરફી વચનો વિચાર્યા કરવાથી સાચું તત્ત્વ ક્યારેય લાધી શકે નહીં, એ બધાએ નોંધી રાખવું જરૂરી છે.

'અપુનર્બન્ધક' શબ્દના શબ્દાર્થવગેરે અંગેની વિચારણા આગામી લેખમાં કરીને આ બત્રીશીની વિચારણા પૂરી કરીશું.

❖ ❖ ❖

## લેખાંક ૮૯

અપુનર્બન્ધક અંગે કેટલીક બાકીની મહત્ત્વની વિચારણા આ લેખમાં કરીને આ બત્રીશીની વિચારણા પૂર્ણ કરીશું.

**પ્રશ્ન :** મોહનીયકર્મનો તીવ્ર-કષાય પ્રયુક્ત ઉત્કૃષ્ટ સ્થિતિબંધ જે જીવ હવે પછી ક્યારેય કરવાનો

નથી એ અપુનર્બન્ધક છે. મરુદેવામાતાએ તો ક્યારેય આવો બંધ કર્યો જ નથી, તો શું એ જીવને અનાદિકાળથી અપુનર્બન્ધક માનવાનો? વળી ચરમાવર્ત પ્રવેશથી તો બધા જીવો અપુનર્બન્ધક છે. પણ એ પૂર્વે પણ છેલ્લાં ઉત્કૃષ્ટ સ્થિતિબંધ પછી જે જીવે એકેન્દ્રિયાદિ ભવોમાં, ચરમાવર્ત પ્રવેશ પૂર્વે અનંતકાળ વીતાવ્યો છે, એ જીવને એ અનંતકાળમાં શું અપુનર્બન્ધક કહેશો ? કારણકે એકેન્દ્રિયાદિ ભવોમાં ઉત્કૃષ્ટ સ્થિતિબંધ સંભવતો હોતો નથી, ને પછી તો એ ચરમાવર્તમાં પ્રવેશી જવાથી ક્યારેય કરવાનો નથી.

**ઉત્તર :** 'પુનઃ ઉત્કૃષ્ટ સ્થિતિબંધકત્વાભાવ=હવે પછી ક્યારેય ઉત્કૃષ્ટ સ્થિતિબંધ ન કરે તે અપુનર્બન્ધક' આ 'અપુનર્બન્ધક' શબ્દનું વ્યુત્પત્તિનિમિત્ત છે એટલે કે એનો શબ્દાર્થ છે. જ્યારે, 'ક્ષુદ્રતાદિ દોષાપગમ=ભવાભિનંદીજીવોના ક્ષુદ્રતાદિ દોષો દૂર થઈ ગયા હોય એ અપુનર્બન્ધક' આ એનું પ્રવૃત્તિનિમિત્ત છે. એટલે કે એનું સ્વરૂપ છે.

વ્યવહારરાશિપ્રવેશથી કાળક્રમે પ્રતિઆવર્ત મળહ્રાસ થતાં થતાં ચરમાવર્ત પ્રવેશે અલ્પમલત્વભૂમિકા આવે છે. ને એ આવતાંની સાથે જ મુક્તિદ્વેષ-તીવ્રભવાભિષ્વંગ-ભવાભિનંદીપણું.. રવાના થાય છે, ને તેથી જીવ અપુનર્બન્ધક બને છે, પછી ભલે એ વખતે જીવ સંજ્ઞીપંચેન્દ્રિયમાં હોય કે એકેન્દ્રિયાદિમાં હોય. એ પૂર્વના કાળમાં એકેન્દ્રિયદિ ભવના કારણે જીવ ઉત્કૃષ્ટ સ્થિતિબંધ ન કરતો હોય તો પણ, આ અલ્પમલત્વ ભૂમિકા આવી ન હોવાથી 'અપુનર્બન્ધક' કહેવાતો નથી, એટલે મરુદેવા માતાના જીવને પણ, જ્યારથી ચરમાવર્ત પ્રવેશ થયો હશે ત્યારથી જ 'અપુનર્બન્ધક' માનવાનો, એ પૂર્વે નહીં.

**પ્રશ્ન :** તમે 'ચરમાવર્ત પ્રવેશકાળથી જ જીવ અપુનર્બન્ધક

બની જાય' આવું અનેક વિધાનો પરથી ફલિત કર્યું છે, છતાં એ માન્યતા સામે કેટલાય પ્રશ્નો રહે છે. જેમકે ચરમાવર્તકાળમાં જીવના લક્ષણો તરીકે દુઃખીઓ પર અત્યંત દયા, ગુણવાનો પર અદ્વેષ અને સર્વત્ર સામાન્યથી ઔચિત્યનું સેવન કહેલ છે (યોગદૃષ્ટિ-૩૨), જ્યારે અપુનર્બન્ધકના લક્ષણો તરીકે તીવ્રભાવે પાપઅકરણ, ભવરાગનો અભાવ વગેરે કહેલ છે, એટલે સ્પષ્ટ છે કે જીવ ચરમાવર્તવર્તી હોવો અને અપુનર્બન્ધક હોવો આ બન્ને એક જ વસ્તુ નથી. એ જ સૂચવે છે કે ચરમાવર્ત પ્રવેશ થવા છતાં જીવ અપુનર્બન્ધક ન પણ બન્યો હોય.

**ઉત્તર :** જો આ સૂચનને સ્વીકારીએ તો એનો અર્થ એ થાય કે ચરમાવર્ત આવી જવા છતાં હજુ એ જીવ અપુનર્બન્ધક બન્યો નથી. અપુનર્બન્ધક બન્યો નથી એનો એ અર્થ એ થાય કે એ હજુ ભવાભિનંદી છે, ક્ષુદ્રતાદિદોષોવાળો છે, કારણ કે આ દોષો રવાના થયે તો જીવ અપુનર્બન્ધક બની જ જાય છે. શું આ તીવ્ર દોષોની સાથે અત્યંત દયા વગેરે ગુણો સંભવે છે ?

વળી ચરમાવર્તમાં ગુણવાન પર અદ્વેષ કહ્યો છે, એનો અર્થ જ મુક્તિ-મુક્તિ ઉપાય અને મુક્તિ સાધકો પ્રત્યે અદ્વેષ છે. આવા જીવની ગુરુપૂજા વગેરેને પૂર્વસેવારૂપે સ્વીકારેલી છે. શું ભવાભિનંદીની ગુરુપૂજા પૂર્વસેવારૂપે માન્ય છે ?

વળી ઔચિત્ય સેવન તો બન્ને લક્ષણોમાં છે જ. એટલે બન્નેમાં ઉપલક્ષણથી અન્ય લક્ષણો પણ લઈ જ લેવાના છે. બાકી જેમ ચરમાવર્ત પૂર્વે કોઈ જ ગુણાત્મક લક્ષણ સંભવતું નથી, એમ અપુનર્બન્ધકતાની પૂર્વે (ભવાભિનંદીપણામાં) પણ કોઈ જ ગુણાત્મક લક્ષણ સંભવતું નથી જ. એટલે બન્નેમાં જો ગુણવત્તા છે તો બન્ને એક જ છે.

**પ્રશ્ન :** ધર્મપરીક્ષામાં બીજાદિની પ્રાપ્તિ ચરમાવર્તમાં કહી છે. અને તેની પ્રાપ્તિ થયે સંસાર ઉત્કૃષ્ટથી જ પુદ્ગલપરાવર્ત કહ્યો છે. પણ જો ચરમાવર્તકાળની સાથે જ અપુનર્બન્ધક થાય તો 'ઉત્કૃષ્ટથી' ન કહેતાં 'નિશ્ચયથી (નક્કી)' એમ ન કહેત ?

**ઉત્તર :** ભલા આદમી ! ત્યાં તો બીજાદિપ્રાપ્તિની વાત છે, અપુનર્બન્ધકત્વપ્રાપ્તિની વાત ક્યાં છે ? ચરમાવર્તપ્રવેશકાળે જીવ એકેન્દ્રિયાદિમાં હોય તો અપુનર્બન્ધક બનવા છતાં બીજાદિ ન પણ પામે. એટલે એને પછી જ્યારે બીજાદિ પ્રાપ્ત થશે ત્યારથી સંસારકાળ ઓછો પણ હોય. પણ જે જીવ મનુષ્યભવમાં પ્રભુ પૂજા કરી રહ્યો હતો અને એ દરમ્યાન જ ચરમાવર્તમાં એનો પ્રવેશ થયો. તો એની પ્રભુપૂજા વગેરે યોગબીજરૂપ બની શકવાથી ત્યારથી ઉત્કૃષ્ટસંસારકાળ ૧ પુદ્ગલાવર્ત મળે.

શાસ્ત્રોમાં બીજપ્રાપ્તિથી ઉત્કૃષ્ટ સંસારકાળ એક પુદ્ગલપરાવર્ત કહ્યો છે. સમ્યક્ત્વપ્રાપ્તિથી ઉત્કૃષ્ટ સંસારકાળ દેશોનઅર્ધપુદ્ગલ પરાવર્ત કહ્યો છે. પણ આ રીતે અપુનર્બન્ધકત્વપ્રાપ્તિથી ઉત્કૃષ્ટ કાળ કહ્યો હોય એવું ક્યાંય જોવા મલ્યું નથી. એ સૂચવે છે કે એમાં જઘન્ય-મધ્યમ-ઉત્કૃષ્ટ કાળ જેવું કશું છે નહીં, બધાને એક સમાન એક પુદ્ગલપરાવર્ત જેટલો સંસારકાળ બાકી હોય છે.

**પ્રશ્ન :** યોગબિન્દુ (૯૩)માં આવો અધિકાર છે. પ્રદીર્ઘ સંસારનો સદ્ભાવ હોવાથી, માલિન્યનો અતિશય હોવાથી તથા અતત્ત્વનો અભિનિવેશ હોવાથી અન્ય પુદ્ગલપરાવર્તોમાં યોગ હોતો નથી, ચરમાવર્તમાં પણ ઉક્તગુણ રહિત ભવ્યને પણ એ સંભવતો નથી.

આમાં ચરમાવર્તમાં પણ યોગ પ્રાપ્ત ન થવામાં ત્રણ કારણો દર્શાવ્યા છે.

(૧) **પ્રદીર્ઘભવ સદ્ભાવ :** સંસારકાળ ઘણો લાંબો હોવો. અપુનર્બન્ધકને તો સિદ્ધિનો આસન્નભાવ કહ્યો છે. (૨)**માલિન્યાતિશય :** સહજમળની પ્રચુરતા.. અપુનર્બન્ધક તો મળનો હ્રાસ અલ્પમલત્વ થવા પર બનાય છે. અને (૩) **અતત્ત્વનો અભિનિવેશ :** અપુનર્બન્ધકને તો બત્રીશી વગેરેમાં વિનિવૃત્ત આગ્રહવાળો કહ્યો છે. એટલે જણાય છે કે ચરમાવર્તમાં પણ પ્રદીર્ઘભવ સદ્ભાવાદિ ધરાવનાર જીવ અપુનર્બન્ધક હોતો નથી.

**ઉત્તર :** ધન્ય છે તમારી શાસ્ત્રપંક્તિઓનો અર્થ કરવાની પ્રતિભાને ! કારણકે આ કારણો તો અન્ય અચરમ પુદ્ગલપરાવર્તમાં રહેલા જીવોને યોગ ન હોવામાં દર્શાવેલો છે. ને એ જીવોને તો હું પણ ક્યાં અપુનર્બન્ધક કહું છું.. ?

**શંકા :** ચરમાવર્તમાં પણ ઉક્તગુણવિકલને એનો નિષેધ કર્યો જ છે ને !

**સમાધાન :** પ્રદીર્ઘભવસદ્ભાવ વગેરે ગુણો છે કે દોષ ? વાસ્તવિકતા એ છે કે યોગબિન્દુમાં આની પૂર્વેની ૭૨મી ગાથામાં એમ જણાવ્યું છે કે ચરમાવર્તમાં જે શુક્લપાક્ષિક છે, ભિન્ન ગ્રન્થિ છે અને ચરિત્રી છે એને જ અધ્યાત્મયોગ કહ્યો છે. એટલે પ્રસ્તુતમાં જે ઉક્તગુણવિકલ ભવ્ય કહ્યો છે તે આ શુક્લપાક્ષિકત્વ વગેરે ગુણ વિકલ સમજવાનો છે. ચરમાવર્તના પ્રથમ અર્ધભાગમાં આ ગુણો નથી જ હોતા. પણ તેથી અપુનર્બન્ધકત્વનો કાંઈ નિષેધ થઈ શકતો નથી.

**પ્રશ્ન :** યોગદષ્ટિ સમુચ્ચયની ૨૪મી ગાથાની વૃત્તિમાં જણાવ્યું છે કે-*ચરમાવર્તમાં તથાભવ્યાત્વના પાકથી મિથ્યાત્વની કટુતા નિવૃત્ત થવાથી કંઈક માધુર્ય સિદ્ધ થાય છે..* આ કંઈક માધુર્યની સિદ્ધિ એ

અપુનર્બન્ધકત્વને જણાવે છે. કારણકે *'થોડો પણ મલ નિવૃત્ત થવા પર જીવ અપુનર્બન્ધક બની જાય છે'* એમ આ જ બત્રીશીમાં પાંચમી ગાથાની વૃત્તિમાં કહેલ છે. આનો અર્થ સ્પષ્ટ છે કે ચરમાવર્તમાં પણ જ્યારે તથાભવ્યત્વનો પાક થાય ત્યારે જ અપુનર્બન્ધકપણું પ્રાપ્ત થાય છે. આ પાક કોઈકને ચરમાવર્તપ્રવેશે થાય છે... કોઈકને ત્યારબાદ... યાવત્ કોઈકને ચરમભવમાં પણ થઈ શકે છે.

**ઉત્તર :** આ તથાભવ્યત્વનો પરિપાક શાનાથી થાય ? પુરુષાર્થથી થાય એમ તો માની શકાતું નથી, કારણકે અપુનર્બન્ધકત્વ પૂર્વનો પુરુષાર્થ અકિંચિત્કર હોય છે. એટલે કાળપસાર થવાથી આ પાક થાય છે એમ માનવું પડે છે અને આ યોગ્ય પણ છે જ. કારણ કે એ જ અધિકારમાં આવું જણાવ્યું છે કે *'આ પુદ્ગલાવર્તો અનાદિ સંસારમાં તથાભવ્યત્વથી આક્ષિપ્ત કોઈને કેટલા પણ હોય છે !'* આના પર વિચાર કરીએ... અવ્યવહારરાશિમાં તો પ્રત્યેક જીવના અનંતાનંત પુદ્ગલાવર્તો વીતી ગયા હોય છે. વ્યવહારરાશિ પ્રવેશ બાદ કોઈને કેટલાયે હોય. એ કેટલા હોય? એ એના તથાભવ્યત્વને આધીન હોય છે. આપણે પૂર્વે જોઈ ગયા છીએ કે વ્યવહારરાશિ પ્રવેશથી મલહ્રાસ શરુ થાય છે. આ માટે આપણે એક કલ્પના કરીએ... દરેક જીવને અનાદિકાળથી ૧ અબજ પાવરનો સહજમલ હોય છે. વ્યવહારરાશિ પ્રવેશ સુધી એ એવો ને એવો અકબંધ રહે છે. એ પ્રવેશથી મલહ્રાસ શરુ થાય છે. ને જ્યારે એ ૯૯ કરોડ પાવર જેટલો ઘટી જાય અને એક કરોડ પાવર જેટલો બાકી રહે ત્યારે અલ્પમલત્વભૂમિકા કહેવાય... ત્યારે ચરમાવર્ત પ્રવેશ થાય. હવે એક જીવનું તથાભવ્યત્વ એવું છે કે વ્યવહારરાશિમાં એને ૯૯૦૧ પુદ્ગલાવર્ત સંસાર છે. તો ચરમાવર્ત બાદ કરતાં ૯૯૦૦ પુદગલાવર્ત રહેશે. તેથી ૯૯ કરોડ ÷ ૯૯૦૦= ૧ લાખ. તેથી પ્રતિઆવર્ત

લગભગ ૧-૧ લાખ જેટલો મલહ્રાસ એને થશે. કોઈ અન્યજીવનું તથાભવ્યત્વ એવું છે કે એને ૯૯૦૦૧ પુદ્ગલાવર્તો વ્યવહારરાશિમાં છે. તો એ જીવને પ્રતિ આવર્ત ૯૯ કરોડ ÷ ૯૯૦૦૦= ૧૦ હજાર એટલે એને પ્રતિઆવર્ત ૧૦ હજાર પાવરનો મલહ્રાસ થશે.

આમ પ્રતિઆવર્ત કેટલો મલહ્રાસ થવો એ નિશ્ચિત થવામાં તથાભવ્યત્વ જરૂર ભાગ ભજવે છે. પણ એ પ્રમાણે એ મલહ્રાસ શરુ થયા પછી અલ્પમલત્વની ભૂમિકા તો કાળક્રમે આવી જાય છે. એમાં પછી બીજા કોઈ પરિબળની અપેક્ષા હોતી નથી. સહજમળ ૯૯ કરોડ જેટલો ઘટીને ૧ કરોડ જેટલો જ બાકી રહેવો એ જ તથા-ભવ્યત્વનો પાક છે. ને એ, આપણે જોયું એ પ્રમાણે માત્ર કાળસાધ્ય છે. એટલે જ ષોડશકજીમાં લખ્યું છે કે *'તે (=ચરમાવર્ત)કાળથી જ થાય છે.'*

વળી વિંશતિવિંશિકાગ્રંથ (૪ / ૭)માં શ્રીહરિભદ્રસૂરિમહારાજ જણાવે છે કે-*આ સહજમળનો તે રીતે પરિક્ષય થવાથી, તથા કંઈક એ બાકી રહે ત્યારે આ ચરમાવર્ત શરૂ થાય છે.* આ બન્ને અધિકારોનું અનુસંધાન કરવાથી સ્પષ્ટ છે કે ચરમાવર્ત અને અલ્પમલત્વ એ બન્ને કાળસાધ્ય છે. વળી પ્રસ્તુત બત્રીશીગ્રંથના *'થોડો પણ મળ દૂર થવા પર જીવ અપુનર્બન્ધક જ બની જાય.'* આ વિધાનને જોડતાં એ પણ સ્પષ્ટ જ છે કે અપુનર્બન્ધકત્વ આ બેની સાથે જ સંપન્ન થઈ જાય છે.

આમ, નક્કી થયું કે ચરમાવર્ત પ્રવેશે જ તથાભવ્યત્વપાક થવાથી મનાક્ માધુર્ય સિદ્ધ થાય છે. એટલે જ યોગદૃષ્ટિની પ્રસ્તુત ૨૪મી ગાથામા नियमाद् શબ્દ રહ્યો છે. અને એનું વિવેચન કરવા વૃત્તિમાં આવું જણાવ્યું છે કે *'આ શ્રીજિનેશ્વર દેવો પ્રત્યે કુશળચિત્ત વગેરે યોગબીજ નિયમા તથાભવ્યત્વનો પાક થવારૂપ ક્રિયાથી તથા=*

*સંશુદ્ધ હોય છે, કારણ કે અન્યકાળે બીજ સંશુદ્ધ હોવું જેમ અસંગત છે એમ ચરમાવર્તમાં એ અસંશુદ્ધ હોવું અસંગત છે.'* એટલે ચરમાવર્તમાં એ અસંશુદ્ધ હોય શકે જ નહીં.. તેથી તથાભવ્યત્વપાક વગેરે ચરમાવર્તપ્રવેશથી જ માનવા જરૂરી છે.

અહીં મળહ્રાસ અંગે ઉપર જે કલ્પના આપી છે તે વિંશતિવિંશિકા (૪ / ૭)માં *'મળનો ક્ષય થતાં થતાં કંઈક બાકી રહે ત્યારે...'* આવું અને યોગદષ્ટિસમુચ્ચયગ્રંથ (૩૦)માં एतद्भावमले क्षीणे प्रभूते जायते नृणाम् (ભાવમળ **પ્રબળ ક્ષીણ** થયે આ થાય છે.) આવું જે જણાવ્યું છે એને અનુસરીને જાણવી.

પણ પ્રસ્તુત બત્રીશીગ્રન્થમાં (૧૪/૫ની ટીકામાં) मनागपि हि तन्निवृत्तौ तस्यापुनर्बन्धकत्वमेव स्यादिति આવું જે જણાવ્યું છે તેને અનુસરવું હોય તો કલ્પના બદલવી પડશે. કારણકે આને અનુસરીને તો સહજમળનો (નોંધપાત્ર હોય એવો) થોડો પણ હ્રાસ થવા માત્રથી અપુનર્બન્ધકત્વ- ચરમાવર્ત માનવા પડે છે. એટલે કે એક અબજ પાવરના મળમાંથી બહુ જ નાનો ભાગ કાળક્રમે હ્રાસ પામે છે, ને બાકીના બહુ મોટા ભાગનો ચરમાવર્તમાં જ જીવ સ્વપુરુષાર્થથી હ્રાસ કરે છે.

**પ્રશ્ન :** વિશંતિવિંશિકા (૧૯/૪)માં *'અચરમાવર્તોમાં કાળ ભવબાળકાળ કહ્યો છે. ચરમાવર્ત તો ધર્મયૌવન કાળ કહ્યો છે'* અને પછી આગળ *'તેથી બીજપૂર્વનો કાળ ભવબાળકાળ જ જાણવો, અને અન્ય = બીજ પ્રાપ્તિ પછીનો કાળ ધર્મયૌવનકાળ જાણવો'* આમ જણાવ્યું છે.

ઉપદેશપદમાં *'ચરમપુદ્ગલપરાવર્તકાળ, એ તથાભવ્યત્વના પરિપાકથી બીજાધાન- ઉદ્ભેદ-પોષણાદિ પ્રવર્તવામાં કાળ= અવસર*

*રૂપ બને પણ ખરો'* એમ જણાવ્યું છે.

આ બન્ને અધિકારોને વિચારતાં જણાય છે કે ચરમાવર્ત નિયમા કાળ બની જ જાય એવું છે નહીં

**ઉત્તર :** આ વાતો યોગબીજનું ઉપાદાન- ધર્મનું શ્રવણ-આચરણ વગેરે માટે છે. ચરમાવર્ત પ્રવેશ અવસરે જીવ એકેન્દ્રિયાદિમાં હોય તો આ ન પણ થાય. છતાં એ અપુનર્બન્ધક તો બની જ જાય છે, કારણકે અપુનર્બન્ધકત્વ એ કાળક્રમે થતી જીવની આંતરિક યોગ્યતા છે, એમાં એકેન્દ્રિયપણું વગેરે કશું પ્રતિબંધક નથી.

**પ્રશ્ન :** આવી કલ્પના કરવી એના કરતાં જેવું સમ્યક્ત્વ માટે એવું અપુનર્બન્ધક માટે માની લઈએ તો ?

આશય એ છે કે સમ્યક્ત્વપ્રાપ્તિ માટે દેશોન અર્ધપુદ્ગલપરાવર્ત કાળ કહ્યો છે. એનો અર્થ વહેલામાં વહેલું એ કાળે જીવ પામી શકે. પણ પામે જ એવું નથી. એ પછી પણ પામી શકે... યાવત્ ચરમ ભવમાં પણ પામી શકે એમ અપુનર્બન્ધકત્વ વહેલામાં વહેલું ચરમાવર્તપ્રવેશે પામી શકે. પણ 'પામી જ જાય' એવું નહીં.

**ઉત્તર :** અપુનર્બન્ધકત્વની પ્રાપ્તિમાં મુખ્ય ભાગ 'કાળ'નો જ હોય છે, જ્યારે સમ્યકત્વની પ્રાપ્તિમાં એ 'કાળ'નો હોતો નથી, દેશોનઅર્ધ પુદ્ગલપરાવર્તકાળ જે કહેવાય છે એ માત્ર એક વાસ્તવિકતા જણાવવા માટે. નહીંતર તો नवनीतादिकल्पः (યોગબિંદુ-૯૬) વગેરેરૂપે ચરમાવર્તકાળની પ્રશંસા શાસ્ત્રોમાં જેમ જોવા મળે છે, એમ દેશોન અર્ધપુદ્ગલપરાવર્તકાળની પ્રશંસા પણ જોવા મળતી હોત. પણ એ ક્યાંય જોવા મળતી નથી. એમ, યોગદષ્ટિ સમુચ્ચય (૩૨)માં, ચરમાવર્તમાં રહેલા જીવના 'દુઃખી જીવો પર અત્યંત દયા...' વગેરે ગુણો કહ્યા છે. પણ એમ દેશોનઅર્ધપુદ્ગલ પરાવર્તમાં રહેલા જીવના

ગુણો ક્યાંય દર્શાવ્યા નથી. (સમ્યક્ત્વીના દર્શાવ્યા હોય એ અલગ વાત છે.) આ તફાવતને સૂક્ષ્મતાથી વિચારશો તો નિઃશંક સમજાશે કે ચરમાવર્તનો જ એ પ્રભાવ છે કે એ આવવા માત્રથી જીવ અપુનર્બન્ધક બની જાય છે, તથા કેટલાક જીવો સમ્યકત્વ પામવાની સાથે જ સર્વવિરતિ પામી જતા હોવા છતાં અન્ય જીવો એ રીતે નથી પણ પામતા ને તેથી સમ્યક્ત્વીજીવના ગુણ તરીકે ૨૭ ગુણો (અણગારના ગુણો) ક્યારેય કહેવાતા નથી, એમ ચરમાવર્તમાં આવવા છતાં જો કેટલાક જીવો અપુનર્બન્ધકપણું પામતા ન હોય, તો તો ચરમાવર્તવર્તી જીવના ગુણ તરીકે, દુઃખી જીવોપર અત્યંત દયા.. વગેરે કહેત નહીં. પણ યોગદૃષ્ટિસમુચ્ચયગ્રંથમાં એ કહેલા તો છે. એટલે માનવું પડે કે ચરમાવર્તમાં પ્રવેશમાત્રથી બધા જ જીવો ગુણમય બનવાના ચાલુ થઈ જ જાય છે. અને ગુણમયતામાં સૌપ્રથમ અપુનર્બન્ધક છે. માટે ચરમાવર્તપ્રવેશથી દરેક જીવો અપુનર્બન્ધક બની જ જાય છે એ નિઃશંક છે.

**શંકા :** આ બધી વાતો તો બરાબર... છતાં ચરમાવર્તપ્રવેશથી અપુનર્બન્ધક થવાની યોગ્યતા બધા પામી જાય. પણ અપુનર્બન્ધકપણું તો કોઈક ત્યારે પામે, કોઇક કાળાન્તરે પામે યાવત્ કોઇક તો ચરમભવમાં જ પામે. એવું પણ બને... ચરમાવર્તપ્રવેશે જ બધા જ અપુનર્બન્ધક બની જાય એવું માનવા મન કેવી રીતે તૈયાર થાય ?

**સમાધાન :** 'મારે શાસ્ત્રવચનોપરથી વાસ્તવિકતાનો નિર્ણય કરવો છે, મારી બુદ્ધિ પરથી નહીં...' આવો નિર્ણય કરશો તો જરૂર આ માનવા મન તૈયાર થઈ જશે, તે આ રીતે -તમે કહો છો કે 'ચરમાવર્તપ્રવેશથી આ યોગ્યતા આવે છે' તો સહજમલ એવોને એવો અકબંધ રહેવા છતાં આ યોગ્યતા આવી કે એ ઘટવા પર આવી ? જો એવો ને એવો રહેવા છતાં આવતી હોય તો તો

અચરમાવર્તમાં પણ આ યોગ્યતા માનવી પડવાથી શાસ્ત્રકારોએ ચરમાવર્તના અને ચરમાવર્તમાં રહેલા જીવના જે ગુણ ગાયા છે એ અસંગત ઠરી જશે. એટલે 'સહજમળ ઘટવાથી એ આવી' એવો બીજો વિકલ્પ જો કહેશો તો તો યોગ્યતા શું ? અપુનર્બન્ધક પણું જ આવી ગયેલું માનવું પડશે, કારણકે 'સહજમળ થોડો પણ ઓછો થાય એટલે જીવ અપુનર્બન્ધક જ બની જાય' એવું આ જ બત્રીશીમાં તથા અન્યગ્રન્થમાં પણ સ્પષ્ટ રીતે કહેલ જ છે.

એટલે ચરમાવર્તપ્રવેશથી જ જીવ અપુનર્બન્ધક બની જાય છે. અર્થાત્ આખા ચરમાવર્તમાં ક્યારેય ૭૦ કો૦ કો૦ સ્થિતિબંધ હોતો નથી. આ સિદ્ધાન્તનો મત છે. કાર્મગ્રન્થિકમતે આનો અર્થ સમજવા માટે સંક્ષેપમાં સ્થિતિબંધની પ્રક્રિયા સમજીએ. જીવ જ્યારે મોહનીય કર્મની ૭૦ કો.કો. સ્થિતિ બાંધે છે, ત્યારે એવું નથી બનતું કે જેટલું દલિક બંધાય છે તે બધું જ ૭૦ કો૦કો૦ સ્થિતિવાળું હોય. પણ બધ્યમાન દલિકના વિભાગ થઈ જાય છે. આ વિભાગ કાળના આધારે થાય છે. બંધસમયથી કેટલા કાળ બાદ ઉદયમાં આવે એ કાળ અહીં આધાર છે. આમાં બંધસમયે, પછીના સમયે.. એના પછીના સમયે.. ઉદયમાં આવી શકે એવા કોઈ વિભાગ તૈયાર થતા નથી. યાવત્ ૭૦૦૦ વર્ષે ઉદયપામી શકે એવો કોઈ વિભાગ બનતો નથી. બંધાતા (બધ્યમાન) દલિકમાંથી આવા કોઈ વિભાગ તૈયાર ન થવા એ અબાધાકાળ કહેવાય છે. આમાં ૭૦ કો૦ કો૦ સાગરોપમ બંધે ૭૦૦૦ વર્ષની અબાધા, ૪૦ કો૦ કો૦ સાગરોપમ બંધે ૪૦૦૦ વર્ષની અબાધા. ૩૦ કો૦ કો૦ સાગરોપમ બંધે ૩૦૦૦ વર્ષની અબાધા... આ રીતે સર્વત્ર પ્રમાણ જાણવું. એટલે ૭૦ કો૦ કો૦ સાગરોપમબંધે બંધસમયથી લઈને ૭૦૦૦ વર્ષ+૧ સમય, ૭૦૦૦ વર્ષ+૨ સમય ...આ રીતના ઠેઠ ૭૦ કો૦ કો૦ સાગરોપમ સુધીના

નિરંતર બધા જ વિભાગો બંધસમયે જ તૈયાર થઈ જાય છે. એટલે કે ૭૦ કો૦ કો૦ સાગરોપમના સમયોમાંથી ૭૦૦૦વર્ષના સમયોને બાદ કરવાથી જે જવાબ આવે એટલા વિભાગો તૈયાર થાય છે. આ દરેક વિભાગને 'નિષેક' કહેવાય છે, ને આ રીતે વિભાગીકરણ થવું એ નિષેકરચના કહેવાય છે. તે તે સમયે બંધાતા દલિકોમાં રચાતા છેલ્લા નિષેકને ઉદયમાં આવવાનો ૭૦ કો૦ કો૦ સાગરોપમ વગેરે જે કાળ હોય તે તે સમયે થયેલો સ્થિતિબંધ કહેવાય છે. આ સ્થિતિબંધ ઉત્કૃષ્ટથી દર્શનમોહનીયમાં ૭૦ કો૦ કો૦ સા૦ ; ચારિત્રમોહનીયમાં ૪૦ કો૦ કો સા૦; જ્ઞાનાવરણ-દર્શનાવરણ-વેદનીય-અંતરાયમાં ૩૦ કો૦ કો૦ સા૦ અને નામગોત્રમાં ૨૦ કો૦કો૦ સાગરોપમ મળે છે. એકેન્દ્રિયમાં ભવસ્વભાવે કષાયોનું જોર ઘણું ઓછું હોવાથી એ ૧ સાગરોપમ, ૪/૭ સાગરોપમ વગેરે હોય છે. આમ બંધસમયે રચાતા નિષેકોમાંના પ્રથમ નિષેકની સ્થિતિમાંથી ૧ સમય બાદ કરતાં અબાધકાળ અને ચરમનિષેકની સ્થિતિ એ સ્થિતિબંધ કહેવાય છે.

હવે, બંધસમયે જે નિષેકની જે સ્થિતિ નક્કી થઈ હોય તે જ સમયે તે નિષેકનું દલિક ઉદયમાં આવે એવો નિયમ હોતો નથી. કારણ કે એ ઉદયમાં આવવા પૂર્વે ઉદ્વર્તના-અપવર્તના-ઉદીરણા વગેરે અનેક પ્રક્રિયાઓ સંભવિત હોય છે. અભવ્યજીવો, નામ-ગોત્રાદિ કર્મોની સ્થિતિબંધ ૨૦ કો૦ કો૦ સાગરોપમ વગેરે જ હોવા છતાં એમાંના કેટલાક દલિકોને આમાંની ઉદ્વર્તનાની પ્રક્રિયા દ્વારા ૭૦ કો૦ કો૦ સાગરોપમ સુધી પહોંચાડી દે છે. એ જ રીતે એકેન્દ્રિય પણામાં માત્ર એક સાગરોપમ સ્થિતિબંધ હોવા છતાં એ બંધમાંના કેટલાંક દલિકોને ફરી ફરી ઉદ્વર્તના કરીને ૭૦ કો૦ કો૦ સા૦ સુધી પહોંચાડી દે છે, એટલે કે એ દલિક બંધસમયથી ઠેઠ ૭૦ કો૦ કો૦ સાગરોપમ કાળ સુધી આત્મા પર રહ્યું ને છેલ્લે ખરી પડ્યું.

**શંકા :** ૭૦ કો૦ કો૦ સા૦ કાળ પછી પણ ઉદ્વર્તના કરીને એ દલિકને આગળ લઈ જઈ શકે ને !

**સમાધાન :** ના, કોઈપણ દલિક બંધસમયથી લઈને ૭૦ કો૦ કો૦ સાગરોપમથી વધુ કાળ સુધી ક્યારેય રહી શકતું નથી, છેવટે એ કાળે તો એને ઉદયમાં આવી જ જવું પડે છે.

કર્મદલિકને આ રીતે આત્માપર રહેવાના કાળને સ્થિતિકાળ કહીએ તો એ સ્થિતિકાળ આયુષ્ય સિવાયના સાત કર્મોમાં અનાદિકાળથી બધાનો એક સમાન ૭૦ કો૦ કો૦ સાગરોપમ જ હોય છે, ભલે ઉત્કૃષ્ટસ્થિતિબંધ ઓછો પણ હોય.

કાર્મગ્રન્થિકોનું કહેવું એમ છે કે અચરમાવર્તમાં તો બધા જીવોને આ સ્થિતિકાળ ૭૦ કો૦ કો૦ સા૦ હોય છે. પણ ચરમાવર્તપ્રવેશથી હવે આ ઉત્કૃષ્ટ સ્થિતિકાળ મળી શકતો નથી. તીવ્ર કષાયાવિષ્ટ થઈને ૭૦ કો૦ કો૦ સ્થિતિબંધ કર્યો હોય તો પણ એ સમયે બંધાયેલું કોઈ જ દલિક ૭૦ કો૦ કો૦ સાગરોપમકાળ સુધી આત્મા પર ટકી શકતું નથી, એ પહેલાં જ બધું જ નિર્જરી જાય છે. અર્થાત્ 'બંધાયેલાં કર્મદલિકો આત્માપર ૭૦ કો૦ કો૦ સાગરોપમ જેટલા ઉત્કૃષ્ટ કાળ સુધી રહી શકે એવો બંધ હવે પછી જે જીવને ક્યારેય થવાનો નથી તે અપુનર્બન્ધક જીવ' આવી વ્યાખ્યા કાર્મગ્રન્થિકોના મતે ફલિત થઈ શકે છે. એટલે સમ્યક્ત્વભ્રષ્ટ થયા પછી પણ, મિથ્યાત્વે ૭૦ કો૦ કો૦ નો બંધ થવા છતાં, એ બંધાયેલું અંશમાત્ર દલિક પણ એટલો કાળ આત્મા પર તો ટકતું જ નથી.૦ માટે અપુનર્બન્ધકત્વ અસંગત રહેતું નથી.

સપ્રસંગ એક અન્યવાત-અહીં જે સ્થિતિકાળ કહ્યો એ એક કો૦ કો૦ સાગરોપમ કરતાં પણ અમુક ચોક્કસ પ્રમાણમાં ઓછો થઈને અંતઃ કો૦ કો૦ થઈ જાય તો જીવ સમ્યક્ત્વ પામે છે. વળી એમાં

પલ્યોપમ પૃથક્ત્વનો ઘટાડો થાય ત્યારે જીવ દેશવિરતિ પામે છે. એટલે દેવલોકમાં સમ્યક્ત્વની અંતઃ કો૰કો૰સત્તા થયા પછી કાળક્રમે સત્તા ઘટતાં ઘટતાં લાખો પલ્યોપમ કે બે પાંચ સાગરોપમ ઘટવા છતાં આ સ્થિતિકાળ તો ઘટતો ન હોવાથી દેશવિરતિ ગુણઠાણું પામી જવાનો પ્રશ્ન આવતો નથી.

આમ ચૌદમી અપુનર્બન્ધકદ્વાત્રિંશિકાની વિચારણા પૂર્ણ થઈ. હવે આગામી લેખથી પંદરમી સમ્યગ્દૃષ્ટિદ્વાત્રિંશિકાની વિચારણા ચાલું કરીશું.

❖ ❖ ❖

## લેખાંક ૮૭

ગયા લેખમાં ચૌદમી અપુનર્બન્ધક બત્રીશીની વિચારણા પૂર્ણ થઈ. આ લેખથી પંદરમી સમ્યગ્દૃષ્ટિ બત્રીશીની વિચારણા ચાલુ કરીશું, કારણકે ધર્માધિકારીઓમાં અપુનર્બન્ધક પછી સમ્યગ્દષ્ટિજીવ હોય છે.

રાગ-દ્વેષનો અતિતીવ્ર પરિણામ એ ગ્રન્થિ છે. એને ભેદવાથી જીવ સમ્યગદષ્ટિ બને છે. સમ્યગ્દર્શન એ આત્માનો એક પરિણામ છે. સામાન્યથી સમ્યક્ત્વી જીવ ખુદ પણ પોતાના આ પરિણામને પ્રત્યક્ષથી જાણી શકતો નથી. એટલે એ પરિણામવાન્ રૂપે સમ્યક્ત્વી જીવ પણ અપ્રત્યક્ષ છે. એટલે એનો નિશ્ચય અનુમાનથી કરવાનો રહે છે. આ અનુમાન ધર્મશાસ્ત્રની નીતિ મુજબ શુશ્રૂષા, ધર્મરાગ અને યથાશક્તિ ગુરુદેવાદિપૂજન... આ ત્રણ લિંગપરથી=હેતુપરથી થઈ શકે છે.

આમાં શુશ્રૂષા અને ધર્મરાગ... આ બન્ને ઇચ્છા-ભાવના સ્વરૂપ છે. માટે એમાં 'યથાશક્તિ' વિશેષણ મૂક્યું નથી. ગુરુદેવાદિ પૂજન એ ક્રિયારૂપ છે, માટે એ વિશેષણ મૂક્યું છે. કોઈપણ જીવને સ્વઇષ્ટ-અનિષ્ટ શું છે ? એના ઉપાય શું છે ? વગેરે જાણવાની પ્રબળ ઇચ્છા હોય છે. ને એ ઉપાયને અજમાવવાની ઇચ્છા પણ હોય છે. સમ્યગ્દૃષ્ટિજીવને 'સ્વ' તરીકે હવે આત્મા નિઃશંક સ્પષ્ટ રૂપે પ્રતીત થાય છે. એટલે આત્માનું ઇષ્ટ શું? એ શાનાથી થાય ? આત્માનું અનિષ્ટ શું ? એ શાનાથી થાય ? વગેરે જાણવાની પ્રબળ જિજ્ઞાસા થાય એ સહજ છે. એ જિજ્ઞાસાને સંતોષવાનું એકમાત્ર સાધન છે જિનવાણી શ્રવણ. એટલે એને આ શ્રવણની બળવાન ઇચ્છા-શુશ્રૂષા જાગે જ એ સહજ છે. 'સ્વઇષ્ટ ધર્મથી થશે' એ જાણવા પર એને ધર્મનો પ્રબળ રાગ પ્રગટે એ પણ સ્પષ્ટ છે. વળી આ બન્નેના મૂળમાં, દેવ-ગુરુનો અનન્ય ઉપકાર સંવેદાતો હોવાથી એ બન્ને ઉપકારી તત્ત્વની પૂજામાં એ પ્રવૃત્ત થયા વગર રહી શકતો નથી. માટે આ ત્રણ સમ્યગ્દર્શનના જ્ઞાપક લિંગ છે.

**(૧) શુશ્રૂષા :** યુવાન, વિચક્ષણ, પ્રિયાસહિતના તરુણપુરુષને સુંદર ગાનારા કિન્નરાદિના ગીત વગેરે સાંભળવાનો જે શ્રવણરસ હોય એના કરતાં સમ્યગ્દૃષ્ટિજીવને જિનવચન સાંભળવાનો શ્રવણરસ અધિક બળવાન હોય છે, કારણકે કિન્નરના ગીતગાનાદિમાં અને જિનવચનમાં રહેલ તુચ્છત્વ-મહત્ત્વ પ્રયુક્ત અતિભેદનો એને ખ્યાલ હોય છે. આશય એ છે કે એક તો કામી પુરુષ છે, એટલે એને ગીતવગેરેની શ્રવણરુચિ હોય જ. વળી એ રુચિને વધારનારા યૌવન, વિચક્ષણતા અને પ્રિયાનું સાન્નિધ્ય.. આ ત્રણે પરિબળો હાજર છે. એટલે એ રુચિ વધીને ઉત્કર્ષ પામેલી જ હોય (અર્થાપત્તિથી શારીરિક પીડા વગેરે કોઈ પ્રતિબંધક પરિબળ હાજર નથી.) આવા કામી

પુરુષને ગીતવગેરેની જે શ્રવણ રુચિ હોય એના કરતાં પણ સમ્યક્ત્વી જીવને જિનવચન શ્રવણની રુચિ વધારે પ્રબળ હોય છે, કારણ કે એ સમ્યક્ત્વીજીવ ગીતશ્રવણ અને જિનવચનશ્રવણ વચ્ચે રહેલા તફાવતને સુપેરે જાણતો હોય છે. કામીપુરુષને ગીતશ્રવણ માત્ર તત્ક્ષણ સુખ આપનાર છે, પરિણામે દારૂણ છે ને તેથી તુચ્છ છે. જ્યારે જિનવાણીશ્રવણ વર્તમાનમાં પણ આહ્લાદક છે, પરિણામે પણ અત્યંત હિતકર છે, ને તેથી મહાન છે. વળી ગીતશ્રવણ તો અનંતકાળમાં અનંતવાર કરેલ છે જ્યારે જિનવાણી શ્રવણ તો અપૂર્વ છે, માટે પણ એની રુચિ વધારે પ્રબળ હોય છે.

અલબત્ સૂતેલા=સૂવામાટે આડા પડેલા રાજાને કથાશ્રવણની રુચિ હોય છે, કારણકે એમાં ચિત્ત પરોવાય તો રાજ્યચિંતાથી મન મુક્ત થવાથી નિદ્રા આવી શકે. જો કે રાજાને કથા શ્રવણનું મુખ્ય પ્રયોજન નિદ્રા પ્રાપ્તિ જ છે. અને તેથી નથી એ કથાપરથી કોઈ વિશેષ બોધ લેતો કે નથી કથાવસ્તુનું સળંગ અનુસંધાન કરતો. માત્ર રોજે રોજની કથાના વિષયનો છૂટોછવાયો બોધ કરે છે. ને એ પણ કાળાન્તરે યાદ રહે કે નહીં.. કશી મહત્તા નહીં. કેટલાક શ્રોતાઓ જિનવચનોનું પણ આ રીતે જ શ્રવણ કરનારા હોય છે. ટૂચકા-કથા કે વાક્છટાના કારણે સાંભળવામાં થોડો આનંદ આવે છે, માટે સાંભળે. પણ પછી વિશેષબોધ-જીવન પરિવર્તન વગેરેનું કોઈ ન લક્ષ્ય નહીં.. પણ સમ્યગ્દષ્ટિ જીવની શ્રવણરુચિ આવી હોતી નથી. ને તેથી એ પરસ્પર અસમ્બદ્ધ છૂટાછવાયા બોધના કારણે જાતને પંડિત માનવાના નુકશાનથી બચી શકે છે, ને જિનવાણી શ્રવણની મહત્તા, હિતકરતા સમજતો હોવાથી એવી રીતે શ્રવણ કરે છે કે જેથી શાસ્ત્રાર્થનો વાસ્તવિક બોધ થાય.

**પ્રશ્ન :** સમ્યગ્દષ્ટિને જિનવચન શ્રવણની આવી રુચિ શા કારણે જાગે છે ?

**ઉત્તર :** એ જીવને જિનવચનો અને સાંસારિક અર્થો... આ બેમાં રહેલા તફાવત સારી પેઠે જાણમાં હોવાથી આવી રુચિ જાગે છે. એ જાણે છે કે કિન્નરના ગીતગાનાદિ કે કુટુંબની સારસંભાળ વગેરે બાબતો સંસારમાં અનંતકાળમાં અનંતીવાર પૂર્વે પ્રાપ્ત થઈ ચૂકી છે. એટલે 'આ અપૂર્વ છે' એવો ભ્રમ એને હવે રહી શકતો નથી. એમ આ સાંસારિક પ્રયોજનોમાં તુચ્છતા જાણી હોવાથી એના આકર્ષણરૂપ દોષ પણ હવે ટકી શકતો નથી. જ્યારે જિનવચન તો પૂર્વે પ્રાપ્ત થયેલા નથી. એટલે એને સાંભળવાની એને અનવરત ઈચ્છા રહ્યા કરતી હોય છે.

**શંકા :** અનાદિ સંસારમાં જિનવાણી શ્રવણ પણ અનંતવાર થયું હોવાની સંભાવના છે જ. વળી સમ્યક્ત્વ પ્રાપ્તિના ભવમાં પણ, જિનવાણી શ્રવણ દ્વારા તત્ત્વબોધ થવાથી જ તો સમ્યક્ત્વ પ્રગટ્યું હોય છે. પછી અહીં જિનવાણીને પૂર્વે અશ્રુત કેમ કહી છે ?

**સમાધાન :** શાસ્ત્રો તો જ્ઞાનનો અગાધ દરિયો છે. એટલે નવું નવું સાંભળવા મળ્યા જ કરે ને નવો નવો બોધ થયા જ કરે. તથા જેમ અભ્રકને પુટ આપ્યા કરો એમ નવા નવા ઔષધીય ગુણો પ્રગટતા જાય છે, એમ એની એ જ શાસ્ત્રીયવાત પણ ફરી ફરી સાંભળવા પર ચિંતન-મનન કરવાથી નવા નવા અપૂર્વ રહસ્યો મળતા જ રહે છે. તથા જેમ ભોગીજીવને સેંકડોવાર ભોગવિલાસ કર્યા પછી પણ, દરેક વખતે જાણે કે પૂર્વે ભોગ મળ્યા જ ન હોય ને પહેલી જ વાર મળ્યા હોય એવો એ પાગલ થઈ જાય છે. અર્થાત્ દરેક વખતે અપૂર્વ જ લાગતા હોય છે, કારણ કે એનો ગાઢ રસ

પડેલો છે, એમ સમ્યગ્દષ્ટિજીવને જિનવાણી શ્રવણનો ગાઢરસ હોવાથી દરેક શ્રવણમાં અપૂર્વત્વનું અનુસન્ધાન થાય છે.

અત્યાર સુધી પૌદ્ગલિક સુખનો રસિયો હતો, એટલે ધન-કુટુંબાદિ પ્રત્યે ગાઢ લાગણી હતી. પણ હવે એમાં તુચ્છતાના દર્શન થયા છે ને આત્મિક સુખમાં વાસ્તવિકતાના દર્શન થયા છે. તેથી એના ઉપાયભૂત જિનવાણી શ્રવણનો રસિયો બન્યો છે. ગ્લાસ કાચનો હોય, ચાંદીનો હોય કે સોનાનો હોય... અંદર રહેલું જળ એ જ છે. એમ ભોગ-સામગ્રીનો બાહ્ય આકાર ભલે બદલાયા કરે.. પણ એમાં ભોગસુખ એનું એ જ હોય છે, એમાં કશું નવું હોતું નથી. આમ અપૂર્વત્વભ્રમ દૂર થયો છે ને એની તુચ્છતા જણાયેલી હોવાથી ગાઢ આકર્ષણરૂપ દોષ દૂર થયો છે. એટલે હવે એના કારણભૂત ધન-કુટુંબાદિમાં મન એવું દોડતું નથી.

સમ્યગ્દષ્ટિનું બીજું લિંગ-**ધર્મરાગ**-

ભોગીજીવને ભામિની વગેરેની જે અભિલાષા હોય એના કરતાં પણ સમ્યગ્દષ્ટિ જીવને ચારિત્રધર્મની સ્પૃહા અતિબળવાન્ હોય છે. અંતઃકરણની એવી પરિણતિરૂપ ભાવથી થયેલી આ સ્પૃહા ધર્મરાગ કહેવાય છે. જિનવાણી શ્રવણમાં મહત્ત્વ અને કિન્નરાદિના ગીતગાનાદિ શ્રવણમાં તુચ્છત્વને પિછાણવાથી સમ્યક્ત્વીજીવને જેમ જિનવાણી શ્રવણની રુચિ જ પ્રબળ હોય છે. એમ સ્ત્રીભોગ વગેરેમાં તુચ્છત્વનું અને ચારિત્રધર્મમાં મહત્ત્વનું દર્શન થયા કરતું હોવાથી સમ્યક્ત્વીજીવને સ્ત્રીરાગ કરતાં ધર્મરાગ વધારે પ્રબળ હોય છે. તેમ છતાં શરીર દ્વારા થતી પ્રવૃત્તિ તો અન્યથા=ચારિત્રધર્મને પ્રતિકૂળ પણ થઈ શકે છે, કારણકે ચારિત્રમોહનીયકર્મ નિયત પ્રબળ વિપાકવાળું હોય છે.

બધા જ અવિરત સમ્યક્ત્વી જીવોને ચારિત્રમોહનીય કર્મ

નિયત(=નિકાચિત)પ્રબળ વિપાકવાળું જ હોય એવો નિયમ છે નહીં. પણ જેને એ એવું નિકાચિત હોય તે જીવ અતિનિર્મળ સમ્યક્ત્વી હોય તો પણ એ બળવાન કર્મ એની પાસે ચારિત્રથી વિપરીત વેપાર-ભોગપ્રવૃત્તિ વગેરે કરાવે છે. જે સમ્યક્ત્વીજીવોને એ એવું નિકાચિત નથી હોતું એ જીવો જો વૈરાગ્યની ભાવનાથી ભાવિત થાય - સત્ત્વ ફોરવે તો એમનું ચારિત્રમોહનીય મોળું પડી જાય છે ને એ જીવો ચારિત્રધર્મ પામી જાય છે. પણ જ્યાં સુધી એ ભાવિતતાને-સત્ત્વને એ જીવો કેળવતા નથી ત્યાં સુધી એ અનિકાચિત ચારિત્ર-મોહનીય કર્મ પણ જીવ પાસે ચારિત્રવિરોધી પ્રવૃત્તિ કરાવે છે.

**શંકા :** સમ્યક્ત્વીજીવ જો ચારિત્રવિરોધી પ્રવૃત્તિ કરે છે, તો એને પ્રબળ ચારિત્રધર્મરાગ છે એમ શી રીતે કહી શકાય ?

**સમાધાન :** જેમ બ્રાહ્મણને ઘેબર વગેરે મધુર વસ્તુ જ અતિપ્રિય હોવા છતાં જ્યારે એ મળે એમ નથી અને ભૂખ ખૂબ સખત લાગેલી છે ત્યારે એ પૂયિકાદિ=સડેલી-કોહવાયેલી વસ્તુ પણ ખાઈ લે છે. ને તે છતાં એ વખતે પણ અંદર તો ઘેબરની જ ઇચ્છા વર્તતી હોય છે. એ સડેલા ભોજનનો તો ત્રાસ જ હોય છે. આવું જ કેટલાક અવિરત સમ્યક્ત્વી જીવોને હોય છે, વ્યક્તરૂપે પણ ચારિત્રની જ પ્રબળ ઇચ્છા હોવા છતાં પરિસ્થિતિવશાત્ પરાણે ઘરવાસ હોય છે, ને તેથી એ ઘરવાસ એને ભારે ત્રાસરૂપ અનુભવાતો હોય છે. પણ બધા જ સમ્યક્ત્વીને આવું જ હોય છે એવું હોતું નથી. કેટલાય સમ્યક્ત્વીજીવો સત્ત્વ અને પુરુષાર્થ ફોરવે તો ચારિત્રપ્રાપ્તિ શક્ય હોય છે. પણ સ્વજનમમતા, ભોગાસક્તિ વગેરે કારણે ઘરવાસમાં રહેલા હોય છે. ને તેથી ભોગપ્રવૃત્તિકાળે ભોગને પરાણે કરતા હોય છે એવું નથી હોતું, પણ સ્વરુચિથી જ કરતા હોય છે. અને એટલે જ ભોગસુખનો એમને તત્કાળ ત્રાસ નથી હોતો પણ આનંદ હોય છે. આ બધો

અપ્રત્યાખ્યાનાવરણ કક્ષાના ચારિત્રમોહનીય કર્મનો પ્રભાવ હોય છે.

**શંકા :** પણ જો એ વખતે ભોગસુખની રુચિ-ઇચ્છા છે, તો ચારિત્રની ઇચ્છા તો રહી ન જ શકે, કારણકે એક સાથે બે વિરોધી ઇચ્છા સંભવિત નથી.

**સમાધાન :** તમારી વાત સાચી છે. એ વખતે વ્યક્તરૂપે ચારિત્રઇચ્છા હોતી નથી જ. તેમ છતાં સંસ્કારરૂપે તો એ ઇચ્છા વિદ્યમાન હોય છે જ. આ વાતને સૂચવવા જ ગ્રન્થકારે ટીકામાં वासनात्मना न नाशः (ચારિત્રની પ્રબળ ઇચ્છાનો વાસનારૂપે=સંસ્કાર-રૂપે નાશ થતો નથી, એમ જણાવ્યું છે. વળી અહીં वासनात्मना એમ વિશેષ ઉલ્લેખ જે કર્યો છે એ જ સૂચવે છે કે સંસ્કારરૂપે જ એ ચારિત્રઇચ્છા અવિનષ્ટ હોય છે, વ્યક્તરૂપે તો એ વિનષ્ટ જ હોય છે.

**શંકા :** ભોગેચ્છા જો ચારિત્રેચ્છાને દબાવી દે છે, તો ચારિત્રેચ્છાને અહીં પ્રબળ કેમ કહી છે ?

**સમાધાન :** ભોગેચ્છા અપ્રત્યાખ્યાનાવરણકર્મના તેવા ઉદય-વશાત્ થયેલી હોય છે જ્યારે ચારિત્રેચ્છા સ્વરુચિથી થયેલી હોય છે. વળી ભોગસિવાયના અવકાશકાળ દરમ્યાન ચિંતનવેળાએ ચારિત્રની જ પ્રબળ ઉપાદેયતા સંવેદે છે, ભોગની એવી જ પ્રબળ હેયતા સંવેદે છે. ને તેથી ભોગસુખને કદર્થના માને છે, પોતાની લાચારી માને છે, ભોગસુખમાં પ્રવૃત્ત પોતાની જાતને ધિક્કારે છે. આ સૂચવે છે કે આગંતુક ભોગેચ્છા કરતાં (વ્યક્ત કે સંસ્કારરૂપે) સ્થિર ચારિત્રેચ્છા પ્રબળ હોય છે. ભોગકાળે પણ અંદર રહેલો ચારિત્રનો પક્ષપાત-ચારિત્રમાં ઉપાદેયતાની બુદ્ધિ... એ અહીં ચારિત્રેચ્છાનો 'સંસ્કારરૂપે અનાશ' તરીકે લઈ શકાય.

સમ્યક્ત્વીનું ત્રીજું લિંગ-ગુરુ-દેવાદિપૂજા-

આ સમ્યગ્દષ્ટિજીવની ભોગાદિરૂપ અન્ય કાર્યનો પરિહાર કરીને યથાશક્તિ કરાતી ગુરુદેવાદિપૂજા ભાવસાર કહેવાયેલી છે. એટલે કે ચક્રવર્તીના સ્ત્રીરત્ન સાથેની ભોગક્રીડા પ્રત્યે જેટલું આકર્ષણ હોય એના કરતાં પણ અનંતગુણ આકર્ષણ આ પૂજા પ્રત્યે હોય છે. તેથી આ પૂજાને પરમપુરુષોએ ભાવસારા= પ્રધાનભૂત કહેલી છે. સ્ત્રીરત્નની ભોગક્રીડામાં તુચ્છત્વ અને ગુરુ-દેવાદિપૂજામાં મહત્ત્વનું દર્શન હોવાથી પૂજા પ્રત્યે અનંતગુણા આકર્ષણ-બહુમાન હોય છે એ જાણવું.

**શંકા :** અન્યત્ર આજીવિકા અવિરોધેન પૂજાદિ કહ્યા છે. એમ ત્રિવર્ગ અબાધાને ગુણ કહેલ છે. આના પરથી સ્પષ્ટ છે કે આજીવિકા વગેરે કાર્યાન્તરનો પણ વિચાર કરવાનો જ છે. એને સાવ છોડી દઈને પૂજામાં જ મચી પડે એ ઉચિત નથી. પછી અહીં કેમ કાર્યાન્તરનો ત્યાગ કહ્યો છે ?

**સમાધાનઃ** 'આજીવિકા વગેરે કાર્યાન્તરનો વિચાર કરવાનો જ નહીં' એવું અહીં ક્યાં કહ્યું છે ? એ વિચાર કરવાનો જ હોય. અહીં પણ એનું સૂચન निजशक्त्यनतिक्रमात् પદથી કર્યું જ છે. આના અર્થમાં, પોતાની શક્તિને જેમ છૂપાવવાની નથી એમ ઉલ્લંઘવાની પણ નથી. એનો પણ સમાવેશ છે જ. મધ્યાહ્નકાળની પૂજાને સાચવવામાં આજીવિકાની સામે પ્રશ્નાર્થ ઊભો થઈ જતો હોય તો આ પણ એક પ્રકારનું શક્તિનું ઉલ્લંઘન જ છે. એ રીતે ઉલ્લંઘન કરીને પૂજા કરવાની અહીં વાત નથી. આવો કોઈ પ્રશ્નાર્થ ઊભો થતો ન હોય તો વેપારાદિ કાર્યને છોડીને પણ પૂજા જ કરે...

**શંકા :** આજે ઘણાય શ્રીમંત શ્રાવકોને મધ્યાહ્નકાળે પૂજા કરે તો

પણ જીવનનિર્વાહને કશો પ્રશ્ન આવે એમ હોતો નથી. તેમ છતાં તેઓ વેપારને પ્રધાનતા આપી પૂજા આગળ-પાછળ કરતા હોય છે. તો આવા શ્રાવકો સમ્યક્ત્વી ન જ હોય ?

**સમાધાન :** વર્ણન હંમેશાં આદર્શનું હોય. જેમકે સાધુનું વર્ણન કરવાનું હોય તો, સાધુ રોજ એકાસણાં કરે, નિર્દોષ ગોચરી વાપરે, ચારકાળ સ્વાધ્યાય કરે, પાંચ સમિતિ-ત્રણગુપ્તિનું અણીશુદ્ધ પાલન કરે.. વગેરે વગેરે. પણ આનો અર્થ એવો નથી કે જે એકાસણાં વગેરે કશુંક કશુંક ન કરતા હોય એ સાધુ ન જ હોય. આવું જ પ્રસ્તુતમાં જાણવું. *'સમ્યક્ત્વીની સંસારક્રિયા ઘેબરપ્રિય બ્રાહ્મણના પૂયિકાદિ-ભક્ષણ જેવી હોય.' 'કાર્યાન્તરનો ત્યાગ કરીને એ ગુરુદેવાદિ પૂજા જ કરે..'* વગેરે વાતો અત્યંત ઝળહળતા આદર્શભૂત સમ્યક્ત્વીની છે. પણ એનો અર્થ એવો નથી કે આવું ન હોય એ સમ્યક્ત્વી ન જ હોય, અપ્રત્યાખ્યાનાવરણ લોભનું જોર હોય તો પ્રવૃત્તિમાં વેપારને પ્રધાનતા અપાતી જોવા મળે પણ ખરી, તેમ છતાં દિલમાં-માન્યતામાં પૂજાની જ પ્રધાનતા હોય.. ને અવકાશમાં ચિંતનવેળા પોતે વેપારાદિને જે પ્રધાનતા આપે છે એનો રંજ-પસ્તાવો પણ હોય. ધૂમાત્મક લિંગ ન હોવા છતાં લિંગી અગ્નિ જેમ રહી શકે છે એમ અહીં ગુરુ-દેવાદિ પૂજાત્મક લિંગ ન હોવા છતાં લિંગી સમ્યક્ત્વ રહી શકે છે.

**પ્રશ્ન :** આ શુશ્રૂષાદિ લિંગોવાળું સમ્યક્ત્વ જીવને ક્યારે પ્રાપ્ત થાય છે ?

**ઉત્તર :** રાગ-દ્વેષનો ગાઢ પરિણામ એ ગ્રન્થિ છે. આ એક એવો તીવ્ર પરિણામ છે કે જેને ઉલ્લંઘવો અતિ અતિ કઠિન છે. અનાદિકાળમાં જીવો નદી ઘોલપાષાણ ન્યાયે આ ગ્રન્થિને ભેદવાની પૂર્વભૂમિકાએ આવે છે. પણ ઘણું ખરું જીવો ગ્રન્થિને ભેદવાનું પરાક્રમ ફોરવી શકતા નથી અને ગ્રન્થિદેશથી પાછા ફરી જાય છે.

માટે આ પરિણામને 'ગ્રન્થિ' કહેવાય છે.

જીવ મોહનીયકર્મની સ્થિતિસત્તા જયારે એક કોટાકોટિ સાગરોપમ કરતાં પણ પલ્યોપમના અસંખ્યાતમા ભાગ જેટલી ન્યૂન કરે છે ત્યારે યથાપ્રવૃત્ત કરણ પામે છે. અનાદિસંસારમાં આ કરણ યથા = પૂર્વે જે રીતે પ્રવર્તેલ હતું એ રીતે ફરી પ્રવૃત્ત થાય છે. માટે એને યથાપ્રવૃત્તકરણ કહે છે. અભવ્યાદિજીવો પણ આ કરણ પામી શકે છે. આવી અવસ્થામાં તીવ્ર રાગ દ્વેષ પરિણામરૂપ ગ્રન્થિ ઉપસ્થિત થાય છે. આમ ગ્રન્થિ સુધી પ્રથમ કરણ હોય છે.

જેઓ પરાક્રમ ફોરવીને ગ્રન્થીને ઉલ્લંઘવાનો પુરુષાર્થ આદરે છે તેઓને બીજું અપૂર્વકરણ પ્રવર્તે છે. અનાદિ સંસારમાં પૂર્વે ક્યારેય ન પ્રવર્તેલી હોય તેવી સ્થિતિઘાતાદિ પાંચ પ્રક્રિયાઓ અહીં પ્રવર્તતી હોવાથી આને અપૂર્વકરણ કહે છે. ગ્રન્થિ ભેદાતી હોય ત્યારે આ બીજું અપૂર્વકરણ હોવાથી એ પૂર્ણ થવા પર ગ્રન્થિ ભેદાઈ જાય છે. ત્યારબાદ જીવ અવશ્ય અનિવૃત્તિકરણ પામે છે. આ કરણ સમ્યક્ત્વ પમાડ્યા વગર નિવૃત્ત થતું નથી, માટે એને અનિવૃત્તિકરણ કહે છે. એ પૂર્ણ થવાના બીજા જ સમયે જીવ સમ્યક્ત્વ પામી જાય છે. આ ત્રણેમાં 'કરણ' શબ્દનો અર્થ જીવના એવા વિશુદ્ધ અધ્યવસાય છે. આ ત્રણે કરણોની વિશેષ વાત કમ્મપયડી વગેરે ગ્રન્થોમાંથી જોઈ લેવી.

**પ્રશ્ન :** ગ્રન્થિભેદનો પ્રભાવ શું છે ?

**ઉત્તર :** સમ્યક્ત્વથી પડ્યા પછી પણ ભિન્નગ્રન્થિકજીવને ગ્રન્થિને ઉલ્લંઘીને કર્મબંધ થતો નથી. તેથી કદાચ મિથ્યાત્વી બને તો પણ એનો આશય શુભ હોય છે એમ નિશ્ચિત થાય છે. કહેવાનો ભાવ એ છે કે ભિન્નગ્રન્થિજીવ તેવા પ્રકારના સંક્લેશના કારણે સમ્યક્ત્વથી

પરિભ્રષ્ટ થાય ને મિથ્યાત્વી બને તો પણ ગ્રન્થિભેદકાળે જે સ્થિતિ હતી એને ઉલ્લંઘીને= એનાથી અધિક સ્થતિબંધ ક્યારેય થતો નથી. આમ સમાનપ્રવૃત્તિ હોવા છતાં ૭૦ કોડા-કોડી સાગરોપમ વગેરે ઉત્કૃષ્ટ બંધ થવો નહીં, એ આ જીવના અંદરના શોભન પરિણામને જણાવે છે. આને બરાબર સ્પષ્ટ રીતે સમજીએ..

જે અનાદિકાળમાં હજુ સુધી ક્યારેય સમ્યક્ત્વ પામ્યો જ નથી એ અનાદિમિથ્યાત્વી... અને જે ગ્રન્થિભેદદ્વારા સમ્યક્ત્વ પામ્યા પછી પડીને મિથ્યાત્વે આવ્યા હોય તે સાદિમિથ્યાત્વી. જે પાપ પ્રવૃત્તિ કરતી વેળા અનાદિમિથ્યાત્વી જીવ ૭૦ કો૦ કો૦ સાગરોપમ સ્થિતિબંધ કરે છે એ જ પાપપ્રવૃત્તિ કરતી વખતે સાદિમિથ્યાત્વી જીવ અંતઃ કો૦ કો૦ સાગરોપમથી વધુ સ્થતિબંધ કરતો નથી. આનો અર્થ સ્પષ્ટ છે કે ભિન્નગ્રન્થિકજીવને અનાદિ મિથ્યાત્વીજીવ જેવો તીવ્રસંક્લેશ આવી શકતો નથી. એ ન આવી શકવો એ પણ એક શોભન પરિણામ છે.

જો કે કાર્મગ્રન્થિકમતે સાદિમિથ્યાત્વી પણ ૭૦ કો૦ કો૦ સાગરોપમ બંધ કરી શકે છે. એટલે તત્પ્રાયોગ્ય સંક્લેશ પણ એને માનવો જ પડે. તેમ છતાં, પૂર્વે જણાવ્યું એમ બંધાયેલું કોઈ પણ દલિક અનાદિમિથ્યાત્વીને જેમ ઉત્કૃષ્ટથી ૭૦ કો૦ કો૦ સાગરોપમ સુધી આત્મા પર રહી શકે છે. એમ સાદિમિથ્યાત્વીને રહી શકતું નથી. એને તો અંતઃ કોટા કાટિ સાગરોપમ સુધીમાં એ ખરી પડે જ છે. આ પણ જીવની એક પ્રકારની આંતરિક યોગ્યતા-શુભપરિણામ છે. આમ, કર્મોને આત્માપર ૭૦ કોટા કોટિ સાગરોપમ જેટલા દીર્ઘકાળ સુધી ચોંટાડી રાખે એવા રસથી સાદિમિથ્યાત્વી જીવ કર્મબંધ કરતો નથી. એ અભિપ્રાયે અહીં કાર્મગ્રન્થિકમતે તેવા રસનો અભાવ કહ્યો છે. ને આ પણ એક શોભન પરિણામ તો છે જ. એટલે

સાદિમિથ્યાત્વીને અનાદિમિથ્યાત્વી કરતાં પરિણામ સુંદર હોય છે. આ વાતમાં સૈદ્ધાન્તિકમત કે કાર્મગ્રન્થિક મત... આ બેમાં કોઈ વિવાદ નથી.

ત્રણ કરણ-ગ્રન્થિભેદની પ્રક્રિયા જીવમાં એક એવી સુંદરતા પેદા કરે છે કે જેથી જીવ મિથ્યાત્વે જાય તો પણ એનો શુભઆશય તો ઊભો જ રહે છે. આનાથી એ સૂચિત થાય છે કે બૌદ્ધોએ બોધિસત્ત્વનું જે લક્ષણ દર્શાવ્યું છે તે સન્નીતિથી વિચારતાં અહીં પણ=સમ્યક્ત્વીમાં પણ ઘટે છે.

બૌદ્ધોએ બોધિસત્ત્વ માટે આ પ્રમાણે કહ્યું છે કે જો ક્યારેક ઘરસંસાર સંબંધી આરંભાદિની પ્રવૃત્તિ હોય તો એ અતિસકંપ હોવાથી તપેલા લોઢા પર પગ મૂકવા જેવી હોય છે. તપેલા લોઢા પર પગ મૂકવા તો કોણ ચાહે ? પણ એવી પરિસ્થિતિના કારણે મૂકવો જ પડે એમ હોય તો દિલમાં ભારે ગડમથલ હોય. ભારે રંજ હોય. ડંખ હોય. દિલ આમ સકંપ છે એટલે જ ખાલી ટેકો મળે એ પ્રયોજનથી તપેલા લોઢાપર પગ ટેકવે, અને બીજી જ ક્ષણે જીવ એ પગ ઊઠાવીને આગળ નીકળી જાય છે. આવા કથનપરથી જણાય છે કે બોધિસત્ત્વ કાયપાતી જ હોય છે, ચિત્તપાતી નહીં. અર્થાત્ એવી પરિસ્થિતિમાં સાવદ્યપ્રવૃત્તિ કરવી પડે તો પણ એ શરીરથી જ હોય છે, ચિત્તથી નહીં.

સમ્યક્ત્વી જીવ પડ્યા પછી મિથ્યાત્વ અવસ્થામાં પણ સુંદર પરિણામવાળો હોય છે. એ આપણે જોયું. એટલે સમ્યક્ત્વ અવસ્થામાં તો એ અતિસુંદર પરિણામવાળો હોય જ. તેથી બૌદ્ધોએ સ્વદર્શનમાં જેમની ઘણી ઊંચી ગુણિયલ અવસ્થા માની છે એ બોધિસત્ત્વનું તેઓએ દર્શાવેલું ઉપર મુજબનું સ્વરૂપ, જો સ્વદર્શનના પક્ષપાત વિના મધ્યસ્થવૃત્તિથી વિચારવામાં આવે તો શ્રીતીર્થંકરદેવો વગેરે

જેવા જન્મજાત અનાસક્ત-ઝળહળતા વૈરાગ્ય યુક્ત સમ્યક્ત્વીમાં પણ ઘટી જાય છે. કારણ કે આ જીવોને પણ પાપ આચરવામાં, ધગધગતા લોઢા પર પગ મૂકવાથી થતા ત્રાસ જેવો ત્રાસ હોય છે. એટલે જ પાપ કરતી વેળા દિલ અત્યંત કંપતું હોય છે અને જેવી આવશ્યકતા પૂરી થાય એટલે સમ્યક્ત્વીજીવ તરત સાવદ્ય પ્રવૃત્તિ છોડી દે છે. એટલે કે પાપ પ્રવૃત્તિ વેળા પણ ચિત્ત તો પાપત્યાગને જ ઝંખતું હોવાથી એ ચિત્તપાતી હોતો નથી, માત્ર કાયપાતી જ હોય છે. તેથી બૌદ્ધોએ બોધિસત્ત્વનું માત્ર કાયપતિત્વ સ્વરૂપ જે કહ્યું છે તે સમ્યક્ત્વીમાં ઘટી જાય છે. બૌદ્ધોએ બોધિસત્ત્વના બીજા પણ જે સ્વરૂપ વર્ણવ્યા છે તે પણ સમ્યક્ત્વી જીવમાં ઘટી જાય છે એ વાત હવે આગળા લેખમાં જોઈશું.

❖ ❖ ❖

## લેખાંક ૮૮

બૌદ્ધોએ બોધિસત્ત્વનું જે સ્વરૂપ કહ્યું છે કે એ કાયપાતી જ હોય છે, ચિત્તપાતી નહીં.. એ સમ્યક્ત્વીમાં ઘટી જાય છે એ આપણે ગયા લેખમાં અંતભાગે જોયેલું. હવે બૌદ્ધોએ કહેલ બોધિસત્ત્વનું અન્ય પણ જે સ્વરૂપ સમ્યક્ત્વીમાં ઘટે છે તે જોઈએ. પરાર્થરસિક = પરોપકાર કરવામાં તત્પર ચિત્તવાળા, ધીમાન્ = બુદ્ધિશાળી, માર્ગગામી=કલ્યાણની પ્રાપ્તિ કરાવનારા માર્ગે ચાલનારા, મહાશયઃ નિર્મળ-ચિત્તવાળા, ગુણાનુરાગી = ગુણના અનુરાગવાળા... તથા બૌદ્ધોના શાસ્ત્રમાં બોધિસત્ત્વના અન્ય પણ જે ગુણો કહ્યા છે. તે બધા સમ્યગ્દૃષ્ટિજીવમાં પણ સમાન રીતે હોય છે. વળી 'બોધિસત્ત્વ' શબ્દનો શબ્દાર્થ પણ સમ્યક્ત્વીમાં ઘટે છે. તે આ રીતે-બોધિપ્રધાન સત્ત્વ એ બોધિસત્ત્વ-એટલે કે સમ્યગ્દર્શનરૂપ બોધિના કારણે જે પ્રધાન=શ્રેષ્ઠ છે એવો સત્ત્વ=જીવ એ બોધિસત્ત્વ.

અથવા સદ્બોધિ=તીર્થંકરપદને પ્રાયોગ્ય સમ્યક્ત્વ. આને વરબોધિ પણ કહે છે. આવા સદ્બોધિથી યુક્ત જે જીવ તથા - ભવ્યત્વના પ્રભાવે ભવિષ્યમાં તીર્થંકર બનનાર છે એ બોધિસત્ત્વ.

**પ્રશ્ન :** તથાભવ્યત્વ શું છે.?

**ઉત્તર :** પહેલાં ભવ્યત્વને સમજી લઈએ. ભવ્યત્વ એટલે સિદ્ધિગમનયોગ્યત્વ. એટલે કે જીવમાં રહેલી મોક્ષમાં જવાની યોગ્યતા એ ભવ્યત્વ છે. આ યોગ્યતા કોઈ કર્મથી નથી આવતી કે જીવના પુરુષાર્થથી નથી કેળવાતી. પણ અનાદિકાળથી સહજ રીતે રહેલો જીવનો એક પરિણામ છે. માટે એ 'અનાદિ પારિણામિકભાવ' કહેવાય છે.

આ ભવ્યત્વ બધાનું સર્વથા એકસમાન હોય તો બધાનો એક સાથે એકરીતે મોક્ષ થવો જોઈએ. પણ એ થતો નથી, કારણકે શ્રીઋષભદેવભગવાન્ આ અવસર્પિણીના ત્રીજા આરાના અંતભાગમાં મોક્ષે ગયા તો શ્રીવર્ધમાનસ્વામી ચોથા આરાના અંતભાગમાં મોક્ષે ગયા. વળી તેઓ તીર્થંકર બનીને મોક્ષે ગયા. શ્રી ગૌતમસ્વામી વગેરે ગણધર બનીને મોક્ષે ગયા. આવા તો પાર વિનાના ભેદ પડતા હોય છે. આ ભેદ પડવાનું કારણ શું ?

**શંકા :** એની એ જ માટીને કુશળ કુંભાર મળે તો સારો ઘડો બને ને શિખાઉ કુંભાર મળે તો એટલે સારો ઘડો ન બને. આમ સહકારી કારણના ભેદથી કાર્યભેદની સંગતિ પ્રસ્તુતમાં પણ વિચારી શકાય છે ને!

**સમાધાન :** ઘડામાં તો તે તે ઘડાના ઉપભોક્તાનું કર્મ ભાગ ભજવીને કુંભારમાં ભેદ પાડી દે છે. પ્રસ્તુતમાં સહકારી કારણનો ભેદ કરનાર કોણ ? આ વિચારણામાં એ જણાય છે કે અભવ્યને ચરમાવર્ત ક્યારેય આવતો નથી ને એ આવતો નથી માટે બીજ

પ્રાપ્તિ-સમ્યક્ત્વ વગેરે કશું સંભવતું નથી. ભવ્યને ચરમાવર્ત આવે છે ને તેથી બીજપ્રાપ્તિવગેરે બધું પણ સંભવે છે. એટલે નિશ્ચિત થાય છે કે ચરમાવર્તને ખેંચી લાવનાર જો કોઈ હોય તો એ ભવ્યત્વ છે. વળી ચરમાવર્ત તો કોઈનો વહેલો આવે છે ને કોઈનો મોડો.. માટે એને ખેંચી લાવનાર ભવ્યત્વ અલગ-અલગ પ્રકારનું હોવું જોઈએ. આ અલગ પ્રકારનું ભવ્યત્વ એ જ તથાભવ્યત્વ છે. અલબત્ પૂર્વે જણાવ્યું એમ ચરમાવર્ત તો કાળ વીતવાથી આવે છે. પણ એ કેટલો કાળ વીતવાથી આવે ? એને તથાભવ્યત્વ નિશ્ચિત કરે છે.

પાંચ કારણોમાં કાળ એ એક સહકારીકારણ છે. એને જેમ તથાભવ્યત્વ ખેંચી લાવે છે (=નિશ્ચિત કરે છે), એમ અન્ય કારણોને પણ એ જ ખેંચી લાવે છે. આશય એ છે કે તીર્થંકર બનીને મોક્ષે જવા માટે જિનનામ કર્મનામનું પુણ્ય જોઈએ. આ પુણ્યનું ઉપાર્જન કરવા માટે વીશસ્થાનકની અત્યંત પરાકાષ્ઠાની આરાધના, સવિ જીવ કરું શાસનરસીની શ્રેષ્ઠતમ ભાવના વગેરે રૂપ પુરુષાર્થ જોઈએ છે. આ આરાધના-ભાવના વગેરેના પુરુષાર્થ તો અનેક જીવો કરે છે. પણ એ પુરુષાર્થને જે જિનનામકર્મનો બંધ કરાવે એવી ઉચ્ચકક્ષા સુધી લઈ જવાની યોગ્યતા બધા જીવોમાં હોતી નથી, પણ અમુક વિશિષ્ટ જીવોમાં જ હોય છે. આ યોગ્યતા જ પુરુષાર્થને એટલી ઉચ્ચકક્ષા સુધી પહોંચાડે છે. અર્થાત્ આ યોગ્યતા જ એ ઉચ્ચકક્ષાના પુરુષાર્થને ખેંચી લાવે છે ને એ પુરુષાર્થ જિનનામકર્મની ભેટ ધરે છે. અન્ય જીવો કરતાં અલગ તરી આવતી આ યોગ્યતા એ તથાભવ્યત્વ જ છે.

એટલે જે જીવને જ્યારે જેવા સહકારી મળે એ જીવનો ત્યારે તે રીતે મોક્ષ થાય... આમ સહકારી ભેદે કાર્યભેદની સંગતિ કરવા મથીએ તો પણ તથાભવ્યત્વનો ભેદ જ પુરવાર થઈને રહે છે, કારણકે ઉપર કહ્યા મુજબ સહકારી ભેદના મૂળમાં પણ તથાભવ્યત્વનો

ભેદ જ રહેલો છે. આમ ભવ્યત્વરૂપે બધા ભવ્યજીવોનું ભવ્યત્વ એક સરખું હોવા છતાં જીવે જીવે એમાં કંઈક વિલક્ષણતા પણ માનવી પડે છે. આ વિલક્ષણતા પણ અનાદિકાળથી જ હોય છે. પોતપાતાનું આવું વિલક્ષણ ભવ્યત્વ એ જ તે તે જીવનું તથાભવ્યત્વ છે. એ પણ અનાદિ પરિણામિક ભાવ જ છે. એના પ્રભાવે જીવોને જુદા જુદા કાળે જુદી જુદી રીતે ધર્મપ્રશંસાદિરૂપ બીજની સિદ્ધિઆદિ થાય છે. એમાં આદિશબ્દથી ધર્મચિન્તા, શ્રવણ, આચરણ વગેરે સમજવાના છે. આ તેવા પ્રકારના તથાભવ્યત્વનો જ પ્રભાવ હોય છે કે જેથી સામાન્યજીવોનું સમ્યક્ત્વ 'બોધિ' હોવા છતાં શ્રીતીર્થંકર બનનારા આત્માઓનું તે 'સદ્બોધિ' અર્થાત્ 'વરબોધિ' હોય છે.

શ્રી ઋષભદેવ ભગવાન્ ત્રીજા આરાના અંતે અને, શ્રી મહાવીરપ્રભુ ચોથા આરાના અંતે મોક્ષે સિધાવ્યા.. આવું બધું તે તે જીવના કાળનું નિયતપણું.. એ કાળનૈયત્ય.. તીર્થંકર બનાવે એવો પુરુષાર્થ-ગણધર બનાવે એવો પુરુષાર્થ... વગેરે પુરુષાર્થનું નૈયત્ય.. આદિશબ્દથી આવા બધા નૈયત્ય લેવાના છે. એટલે પોતપોતાના તથાભવ્યત્વને અનુસરીને કાળનૈયત્યાદિ પ્રકારે બીજસિદ્ધિથી લઈને મોક્ષપ્રાપ્તિ સુધીના કાર્યો તે તે વિશેષ રીતે તે તે જીવને થાય છે... એવો અર્થ મળશે, વળી સમ્યક્ત્વને તીર્થંકરપણાનું (જિનનામકર્મનું) કારણ મનાયું છે. તેમ છતાં બધા જ સમ્યક્ત્વી જીવો કાંઈ જિનનામકર્મ બાંધતા નથી. એટલે એ બીજા જીવો કરતાં તીર્થંકર બનનારા જીવોનું સમ્યક્ત્વ વિશિષ્ટ પ્રકારની યોગ્યતા ધરાવતું હોય છે એમ પણ માનવું જ પડે છે. તેથી વરબોધિમાં રહેલ યોગ્યતાભેદ (=વિશિષ્ટ પ્રકારની યોગ્યતા) એ પરંપરાએ તીર્થંકરપણાનું કારણ બને છે. એ વાત પણ ખાસ વિચારવી જરૂરી છે. અલબત્ આમાં પણ પૂર્વે જણાવ્યું એમ મૂળમાં તો તેવા પ્રકારનું તથાભવ્યત્વ જ છે એ જાણવું. તેવા પ્રકારના તથાભવ્યત્વથી ખેંચાઈ આવેલા વરબોધિથી યુક્ત

થયેલ જીવ પરિશુદ્ધ શાસ્ત્રબોધ, અતિશયવાળી હોવાના કારણે અત્યંત અસરકારક ધર્મકથા, વિસંવાદ વિનાના નિમિત્તનું કથન.. વગેરેરૂપ તે તે કલ્યાણપ્રવૃત્તિ દ્વારા સત્ત્વાર્થને જ=સત્ત્વના=જીવના અર્થને જ= મોક્ષનું બીજાધાન વગેરેરૂપ પ્રયોજનને જ સારે છે. આના પ્રભાવે સદ્બોધિ સમેત એ જીવ ભવ્યજીવોના શુભપ્રયોજનને કરનાર પ્રકૃષ્ટ કલ્યાણસાધનભૂત તીર્થંકરપણાંને પામે છે. 'માત્ર મારું જ સાધી લઉં' આવું સ્વાર્થીપણું એ જીવમાં સંભવતું નથી. સદ્બોધિવાળા જે જીવને સર્વજીવોના ઉદ્ધારની ભાવના જેટલી પ્રકૃષ્ટ કરુણા નથી, પણ સ્વજનાદિના ઉદ્ધારની ભાવના જેટલી કરુણા અને તદનુસાર કલ્યાણ પ્રવૃત્તિ છે તો એ પ્રવૃત્તિના પ્રભાવે એ જીવ ગણધરપણું પામે છે. તથા જે સંવિગ્નજીવ ભવનિર્વેદના કારણે પોતાના ઉદ્ધારને જ પ્રાધાન્ય આપીને ચિંતન કરે છે, આત્માર્થ સંપ્રવૃત્ત તે જીવ મુંડકેવલી થાય છે.

હિંસક વિધાનો વિનાનો ધર્મ એ તથ્યધર્મ, રાગ-દ્વેષ-મોહાદિથી મુક્ત થયેલા દેવ એ તથ્યદેવ. સર્વપ્રકારના ગ્રન્થથી=પરિગ્રહથી રહિત સાધુ એ તથ્યસાધુ... આવા તથ્ય દેવ-ગુરુ-ધર્મમાં જે નિશ્ચલ અનુરાગ હોવો તે સંવેગ છે. રોગ-ઘડપણ મોત વગેરે રૂપ ભયાનક આગથી વ્યાપ્ત સંસારથી ઊભગી જવું એ વૈરાગ્ય છે. એ નિર્વેદ છે. સંવેગને ભજનારો જીવ ભવનિર્વેદના કારણે આ સંસારથી પાર ક્યારે ઉતરાય ? શી રીતે ઉતરાય ? એવું ચિંતવવાપૂર્વક જે માત્ર સ્વપ્રયોજનમાં જ બદ્ધચિત્ત છે તે મુંડકવેલી=સામાન્યકેવલી થાય છે, એટલે કે દ્રવ્ય-ભાવમુંડન પ્રધાન અને તેવા બાહ્યઅતિશયથી રહિત કેવલી થાય છે, જેમકે પીઠ-મહાપીઠ.

આશય એ છે કે 'દ્રવ્યમુંડન' શબ્દ સાધુના બાહ્ય આચારોના પાલનની નિષ્ઠાને સૂચવવા છે અને 'ભાવમુંડન' શબ્દ સાધુની આંતરિક પરિણતિને સૂચવવા માટે છે. જેના જીવનમાં આ બેની જ પ્રધાનતા છે, બીજાઓનો ઉદ્ધાર કરવાની ચિંતા સાવ નહીંવત્ છે.

આવા જીવો પૂર્વભવમાં પણ લગભગ આવા જ પરિણામવાળા હોય છે. ને તેથી ઉપદેશલબ્ધિવગેરે અતિશયજનક પુણ્યનો બંધ ન હોવાથી ચરમભવમાં એવા બાહ્ય અતિશયથી પણ રહિત હોય છે. તેથી તેઓ દ્વારા સ્વોપકાર થાય છે, પરોપકાર લગભગ થતો નથી. એમને મુંડકેવલી કહે છે.

આમ બોધિ સ્વોપકારજનક=સંસારમાંથી પોતાનો ઉદ્ધાર કરનાર પ્રવૃત્તિ તો કરાવે જ છે. પણ સાથે સર્વજીવોદ્ધારની ચિન્તા પ્રધાનરૂપે ભળે તો તીર્થંકર બનાવે છે. સ્વજન-દેશ વગેરેના ઉદ્ધારની ચિન્તા ભળે તો ગણધર બનાવે છે. પરોપકારની આવી કોઈ જ ઇચ્છા ન ભળે તો મુંડકેવલી બનાવે છે. આ કેવી ચિન્તા ભળવી- ન ભળવી એના પણ મૂળમાં તો તથાભવ્યત્વ જ છે એ જાણવું.

બૌદ્ધદર્શનમાં ગુણિયલ મનાયેલા જીવો બોધિસત્ત્વ છે. એનું લક્ષણ સમ્યક્ત્વીમાં ઘટી જાય છે એ આપણે પૂર્વે જોયું. હવે આસ્તિકદર્શનોમાં વેદને પ્રમાણ માનનારા દર્શનો જેમને ગુણિયલ માને છે તે શિષ્ટપુરુષનું લક્ષણ પણ સમ્યક્ત્વીમાં ઘટી જાય છે એ વાત ગ્રન્થકાર દર્શાવી રહ્યા છે.

અલબત્ આ અન્ય દર્શનકારોએ, 'વેદપ્રામાણ્યમન્તૃત્વ એ શિષ્ટત્વ' અર્થાત્ 'જે વેદને પ્રમાણ માને તે શિષ્ટ' આવું જે લક્ષણ દર્શાવ્યું છે તે તો અસંગત છે. એ કેમ અસંગત છે ? એની ખૂબ વિસ્તૃત ચર્ચા ગ્રન્થકારે આ બત્રીશીમાં કરી છે. પણ પ્રસ્તુત લેખમાળામાં એ ચર્ચા લીધી નથી એ જાણવું. તેમ છતાં એની મુખ્યવાત નીચે મુજબ છે-

'વેદવચનોને પ્રમાણ માને તે શિષ્ટ' આવી વ્યાખ્યામાં બે વિકલ્પો મળે- બધા વેદવચનોને પ્રમાણ માને કે અમુક વેદવચનોને પ્રમાણ માને તો પણ ચાલે ? 'અમુકને માને તો પણ ચાલે' એમ

જો કહેશો તો તમને જેઓ 'શિષ્ટ' તરીકે માન્ય નથી એવા બૌદ્ધો-જૈનો વગેરેને પણ તમારે શિષ્ટ માનવા પડશે, કારણકે 'કોઈ જીવની હિંસા કરવી નહીં' વગેરે વેદવચનોને તેઓ પણ પ્રમાણ તરીકે સ્વીકારે જ છે. હવે જો એમ કહેશો કે 'બધા જ વેદવચનોને પ્રમાણ માને તે શિષ્ટ'... તો તમને શિષ્ટ તરીકે માન્ય એવા પણ જે બ્રાહ્મણો સંપૂર્ણ વેદવચનોને હજુ જાણતા જ નથી એમને શિષ્ટ માની નહીં શકાય, કારણકે જે વેદવચનોને તેઓ જાણતા નથી, એને પ્રમાણ તરીકે પણ શી રીતે માનશે ?

**પૂર્વપક્ષ :** 'જિનવચનોને પ્રમાણ માને તે શિષ્ટ' આવું તમે કહેશો તો તમને પણ આ પ્રશ્ન આવશે જ ને ?

**ઉત્તરપક્ષ :** અમે શિષ્ટની આવી વ્યાખ્યા આપતા જ નથી, કારણ કે શિષ્ટપણું અવિરત સમ્યક્ત્વી, દેશવિરત, સર્વવિરત વગેરેમાં તરતમભાવે રહેલું હોય છે જે આવી વ્યાખ્યા કરવામાં સંભવતું નથી.

**પૂર્વપક્ષ :** તેમ છતાં, સમ્યક્ત્વની જીવ જિનવચનોને પ્રમાણ તરીકે સદ્દહે છે (શ્રદ્ધા કરે છે) આવું તો તમે પણ કહો જ છો, તો તમારે પણ આવા બે વિકલ્પો થશે.. જો અમુક જિનવચનોની વાત હશે તો અમને પણ સમ્યક્ત્વી કહેવા પડશે, કારણ કે 'કોઈ જીવની હિંસા કરવી નહીં' વગેરે જિનવચનોને અમે પણ સાચા માનીએ જ છીએ. અને બધા જ જિનવચનોની વાત હશે તો સંપૂર્ણ દ્વાદશાંગીના જ્ઞાતા સિવાય કોઈને સમ્યક્ત્વી કહી નહીં શકાય..

**ઉત્તરપક્ષ :** સમ્યક્ત્વી જીવે તો નિયમ (=વ્યાપ્તિ) બાંધ્યો હોય છે કે 'જિનવચન હોય તે પ્રમાણ હોય છે.' એટલે જે જિનવચનને તે જાણતો ન હોય તેને પણ આ નિયમથી પ્રમાણ માનતો જ હોય છે.

**પૂર્વપક્ષ :** તો અમે પણ 'જે વેદવચન હોય તે પ્રમાણ હોય' આવો નિયમ બાંધી દઈશું.

**ઉત્તરપક્ષ :** તમે આ નિયમ બાંધશો શી રીતે ?

**પૂર્વપક્ષ :** તમે શી રીતે બાંધો છો ?

**ઉત્તરપક્ષ :** અમારી બુદ્ધિના વિષય બને એવા ઢગલાબંધ જિનવચનોને પ્રમાણ તરીકે પિછાણ્યા છે. એટલે પછી ખીચડીના ચાર દાણા સીઝી ગયા છે, તો બધા જ સીઝી ગયેલા હોય' એ ન્યાયે આ નિયમ બાંધી દઈશું. પણ તમે આ રીતે બાંધી શકતા નથી, કારણ કે આપણી બુદ્ધિનો વિષય બનતા એવા પણ કેટલાય વેદવચનોમાં અસંગતતા હોય છે, જેમ કે 'કોઈ જીવની હિંસા કરવી નહીં' એવું કહ્યા પછી યજ્ઞ વગેરેમાં પશુવધ કરવાનું જણાવતા વેદવચનો. એટલે 'વેદને પ્રમાણ માને તે શિષ્ટ' આવી વ્યાખ્યા યોગ્ય નથી. પણ 'જેઓ ક્ષીણદોષવાળા છે તે શિષ્ટ..' અર્થાત્ 'જેમને આંશિક પણ દોષક્ષય કરેલો છે તે શિષ્ટ' આવી વ્યાખ્યા યોગ્ય છે. જો કે સર્વથા દોષક્ષય કેવલિભગવાન્માં કે સિદ્ધમાં જ હોવાથી સર્વથાશિષ્ટત્વ પણ તેઓમાં જ હોય છે. તેમ છતાં આંશિક દોષક્ષય સમ્યક્ત્વીમાં પણ હોવાથી સમ્યક્ત્વીથી શિષ્ટત્વનો પ્રારંભ થાય છે.

અલબત્ દોષક્ષય અતીન્દ્રિય છે. તેમ છતાં અતિઉચિતપ્રવૃત્તિ, સંવેગ વગેરે પરથી શિષ્ટત્વનો નિશ્ચય થઈ શકે છે. આમાં પ્રબળ રાગાદિદોષોનો ઉપક્ષય એ જ આંશિક દોષક્ષય રૂપ છે એ જાણવું. દોષક્ષય વિવિધતાવાળો હોવાથી આંશિકદોષક્ષય પણ માત્રા અને પ્રકારની અપેક્ષાએ વિવિધતા પામેલું હોય છે.

અહીં આવો આશય જાણવો. महाजनो येन गतः स पन्थाः... મહાજન (એટલે જ શિષ્ટ) જે માર્ગે જાય (એટલે કે જેનું આચરણ કરે) એ સામાન્યલોક માટે માર્ગ બની જાય છે. અર્થાત્ સામાન્ય લોક શિષ્ટપુરુષોને અનુસરનારો હોય છે. એટલે કે શિષ્ટ એ છે જેનું આચરણ અનુકરણીય હોય. અને અનુકરણીય તો એ જ આચરણ

બને જે ઉચિત હોય. અનુચિત આચરણ ક્યારેય અનુકરણીય બની શકે નહીં. એટલે ખરો શિષ્ટ એ છે જે અનુચિત આચરણને ટાળનારો હોય. હવે, જીવ પાસે અનુચિત આચરણ કોણ કરાવે છે ? તો કે રાગાદિરૂપ દોષ કે વિષમકર્મોદયરૂપ દોષ. એટલે જે પુરુષ આ દોષોનો ક્ષય કરે છે એ અનુચિત આચરણને ટાળી શકતો હોવાથી 'શિષ્ટ' છે. એટલે 'ક્ષીણદોષવાળો પુરુષ એ શિષ્ટ' એવું અહીં શિષ્ટનું લક્ષણ આપ્યું છે. આ દોષ તરીકે રાગાદિ લઈએ તો ક્ષીણદોષ પુરુષ તરીકે કેવલીભગવંતો મળે અને જો કર્મો લઈએ તો માત્ર સિદ્ધભગવંતો જ મળે, કારણ કે સર્વથા દોષક્ષય તેઓમાં જ છે.

અલબત્ રાગાદિ કાંઈ દ્રવ્યાત્મક નથી કે જેથી એના અવયવાત્મક અંશ સંભવે. તેમ છતાં આ દોષોમાં પ્રબળતમતા, પ્રબળતરતા, પ્રબળતા, મંદતા, મંદતરતા, મંદતમતા વગેરેરૂપે અંશો સંભવે છે. દોષ જેમ જેમ પ્રબળ હોય છે તેમ તેમ આચરણમાં અનૌચિત્ય પ્રચુર હોય છે અને જેમ જેમ દોષની પ્રબળતા ઘટતી જાય છે. અર્થાત્ દોષોનો આંશિક ક્ષય થતો જાય છે તેમ તેમ આચરણમાંથી અનૌચિત્ય ટળતું જાય છે. અર્થાત્ અનુચિત પ્રવૃત્તિઓ છે જ નહીં, એવું નથી, પણ અત્યંત અનુચિત પ્રવૃત્તિઓ હવે હોતી નથી. તેથી એટલે અંશે હવે શિષ્ટત્વ પ્રગટ થયું હોય છે. અવિરત સમ્યક્ત્વી જીવને અનંતાનુબંધીકક્ષાના પ્રબળ રાગ-દ્વેષ હોતા નથી. એટલે તજ્જન્ય અનૌચિત્ય ટાળવાથી આવતું ઔચિત્ય એની પ્રવૃત્તિમાં અવશ્ય હોય છે. માટે એ કક્ષાના ઔચિત્યને જાળવવાના ઇચ્છુક જીવો માટે તેઓ અનુકરણીય પ્રવૃત્તિવાળા હોવાથી 'શિષ્ટ' છે. તેથી સમ્યક્ત્વીથી 'શિષ્ટત્વ'નો પ્રારંભ કહ્યો છે.

**શંકા :** જીવને વળગેલો પ્રબળતમ કોઈ દોષ હોય તો એ અનાદિકાળથી વળગેલો સહજમળ છે. ચરમાવર્તપ્રવેશે એનો નોંધપાત્ર હ્રાસ થાય છે ને તેથી જીવ અપુનર્બન્ધક બને છે. વળી *'ઉચિત*

*સ્થિતિ જેહ સેવે સદા..'* વગેરે વચનો અપુનર્બન્ધકજીવની પ્રવૃત્તિ પણ ઉચિત હોવી જણાવે છે. તેથી એ પણ સ્વપ્રાયોગ્ય અનુકરણીય પ્રવૃત્તિવાળો હોય જ છે. એટલે આંશિક દોષક્ષયને નજરમાં રાખીને પણ શિષ્ટત્વ જો કહેવાનું હોય તો શિષ્ટત્વનો પ્રારંભ સમ્યક્ત્વીથી ન કહેતાં અપુનર્બન્ધકથી કહેવો જોઈએ.

**સમાધાન :** તમારી વાત સાચી છે. પણ એની પ્રવૃત્તિનું અનુકરણ કોણ કરે ? સામાન્યથી નીચલી ભૂમિકાવાળા જીવો અનુકરણ કરનારા હોય છે. અપુનર્બન્ધકથી નીચલી ભૂમિકા એટલે ભવાભિનંદીપણું. અને ભવાભિનંદીજીવના તો ક્ષુદ્રતાદિદોષો જ એવા હોય છે કે એને સત્પ્રવૃત્તિની શક્યતા જ હોતી નથી. આમ કોઈ અનુકર્તા ન હોવાથી અપુનર્બન્ધકની પ્રવૃત્તિ અનુકરણીય બનતી ન હોવાના કારણે એને 'શિષ્ટ' મનાતો નથી. આ વાતનું સૂચન કરવા જ ગ્રન્થકારે વૃત્તિમાં પ્રબળદોષઉપક્ષયના લિંગ તરીકે માત્ર ઉચિતપ્રવૃત્તિ ન કહેતાં અતિ ઉચિતપ્રવૃત્તિ કહી છે. અર્થાત્ ઉચિતપ્રવૃત્તિથી જેનું અનુમાન થાય એવો ઉપક્ષય અહીં આંશિક દોષક્ષય તરીકે માન્ય નથી પણ અતિઉચિતપ્રવૃત્તિથી અનુમાન થતો તે માન્ય છે, ને એ જ જીવમાં શિષ્ટત્વરૂપ બને છે. અપુનર્બન્ધકની પ્રવૃત્તિ ઉચિત હોય છે. એની અપેક્ષાએ સમ્યક્ત્વીની, દોષક્ષય વધુ થયો હોવાના કારણે અતિઉચિત હોય છે. તેથી અપુનર્બન્ધક શિષ્ટ કહેવાતો નથી, સમ્યક્ત્વી કહેવાય છે.

દેશવિરતને અપ્રત્યાખ્યાન કક્ષાના રાગ-દ્વેષ પણ હોતા નથી. તેથી એની પ્રવૃત્તિમાં સમ્યક્ત્વીજીવ કરતાં પણ અનૌચિત્યવર્જન-ઔચિત્યસેવન વધુ હોય છે. માટે દેશવિરતિમાં શિષ્ટત્વની માત્રા વધારે હોય છે. સર્વવિરતિને પ્રત્યાખ્યાનવરણ કક્ષાના રાગ-દ્વેષ પણ હોતા નથી. માટે અનૌચિત્યવર્જન-ઔચિત્યસેવન-શિષ્ટત્વની માત્રા ઓર વધારે હોય છે. આમ વધતાં વધતાં શિષ્ટત્વ કેવળી ભગવંતમાં

ઉત્કૃષ્ટતાએ પહોંચે છે.. અર્થાત્ વિશ્રાંત થાય છે. કારણ કે એમને રાગ-દ્વેષ સર્વથા ક્ષીણ હોવાથી અનૌચિત્યની ગંધ સુધ્ધાં હોતી નથી.

કર્મરૂપદોષમાં અપચય=હાનિ આત્માપર અનુગ્રહ કરે છે અને ચય=સંચય=વદ્ધિ આત્માપર ઉપઘાત કરે છે. એટલે આત્માપરના અનુગ્રહ-ઉપઘાત અપચય- ચયને જણાવે છે. વળી આ અપચય-ચય સાવયવતા હોય તો જ સંભવે છે. તેથી એના દ્વારા કર્મરૂપ દોષ સાવયવ હોવો નિશ્ચિત થાય છે. આ વાતનો અન્યત્ર=અદષ્ટ સિદ્ધિવાદ, સ્યાદ્વાદ કલ્પલતા વગેરેમાં વિસ્તાર કરેલો છે.

**શંકા :** તમે પૂર્વે કહ્યું કે સમ્યકત્વીજીવોએ એવો નિયમ બાંધ્યો હોય છે કે જે 'જિનવચન હોય તે પ્રમાણ હોય' અર્થાત્ ભગવાને કહેલી વાતો, 'ભગવાને કહી છે ને ! માટે પ્રમાણ...' એમાં યુક્તિ તપાસવાની જરૂર નહીં, આવું સિદ્ધ થાય છે. શું આ બરાબર છે?

**સમાધાન :** શ્રી સિદ્ધસેન દિવાકરસૂરિ મહારાજે સમ્મતિતર્કમાં એવું જણાવ્યું છે કે ભગવાને કહેલી જે વાતો યુક્તિથી સમજાવી શકાય એવી હોય એ યુક્તિથી સમજાવવી, અને એ સિવાયની વાતોને આગમથી (=આજ્ઞાથી) (અર્થાત્ ભગવાને આ પ્રમાણે કહ્યું છે, માટે એ પ્રમાણે સ્વીકારી લેવાનું, એમાં શંકા નહીં કરવાની.. આ રીતે) સમજાવવી.. તો સિદ્ધાન્તની આરાધના થાય છે, આનાથી વિપરીત કરવામાં સિદ્ધાન્તની વિરાધના થાય છે.

શ્રી હરિભદ્રસૂરિ મહારાજે લોકતત્ત્વનિર્ણય ગ્રન્થમાં આ પ્રમાણે જણાવેલું છે કે *'મને શ્રીવીરપ્રભુપર કોઈ પક્ષપાત નથી કે કપિલ વગેરે પર કોઈ દ્વેષ નથી. પણ જેમનું વચન યુક્તિસંગત ભાસ્યું એનો અમે સ્વીકાર કર્યો છે.'*

પ્રસ્તુત બત્રીશીમાં ઉપાધ્યાયજી મહારાજે જણાવ્યું છે કે બધું જ જિનવચન યુક્તિપ્રતિષ્ઠિત છે. એટલે જ યુક્તિસંગત ન હોય

એવી તો કોઈ વાત આગમમાં હોવી સંભવતી નથી જ. વળી આ વિધાનો દર્શાવે છે કે યુક્તિ તપાસવી તો જોઈએ જ. પણ આપણી બુદ્ધિની- આપણા ક્ષયોપશમની મર્યાદા છે. એ મર્યાદાની બહારની પણ ઢગલાબંધ વાતો જૈનશાસ્ત્રમાં મળે છે. આપણે ગમે એટલું મથીએ તો પણ એમાં રહેલી યુક્તિ આપણને લાધવાની નથી જ. એટલે એ વાતો આજ્ઞાગ્રાહ્ય સમજીને સ્વીકારી લેવી, ભલે મૂળમાં એ પણ યુક્તિસંગત છે, તો પણ. એ માટે આપણી બુદ્ધિનો વિષય બને એવી વાતોને યુક્તિથી ચકાસી.. પછી ખીચડીના ચાર દાણાનો નિયમ લગાડી દેવો.

આમ જિનોક્ત વાતો બધી જ યુક્તિસંગત હોવા છતાં આપણી અપેક્ષાએ એના બે વિભાગ થઈ જાય છે, આજ્ઞાગ્રાહ્ય અને બુદ્ધિગ્રાહ્ય (યુક્તિગ્રાહ્ય-હેતુગ્રાહ્ય). જેમ જેમ આપણો ક્ષયોપશમ-શાસ્ત્રીય બોધ વધતો જાય છે એમ એમ આજ્ઞાગ્રાહ્ય વાતો બુદ્ધિગ્રાહ્ય બનતી જાય છે. માટે એમાં કોઈ નિશ્ચિત ભેદરેખા માનવી નહીં.

સમ્યક્ત્વીજીવો આ બે વિભાગપૂર્વક બધા જ જિનવચનોને પ્રમાણ-સત્ય માનતા હોય છે. પણ 'આ માન્યતા એ શિષ્ટત્વ છે' એમ ન સમજવું, કારણકે આ માન્યતા તો સમ્યક્ત્વી-દેશવિરત વગેરે બધાને એકસમાન હોય છે. જ્યારે શિષ્ટત્વ તો તરતમતાએ હોય છે. એટલે 'ક્ષીણદોષત્વ એ શિષ્ટત્વ...' આવું જ શિષ્ટલક્ષણ નિર્દોષ છે.

આમ સમ્યગ્દષ્ટિદ્વાત્રિંશિકાની આવશ્યક વિચારણા પૂર્ણ થઈ. હવે આગામી લેખથી સોળમી ઈશાનુગ્રહ વિચાર દ્વાત્રિંશિકાની વિચારણા ચાલુ કરીશું.

❖ ❖ ❖

# લેખાંક ૮૯

પંદરમી બત્રીશીમાં સમ્યક્ત્વીનું નિરૂપણ કર્યું. ઈશાનુગ્રહ સમ્યક્ત્વનો નિર્વાહક છે. માટે આ બત્રીશીમાં ઈશાનુગ્રહનો વિચાર કરવાનો છે. આમાં ઈશાનુગ્રહ એટલે ઈશ્વરનો અનુગ્રહ.. પ્રભુની કૃપા.. પરમાત્માનો પ્રસાદ. આ ઈશાનુગ્રહ કિંસ્વરૂપ છે ? એનો આ બત્રીશીમાં નિર્ણય કરવાનો છે.

પાતંજલ વિદ્વાનો એમ કહે છે કે મહેશના અનુગ્રહથી યોગની સિદ્ધિ થાય છે. આમાં *યોગ એટલે ચિત્તવૃત્તિઓનો નિરોધ* એવું પતંજલિ ઋષિએ કહેલ છે. *'મોક્ષનો મુખ્ય હેતુભૂત વ્યાપાર એ યોગ'* એમ ગ્રન્થકારે કહેલું છે. આ વાત આપણે પૂર્વે જોઈ ગયા છીએ. આવો યોગ પૂર્વે પ્રાપ્ત નહોતો અને હવે પ્રાપ્ત થયો. એ યોગનો **યોગ** છે, ને પ્રાપ્ત યોગને જાળવી રાખવો-રક્ષા થવી એ **ક્ષેમ** છે. યોગના આવા યોગ-ક્ષેમ થવા એ યોગની સિદ્ધિ છે. આ સિદ્ધિ મહેશના અનુગ્રહથી થાય છે એમ પાતંજલ વિદ્વાનો કહે છે. જે આત્માને ક્લેશ, કર્માશય અને વિપાકાશયનો ત્રણે કાળમાં ક્યારેય સ્પર્શ થયો નથી-અર્થાત્ જે અનાદિશુદ્ધ છે તેવો એક આત્માવિશેષ=ચોક્કસ આત્મા એ મહેશ છે.

આમાં, અવિદ્યા, અસ્મિતા, રાગ, દ્વેષ અને અભિનિવેશ... આ પાંચ ક્લેશ છે. એની વાતો પચ્ચીશમી બત્રીશીમાં આવશે. એટલે હવે કર્માશયને વિચારીએ. અહીં કર્મ એટલે આત્માપર ચોંટતા કર્મો એવો અર્થ નથી. પણ જીવ જે શુભ-અશુભ કૃત્ય કરે છે તે કર્મ એવો અર્થ છે. આ કૃત્યોથી આત્મા પર પડતા સંસ્કાર એ આશય છે. આ કર્માશય ક્લેશમૂલક હોય છે. એ (=સંસ્કાર=વાસના) બે પ્રકારે હોય છે. એક એવા સંસ્કાર જે માત્ર કાળાન્તરે સ્મૃતિ કરાવવા

રૂપ ફળ આપે છે. એની વાત આગળ કહીશું. બીજા સંસ્કાર પુણ્ય-પાપરૂપ છે જે ઉદયમાં આવે ત્યારે મનુષ્યાદિ જાતિ, આયુષ્ય અને ભોગરૂપ ફળ આપે છે. પુણ્ય-પાપરૂપ સંસ્કારાત્મક આ કર્માશય પણ બે પ્રકારે છે- જેનું આ જ ભવમાં ફળ મળે એ દૃષ્ટજન્મવેદનીય.. અને જેનું પરલોકમાં ફળ મળે એ અદૃષ્ટજન્મવેદનીય. આમાં દૃષ્ટજન્મવેદનીયના ઉદાહરણ તરીકે પાતંજલ વિદ્વાનો નન્દીશ્વરનું દૃષ્ટાન્ત આપે છે.

નન્દીશ્વરે મહેશ્વરની વિશિષ્ટ પ્રકારે ભક્તિ કરી.. એટલે દેવાદિજાતિમાં પ્રતિબંધક જે અડચણો હતી તે દૂર થવાથી અહીં જ એની પૂર્વજાતિ દેવજાતિરૂપે થઈ ગઈ. મહેશ્વરના અનુગ્રહથી થયેલી આ સિદ્ધિ છે. આવી સિદ્ધિઓ ઔષધ મંત્રજાપ-તપ વગેરેથી પણ થઈ શકે છે એમ પાતંજલ વિદ્વાનો કહે છે.

અહીં પુણ્ય-પાપના ફળ તરીકે જે ભોગ કહેલ છે તેનાથી વિષયો (ભોગવિલાસની સામગ્રી), ઈન્દ્રિય અને ભોગપ્રવૃત્તિ કરવાથી થતો સુખાનુભવ.. આ ત્રણે લેવાના છે. ચિત્ત બે પ્રકારનું હોય છે. ક્લેશ, કર્માશય અને વિપાકાશયથી જે યુક્ત હોય છે તે આશયચિત્ત.. અને એનાથી રહિત હોય તે અનાશયચિત્ત. યોગીઓને ધ્યાનાત્મક સમાધિના પ્રભાવે ક્લેશ ક્ષીણ થઈ ગયા હોય છે. ક્લેશ હોતા નથી એટલે તન્મૂલક કર્માશય હોતા નથી અને કર્માશય નથી એટલે તન્મૂલક વિપાકાશય પણ સંભવતા નથી. માટે યોગીઓનું ચિત્ત અનાશય હોય છે. જે જીવો યોગી નથી એવા યોગી (ભિન્ન-અયોગી જીવોને ક્લેશ અક્ષત હોવાથી તન્મૂલક કર્માશય અને કર્માશયમૂલક વિપાકાશય વિદ્યમાન હોય છે. તેથી તેઓનું ચિત્ત સાશય હોય છે.

યોગીઓને ક્લેશ, કર્માશય, વિપાકાશય ન હોવાથી એમની કાયચેષ્ટાઓ પુણ્યજનક બની શકતી ન હોવાથી શુક્લ હોતી નથી ને પાપજનક બની શકતી ન હોવાથી કૃષ્ણ હોતી નથી. અર્થાત્

અશુક્લ-અકૃષ્ણ હોય છે. આમાં એમને અશુભ પ્રવૃત્તિ હોતી જ નથી, માટે કૃષ્ણકર્મ હોતું નથી. યોગાનુષ્ઠાન રૂપ શુભપ્રવૃત્તિ હોય છે ખરી, પણ એનું જે ફળ હોય છે તે ઈશ્વરને સમર્પણ કરી દેતા હોવાથી શુક્લકર્મ પણ હોતું નથી. માટે અશુક્લ-અકૃષ્ણકર્મ હોય છે.

અયોગીજીવોને ચિત્ત સાશય હોવાથી પ્રવૃત્તિઓ ક્રમશઃ શુક્લ, કૃષ્ણ કે શુક્લ-કૃષ્ણ હોય છે. તેઓ યજ્ઞ વગેરે જે કરે છે ને એના ફળને ઈશ્વર સમર્પણ કરવાનો અભિપ્રાય હોતો નથી. માટે એ પુણ્યજનક બનતું હોવાથી શુક્લકર્મ છે. બ્રહ્મહત્યા વગેરે જેવા અશુભકૃત્ય પાપજનક હોવાથી કૃષ્ણકર્મ છે. દાન-તપ-સ્વાધ્યાયાદિવાળા જીવોનું કર્મ શુક્લ-કૃષ્ણ બને છે. નારકીઓને કૃષ્ણકર્મ હોય છે. મનુષ્યોને ઉભયસંકીર્ણ શુક્લ-કૃષ્ણ હોય છે. યોગીજીવોને આ બધાથી વિલક્ષણ અશુક્લ-અકૃષ્ણ હોય છે.

આપણે પૂર્વે જોઈ ગયા કે કર્મની (કૃત્યની) વાસના બે પ્રકારે હોય છે. સ્મૃતિમાત્ર ફળ આપનારી સંસ્કારાત્મક અને જાતિ-આયુ-ભોગરૂપ ફળ આપનારી પુણ્ય-પાપાત્મક. આમાંથી પ્રથમ વાસના એ છે કે દેવાદિભવનું શરીર પામીને જીવ જે કર્મ કરે છે એનાથી એવા સંસ્કાર(વાસના) પડે છે કે જેથી ભવિષ્યમાં ફરીથી જ્યારે દેવાદિભવનું શરીર મળે છે. ત્યારે પેલા સંસ્કાર જાગૃત થઈને એને અનુરૂપ સ્મૃતિને જન્માવે જ છે. પછી ભલે ને એ બે ભવ વચ્ચે સેંકડો જન્મોનું અંતર કેમ ન પડી ગયું હોય.. જેમકે- એક ભૂંડ છે, એ વિષ્ઠાભક્ષણની પ્રવૃત્તિ કરે છે. આ પ્રવૃત્તિથી એક એવા સંસ્કાર પડે છે કે જે ત્યારપછીના અન્ય મનુષ્યાદિભવોમાં સુષુપ્ત રહે છે અને સેંકડો ભવો પછી પણ જ્યારે ભૂંડના ભવની પ્રાપ્તિ થાય છે. ત્યારે એ શરીરરૂપ ઉદ્‌બોધક મળવાથી એ સંસ્કાર જાગૃત થઈ જાય છે. ને તેથી વિષ્ઠાલક્ષણની સ્મૃતિ કરાવવા દ્વારા જીવને ફરીથી એમાં પ્રવૃત્ત કરે છે. આમાં પૂર્વના ભૂંડ ભવમાં વિષ્ઠાભક્ષણની જે પ્રવૃત્તિ કહી

એ પણ સાવ પ્રથમ હોય છે એવું નહીં સમજવાનું, પણ એના કરતાં પણ પૂર્વે જ્યારે ભૂંડનો ભવ હતો ત્યારે કરેલી વિષ્ઠાભક્ષણ પ્રવૃત્તિથી પડેલા સંસ્કારજન્ય જ હતી. વળી આ સંસ્કાર જનક એ પ્રવૃત્તિ પણ સૌપ્રથમ હતી એમ નહીં, એ પણ એના કરતાં પણ પૂર્વે કરેલી એવી પ્રવૃત્તિથી જન્ય સંસ્કારથી જન્ય જ હતી. આમ આ વાસનાઓ (સંસ્કારો) અનાદિથી હોય છે. 'આ મારા સુખનું સાધન છે (આનાથી મને સુખ મળશે)... મને આનો ક્યારેય વિયોગ ન થાઓ' આવો મોહાત્મક અધ્યવસાય એ વાસનાઓનું બીજ છે. એ અધ્યવસાય અનાદિકાલીન હોવાથી વાસનાઓ પણ અનાદિકાલીન હોય છે.

જે જે વસ્તુ સુખનું સાધન બની શકે એ બધી વસ્તુઓની આવી વાસના હોય છે. પણ તે તે ભવમાં જેનો ઉપભોગ શક્ય હોય, જે સુખજનક હોય એની વાસના જ સતેજ થાય છે, બાકીની દબાયેલી રહે છે. ત્યારબાદ અન્ય જન્મ મળે તો એ વાસના દબાઈ જાય છે, અને આ નવા જન્મયોગ્ય વાસના સતેજ થઈ જાય છે. સેંકડોભવના આંતરે ફરીથી એ જ જાતિ મળે તો ફરીથી એ વાસના જાગૃત થાય છે. અને સ્વાનુરૂપ સ્મૃતિ પેદા કરે છે.

આમ સારી.. નરસી પ્રવૃત્તિરૂપ કર્મની એક વાસના કહી. હવે એની પુણ્ય-પાપાત્મક બીજી વાસના વિચારીએ. પાતંજલવિદ્વાનોના મતે, આત્મા પુષ્કરપલાશવન્નિર્લેપ મનાયેલો છે. (આપણે મોક્ષમાં એવો માન્યો છે.) આપણે સંસારી જીવને તો રાગ-દ્વેષ-કર્માદિથી લેપાવાવાળો માન્યો છે. તેઓ આ બધી બાબતો ચિત્તમાં માને છે, આત્મામાં નહીં. તેમ છતાં જેમ સુભટના જય-પરાજય સ્વામીના કહેવાય છે, એમ ચિત્તમાં રહેતા પુણ્ય-પાપનો ઉલ્લેખ આત્માના હોવારૂપે થાય છે. ચિત્તભૂમિમાં તે-તે પુણ્યપાપ અનાદિકાળથી યોગ્યતારૂપે રહેલા હોય છે, અને પછી જીવ જેવા શુક્લાદિકર્મ કરે છે એ મુજબ પુણ્યાદિ પરિણામ મુખ્ય થાય છે, તદન્ય ગૌણ બને

છે. આ મુખ્ય થયેલા પુણ્ય-પાપ પરિણામ જેમ જેમ ફળપ્રદાનને અભિમુખ થવારૂપ પાક પામે છે. તેમ તેમ પોતાના જાતિ-આયુ-ભોગરૂપ ફળને આપે છે. આમ કર્માશય ફળ તે તે જાત્યાદિ વિપાકવાળું હોય છે.

આમ, ક્લેશ, કર્માશય અને વિપાકાશય જણાવ્યા, જે આત્માને આ ક્લેશાદિ ત્રણે કાળમાં ક્યારેય સ્પર્શતા નથી તે અનાદિશુદ્ધ આત્મા એ ઈશ્વર છે. આવા ઈશ્વરના અનુગ્રહથી યોગની યોગ-ક્ષેમાત્મક સિદ્ધિ થાય છે.

વળી તેઓએ આ ઈશ્વરાત્મામાં જ્ઞાનાદિ ચારને અપ્રતિપક્ષ =પ્રતિપક્ષશૂન્ય માનેલા છે. એટલે કે એનો કોઈ વ્યાઘાત કરનાર ન હોવાથી અપ્રતિહત હોય છે. વળી એ સહજ=અનાદિશુદ્ધ હોય છે, કારણ કે શુદ્ધસત્ત્વનો અનાદિકાળથી સંબંધ હોય છે. આશય એ છે કે બીજા જીવોને સુખ-દુઃખ કે મોહરૂપે વિપરિણામ પામેલું ચિત્ત જ્યારે નિર્મળ અને સાત્ત્વિક એવા યોગીશરીરમાં પ્રતિબિંબિત થાય છે ત્યારે જ ચિત્‌છાયામાં પ્રતિસંક્રાન્ત થવા દ્વારા અંતઃસંવેદ્ય બને છે. એને તો માત્ર સાત્ત્વિક પરિણામ જ ભોગ્યરૂપે પ્રાપ્ત હોય છે. રાજસ-તામસ પરિણામ હોતા નથી. વળી પુરુષ અને પ્રકૃતિના સંયોગ-વિયોગ પણ ઈશ્વરેચ્છાને આધીન છે. આમાં પ્રકૃતિનો સંયોગ બધા પુરુષોને અનાદિકાળથી હોય છે અને વિયોગ તે - તે પુરુષને તે તે કાળે થતો રહે છે. એટલે સંસારમાં આ પ્રક્રિયા અનાદિકાળથી હોવાથી તેના નિર્વાહ માટે ઈશ્વરના જ્ઞાનાદિને નિત્ય માનવા જરૂરી બને છે.

આમ નિત્ય હોવાથી અને સર્વવિષયવાળું હોવાથી જ્ઞાન ક્યાંય પ્રતિઘાત પામતું નથી. રાગનો અભાવ હોવાથી વૈરાગ્યનો પ્રતિઘાત થતો ન હોવાના કારણે એ પણ અનાદિ હોય છે. પરતંત્રતા ન હોવાથી ઐશ્વર્ય અપ્રતિહત હોય છે. આમાં અણિમાદિ આઠ લબ્ધિ

એ ઐશ્વર્ય છે. અને સંસ્કારરૂપ ધર્મ-અધર્મનો અભાવ હોવાથી પ્રયત્ન અપ્રતિહત હોય છે. આમ ઈશ્વરના જ્ઞાન, વૈરાગ્ય, ઐશ્વર્ય અને પ્રયત્ન અનાદિકાલીન-અપ્રતિહત હોય છે.

ઈશ્વર સર્વજ્ઞ છે એ વાતની **સિદ્ધિ**-મહત્ત્વ એટલે મોટાપણું.. એ બોર, લિંબુ, મોસંબીના ક્રમે વધતું જાય છે, માટે તરતમતાવાળું છે. એ વધતાં વધતાં આકાશમાં પરાકાષ્ઠાવાળું બને છે. અલ્પત્વ એટલે નાનાપણું.. એ મોસંબી, લિંબુ, બોરના ક્રમે તરતમતાવાળું છે, તો પરમાણુમાં પરાકાષ્ઠા પામે છે. એમ આપણું જ્ઞાન પણ જુદા-જુદા જીવોમાં તરતમતાવાળું-ઉત્તરોત્તર વધતું જોવા મળે છે, તો ક્યાંક એ પરાકાષ્ઠાવાળું હોવું જોઈએ. હવે, આ પરાકાષ્ઠાવાળા જ્ઞાનને પણ જો સર્વવિષયક ન માનીએ તો એમ માનવું પડે કે વિશ્વની અમુક વસ્તુઓ એ જ્ઞાનનો વિષય નથી. તો એ વસ્તુઓ જે જ્ઞાનનો વિષય બનશે એ જ્ઞાન આ જ્ઞાન કરતાં ચઢિયાતું બનવાથી આ જ્ઞાનને પરાકાષ્ઠાવાળું નહીં કહી શકાય.

**શંકા :** પણ એ વસ્તુઓ કોઈના જ જ્ઞાનનો વિષય નથી એમ માની લઈએ તો..

**સમાધાન :** આવું માની શકાતું નથી, કારણ કે જેનું ક્યારેય પણ કોઈને પણ જ્ઞાન થતું નથી એવી વસ્તુઓ પણ જો દુનિયામાં માનવાની હોય તો તો ખપુષ્પ વગેરેને પણ માનવા પડશે. ખપુષ્પાદિને અસત્ એટલે માટે જ મનાય છે કે એનું જ્ઞાન ક્યારેય કોઈનેય થતું નથી.

**શંકા :** એના કરતાં એમ માનીએ કે અમુકજીવને અમુક વસ્તુઓનું જ્ઞાન છે, બીજાને બીજી અમુક વસ્તુનું જ્ઞાન છે. એમ દુનિયાની બધી વસ્તુઓનું જ્ઞાન સરવાળે થઈ જાય છે, પણ એક જ જીવને એ હોય છે એવું માનવાની શી જરૂર ?

**સમાધાન :** જુદા જુદા જીવોના આ જુદાં જુદાં જ્ઞાનોનું સંકલન કરનાર કોઈ એક જ્ઞાન માનશો કે નહીં ? જો માનશો તો એ જ સર્વજ્ઞતા થઈ જશે, કારણકે તે તે દરેક વિષયના જ્ઞાન વિના એનું સંકલન શક્ય નથી. અને જો નહીં માનશો તો પાછી પૂર્વની જ-ખપુષ્પાદિને અસત્ નહીં માની શકવાની આપત્તિ આવશે. કારણ કે 'ત્રણે કાળમાં ક્યારેય કોઈનેય ખપુષ્પાદિનું જ્ઞાન થતું નથી' એવું કોઈ જાણી જ શકશે નહીં, ને કહી જ શકશે નહીં. કોઈકને ક્યાંક થતું-થતું હોય તો ?

વળી ધારો કે દુનિયામાં ૧૦૦ વસ્તુઓ છે, એકને જીવને ૯૮+'અ'નામની વસ્તુનો બોધ છે, પણ 'બ'નામની વસ્તુનો બોધ નથી. બીજાને ૯૮+'બ'નામની વસ્તુનો બોધ છે, પણ 'અ'નો બોધ નથી. બેમાંથી પરકાષ્ઠા કોના જ્ઞાનમાં કહેવી ? એ નિર્ણય શી રીતે કરવો ? વસ્તુતઃ એકેમાં કહી નહીં જ શકાય, કારણ કે એક પણ વસ્તુના જ્ઞાનની કમી હોય, પછી પરાકાષ્ઠા કેવી? એટલે આપણા બધામાં તરતમતાવાળું જ્ઞાન વધતાં વધતાં જ્યાં પરાકાષ્ઠા પામેલું છે ત્યાં સર્વવિષયક જ્ઞાન=સર્વજ્ઞતા સિદ્ધ થાય જ છે.

એટલે જ્ઞાનની પરાકાષ્ઠાવાળા ઈશ્વર સર્વજ્ઞ હોવા સિદ્ધ થાય છે. વળી આપણું જ્ઞાન ઇન્દ્રિય-વિષયના સંપર્કથી થાય છે. એટલે જે વિષયનો સંપર્ક હોય એને જ જ્ઞાનનો વિષય કહી શકાય છે. પણ ઈશ્વરને તો ઇન્દ્રિય જ ન હોવાથી ઇન્દ્રિયસંપર્કશૂન્યપણે જ્ઞાન થતું હોય છે. તો એ જ્ઞાનનો વિષય કોને માનવો? આમાં બે જ વિકલ્પો મળી શકે છે. ક્યાં તો કોઈપણ વસ્તુને વિષય ન માનવો.: ક્યાં તો બધી જ વસ્તુઓને વિષય માનવો. પ્રથમ વિકલ્પ સંભવતો નથી. કારણકે વગર વિષયનું જ્ઞાન સંભવતું નથી. એટલે બીજો વિકલ્પ ઈશ્વરના જ્ઞાનને સર્વવિષયક ઠેરવી જ દે છે.

વળી પાતંજલવિદ્વાનો એમ પણ કહે છે કે આકાશમાં રહેલું

પરાકાષ્ઠાવાળું મહત્ત્વ જેમ વધઘટ થતું નથી. અનાદિ કાળથી છે. એમ ઈશ્વરમાં સર્વજ્ઞતા પણ અનાદિકાળથી છે.

આપણે પણ ઈશ્વરમાં સર્વજ્ઞતા માનીએ છીએ. પણ એમની જેમ એ એક જ ઈશ્વરાત્મામાં અનાદિકાલીન હોય એવું નથી માનતા, કિન્તુ અનંત આત્માઓમાં સાદિ માનીએ છીએ-સાધનાજન્ય માનીએ છીએ. એમની માન્યતામાં ક્યાં ભૂલ છે એ વિચારીએ..

**જૈન :** પરિમાણ (=કદ)માં મહત્ત્વની જેમ એના પ્રતિપક્ષભૂત અલ્પત્વની પણ તરતમતા મળે છે. ને એની પરાકાષ્ઠા પરમાણુમાં મળે છે. તેમ જ્ઞાન પ્રતિપક્ષભૂત અજ્ઞાનની પણ તરતમતા મળતી હોવાથી એની પરાકાષ્ઠા જેમાં હોય એવો પણ કોઈ આત્મા માનવો પડશે.

**પાતંજલ :** જડ પદાર્થો અજ્ઞાન જ હોય છે. એટલે એમનામાં જ અજ્ઞાનની પરાકાષ્ઠા માની લઈશું.

**જૈનઃ** તમારી વાત બરાબર નથી. કારણ કે અજ્ઞાનની તરતમતાના આશ્રય તરીકે જો આત્મા મળે છે તો એની પરાકાષ્ઠાના આશ્રય તરીકે પણ આત્મા જ મળવો જોઈએ. નહીંતર તો અજ્ઞાનની જેમ જ્ઞાનની પરાકાષ્ઠાના પણ આશ્રય તરીકે કોઈ જડ પદાર્થની કલ્પના કરવી પડશે, કારણ કે આપણા પરિચયમાં આવનાર જીવોમાં તો કોઈ પરાકાષ્ઠાના જ્ઞાનવાળા જણાતા નથી.

**પાતંજલ :** તમે પણ તમારા ભગવાનને સર્વજ્ઞ માનો છો ને એની સિદ્ધિ આ રીતે જ કરો છો કે આપણામાં તરતમતાવાળું જોવા મળતું જ્ઞાન કોઈક આત્મામાં પરાકાષ્ઠાવાળું હોવું જોઈએ, જેમકે મોટાપણું આકાશમાં પરાકાષ્ઠાવાળું છે. તો એ રીતે જ્ઞાનના પ્રતિપક્ષભૂત અજ્ઞાનની પરાકાષ્ઠા પણ કોઈક આત્મામાં જોવા મળવી જોઈએ ને ! કારણ કે મહત્ત્વના પ્રતિપક્ષ અલ્પત્વની પરાકાષ્ઠા

પરમાણુમાં જોવા મળે છે.

**જૈન :** અમે એવા સૂક્ષ્મનિગોદના જીવમાં અજ્ઞાનની પરાકાષ્ઠા માનીએ જ છીએ.

**પાતંજલ :** તો અમે પણ એમાં માની લઈશું.

**જૈન :** તમે નહીં માની શકો, કારણકે આ નિગોદજીવનું અજ્ઞાન તો વધ-ઘટ પામે છે. તમારે તો વધઘટ વિનાનું માનવાનું છે.

**પાતંજલ :** અમે પણ એને વધઘટ પામતું માની લઈશું.

**જૈન :** તો પછી જ્ઞાનમાટે પણ તમારે એવું જ માનવું પડશે. એટલે કે ઈશ્વરાત્મા પહેલાં તો વધઘટ પામતા જ્ઞાનવાળા હતા... અને પછી એમનું જ્ઞાન વધતાં વધતાં પરાકાષ્ઠાવાળું બન્યું. એટલે કે તેઓ અનાદિથી સર્વજ્ઞ નથી. પણ પાછળથી સર્વજ્ઞ બન્યા... અને જ્ઞાનની તરતમતાવાળો એક જીવ પણ જો સાધનાથી સર્વજ્ઞ બને છે, તો બીજા જીવો પણ શા માટે ન બને ? એટલે અનંત ભૂતકાળમાં અનંત જીવો સર્વજ્ઞ બન્યા છે એમ માનવું પડશે, જે તમે માનતા નથી.

**પાતંજલ :** જ્ઞાનની પરાકાષ્ઠા (=સર્વજ્ઞતા) આવ્યા પછી એ જેમ પાછી ચાલી જતી નથી એમ અજ્ઞાનની પરાકાષ્ઠા માટે પણ તમારે માનવું પડશે. અને તો પછી એ સૂક્ષ્મનિગોદ જીવ હંમેશા માટે સર્વાધિક અજ્ઞાની જ રહેશે. પણ તમે આવું માનતા નથી.

**જૈન :** સર્વજ્ઞતા આવ્યા પછી એ પાછી ચાલી જાય, જો આવા કર્મોનો ઉદય થાય તો. પણ જીવે સર્વજ્ઞતા પામવા પૂર્વે જ એ કર્મોને ને એ કર્મોના બંધની યોગ્યતાને ક્ષપકશ્રેણી દ્વારા સર્વથા ખતમ કરી નાખ્યા હોય છે, એટલે આવેલી સર્વજ્ઞતા પાછી ચાલી જતી નથી. પણ સૂક્ષ્મનિગોદના જીવને તો આવારક કર્મો ઊભા છે. એટલે એ કર્મોની વધઘટને અનુસરીને એનું અજ્ઞાન ઓછું-વત્તું થાય જ છે.

તેથી કોઈ અસંગતિ નથી.

પાતંજલ વિદ્વાનોએ એ પણ માન્યું છે કે જેમ વર્તમાન કોઈ સાધકના ગુરુ છે. એ ગુરુના પણ ગુરુ હતા.. એમના પણ ગુરુ હતા.. આમ ઠેઠ સુધી પરંપરા ચાલે છે. યાવત્ કપિલાદિ ઋષિઓના પણ ગુરુ હતા... અથવા એમના ગુરુ ઈશ્વર છે. પણ ઈશ્વરનો કોઈ ગુરુ નથી, કારણકે અનાદિકાલીન શુદ્ધ ઈશ્વરને સાધના અને કાળમર્યાદા હોતી નથી. માટે ઈશ્વર પરમગુરુ છે. આવા ઈશ્વરની ઈચ્છાથી જ જગતમાં કર્માનુસારે તે તે ઘટનાઓ બને છે.

**જૈન :** જો કર્માનુસારે જ તે તે ઘટના બને છે. તો પછી વચ્ચે ઈશ્વરેચ્છાને લાવવાની શી જરૂર છે ?

**પાતંજલ :** જેમ દંડ-ચક્ર વગેરે સામગ્રીથી ઘડો બને છે. પણ એટલામાત્રથી કુંભાર કાંઈ નિરુપયોગી નથી બની જતો.. એ જ રીતે અહીં માનવું જોઈએ.

**જૈન :** કુંભાર જો ન હોય તો દંડ-ચક્ર વગેરે હોવા છતાં ઘડો બનતો નથી, એ પ્રત્યક્ષસિદ્ધ છે, માટે એને માન્યા વિના છૂટકો નથી. આવું ઈશ્વરેચ્છા માટે કાંઈ જોવા મળતું નથી.

**પાતંજલ :** એમ તો કર્મ પણ જોવા મળતા નથી. તો એને પણ શું નહીં માનો ?

**જૈન :** દશ્ય કારણો બધા હાજર હોવા છતાં કાર્ય થતું નથી.. આવી બધી વિચિત્રતાઓની સંગતિ માટે કોઈક અદશ્યકારણ માનવું જરૂરી બને છે. એ કર્મ છે. કર્મ જ આ બધી સંગતિ કરી આપે છે, પછી ઈશ્વરેચ્છા તો વ્યર્થ જ રહી ને !

વળી પાતંજલ વિદ્વાનોએ આવું માન્યું છે કે જીવો તો બધા સમાન છે. એમનામાં યોગ્યતા-અયોગ્યતાનો પ્રશ્ન હોતો નથી. ઈશ્વર જે જીવ માટે ઇચ્છા કરે કે આ જીવને યોગની સિદ્ધિ થાઓ, એને યોગની સિદ્ધિ

થાય છે. આ ઈશાનુગ્રહ છે (આની સામે આપણે કહીએ છીએ,)

**જૈન :** જેના પર અનુગ્રહ કરવો છે એ અનુગ્રાહ્ય કહેવાય. આવા અનુગ્રાહ્યજીવમાં જો અનુગ્રહ ઝીલવાની યોગ્યતા ન હોય (કે યોગપ્રાપ્તિની યોગ્યતા ન હોય ) તો ઈશ્વર શું કરી શકે ? શું ઈશ્વર પરમાણુને આત્મા બનાવી શકે ? 'ના'. 'કેમ?'.

**પાતંજલ :** કારણ કે પરમાણુમાં આત્મા બનવાની યોગ્યતા નથી.

**જૈન :** બસ ! પ્રસ્તુતમાં પણ આવું જ માનવું જોઈએ.

**પાતંજલ :** અમે ઈશ્વરમાં અનુગ્રાહકસ્વભાવ અને આત્મામાં અનુગ્રાહ્ય સ્વભાવ માનીશું, પછી તો વાંધો નથી ને !

**જૈન :** તો પછી ઈશ્વરને અને આત્માને.. બન્નેને પરિણામી માનવા પડશે, જે તમારે માટે સિદ્ધાન્તથી વિરુદ્ધ છે. આશય એ છે કે ઈશ્વર એકસાથે બધા જીવો પર તો અનુગ્રહ કરતો નથી. અમુક જીવપર અમુકકાળે અમુક માત્રામાં યોગાત્મક ફળપ્રદાનનો અનુગ્રહ કરે છે. પછી કાળાન્તરે એના કરતાં અધિક યોગનો પ્રાપક બને છે. વળી ઉત્તરકાળમાં અધિકતર યોગનો પ્રાપક બને છે... ને એમ છેવટે મોક્ષપ્રાપક બને છે. આમ કાળભેદે અનુગ્રાહકતાભેદ માનવો પડે છે. એ જ રીતે જીવભેદે અને ફળભેદે પણ એ ભેદ માનવો પડે છે. અને તો પછી ઈશ્વરને પરિણામી માનવો પડશે, કારણકે જુદા જુદા સ્વભાવરૂપ જુદા જુદા પરિણામો જો એ પરિણામી ન હોય તો સંભવતા નથી. એ જ રીતે અનુગ્રાહ્ય એવા પુરુષનો પણ કાળભેદે અને ફળભેદે અનુગ્રાહ્યતાભેદરૂપ પરિણામભેદ માનવો જરૂરી બનવાથી એને પણ પરિણામી માનવો જ પડશે.

વળી પાતંજલવિદ્વાનોની બીજી પણ એક માન્યતા એવી છે જે આત્માને કૂટસ્થનિત્ય નહીં, પણ પરિણામીનિત્ય માનવાથી જ સંગત થઈ શકે છે. આ વાત આગળના લેખમાં જોઈશું.

❖ ❖ ❖

## લેખાંક ૯૦

પાતંજલ વિદ્વાનોએ માનેલી માન્યતા આત્માને પરિણામી નિત્ય માનવામાં જ સંગત ઠરે છે. એ વાત ગયા લેખમાં જોયેલી. આવી જ અન્ય એક વાત હવે જોઈએ.

પ્રકૃતિ અને પુરુષના સંયોગથી પુરુષનો સંસાર છે અને વિયોગથી પુરુષનો મોક્ષ થાય છે... આવું પાતંજલવિદ્વાનોએ માનેલું છે.

**જૈન :** આ સંયોગ-વિયોગ તાત્ત્વિક છે કે અતાત્ત્વિક (માત્ર કાલ્પનિક) ? જો અતાત્ત્વિક માનશો તો ઈશ્વરેચ્છાને કારણ માની શકાશે નહીં, કારણ કે કાલ્પનિક વસ્તુનું કોઈ વાસ્તવિક કારણ હોતું નથી, જેમકે આકાશકુસુમનું, જો તાત્ત્વિક માનશો તો આત્મા પરિણામી હોવો સિદ્ધ થઈ જ જશે. તે આ રીતે-સંયોગ એક વસ્તુનો હોતો નથી, બેનો હોય છે. અર્થાત્ એ બે વસ્તુમાં રહે છે. એટલે આત્મામાં સંયોગ (=સંયુક્તત્વ) માનવું પડશે. વળી વિયોગ પણ એકનો ન હોય, બેનો હોય. એટલે કે એ પણ દ્વિષ્ઠ હોય છે. તેથી આત્મામાં સંયુક્તત્વ માનવું પડશે. આમ પ્રથમ (સંસારી) અવસ્થામાં આત્મામાં પ્રકૃતિસંયુક્તત્વ હતું અને પછી મોક્ષની અવસ્થામાં એમાં પ્રકૃતિવિયુક્તત્વ આવશે. આ બન્ને તાત્ત્વિક છે. પછી આત્મા કૂટસ્થનિત્ય શી રીતે રહેશે ?

વળી, પાતંજલ વિદ્વાનો માને છે કે ઈશ્વર જગતનું સર્જન કરે છે. આના પર વિચાર કરીએ..

**જૈન :** ઈશ્વર જગતનું સર્જન શા માટે (કયા પ્રયોજનથી) કરે છે ? જો 'કોઈ જ પ્રયોજન નથી' એમ કહેશો તો એ એની બાળક્રીડા થશે. જે એને શોભતી નથી. કારણકે બાળક જ જેનું કશું પ્રયોજન

નથી એવી ધૂળમાં મકાન બનાવવું વગેરે નિષ્પ્રયોજન પ્રવૃત્તિ કરતું હોય છે.

**પાતંજલ :** ઈશ્વર પરમકરુણાશીલ છે. તેથી જીવો પર અનુગ્રહ કરવા માટે એ જગતનું સર્જન કરે છે.

**જૈન :** જો ઈશ્વર કરુણાથી બધું કરે છે તો જીવોને દુઃખ, દુર્ગતિ, જન્મ-જરા-મૃત્યુ વગેરે શા માટે આપે છે ? જીવોને સ્વઇચ્છાથી દુઃખી કરનારા ઈશ્વરને કરુણાશીલ કહેવો કે ક્રૂર કહેવો ?

**પાતંજલ :** ઈશ્વર તો બધાને સુખી જ કરવા ચાહે છે, પણ જીવોના કર્મોના અનુસારે બધું થાય છે.

**જૈન :** તો પછી કર્મોથી જ, સંસારમાં જોવા મળતી બધી વિષમતાઓની સંગતિ થઈ જવાથી વચ્ચે ઈશ્વરને માનવાની જરૂર શી છે ? આ અંગે ગયા લેખમાં થોડો વિચાર કરેલો હતો. જેમને વિશેષ જિજ્ઞાસા હોય તેઓએ, શ્રીહરિભદ્રસૂરિમહારાજ વિરચિત ગ્રન્થ 'શાસ્ત્રવાર્તાસમુચ્ચય'નું ગ્રન્થકારે 'સ્યાદ્‌વાદ કલ્પલતા' નામે જે વિવરણ કર્યું છે એમાંથી જોઈ લેવું.

**પાતંજલ :** જો તમે આ રીતે ઈશ્વરને માનતા જ નથી તો શું ઈશ્વરાનુગ્રહ પણ માનતા નથી ?

**જૈન :** અમે ઈશ્વરને જગત્‌ના બનાવનાર તરીકે નથી માનતા, બતાવનાર તરીકે તો માનીએ જ છીએ. અર્થાત્ જેણે જગત્‌ને યથાર્થરૂપે બતાડ્યું છે તે ઈશ્વર છે એવું અમે માનીએ છીએ. તથા એમની આજ્ઞાનું પાલન એ જ ઈશાનુગ્રહ છે એવું અમે માનીએ છીએ. આશય એ છે કે ઈશ્વર જીવ પાસે પરાણે-જોર કરીને- હાથ પકડીને તે તે આરાધના નથી કરાવતો. અર્થાત્ પોતાની તેવી ઈચ્છાથી જીવ પાસે આજ્ઞાપાલન કરાવે છે એવું નથી. પણ એમણે જ્વલંત સાધના દ્વારા પોતાના આત્માને એવો પ્રભાવવંતો બનાવ્યો હોય છે કે જેથી એમની પ્રત્યે પ્રીતિ-

ભક્તિવાળા યોગ્ય જીવને એમના પ્રભાવે શુભભાવો જાગે છે. ને તેથી તેઓની આજ્ઞાનું પાલન કરવા જીવ સ્વયં પ્રવૃત્ત થાય છે, એમાં સ્થિર થાય છે ને ક્રમશઃ આગળ વધે છે. આને આર્થવ્યાપાર કહે છે. આ જ ઈશાનુગ્રહ છે.

હવે, પાતંજલિઋષિએ 'યોગસૂત્ર' ગ્રન્થમાં કહેલી જાપની વાત, અને એ સંગત કઈ રીતે થાય છે ? એ વાત વિચારવાની છે.

પતંજલિઋષિએ કહ્યું છે કે *પ્રણવ એટલે ૐકાર, એ ઈશ્વરનો વાચક છે. આ ૐકારપૂર્વક ઈશ્વરનો જાપ કરવાથી વિઘ્નો વિલીન થાય છે અને પ્રત્યક્ ચૈતન્ય પ્રાપ્ત થાય છે. ૐકારના અર્થને ભાવિત કરવો એ એનો જાપ છે.*

પાતંજલયોગસૂત્રમાં નવ પ્રકારના વિઘ્નો દર્શાવ્યા છે-

(૧) **વ્યાધિ :** વાત, પિત્ત કે કફ.. કોઈપણ ધાતુનો ઉદ્રેક વગેરે થવાથી થતા જ્વર-અતિસાર વગેરે વ્યાધિ છે.

(૨) **સ્ત્યાન :** અનુષ્ઠાન શરુ કરવાનો ઉત્સાહ જ ન થવો એ સ્ત્યાન છે.

(૩) **પ્રમાદ :** શરુ કરેલ અનુષ્ઠાનમાં પછીથી ચિત્ત નિરુત્સાહ-નિરુદ્યમ બની જવું એ પ્રમાદ છે.

(૪) **આળસ :** સમાધિના સાધનભૂત હેતુઓ અંગે ઉદાસીનતા રહેવી એ આળસ છે.

(૫) **વિભ્રમ :** જેનાથી પોતાનું ઇષ્ટ થવાનું છે એવી આરાધના અંગે 'આનાથી મારું અનિષ્ટ થશે' એવો વિપરીત નિર્ણય એ વિભ્રમ છે.

(૬) **સંદેહ :** 'આ આરાધના યોગરૂપ હશે કે નહીં ?' અર્થાત્ 'આનાથી મારું ઇષ્ટ થશે કે નહીં ?' એવો સંશય વર્ત્યા કરે એ સંદેહ.

(૭) **અવિરતિ :** બાહ્ય ઇન્દ્રિયોના વિષયોમાં ચિત્તનું આકર્ષણ એ વિષયોનો આવેશ છે. એના કારણે ચિત્ત વિષયોમાં ખેંચાયા જ કરે છે. અટકતું નથી, આ અવિરતિ છે.

(૮) **ભૂમ્યલાભ :** પતંજલિઋષિએ સમાધિની કેટલીક ભૂમિકાઓ માનેલી છે. આરાધના કરવા છતાં આમાંની એકપણ ભૂમિકા પ્રાપ્ત ન થવી એ ભૂમ્યલાભ છે.

(૯) **અનવસ્થાન :** સમાધિની ભૂમિ પ્રાપ્ત થવા છતાં ચિત્ત એમાં સ્થિર ન બને એ અનવસ્થાન છે.

આ વ્યાધિ વગેરે વિઘ્નો રાજસભાવના અને તામસભાવના દોષના કારણે ચિત્તની એકાગ્રતાના વિરોધી પરિણામરૂપ છે. માટે એ 'વિક્ષેપ' કહેવાય છે. આશય એ છે કે એકાગ્રતા માટે ચિત્ત સત્ત્વપ્રધાન હોવું જોઈએ. આ વિક્ષેપો રજોમય-તમોમય હોય છે. એટલે એના પ્રતિબંધક બને એ સ્પષ્ટ છે. આ વિક્ષેપોના જનક કર્મો બે પ્રકારે હોય છે. સોપક્રમ અને નિરુપક્રમ. આમાં સોપક્રમ એટલે અપવર્તનીય કર્મ.. એટલે કે સ્વફળને ઉત્પન્ન કર્યા વિના પણ રવાના થઈ જવાના સ્વભાવવાળા કર્મ. આનાથી અન્ય કર્મ=અનપવર્તનીય કર્મ=સ્વફળ આપ્યા વિના દૂર ન જ થાય એવા કર્મ નિરુપક્રમકર્મ કહેવાય છે.

આ વ્યાધિ વગેરે વિક્ષેપો જો સોપક્રમકર્મ જનિત હોય તો સ્વયં પણ સોપક્રમ હોય છે. ઈશ્વરના જાપથી=પ્રાણિધાનથી એના જનક કર્મો દૂર થઈ જવાથી એ સ્વયં પણ દૂર થઈ જાય છે. અર્થાત્ રોગ મટી જાય છે. તથા આગળ થતો નથી. વ્યાધિ વગેરે વિક્ષેપો જો નિરુપક્રમ કર્મજનિત હોય તો, પ્રભુના પ્રાણિધાનથી પણ એ કર્મ દૂર થતું ન હોવાથી એનાથી જન્ય વ્યાધિ વગેરે દૂર થતા નથી. તેમ છતાં ચિત્તની એકાગ્રતાને ખતમ કરવાની એમની જે શક્તિ હતી તે ખતમ થઈ જાય છે. એટલે ચિત્તથી એકાગ્રતા જળવાઈ રહેવાથી યોગ

અખંડ રહે છે. અર્થાત્ વિઘ્નો ઊભા રહેવા છતાં એનું વિઘ્નત્વ ખતમ થઈ જાય છે આમ વિઘ્નો સોપક્રમ હોય કે નિરુપક્રમ, ઈશ્વરના જાપથી એ યોગના પ્રતિબંધક રહી શકતા નથી. માટે પતંજલિઋષિએ કહેલી વાત આ રીતે સંગત ઠરે છે.

*'ઈશ્વરપ્રણિધાનથી પ્રત્યક્ચૈતન્યથી પ્રાપ્તિ થાય છે'* આવી પતંજલિઋષિએ કહેલી વાત પણ યુક્તિસંગત છે એ હવે જોઈએ.

વિષયોના ગાઢ આકર્ષણના કારણે, એમાં જ સુખ માણ્યું-અનુભવ્યું હોવાના કારણે પુરુષનું ચૈતન્ય=જ્ઞાન=ચિત્તવૃત્તિઓ વિષયોમાં જ રમ્યા કરે છે. એમાં રમે એટલે રાગ-દ્વેષ થયા વગર રહે નહીં. તેથી જ્ઞાન મલિન થાય છે. ઈશ્વર એટલે શુદ્ધ આત્મા એનું- એના ગુણોનું આકર્ષણ અને પુદ્‌ગલના શબ્દાદિ ગુણોનું આકર્ષણ.. આ બન્ને પરસ્પર વિરોધી છે. એટલે ઈશ્વરના પ્રણિધાનથી વિષયોનું આકર્ષણ તૂટે જ. એ તૂટે એટલે જ્ઞાનનો બાહ્ય વિષયોમાં ખેંચાવારૂપ બાહ્ય વ્યાપાર છૂટે જ. એ છૂટવાથી જ્ઞાન અંદર તરફ વળે છે. અંદર તો શબ્દાદિ છે નહીં. તેથી રાગ-દ્વેષ ન થવાથી મલિનતા ન થવાના કારણે એની વિશુદ્ધિ થાય છે. આવી વિશુદ્ધિ વિસ્તરવી એ જ પ્રત્યક્ચૈતન્ય છે.

**શંકા :** આ તો આંતરિક પ્રક્રિયા છે. એ અતીન્દ્રિય છે. એટલે 'ઈશ્વરપ્રણિધાનથી એ થાય છે' એવો નિશ્ચય શી રીતે કરવો ?

**સમાધાન :** ઈશ્વરપ્રણિધાન કરનારના બહાર ભક્તિ-શ્રદ્ધા વગેરે અતિશયિત ચઢિયાતા થતા જોવા મળે છે જે આંતરિક વિશુદ્ધિ વિના શક્ય નથી. એટલે એને સંગત કરવા માટે આંતરિક વિશુદ્ધિ માનવી જ પડે છે.

બ્રહ્માંડ પુરાણમાં કહ્યું છે કે- पूजाकोटिसमं स्तोत्रं, स्तोत्रकोटिसमो जपः । जपकोटिसमं ध्यानं ध्यानकोटिसमो लयः ।આમાં જાપનું ફળ

સ્તોત્ર ફળ કરતાં કરોડગણું કહ્યું છે. આત્માના આભ્યંતર પરિણામના ઉત્કર્ષરૂપ યોગના અતિશયના કારણે એનું આવું ફળ કહ્યું છે. જાપના ત્રણ પ્રકાર છે. મુખથી બોલીને થતો જાપ એ વૈખરી. હોઠ ફફડાવીને થતો જાપ એ ઉપાંશુ. આ બન્ને વિના માત્ર મનથી થતો માનસજાપ વધારે બળવાન્ હોય છે, કારણકે એમાં માત્ર મનોયોગ હોય છે. કાયયોગ-વચનયોગ કરતાં મનોયોગની બલિષ્ઠતા જગજાહેર છે જ. તેથી જ સ્તોત્ર કરતાં જાપને કરોડગણું ફળ આપનાર કહ્યો છે.

માનસિકશ્રમ વગેરે કારણે જ્યારે ધ્યાન શક્ય નથી રહેતું ત્યારે યોગીઓ જાપનો સહારો લે છે. જપ દ્વારા ફરીથી એવી માનસિક ભૂમિકા તૈયાર થાય છે જેથી ફરીથી ધ્યાનમાં આરૂઢ થઈ શકાય. ને તેથી યોગવિશારદો જાપને ધ્યાનની વિશ્રામ ભૂમિકા કહે છે.

**શંકા :** સહજસિદ્ધ જ્ઞાનાદિ ચાર ધરાવનાર વિશ્વના સર્જનહાર એવા મહેશ્વરને તમે માનતા નથી. તમે તો શ્રી વર્ધમાનસ્વામી વગેરે અરિહંતને ઈશ્વર માનો છો. એટલે ઈશ્વરનો સાક્ષાદ્ અનુગ્રહ તો નહીં જ, પણ આજ્ઞાપાલન દ્વારા પમાતો અનુગ્રહ પણ શી રીતે સંભવે ? કારણ કે મહેશ્વર અને અરિહંત અલગ અલગ છે. આ શંકાના સમાધાન તરીકે કાલાતીત નામના એક અન્ય વિદ્વાન એમ કહે છે કે જે જ્ઞાનાદિ ઐશ્વર્યથી યુક્ત હોય તે ઈશ્વર. આ ઈશ્વરનું સામાન્ય લક્ષણ છે. એની અન્ય વિશેષતાઓ તો હજારો લાખો છે. જે જાણવી છદ્મસ્થ માટે શક્ય નથી. એટલે વિશેષ ગુણો જોવાના નહીં ને સામાન્ય ગુણો જોવામાં આવે તો ઈશ્વર હોય, અરિહંત હોય કે બુદ્ધ વગેરે હોય.. બધા એક જ છે.માધ્યસ્થ્યપૂર્વક આમાંના કોઈની પણ સેવા કરવાથી ઈશ્વરનો અનુગ્રહ પામી શકાય છે. પહેલાં કાલાતીતના આ મતનું ગ્રન્થકાર વર્ણન કરે છે. અલબત્ જેમ યોગની પૂર્વસેવામાં દેવપૂજા આવેલી. ને એમાં દેવની વિશેષતા ન જાણી હોય એવી અવસ્થામાં, જો અભિનિવેશ ન હોય તો સર્વ

દેવની પૂજા કે અધિમુક્તિવશાત્ કોઈ એકાદ સ્વશ્રદ્ધેય દેવની પૂજા પણ લાભકર્તા જરૂર બની શકે છે. છતાં એ સાક્ષાદ્ અરિહંતની હોય તો પણ, એમની અમુક વિશેષતાઓની જાણકારી ન હોય તો સામાન્યભક્તિરૂપે જ રહે છે. વિશેષ ભક્તિરૂપે બનવામાટે તો વિશેષતાઓની જાણકારી અપેક્ષિત રહે જ છે, કારણ કે તો જ વિશેષ ભક્તિભાવ ઉલ્લસિત થઈ શકે છે. એમ પ્રસ્તુતમાં પણ વિશેષ રીતે અનુગ્રહની પ્રાપ્તિ માટે વિશેષ જાણકારી આવશ્યક છે જ. આવો ગ્રન્થકારનો અભિપ્રાય છે જે તેઓ પછી જણાવશે, પહેલાં કાલાતીતના મતને જણાવ્યો છે.

સાધક જે સ્તવનાદિ કરે છે એનું ફળ પામે છે. એટલે કે ફળપ્રાપ્તિમાં સ્વકર્તૃક સ્તવનાદિ કારણભૂત છે. તેમ છતાં, પ્રભુ સ્તોતવ્ય તરીકે છે તો સ્તવનાદિ થાય છે. એ વિના નહીં. માટે 'ફળપ્રાપ્તિ પ્રભુનિમિત્તે થઈ' એમ કહેવાય છે. અર્થાત્ ફળપ્રાપ્તિમાં પ્રભુ પણ ભાગ ભજવે જ છે. ને તેઓ જો ભાગ ભજવે છે તો 'કયા વાસ્તવિક ભગવાન છે, કયા નહીં? આવો વિશેષ નિર્ણય ન હોય ત્યારે માધ્યસ્થ્ય હોય તો જ ફળપ્રાપ્તિ થાય છે, એ વિના નહીં. સ્થાણુ (ઠૂંઠું) અને પુરુષ દૂરથી સરખા દેખાતા હોય છે. તેથી જ્યાં સુધી 'આ પુરુષ જ છે' એવો નિર્ણય થયો નથી ત્યાં સુધી કોઈ એને 'સ્થાણુ છે' એમ કહેતું આવે તો એની સાથે કજિયો ન કરવો.. કે 'આ પુરુષ જ છે' એવો કદાગ્રહ ન રાખવો. આવા માધ્યસ્થ્યની અહીં વાત છે. અર્થાત્ વાસ્તવિકદેવનો નિશ્ચય ન હોય ત્યારે અન્યને દેવ માનનાર સાથે ઝગડવું નહીં, ને સ્વમાન્યદેવનો કદાગ્રહ ન રાખવો એવાં માધ્યસ્થ્યનું આલંબન લઈને કરાતી વિશિષ્ટ દેવતાની સેવાની અહીં વાત છે.

કાલાતીત નામના શાસ્ત્રકાર પંડિતે આ વાતને આ રીતે કહી છે. *તે તે દર્શનકારોને માન્ય ભગવાનમાં નામાદિનો ભેદ હોવા*

*છતાં તાત્ત્વિક રીતે કોઈ ભેદ હોતો નથી.* આશય એ છે કે પરબ્રહ્મવાદીઓ પોતાના ભગવાન્‌ને મુક્ત કહે છે. બૌદ્ધો, બુદ્ધ કહે છે, જૈનો અરિહંત કહે છે.. આ બધો માત્ર નામભેદ છે, વસ્તુભેદ નથી, કારણ કે જ્ઞાનાદિના અતિશયરૂપ ઐશ્વર્યથી બધા યુક્ત છે.

**શંકા :** આમાં માત્ર નામ જુદા જુદા છે એવું નથી. સ્વરૂપ પણ જુદાં જુદાં માનવામાં આવેલા છે. જેમકે નૈયાયિકો ઈશ્વરને અનાદિશુદ્ધ ને સર્વગત માને છે. જૈનો ઈશ્વરને 'અરિહંત' નામ આપીને સાદિશુદ્ધ-અસર્વગ માને છે. બૌદ્ધો ઈશ્વરને પ્રતિક્ષણ ક્ષણભંગુર માને છે.

**સમાધાન :** હા, તે તે દર્શનકારે સ્વમાન્ય ઈશ્વરમાં જુદી જુદી વિશેષતાઓ માનેલી છે અને કહેલી છે. પણ આવી વિશેષતાઓ માનવાનો-કહેવાનો કશો મતલબ નથી, એ નિષ્પ્રયોજન છે. 'આ અચિન્ત્ય શક્તિસંપન્ન છે.. ઐશ્વર્યયુક્ત છે.. એમની સાધનાથી મારો ભવનિસ્તાર થશે' આટલું જ જરૂરી છે. બાકીની વિશેષતાઓ જાણો કે ન જાણો, કશો ફેર પડતો નથી. અને તેથી જ ફળ પણ બધાની ભક્તિથી સમાન રીતે જ મળે છે. આ વિશેષતાઓ જાણવી વ્યર્થ છે. એમાં કાલાતીતે ચાર દલીલો આપી છે.

(૧) તે તે દેવમાં રહેલી સઘળી વિશેષતાઓનું પરિપૂર્ણજ્ઞાન છદ્મસ્થ એવા આપણને શક્ય નથી. ઇન્દ્રિયના સંપર્કમાં વસ્તુનો આગળનો ભાગ આવે છે. એટલે આપણું પ્રત્યક્ષ વસ્તુના મધ્યભાગ કે પાછળાભાગમાં રહેલી વિશેષતાઓને જણાવી શકતું નથી. વળી આગળા ભાગમાં રહેલી પણ જે વિશેષતાઓ ઇન્દ્રિયનો વિષય જ નથી તેને પણ પ્રત્યક્ષ શી રીતે જાણી શકે ? માટે પ્રત્યક્ષથી પરિપૂર્ણજ્ઞાન શક્ય નથી.

(૨) અનુમાનથી તે તે વિશેષતાઓ જાણવી પણ શક્ય નથી, કારણ કે તે તે દર્શનકારે આપેલા અનુમાનમાં અન્યદર્શનકારો અસિદ્ધિ વગેરે હેત્વાભાસ દોષનું ઉદ્‌ભાવન કરે છે.

(૩) તે તે દર્શનકારો જે વિશેષતાઓ દર્શાવે છે એમાં પ્રાયઃ પરસ્પર વિરોધ છે. જેમકે વેદાન્તીઓના મતે આત્મા નિત્ય જ છે, કેમકે આ વિશ્વરૂપ પ્રપંચનો એ આધાર બૌદ્ધોને મતે આત્મા અનિત્ય જ છે, કારણ કે અર્થકારિતા સ્વભાવભેદ સાથે સંકળાયેલી છે. અર્થાત્ એકના એક સ્વભાવથી બે કાર્ય થઈ શકતા નથી. તેથી કાર્યભેદે સ્વભાવભેદ માનવો જરૂરી છે અને સ્વભાવભેદ થાય તો વસ્તુભેદ થઈ જ જાય. માટે આત્મા વગેરે બધું જ ક્ષણિક છે.

(૪) ફળનો અભેદ હોવાથી દેવોમાં ભેદ માનવો જરૂરી નથી. આશય એ છે કે ક્લેશક્ષય એ ફળ છે. ગુણોના ચોક્કસ પ્રકારના પ્રકર્ષવાળો જે પુરુષ હોય તેની આરાધનાથી આ ફળ મળે જ છે. એ આરાધ્ય પુરુષને એકાન્તે નિત્ય માનો કે એકાન્તે અનિત્ય માનો.. આ ફળ તો પરમાર્થથી સમાન રીતે મળે જ છે. તે પણ એટલા માટે કે ભાવથી તો ગુણપ્રકર્ષઅંગેનું બહુમાન જ ફળપ્રદ હોય છે. અને એ તો મુક્તવગેરે બધા પ્રત્યે સમાન રીતે રહેલ જ છે.

આશય એ છે કે સાધકને ઈશ્વરપ્રત્યે બહુમાન જે જાગે છે તે, ઈશ્વરમાં નિત્યતા કે અનિત્યતા... સર્વગતત્વ કે અસર્વગતત્વ... અનાદિશુદ્ધતા કે સાદિશુદ્ધતા.. આ બધું જોવાના કારણે નહીં, પણ ગુણપ્રકર્ષ જોવાના કારણે.. એટલે નિત્યાદિ અંશ બહુમાન પ્રત્યે અકિંચિત્કર છે. વળી ક્લેશ ક્ષય વગેરે રૂપ જે ફળ મળે છે તે તો આ બહુમાનના કારણે જ. એટલે મુક્તિવગેરેને માનનાર તે તે સાધકોને સમાન રીતે બહુમાન હોવાથી સમાનફળ મળે જ છે. પછી નિત્યતા વગેરેનો ભેદ નિષ્પ્રયોજન હોવો સ્પષ્ટ જ છે.

ભારતમાં ઉદ્ભવ પામેલા બધા ધર્મોના પાયો એક સમાન છે. બધા જ આત્મતત્ત્વ માને છે. પછી ભલે એના સ્વરૂપમાં મતભેદ હોય. આ આત્મતત્ત્વને બીજું કંઈક અનાદિકાળથી વળગેલું છે જેના કારણે એનું સંસારભ્રમણ ચાલુ ને ચાલુ છે. આ જે વળગેલું છે એને

યોગસાધના દ્વારા સંપૂર્ણપણે નિર્મૂળ કરી શકાય છે અને એ નિર્મૂળ થાય એટલે આત્માનો મોક્ષ થાય છે. આટલી બાબતમાં બધા ધર્મો એક સમાન છે.

આમાં આત્માને વળગેલ જે છે કે જેના કારણે સંસાર છે તેને કો'કે પ્રકૃતિ નામ આપ્યું છે, કો' કે અવિદ્યા... કો' કે વાસના તો કો'કે કર્મ.. કોઈક દર્શનકાર એને મૂર્ત માને છે, કોઈક અમૂર્ત.. કોઈક એને આત્મગુણરૂપ માને છે તો કોઈક સ્વતંત્ર પુદ્ગલદ્રવ્યરૂપ.. આમ, માત્ર ઈશ્વરમાં જ નામાદિભેદ છે એમ નહીં, કર્મમાં પણ નામાદિભેદ છે. તેમ છતાં, કાલાતીતનું કહેવું છે કે આ નામાદિભેદ અકિંચિત્કર છે. એને કર્મ કહો કે અવિદ્યા કહો કે વાસના કહો કે પ્રકૃતિ કહો.. કશો ફરક પડતો નથી. માત્ર, 'આત્માને અનાદિકાળથી કશુંક વળગેલું છે, એના કારણે સંસાર છે. ને એને યોગસાધનાથી દૂર કરી શકાય છે' આટલી જ વાત મહત્ત્વની છે. ને એ તો બધા સમાનરીતે માને જ છે. વળી, એને મૂર્ત માનો કે અમૂર્ત માનો.. યોગસાધનાથી એનો ક્ષય થવારૂપ જે ફળ મળે છે, એમાં કશો ફરક પડતો નથી. પછી એનું વિશેષ સ્વરૂપ કેવું છે ? એની ઝંઝટમાં પડવાની શી જરૂર છે ? મૂર્તત્વવગેરે વાતો નથી યોગસાધનામાં પ્રતિબંધક બનતી કે નથી યોગસાધનાથી મળનારા ક્લેશક્ષયરૂપ ફળમાં પ્રતિબંધક બનતી.

તેથી તેના ભેદનું=વિવિધ માન્યતાઓનું જે નિરૂપણ કરવું એ અસ્થાન પ્રયાસ છે. વળી અનુમાનનો વિષય સામાન્ય મનાયેલો છે. એટલે અનુમાનથી પણ કોઈક અતીન્દ્રિય કર્મ સિદ્ધ થશે, પણ એમાં કેવી કેવી કેટલી કેટલી વિશેષતાઓ હોય છે એ નહીં. પછી એની મહેનત શું કરવી ?

આ અંગેની વિશેષ વાત આગામી લેખમાં જોઈશું.

❖ ❖ ❖

## લેખાંક ૯૧

કાલાતીત નામના વિદ્વાન્‌નો મત આપણે વિચારી રહ્યા છીએ. ઈશ્વર અને કર્મ.. આ બન્નેની મહત્ત્વની-સાધના માટે ઉપયોગી જે વાત છે એને તો બધા જ ધર્મો સમાન રીતે માને છે. પછી તે તે દર્શને માનેલા ઈશ્વરોમાં કે કર્મમાં શું શું વિશેષતાઓ છે ? એ જાણવાનો પ્રયાસ એ અસ્થાનપ્રયાસ છે.

બીજને અંકુરિત થવા માટે ફલદ્રૂપભૂમિ એ સ્થાન છે. ઉખરભૂમિ એ અસ્થાન છે. ઉખરભૂમિમાં બીજને અંકુરિત કરવાનો પ્રયાસ જેમ ફોગટ છે. એમ પ્રસ્તુતમાં વિશેષોને જાણવાનો પ્રયાસ ફોગટ છે. વળી ધુમાડાથી અગ્નિતરીકે અગ્નિનું અનુમાન થઈ શકે છે, પણ એ લાલ-પીળી-ભૂરી-નાની-મોટી કેવી જ્વાળાઓવાળો છે વગેરે વિશેષો જાણી શકાતા નથી. એટલે જણાય છે કે અનુમાનનો વિષય સામાન્ય હોય છે, વિશેષ નહીં. પ્રસ્તુતમાં દેવ પ્રત્યક્ષનો વિષય ન હોવાથી અનુમાન કરવાનું છે, તેથી એ અનુમાન દ્વારા દેવતરીકે (કે ગુણપ્રકર્ષવાન્ તરીકે) દેવ જણાશે. એના બધા વિશેષો જણાવાના છે જ નહીં, એટલે દેવમાં રહેલા (એમ ક્લેશમાં રહેલા) બધા વિશેષોનો નિશ્ચય જ્યારે શક્ય જ નથી, અને એ વિશેષોનો નિશ્ચય થાય તો પણ કશો ફરક પડતો નથી. તો એ નિશ્ચય કરવાનો પ્રયાસ અસ્થાનપ્રયાસ ઠરે જ. આમ 'આ (ક્લેશ) સંસારનું કારણ છે' આટલા માત્ર જ્ઞાનથી એને દૂર કરવા માટે ગુણવાન્ પુરુષવિશેષની આરાધના કરવી, એનાં વિશેષોનો વિચાર કરવા બેસવું એ નિષ્પ્રયોજન છે... આવો કાલાતીતનો મત નિશ્ચિત થયો.

જે સાધકો વિશેષનો વિચાર કરવા માટે અસમર્થ છે. તેઓના સ્વાગ્રહને દૂર કરવા સામાન્ય યોગની પ્રવૃત્તિ માટે અમને પણ આ મત માન્ય છે. પણ તે સિવાયના અભિનિવેશશૂન્ય વિદ્વાન્ સાધક

શાસ્ત્રાનુસારે વિશેષનો વિચાર કરે એ પણ અમને માન્ય છે. કારણકે એ વિચાર ભગવાનની વિશિષ્ટ ઉપાસનારૂપ હોવાથી અશ્રદ્ધાની મલિનતાને ધોવા દ્વારા તત્ત્વજ્ઞાન ગર્ભિત વૈરાગ્ય માટે સંજીવની ઔષધ જેવો હોવાના કારણે વિશિષ્ટ નિર્જરાનો હેતુ છે. માટે વિશેષનો વિચાર સર્વથા નિષ્ફળ નથી.

જેમ યોગની પૂર્વસેવામાં આદિધાર્મિકને દેવમાં રહેલી વિશેષતાઓનો બોધ હોતો નથી. એ બોધની ભૂમિકા હોતી નથી, ત્યાં સુધી જ સર્વદેવનમસ્કાર વગેરે હોય છે. ને એમાં શ્રી અરિહંતને નમસ્કારાદિ હોય તો પણ એ સામાન્ય ભક્તિ રૂપ જ બની રહે છે. શ્રી અરિહંતમાં રહેલી વિશેષતાઓ જાણ્યા પછી જ વિશિષ્ટ ભક્તિ ઉલ્લસિત થાય છે. એમ પ્રસ્તુતમાં પણ શ્રી અરિહંતમાં રહેલી વિશેષતાઓનો બોધ કરવામાં જે સમર્થ નથી એને જ, જો અભિનિવેશ ન હોય તો દેવતરીકે કોઈપણ દેવસામાન્યની ભક્તિસામાન્ય યોગસાધનારૂપ બની શકે છે ને સામાન્ય ક્લેશક્ષય કરી શકે છે. પણ જે આ વિશેષતાઓને જાણવા માટે સમર્થ છે. ને (અન્યદેવોમાં વિશેષતાઓ જોવા ન મળવા પર જે દ્વેષ પેદા કરાવે એવો)જેને કદાગ્રહ છે નહીં એવો સાધક જો ધર્મવાદથી પરીક્ષા કરી વાસ્તવિક દેવની, અન્યદેવોમાં જોવા ન મળતી વિશેષતાઓનો નિશ્ચય કરે તો વાસ્તવિક દેવ પ્રત્યે અપૂર્વ ભક્તિ ઉલ્લસિત થવાના કારણે વિશિષ્ટ સેવા કરી શકે છે, જે વિશિષ્ટ ક્લેશક્ષયરૂપ વિશિષ્ટફળ આપનાર બને છે. પછી એવો જીવ વિશેષતાઓને શા માટે ન જાણે?

**શંકા :** પણ, વિશેષોને જાણવાનો પ્રયાસ નિરર્થક છે એ વાત ૨૦મી ગાથામાં કાલાતીત મતે ચાર હેતુઓ દર્શાવીને જણાવી જ છે ને!

**સમાધાન :** એ હેતુઓ ઉચિત નથી.. તે આ રીતે- બધા જ વિશેષોનું સંપૂર્ણજ્ઞાન છદ્મસ્થના પ્રત્યક્ષથી શક્ય નથી... આવો જે

પ્રથમહેતુ છે એમાં-બધા વિશેષોનું જ્ઞાન શક્ય નથી. એ બરાબર. પણ વાસ્તવિક દેવત્વનો નિશ્ચય કરાવી આપે એવા કેટલાક વિશેષોનો નિશ્ચય તો ચોક્કસ શક્ય છે. પ્રભુના કાળના માનવો પ્રભુના અષ્ટમહાપ્રતિહાર્ય વગેરે જોઈને એ નિશ્ચય કરી જ શકે છે.

**શંકા :** પ્રતિહાર્ય તો કોઈ માયાવી પણ માયારૂપે દેખાડી શકે છે. વળી જેઓ પ્રભુના કાળમાં નથી એવા આપણા બધા માટે શું?

**સમાધાન :** માયાની સંભાવના અત્યલ્પ છે. છતાં છેવટે અનુમાન તો છે જ.

**શંકા :** અનુમાનમાં તો અસિદ્ધિ વગેરે હેત્વાભાસ ચારમાંના બીજા હેતુમાં કહ્યા જ છે ને!

**સમાધાન :** તો શું તમે ધૂમથી અગ્નિનું અનુમાન પણ માનતા નથી ?

**શંકા :** એમાં તો નિર્દોષ હેતુ મળે છે, માટે માનીએ છીએ.

**સમાધાન :** તો, આમાં પણ નિર્દોષ હેતુ મળે જ છે. ને 'યથાર્થવાદિતા' આ એવો હેતુ છે જે છદ્મસ્થો જાણી શકે છે. ને એ અસિદ્ધિ વગેરે કોઈ દોષથી દુષ્ટ નથી.

**શંકા :** પણ કોઈ દર્શનકાર ઈશ્વરને અનુમાનથી અનાદિશુદ્ધ સિદ્ધ કરે છે, કોઈક સાદિશુદ્ધ... આમ પરસ્પર વિરોધ છે.

**સમાધાન :** એમ તો તમે 'પર્વત પર આગ છે' એવું અનુમાન કરશો ત્યારે પણ કોઈ વિરુદ્ધવાત કરશે કે 'પર્વત પર આગ નથી' તો શું તમે તમારું અનુમાન પડતું મૂકશો ?

**શંકા :** ના, એમના અનુમાનમાં દોષ બતાવીને અમારું અનુમાન સિદ્ધ કરીશું.

**સમાધાન :** આ વાત તો અમારે પણ શક્ય જ છે, ને એ અન્ય ગ્રન્થોમાં કરી જ દેખાડી છે.

**શંકા :** પણ અનુમાનનો વિષય તો સામાન્ય જ છે, વિશેષ છે જ નહીં.. પછી એનો પ્રયાસ શું ?

**સમાધાન :** અગ્નિ, અગ્નિ તરીકે સામાન્ય છે, એના તાર્ણત્વ-પાર્ણત્વ વગેરે વિશેષો અનુમાનથી જાણી શકાતા નથી, એ બરાબર. છતાં અનગ્નિથી વિશેષરૂપે (=ભિન્નરૂપે) તો એ જણાય જ છે ને. એમ અનુમાનથી, દેવનો અદેવથી વિશેષરૂપે નિશ્ચય થઈ જ શકે છે ને! ને એ માટે જ અભિપ્રેત અનુમાન છે. 'બાકીના બધા અદેવ છે, શ્રીઅરિહંત જ દેવ છે...' આ નિશ્ચય થવાથી જ વિશિષ્ટ ભક્તિ ઉલ્લસે છે.

**શંકા :** પણ અમે ૨૦મી ગાથામાં જણાવ્યું છે એમ વિશેષ જાણો કે ન જાણો, ફળમાં કોઈ ભેદ પડતો નથી.

**સમાધાન :** હા, તમે ફળાભેદાદ્ હેતુ આપ્યો છે ખરો. પણ એ અસિદ્ધ છે, કારણકે જ્યાં સુધી શ્રી અરિહંતમાં યથાર્થવાદિત્વ વગેરે વિશેષ ગુણોની પ્રતીતિ નથી કરી ત્યાં સુધી અનભિનિવેશપણે થતી એમની કે બુદ્ધાદિની ભક્તિ 'સામાન્ય' કક્ષાની જ રહેવાથી સમાન રીતે સામાન્ય ફળ આપનારી ભલે હોય. પણ એ વિશેષગુણોની પ્રતીતિ થવાથી ઉલ્લસતી ભક્તિ અત્યંત વિશિષ્ટ હોવાથી અત્યંત વિશિષ્ટ ફળ આપનારી બને જ છે. જ્યાં સુધી શ્રી અરિહંત પરમાત્મામાં રહેલી વીતરાગતા, સર્વજ્ઞતા, યથાર્થવાદિતા. વગેરે વિશેષતાઓનો નિર્ણય છે નહીં, ત્યાં સુધી 'આ જ સાચા ભગવાન્... બાકીના બધા ખોટા..' આવો કદાગ્રહ જાગે નહીં.. ને જાગ્યો હોય તો દૂર થઈ જાય એ માટે કાલાતીતનો મત યુક્તિસંગત છે, અમને પણ એ માન્ય છે એમ શ્રીહરિભદ્રસૂરિ મહારાજે યોગબિન્દુગ્રન્થમાં જણાવ્યું છે. તેઓશ્રીએ જણાવ્યું છે કે શાસ્ત્રાનુસારી તર્કથી અર્થનો=વસ્તુસ્વરૂપનો

નિશ્ચય થઈ જાય, પછી નામમાત્રનો ઝગડો રાખવો એ યોગમાર્ગનો વિરોધી છે. પણ ધર્મવાદથી જો વિશેષનો વિચાર કરવામાં આવે તો એ કાંઈ યોગમાર્ગનો વિરોધી નથી. આશય એ છે કે ઈશ્વર, કર્મ વગેરે અતીન્દ્રિય તત્ત્વો છે. એટલે એના સ્વરૂપ વગેરેને જાણવા માટે શાસ્ત્રો પર જ મદાર રાખવો પડે છે. તે તે દર્શનના ગ્રન્થમાં સ્વ-સ્વ ઈષ્ટ ઈશ્વરના સ્વરૂપનું વર્ણન મળે જ છે. માધ્યસ્થ્યપૂર્વક એની પરીક્ષા કરવાની ક્ષમતા ન હોવાથી એ કરી નથી, ને છતાં 'અમુક ભગવાન્ જ વાસ્તવિક દેવ.. બાકીના અદેવ' એવો આગ્રહ રાખવો એ કદાગ્રહરૂપ જ હોય એ સ્પષ્ટ છે. એટલે અપરીક્ષાની એ અવસ્થામાં તો 'બધા સમાનરીતે દેવ છે, ને બધાની ભક્તિ સમાન ફળ આપનાર છે' વગેરે માનવાથી એ કદાગ્રહ ઊભો રહી શકે જ નહીં એ સ્પષ્ટ છે.

પણ શાસ્ત્રાનુસારી તર્કથી=શાસ્ત્રમાં કહેલ પરીક્ષાની પદ્ધતિથી મધ્યસ્થપણે પરીક્ષા કરી અને પરમાર્થથી કયા દેવ અને કયા દેવ નહીં એ નિશ્ચય થઈ ગયો, પછી શ્રીઅરિહંત કે બુદ્ધ કે મુક્ત.. આવો નામમાત્રનો પ્રશ્ન રહેતો નથી. (એ જો રહે તો તો અભિનિવેશ જ છે). પણ વસ્તુસ્વરૂપનો પ્રશ્ન ઊભો થઈ ગયો છે. નામમાત્રનો ઝઘડો જરૂર યોગનો પ્રતિબંધક છે, પણ ધર્મવાદથી આ પરીક્ષા કરવી એ કાંઈ પ્રતિબંધક નથી. એ તો અધિક ભક્તિ ઉલ્લસિત કરવા દ્વારા યોગસાધનાનો પ્રબળ ઉત્તેજક છે.

આમ કાલાતીતનો મત કઈ ભૂમિકા સુધી ઉચિત છે, કઈ ભૂમિકામાં ઉચિત નથી.. એનો વાસ્તવિક નિર્ણય થાય છે. આ ઐદંપર્ય છે. એ શોધવું એ જ સાચી પંડિતાઈ છે. વળી આ ઐદંપર્ય શોધવામાં તો એ પણ નિશ્ચિત થાય છે કે ઈશ્વર અને પ્રકૃતિ.. બન્ને પરિણામી છે. તે એટલા માટે કે તમે એવું માન્યું છે કે જીવો અંગે કાળભેદે ઈશ્વર તેવો તેવો અનુગ્રહ કરે છે ને પ્રધાનતત્ત્વ તેવી તેવી

પ્રવૃત્તિવાળું બને છે. હવે, આવું જ જો માનવાનું છે. તો નિત્ય એકરૂપતા=કૂટસ્થનિત્યતા ન રહેવાથી એ બન્ને પરિણામી હોવા સિદ્ધ થઈ જ ગયા. એટલે આત્માઓનો અનુગ્રાહ્યત્વસ્વભાવ અને પ્રકૃતિનો નિવૃત્તઅધિકારત્વ સ્વભાવ નિશ્ચિત થયે ઈશ્વરનો પણ સમાન ન્યાયે અનુગ્રાહકત્વસ્વભાવ સિદ્ધ થશે જ. અને એ થશે તો અધિકૃત તીર્થંકરત્વ વગેરે રૂપ વિશેષ પણ સિદ્ધ થશે જ.'

અલબત્ જન્માંધ વ્યક્તિને 'આ વસ્તુ કાળી છે' 'આ વસ્તુ ધોળી છે' વગેરે રીતે રૂપનો બોધ થવો શક્ય નથી, એમ અતીન્દ્રિય વસ્તુઓ છદ્મસ્થ જીવો માટે અવિષય છે. તેમ છતાં અંધ વ્યક્તિ પણ હાથથી સ્પર્શ કરીને 'આ વસ્તુ લીસી છે' 'આ વસ્તુ ખરબચડી છે' વગેરે બોધ કરી જ શકે છે. એમ છદ્મસ્થ જીવો પણ શાસ્ત્રવચનો પરથી અતીન્દ્રિય એવા આત્માવગેરેનો કંઈક બોધ તો કરી જ શકે છે. માટે જ શાસ્ત્રને હસ્તસ્પર્શસમાન કહ્યું છે. અલબત્ આંખની સામે રહેલા અગ્નિના પ્રત્યક્ષબોધની અપેક્ષાએ 'અગ્નિ' શબ્દ સાંભળીને થતો બોધ બહુ છીછરો હોય છે એ અનુભવસિદ્ધ છે. એમ શાસ્ત્રપરથી થતો આત્મબોધ પણ બહુ જ અલ્પ માત્રામાં હોય છે. પણ આત્મબોધ માટે બીજો કોઈ ઉપાય છે નહીં, અને અલ્પ હોવા છતાં જરૂરી બોધ શાસ્ત્રપરથી પણ મેળવી શકાય છે, જેમકે ચન્દ્રગ્રહણ વગેરેનો બોધ.

આશય એ છે કે ચન્દ્રગ્રહણ વગેરે અંગેની બધી જ વિશેષ વાતો તો સર્વજ્ઞ વિના કોણ જાણી શકે? તેમ છતાં આપણને ઉપયોગી બને એવી 'ચન્દ્રગ્રહણ ક્યારે થશે ? ક્યાં થશે ? કેટલા કાળ માટે થશે ? કેટલા પ્રમાણમાં થશે ?' વગેરે વિશેષ વાતો શાસ્ત્ર પરથી જાણી શકાય છે જ. એ જ રીતે દેવતત્ત્વ વગેરે અતીન્દ્રિય વસ્તુઓની બધી જ વિશેષ વાતો શાસ્ત્રપરથી જાણવી અશક્ય હોવા છતાં 'શ્રી વર્ધમાન એ સાચા દેવ છે' વગેરે વિશેષતાઓ જાણવી અશક્ય નથી.

ને સાધકને સાધનામાટે આટલી જાણકારી પણ પર્યાપ્ત બની જ શકે છે. પછી માત્ર અલ્પબોધના નામપર શાસ્ત્રને અવગણવામાં શું ડહાપણ ?

જો કે શબ્દોની ઘણી મર્યાદા હોય છે. સંદર્ભ બદલાય તો એના એ જ વાક્યનો અર્થ બદલાઈ જાય છે. બોલવાની ઢબ બદલાય (કાકુપાઠ) તો પણ અર્થ બદલાઈ જતો હોય છે. નાનાર્થક શબ્દો તો અનેક અર્થને જણાવતા હોય જ છે. આવા બધા કારણોએ શબ્દપરથી થતો સીધો શબ્દબોધ અસ્પષ્ટ હોય છે. તેથી એના પરથી અભ્રાન્ત નિશ્ચય કરવા માટે માધ્યસ્થ્ય રાખીને તર્કપૂર્ણ વિચારણા કરવી જરૂરી બનતી હોય છે. તર્કપૂર્ણ એટલા માટે કે પ્રમાણથી યથાર્થ નિશ્ચય કરવામાં તર્ક સહાયક છે. તે પણ એટલા માટે કે એનાથી જ વાસ્તવિક ઐદંપર્યાર્થ સુધી પહોંચી શકાય છે. આ ઐદંપર્યાર્થરૂપે મળતો બોધ પ્રાયઃ સ્પષ્ટ નિર્ણયરૂપ હોય છે, કારણકે તર્ક બધી અસ્પષ્ટતાઓને દૂર કરનારો છે. અલબત્ આ વિચારણા માટે માધ્યસ્થ્ય એ પાયાની શરત છે. એ જો ન હોય તો, એટલે કે બુદ્ધિમાં કંઈપણ કદાગ્રહ રૂપે બેસી ગયું હોય તો અભ્રાન્ત અર્થ-નિશ્ચય સુધીની મંઝિલ પર પહોંચવા માટે તર્ક સ્વતંત્ર રહેતો નથી. કદાગ્રહી બુદ્ધિ એને પોતાના તરફ તાણ્યા જ કરે છે. એટલે કે હવે બુદ્ધિ તર્કને નથી અનુસરતી, પણ તર્ક બુદ્ધિને અનુસરે છે.

આવી પરિસ્થિતિમાં સીધા-સુતર્કથી પોતાની વાત સિદ્ધ ન થાય ત્યારે બુદ્ધિ કુતર્કો ઊભા કરે છે. આ માટે કંઈક ધમપછાડા કરે છે. જો કે કુતર્ક એ કુતર્ક જ છે. એ ક્યારેય સુતર્ક બની શકતો નથી કે વાસ્તવિકતાનો નિશ્ચય કરાવી શકતો નથી. માત્ર, કુતર્કમાં રહેલા દોષને પકડવાની ક્ષમતા જોઈએ. દરેક કુતર્કમાં આવો કોઈ ને કોઈ દોષ રહ્યો જ હોય છે. (દોષ રહ્યો છે, માટે તો કુતર્ક છે.) આ દોષ પકડાઈ જાય એટલે પછી એ કુતર્ક તૂટી પડે છે. પોતાનો કુતર્ક તૂટી

પડે ત્યારે પણ બુદ્ધિ પેલા કદાગ્રહની પકડમાંથી પ્રાયઃ છૂટી શકતી નથી, અને તેથી શાસ્ત્રપાઠ સાથે ચેડાં કરવા વગેરે કંઈક ગરબડ કરાવે છે.

વળી કેટલાક મહાનુભાવો કુતર્કના આવા ધમપછાડા જોઈને.. તથા સુતર્ક અને કુતર્ક વચ્ચેનો ભેદ ન પકડી શકવાથી.. તર્કમાત્રને આડે હાથ લઈ લેતા હોય છે. તર્કમાં પડવાનું જ નહીં.. નાહક ઝગડા થાય. રાગ-દ્વેષ થાય... અરે ભાઈ ! 'રાગ-દ્વેષ થાય, માટે તર્કમાં પડવું નહીં' આ પણ એક તર્ક જ છે ને ! તર્ક વિના કાંઈ ચાલે એમ છે ? 'કોના પર શ્રદ્ધા કરવી અને કોના પર ન કરવી?' એ નિર્ણય પણ તર્કના સહારે કરવામાં ન આવે તો મોટી ભ્રમણા બની રહેવાની સંભાવના રહે છે. એટલે કે શ્રદ્ધાના મૂળમાં પણ તર્ક જ છે. 'તું બહુ ડાહ્યો છે...' આ વાક્ય ડહાપણને જણાવે કે ગાંડપણને? આ નિર્ણય તર્કની સહાય વિના શી રીતે શક્ય છે?

ટૂંકમાં, તત્ત્વનો=સાચા-ખોટાનો વાસ્તવિક નિર્ણય કરવાના ઇચ્છુકે તર્કની સૂગ રાખવી ન જોઈએ. વ્યાસઋષિએ પણ કહ્યું છે કે-

*મનુ વગેરે ઋષિઓના વચનો તથા ધર્મોપદેશ.. આ બન્ને પર શાસ્ત્રને વિરોધી ન હોય એવા તર્ક દ્વારા વિચાર વિમર્શ કરવો જોઈએ. તો જ ધર્મનો યથાર્થ રહસ્યાર્થ મળી શકે છે.* એટલે કે આ રીતે વિચારવિમર્શ કરનાર જ ધર્મને વાસ્તવિક રીતે જાણી શકે છે.

દૃષ્ટ એટલે પ્રત્યક્ષથી નિશ્ચિત થતી વાતો.. ઇષ્ટ એટલે અનુમાનાદિથી નિશ્ચિત થતી વાતો.. આ બેને જે વિરોધી હોય એ શાસ્ત્ર પ્રમાણભૂત જ નથી. માટે એ બેને અવિરોધી શાસ્ત્રને અનુસરવાની અહીં વાત છે. વળી વૈદક શાસ્ત્રમાં, અમુક પરિસ્થિતિમાં જેનો નિષેધ થયો હોય એનો જ અન્ય પરિસ્થિતિમાં ઉપયોગ કરવાનું પણ જણાવાતું હોય છે. એમ શાસ્ત્રવચનોનો પણ યથાર્થ વિભાગ

કરીને પછી વિરોધ-અવિરોધ વિચારવાના રહે છે. તેથી ઉત્સર્ગના સ્થાને જે વિરુદ્ધ હોય એ અપવાદ સ્થળે અવિરુદ્ધ પણ બની જાય. એમ અપવાદસ્થળે જે વિરુદ્ધ હોય તે ઉત્સર્ગ સ્થળે અવિરુદ્ધ પણ હોય શકે. આ જ રીતે નિશ્ચય-વ્યવહારનયની દૃષ્ટિએ પણ જાણવું.

એટલે શાસ્ત્રવચનો પર વિચાર કરતી વેળા ઉત્સર્ગ-અપવાદ, નિશ્ચય-વ્યવહાર.. આ બધાનો ખ્યાલ રાખવાનો હોય છે. ટૂંકમાં શાસ્ત્રને અવિરોધી તર્ક દ્વારા સ્યાદ્વાદ સંગત થાય એ રીતે શાસ્ત્રવચનો પર ઊંડો વિચાર કરીને ક્યારે કેવું આચરણ કરવું- કેવું ન કરવું ? એનો નિશ્ચય કરવો જોઈએ. આ રીતના નિશ્ચયપૂર્વક એને અનુસરતું આચરણ કરવું એ જ ઈશ્વરનો અનુગ્રહ છે. એમ અમે (જૈનો) કહીએ છીએ.

**શંકા :** આ આચરણ તો આપણો પુરુષાર્થ છે, ભગવાને શું આપ્યું ?

**સમાધાન :** પ્રભુએ જે આપવા જેવું છે એ જ્ઞાન-દર્શન-ચારિત્રરૂપી મોક્ષમાર્ગ તો યોગ્ય જીવોને આપી જ દીધો છે, એટલે પ્રભુએ હવે કશું આપવાનું રહેતું નથી.

**શંકા :** પ્રભુજી ! માગું તમારી પાસ, મારી પૂરી કરજો આશ... માંગી માંગીને માંગુ છું દાદા ! એટલું... મને આવતો જનમ એવો આપજે.. આવી પ્રાર્થના કરીએ તો પ્રભુ આપણને આ બધું આવતા જનમમાં આપે એ પ્રભુનો અનુગ્રહ !

**સમાધાન :** શાસ્ત્રમાં કહ્યું છે કે મળેલી બોધિને - ધર્મસાધનાની સામગ્રીને હે જીવ ! તું સફળ નથી કરતો અને પરલોકમાં ફરીથી એ મળે એથી પ્રાર્થના કરે છે, તો તું એ ફરીથી પરલોકમાં કયા મૂલ્યથી મેળવી શકીશ ! અર્થાત્ તને નહીં મળે. આશય એ છે કે જેણે શક્ય તપ-ત્યાગ-સાધના કશું કરવું નથી, ને પ્રભુ ! તું અનુગ્રહ

કર ! તું અનુગ્રહ કર ! એની યાચના જ કર્યા કરવી છે એને પ્રભુની કૃપા મળતી નથી. પણ પ્રભુ પ્રત્યેની શ્રદ્ધાપૂર્વક જે શક્ય સાધના કરે છે એને ઉત્તરોત્તર સાધનાની સામગ્રી-ઉલ્લાસદ્વારા ઉત્તરોત્તર સાધના કરવી.. વગેરેરૂપે પ્રભુનો અનુગ્રહ મળ્યા જ કરે છે. એટલે 'હું સાધના કરતો રહું એ જ પ્રભુનો અનુગ્રહ છે...' એમ માનીને સાધકે પ્રભુના ગુણોના અનુરાગપૂર્વક પરમાનંદથી જિનોક્ત આરાધના કરતા રહેવું જોઈએ. આ જ ઈશાનુગ્રહ છે.

આ પ્રમાણે ઈશાનુગ્રહવિચારદ્વાત્રિંશિકાની વિચારણા પૂર્ણ થઈ.

❖ ❖ ❖

## લેખાંક ૯૨

યોગપૂર્વસેવાના અધિકારની પ્રાપ્તિ મુક્તિ અદ્વેષના ક્રમે થાય છે એ વાત તેરમી મુક્તિઅદ્વેષ પ્રાધાન્ય દ્વાત્રિંશિકામાં કરેલી. યોગના અધિકારી જીવોમાં સહુ પ્રથમ અપુનર્બન્ધક છે.. એનું વિસ્તૃત વર્ણન ચૌદમી અપુનર્બન્ધક દ્વાત્રિંશિકામાં કર્યું. તથા એના અધિકારી જીવોમાં બીજો અધિકારી છે સમ્યગ્દૃષ્ટિ જીવ. એટલે એનું નિરૂપણ પંદરમી સમ્યગ્દૃષ્ટિ દ્વાત્રિંશિકામાં કર્યું. અલબત્ અપુનર્બન્ધકપણું કાળક્રમે ચરમાવર્તપ્રવેશે પ્રાપ્ત થઈ જાય છે. પણ સમ્યગ્દૃષ્ટિપણું કાંઈ એ રીતે કાળક્રમે પ્રાપ્ત થઈ જતું નથી. તો એ શી રીતે પ્રાપ્ત થાય ? આ પ્રશ્ન ઊભો થાય છે. કેટલાક માને છે કે એ ઈશાનુગ્રહથી પ્રાપ્ત થાય છે. એટલે સોળમી બત્રીશીમાં ઈશાનુગ્રહનો વિચાર કર્યો. બીજા કેટલાક કહે છે કે એ દૈવથી (=ભાગ્યથી) પ્રાપ્ત થાય છે અને વળી અન્ય કેટલાક કહે છે કે એ પુરુષકારથી (જીવના પુરુષાર્થથી) પ્રાપ્ત થાય છે. એટલે હવે સત્તરમી બત્રીશીમાં દૈવ-પુરુષકારનો વિચાર કરવામાં આવે છે.

*સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રાણિ મોક્ષમાર્ગઃ...* આ મોક્ષમાર્ગ એ જ યોગ છે. એના ઘટકરૂપ સમ્યગ્દર્શન વગેરેની યોગ-ક્ષેમાત્મક સિદ્ધિમાં જિનાજ્ઞાપાલનરૂપ આર્થવ્યાપારાત્મક ઈશાનુગ્રહ અલબત્ માન્ય જ છે, પણ જે રીતે પાતંજલ વિદ્વાનો એકાન્તે મહેશાનુગ્રહથી જ એ માને છે એ જ માન્ય ન હોવાથી એનું સોળમી બત્રશીમાં નિરાકરણ કર્યું છે. એમ યોગની સિદ્ધિમાં દૈવ અને પુરુષકાર બન્ને માન્ય છે જ. પણ એકાન્તે દૈવથી જ કે એકાન્તે પુરુષકારથી જ જે અહીં સિદ્ધિ મનાય છે તે માન્ય નથી. તો એ કઈ રીતે માન્ય બને છે ? એનો વિચાર કરવામાં આવશે.

તાત્ત્વિક રીતે દેવ અને પુરુષકાર આ બન્ને તુલ્ય છે. અર્થાત્ વિવક્ષિત એક કાર્ય કરવામાં જેવી દૈવની પ્રધાનતા છે એવી જ પુરુષાર્થની પ્રધાનતા છે. કારણ કે બન્ને એક બીજાનો સહકાર પામીને જ વિવક્ષિત કાર્ય કરી આપે છે. આમાં દૈવ એ કર્મસ્વરૂપ છે અને પુરુષાર્થ એ આત્મવીર્યસ્વરુપ છે. દૈવ સ્વરૂપયોગ્યતાનું ઘટક છે. જ્યારે પુરુષાર્થ સહકારીયોગ્યતાનો ઘટક છે. આશય એ છે કે ત્રસનામકર્મ, પંચેન્દ્રિય જાતિનામકર્મ, મનુષ્યગતિનામકર્મ.. આ બધી જીવવિપાકી કર્મપ્રકૃતિઓ છે. એ પ્રકૃતિઓનો ઉદય જીવને એવું સ્વરૂપ બક્ષે છે કે જેથી એમાં સમ્યગ્દર્શન-જ્ઞાન- ચારિત્રરૂપી યોગની સિદ્ધિ થઈ શકે. માટે દૈવ સ્વરૂપયોગ્યતાનું ઘટક છે. હવે આવી સ્વરૂપયોગ્યતા તો અબજો માનવીઓને મળી છે. પણ યોગ્ય પુરુષાર્થરૂપી સહકારી જેમને મળે છે તેઓને જ યોગમાર્ગની સિદ્ધિ થાય છે. તેથી પુરુષાર્થ એ સહકારીયોગ્યતાનો ઘટક છે.

હવે, અચરમાવર્તવર્તી જીવ સર્વવિરતિને ઉચિત બધી જ ક્રિયાઓનો પુરુષાર્થ કરે છે છતાં એને યોગમાર્ગ સિદ્ધ થતો નથી. એ જણાવે છે કે દૈવ અનુકૂળ નથી. દેશોન અર્ધપુદ્ગલ પરાવર્તમાં આવી ગયેલા જીવોને દૈવ અનુકૂળ હોવા છતાં જ્યાં સુધી જીવ પુરુષાર્થ કરતો

નથી ત્યાં સુધી યોગમાર્ગ સિદ્ધ થતો નથી. એ જણાવે છે કે પુરુષાર્થ અનુકૂળ નથી. એટલે નિશ્ચિત થાય છે કે બન્ને અનુકૂળ થાય તો જ યોગમાર્ગની સિદ્ધિ થાય છે. માટે બન્ને તુલ્ય બળવાળા છે. આ બાબતમાં નિશ્ચયનય અને વ્યવહારનયથી વિચાર કરવાનો છે.

આમાં પ્રથમ નિશ્ચયનયની વિચારણા ગ્રન્થકારે કરી છે, કારણ કે વ્યવહારનયની વિચારણાની આપેક્ષાએ એની વિચારણા અલ્પ હોવાથી સૂચિકટાહ ન્યાય લાગે છે ! જેમ સૂચિ એટલે સોય. કટાહ એટલે કઢાઈ.. આ બન્ને કરવાના હોય ત્યારે લુહાર પહેલાં સોય બનાવી આપે છે, કારણ કે અલ્પ પ્રયાસનું કામ છે ને પછી શાંતિથી કઢાઈ બનાવે છે. એમ અલ્પ વિચારણાવાળા નિશ્ચયની વાત પહેલાં કરી પછી વ્યવહારનયની વાત કરવી એ સૂચિકટાહ ન્યાય છે.)

દૈવની સ્વકર્મ સંજ્ઞા છે. પુરુષાર્થની સ્વઉદ્યમ સંજ્ઞા છે. નિશ્ચયનય એમ કહે છે કે આ બન્ને અન્યોન્ય નિરપેક્ષ છે. આશય એ છે કે નિશ્ચયનય સાંશતા માનતો નથી. પણ નિરંશતા માને છે. એટલે જ ભાષાને ક્યાં તો સત્ય જ માને છે ને ક્યાં તો અસત્ય જ માને છે, પણ એક અંશમાં સત્ય, અન્ય અંશમાં અસત્ય એમ સત્યાસત્ય.. વગેરે માનતો નથી. એમ પ્રસ્તુતમાં જે કર્મથી થયું છે એ કર્મથી જ થયું છે, ત્યાં પુરુષાર્થની કોઈ અપેક્ષા નથી. એમ જે કાર્ય પુરુષાર્થથી થયું છે એ પુરુષાર્થથી જ થયું છે, ત્યાં કર્મની કોઈ અપેક્ષા નથી. કોઈ કાર્ય એવું હોતું નથી કે જ અંશે કર્મથી થયું હોય ને અંશે પુરુષાર્થથી થયું હોય. કારણકે અંશ જેવી ચીજ જ નથી. આવું નિશ્ચય નય માને છે.

**પ્રશ્ન :** નિશ્ચયનયની આવી માન્યતામાં શું યુક્તિ છે ?

**ઉત્તર :** ન્યાય સંગ્રહમાં ૨૮મો ન્યાય આવો દર્શાવ્યો છે કે सापेक्षमसमर्थम् આનો અર્થ એ છે કે જે સાપેક્ષ હોય તે અસમર્થ હોય છે. આશય એ છે કે જે ચાલવા માટે સમર્થ છે એને લાકડીની શું

અપેક્ષા ? એને જો લાકડીની અપેક્ષા છે તો એ સૂચવે છે કે એ વ્યક્તિ સ્વયં ચાલવા માટે અસમર્થ છે. એમ પ્રસ્તુતમાં, વિવક્ષિત કાર્યને કરવા માટે જો કર્મ સમર્થ છે, તો એને પુરુષાર્થની શું અપેક્ષા ? એ સ્વયં કાર્ય કરી જ દેશે. એને જો પુરુષાર્થની અપેક્ષા છે તો એનો અર્થ એ જ થાય કે એ સ્વયં અસમર્થ છે, અર્થાત્ અકારણ છે. એ જ રીતે અન્ય જે કાર્ય પુરુષાર્થજન્ય હોય છે તે કાર્ય કરવા માટે પુરુષાર્થ જો સમર્થ છે તો એને કર્મની શી જરૂર ? અને કર્મની જો એને અપેક્ષા છે તો એનો અર્થ એ થાય કે એ સ્વયં એ કાર્ય કરવા માટે સમર્થ નથી. તેથી કારણ નથી. આવી આપત્તિ ન આવે એ માટે માનવું જોઈએ કે જ્યારે કર્મ કે પુરુષાર્થ જે વિવક્ષિત કાર્યને કરે છે તે સ્વયં અન્યની અપેક્ષા રાખ્યા વિના જ કરે છે, પછી ભલે ને એ વખતે એ અન્ય હાજર પણ હોય. એટલે કે દૈવજન્ય કાર્ય પ્રત્યે દૈવ જ કારણ તરીકે માન્ય છે ને પુરુષાર્થજન્ય કાર્ય પ્રત્યે પુરુષાર્થ જ કારણ તરીકે માન્ય છે. આ પણ એટલા માટે કે સર્વત્ર કુર્વદ્રૂપ જ કારણ હોય છે.

આશય એ છે કે તે તે વસ્તુના અનેક સ્વરૂપ હોય છે. એમાંથી જે સ્વરૂપ કાર્યને કરે છે તે કુર્વદ્રૂપ કહેવાય છે. બીજમાંથી અંકુરોત્પાદ થાય છે. એટલે કે બીજ અંકુરાને કરે છે. કોઠારમાં રહેલા બીજમાંથી અંકુરોદ્ભવ થતો નથી. એ જણાવે છે કે એમાં કુર્વદ્રૂપ નથી. ધરતીમાં ધરબાયેલ બીજમાં પણ પ્રથમ દ્વિતીયાદિ ક્ષણે એ સ્વરૂપ હોતું નથી, કારણ કે એ જો હોય તો બીજી-ત્રીજી ક્ષણે અંકુરોત્પાદ થઈ જ જવો જોઈએ. પણ અંકુરોત્પાદપૂર્વની ક્ષણ કે જે બીજચરમક્ષણ છે ત્યારે જ એમાં કુર્વદ્રૂપ હોય છે. બીજ પ્રથમક્ષણ, બીજ દ્વિતીયક્ષણ વગેરે બધી બીજક્ષણો કરતાં આ બીજચરમક્ષણ વિલક્ષણ હોય છે, કારણકે એમાં જ કુર્વદ્રૂપ હોય છે. પ્રથમાદિક્ષણ અંકુરોત્પાદ માટે સમર્થ જ નથી, કારણ કે ધરતી, પાણી, ખાતર વગેરે હોવા છતાં અંકુરોત્પાદ થતો નથી. ચરમક્ષણ-કુર્વદ્રૂપ.. એ પોતે જ સમર્થ છે, માટે ધરતી વગેરે

કશાની અપેક્ષા રાખ્યા વિના પછીની ક્ષણે અંકુરોત્પાદ કરી જ દે છે. આ જ રીતે અન્ય કાર્યો અંગે પણ જાણવું. એટલે સર્વત્ર કુર્વદ્રૂપ જ કારણ હોય છે.

આમ, આ કુર્વદ્રૂપ જ જ્યારે કાર્ય કરી દે છે તો ત્યારે બીજાને કારણ માનવાનું ગૌરવ શા માટે કરવું ? માટે કુર્વદ્રૂપ સિવાયનું અન્ય કોઇ કારણ નથી. એટલે જે કાર્યનું કુર્વદ્રૂપ કર્મમાં છે ત્યાં પુરુષાર્થ હાજર હોય તો પણ એ કારણ નથી. અને જે કાર્યનું કુર્વદ્રૂપ પુરુષાર્થમાં છે ત્યાં કર્મ હાજર હોય તો પણ એ કારણ નથી જ.

વળી જે અર્થક્રિયાકારી હોય=વિવક્ષિત પ્રયોજનને સારી આપનાર હોય એ જ સત્ (=વિદ્યમાન અર્થ તરીકે) મનાય છે. જે અર્થક્રિયાકારી ન હોય એને પણ જો સત્ માનવાનું હોય તો તો ખપુષ્પને પણ સત્ માનવું પડે. એટલે જે અર્થક્રિયાકારી નથી એ તો અસત્ જ હોય છે. કર્મજન્યકાર્ય પ્રત્યે પુરુષાર્થ અર્થક્રિયાકારી ન હોવાથી અસત્ હોય છે. એમ પુરુષાર્થજન્ય કાર્ય પ્રત્યે કર્મ અર્થકારી ન હોવાથી અસત્ હોય છે.

આમ પરસ્પર અપેક્ષા વિનાના નિરપેક્ષ એવા દેવ-પુરુષકારમાં વિશિષ્ટ રીતે=વિશેષપણે તે તે વ્યક્તિમાં (=દૈવમાં કે પુરુષકારમાં) વિવક્ષિત કાર્યની કારણતા હોય છે. એ સિવાયની અન્ય ચીજ (=પુરુષકાર કે દૈવ) અવર્જનીય સંનિધિવાળી હોવાથી (=જેનું સંનિધાન વર્જી=ટાળી શકાય એવું નથી. તેવી હોવાથી) કારણ ન મનાતા અન્યથા-સિદ્ધ મનાય છે. જેમ વણકર પટ (=કપડું) વણી રહ્યો હોય ત્યારે ત્યાં યોગાનુયોગ ગધેડો આવી ગયો હોય તો પણ એટલામાત્રથી એને પટ પ્રત્યે કારણ મનાતો નથી, પણ અન્યથાસિદ્ધ મનાય છે. આમ અન્યથા સિદ્ધ હોવાથી પણ અન્યને કારણ માનવું મુશ્કેલ છે.

આવું કહેવામાં નિશ્ચયનયનો આશય એ છે કે કુર્વદ્રૂપ ધરાવનાર કર્મને પુરુષાર્થની અપેક્ષા હોતી નથી. એટલે ક્યારેક પુરુષાર્થ જણાતો

હોય ત્યારેપણ એ કાંઈ કાર્ય કરવા માટે ઉપસ્થિત થયેલો હોતો નથી, માત્ર યોગાનુયોગ ઉપસ્થિત થઈ ગયેલો હોય છે. એટલે જ ભાગ્યોદય ન થાય ત્યાં સુધી, પુરુષાર્થ કરવા છતાં કાર્ય થતું નથી, માટે પુરુષાર્થ અન્યથાસિદ્ધ હોવાથી અકારણ છે. એમ જ્યારે કુર્વદ્રૂપ સ્વરૂપ વિશેષતા પુરુષાર્થમાં હોય છે ત્યારે કર્મ અન્યથાસિદ્ધ હોવાથી અકારણ છે. ઘણીવાર આવું પણ જોવા મળતું જ હોય છે કે ભાગ્યોદય હોવા છતાં પુરુષાર્થ ન કરે ત્યાં સુધી કાર્ય થતું નથી.

આમ નિશ્ચયનયની વાત કરી. હવે વ્યવહારનય પોતાની બાજુ રજુ કરે છે.

કારણતાનો નિશ્ચય અન્વય વ્યતિરેક દ્વારા થતો હોય છે. अ ની હાજરીમાં ब ની અવશ્ય હાજરી એ અન્વય કહેવાય છે. अ ની ગેરહાજરીમાં ब ની અવશ્ય ગેરહાજરી હોવી એ વ્યતિરેક કહેવાય છે. જેમકે દંડ હોય તો ઘટકાર્ય થાય છે આ અન્વય છે. દંડ ન હોય તો ઘટકાર્ય થતું નથી. આ વ્યતિરેક છે. આમ ઘટકાર્ય દંડના અન્વય વ્યતિરેક ને અનુસરે છે, માટે દંડ એ કારણ છે ને ઘટ એ કાર્ય છે. હવે દરેક કાર્ય પ્રત્યે દૈવ અને પુરુષકાર.. આ બન્નેના અન્વય વ્યતિરેક મળતા જ હોય છે. પછી એકને કારણ માનવું અને અન્યને કારણ ન માનવું આ શી રીતે ઉચિત કહેવાય ? એટલે દરેક કાર્યો પ્રત્યે દૈવ અને પુરુષકાર એ બન્નેને કારણ માનવા જોઈએ. આમાંના કેટલાંક કાર્યો એવા હોય છે કે જેના પ્રત્યે દૈવ મુખ્ય કારણ હોય છે ને પુરુષકાર ગૌણ કારણ બને છે. તો વળી બીજાં કેટલાંક કાર્યો એવા હોય છે કે જેના પ્રત્યે પુરુષકાર મુખ્ય કારણ હોય છે ને દૈવ ગૌણ કારણ હોય છે. પણ ગૌણતા-મુખ્યતાનો વિભાગ કર્યા વગર કહેવું હોય તો સામાન્ય રીતે નથી કોઈ કાર્ય દૈવ વિના થતું કે નથી કોઈ કાર્ય પુરુષકાર વિના થતું.. માટે સામાન્યરૂપે આ બન્ને દરેક કાર્ય પ્રત્યે કારણ હોય છે.

વળી, દૈવ કે પુરુષકાર.. જેમાં કુર્વદ્રૂપત્વ હોય એને કારણ

માનવાનું.. આ વાત એટલા માટે અયોગ્ય છે કે આ રીતે માનવામાં આવે તો કાર્યાર્થીની કારણમાં પ્રવૃત્તિ જ અસંગત થઈ જશે. આશય એ છે કે ઘટકાર્યનો અર્થી દંડ ચક્ર વગેરેને અજમાવે છે, પણ ધૂળ વગેરેને નહીં. શા માટે ? તો કે દંડ વગેરેમાં 'આ મારા ઇષ્ટનું (ઘટ વગેરેનું) સાધન(કારણ) છે.' આવી ઇષ્ટસાધનતા બુદ્ધિ થાય છે, પણ ધૂળ વગેરેમાં એ થતી નથી. અર્થાત્ દંડ ઊઠાવવો, ચાકડામાં ભેરવવો, એનાથી ચાકડો ઘુમાવવો.. વગેરે દંડવિષયક પ્રવૃત્તિમાં દંડ અંગેની ઇષ્ટસાધનતા બુદ્ધિ કારણ છે.

હવે, જે દંડ પૂર્વે ક્યારેય જોયેલો નથી એવા અરણ્યસ્થ દંડને પણ જરૂર પડે તો કુંભાર અજમાવે જ છે. આનો અર્થ એ કે કુંભારે દંડમાં ઘટની કારણતાનો નિશ્ચયરૂપ બોધ કરેલો જ છે. હવે, દંડમાં આ કારણતા કયા સ્વરૂપે હોય તો આ નિશ્ચય થઈ શકે ? એ વિચારીએ.

દંડ એ દંડ છે, કાષ્ઠ છે, દ્રવ્ય છે. (અને નિશ્ચયનય મુજબ) કુર્વદ્રૂપવાન છે. આમાંથી કાષ્ઠ કે દ્રવ્યરૂપે એને કારણ માની શકાય નહીં, કારણ કે તો તો પછી કાષ્ઠનિર્મિત ખુરશી વગેરેને પણ કારણ માનવા પડે, કારણ કે એ પણ કાષ્ઠ કે દ્રવ્ય તો છે જ. એટલે હવે આટલું જ વિચારવાનું રહ્યું કે દંડને દંડરૂપે (=દંડત્વેન) કારણ માનવું કે કુર્વદ્રૂપ-રૂપે (=કુર્વદ્રૂપ્વત્ત્વેન) ? જો દંડરૂપે માનવામાં આવે તો, અરણ્યસ્થદંડ પણ દંડ તરીકે તો પ્રત્યક્ષ હોવાથી એમાં ઇષ્ટસાધનતાનો બોધ થઈ જવો સરળ છે. પણ જો એને કુર્વદ્રૂપવત્ત્વેન કારણ માનવાનો હોય તો આ બોધ થઈ શકશે નહીં, કારણ કે કુર્વદ્રૂપ અતીન્દ્રિય છે. એટલે એ પ્રત્યક્ષ ન હોવાથી એનું અનુમાન કરવાનું હોય છે. ને એ અનુમાન તો કાર્ય થઈ ગયા પછી જ 'આ દંડથી આ ઘટ ઉત્પન્ન થયો, તો આ દંડમાં આ ઘટનું કુર્વદ્રૂપ હોવું જોઈએ' એ રીતે થઈ શકે છે. એટલે ઘટોત્પત્તિ પૂર્વે તો દંડમાં ઘટકારણતાનો (=ઇષ્ટસાધનતાનો) નિશ્ચય અશક્ય રહેવાથી પ્રવૃત્તિ અશક્ય જ બની જશે.

**નિશ્ચયનયવાદી :** પૂર્વે અન્યઘટની સાધનતાનો નિશ્ચય અન્ય દંડમાં થયેલો.. ને પ્રસ્તુત ઘટ-દંડમાં એ અન્ય ઘટ-દંડનું સાદશ્ય છે, એટલે એ સાદશ્ય જોવાથી પ્રસ્તુત દંડમાં પણ પ્રસ્તુત ઘટની એની ઉત્પત્તિ પૂર્વે જ સાધનતાનો નિશ્ચય થઈ શકે છે. આવું અમે માનીએ છીએ. એટલે જ કાર્યલિંગક અનુમાનનો (ધૂમાદિ સ્વરૂપ કાર્યાત્મક લિંગથી (હેતુથી) થતાં વહ્નિ વગેરે સ્વરૂપ કારણના અનુમાનનો) ઉચ્છેદ થતો નથી, નહીંતરતો પર્વતીય ધૂમ-વહ્નિનો કાર્યકારણભાવ નિશ્ચિત ન હોવાથી પર્વતીય ધૂમ પર્વતીયવહ્નિનું કાર્યલિંગક અનુમાન કરાવી શકે નહીં. પણ પર્વતીય ધૂમમાં મહાનસીય (=રસોડા સંબંધી) ધૂમનું સાદશ્ય જણાય છે. તેથી એના કારણ તરીકે પર્વત પર મહાનસીય વહ્નિજાતીય પદાર્થનું અનુમાન થઈ શકે છે, કારણ કે,અવહ્નિ જાતીય પદાર્થથી (=જળાદિથી) ધૂમજાતીય પદાર્થની ઉત્પત્તિ સંભવિત નથી.

**વ્યવહારનયવાદી :** તમારી વાત બરાબર નથી. આશય એ છે કે દંડનું સાદશ્ય દંડત્વેન દંડમાત્રમાં છે, કાષ્ઠત્વેન ખાટલા વગેરેમાં પણ છે, દ્રવ્યત્વેન જળાદિમાં પણ છે ને કુર્વદ્રૂપવત્ત્વેન તો માત્ર કુર્વદ્રૂપવાળા પદાર્થોમાં જ છે. કાષ્ઠત્વેન ખાટલા વગેરેમાં કે દ્રવ્યત્વેન જળાદિમાં દંડના સાદશ્યને જાણવા છતાં કાંઈ ઘટસાધનતાનું જ્ઞાન થતું નથી, કારણ કે કાષ્ઠત્વ કે દ્રવ્યત્વને ઘટકારણતા સાથે કશું લાગતું વળગતું નથી. એમ દંડત્વને પણ જો કશું લાગતું વળગતું ન હોય (એટલે કે દંડત્વ પણ જો કાષ્ઠત્વાદિની જેમ કારણતાવચ્છેદક ન હોય) તો અરણ્યસ્થ દંડમાં સાદશ્યગ્રહ થવા છતાં ઘટ સાધનતાની બુદ્ધિ થશે જ નહીં. કુર્વદ્રૂપવત્ત્વેન જો કારણતા માનવાની છે, તો એ રૂપે થતો સાદશ્યબોધ જ ઘટસાધનતા બુદ્ધિ કરાવી શકે. હવે જો કુર્વદ્રૂપત્ત્વનો સામા પદાર્થમાં નિશ્ચય ઘટોત્પત્તિપૂર્વે પણ સંભવિત હોય તો તો એનાથી જ પ્રવૃત્તિ ઉત્પન્ન થઈ જવાથી સાદશ્યબોધની જરૂર જ ન રહે. વળી પદાર્થનો નિશ્ચય કુર્વદ્રૂપવાળા તરીકે જો થઈ શકતો હોય તો દંડ-ચક્ર વગેરે રૂપે

ઈષ્ટ કારણ માનવાની જરૂર જ ન રહેવાથી એ દૃષ્ટકારણો વિફળ બની જવાની આપત્તિ સ્પષ્ટ છે.

વ્યવહારનયવાદીના કથનનો સાર આ છે કે ઘટોત્પત્તિ થવાથી કારણ તરીકે નિશ્ચિત થયેલ પરિચિતદંડનું દંડત્વ-કાષ્ઠત્વાદિરૂપે અરણ્યસ્થ દંડમાં થતું સાદશ્યનું જ્ઞાન ઘટસાધનતાની બુદ્ધિ કરાવી શકતું નથી. કુર્વદ્રૂપવત્ત્વ પ્રત્યક્ષ ન હોવાથી તદ્રૂપે અરણ્યસ્થદંડમાં સાદશ્યજ્ઞાન થવું શક્ય નથી. અને કાર્યોત્પત્તિ પૂર્વે પણ જો સામા પદાર્થમાં કુર્વદ્રૂપ કોઈપણ રીતે જાણી શકાતું હોય તો તો એ રૂપે જ દંડ-ચક્રાદિ બધાની કારણતા માની શકાતી હોવાથી દંડત્વ-ચક્રત્વાદિ પ્રસિદ્ધ રૂપે કારણતા માનવી વ્યર્થ જ બની જાય.

વળી પ્રસ્તુતમાં દૈવમાં અને પુરુષકારમાં બન્નેમાં કુર્વદ્રૂપ માનીએ તો કોઈ અન્ય બાધક પણ છે નહીં. એટલે દરેક કાર્યો પ્રત્યે એ બન્નેને કારણ માની જ શકાય છે. પણ એ વખતે દૈવ અને પુરુષકાર બન્નેને કુર્વદ્રૂપવત્ત્વેન કારણ માનવાના હોવાથી દૈવરૂપે અને પુરુષકાર રૂપે તો એ બેને નિષ્ફળ માનવાની આપત્તિ આવશે જ.

**શંકા :** ઘણી વખત શિષ્ટપુરુષો પણ 'આ ભાગ્યથી મળ્યું' (અર્થાત્ 'આ કાર્ય દૈવકૃત છે') એવો ઉલ્લેખ કરતાં હોય છે. અને તેથી જ એ વખતે 'આ કાંઈ પુરુષાર્થથી નથી મળ્યું..' (અર્થાત્ 'આ કાર્ય પુરુષકારકૃત નથી') એવો પણ ઉલ્લેખ કરતાં હોય છે. એમ અન્ય કાર્ય વખતે 'આ પુરુષાર્થથી મેળવ્યું' (અર્થાત્ 'આ કાર્ય પુરુષાર્થકૃત છે') એવો પણ ઉલ્લેખ થાય છે. અને એ જ વખતે 'આ કાંઈ ભાગ્યથી નથી મળ્યું' (અર્થાત્ 'આ કાર્ય દૈવકૃત નથી') એવો પણ ઉલ્લેખ થતો હોય છે. શિષ્ટપુરુષોનો આવો વ્યવહાર નિશ્ચયનયની માન્યતાને જ પુષ્ટ કરે છે, કારણ કે જે દૈવકૃત છે એ દૈવકૃત જ છે, પુરુષકારકૃત નથી.. ને જે પુરુષકારકૃત છે એ પુરુષકારકૃત જ છે, દૈવકૃત નથી.. એવું એ સ્પષ્ટપણે જણાવે જ છે.

**વ્યવહારનયવાદીએ કરેલું સમાધાન :** આ વાત બરાબર નથી.. 'આ દૈવકૃત જ છે, પુરુષકારકૃત નથી' આવો જે વ્યવહાર થાય છે એ પુરુષકારના સર્વથા અભાવને જણાવતો હોતો નથી, પણ મુખ્યપુરુષકારના અભાવને જ જણાવતો હોય છે. અર્થાત્ ત્યાં ગૌણરૂપે તો પુરુષકાર હાજર હોય જ છે. એ જ રીતે જ્યાં 'આ પુરુષકારકૃત જ છે, દૈવકૃત નથી' આવો જે વ્યવહાર થાય છે એ દૈવના સર્વથા અભાવને જણાવતો હોતો નથી, પણ મુખ્યદૈવના અભાવને જ જણાવતો હોય છે. અર્થાત્ ત્યાં ગૌણરૂપે તો દૈવ હાજર હોય જ છે.

**પ્રશ્ન :** તમે આ દૈવ કે પુરુષકારને ગૌણ કે મુખ્ય જે કહો છો તેમાં ગૌણત્વ અને મુખ્યત્વ શું છે ?

આ પ્રશ્નનો ઉત્તર હવે આપણે આગામી લેખમાં જોઈશું.

❖ ❖ ❖

## લેખાંક ૯૩

જે કાર્ય માટે 'આ દૈવકૃત છે' એવો વ્યવહાર થાય છે ત્યાં પણ પુરુષકાર ગૌણરૂપે તો હાજર હોય જ છે, એમ જે કાર્ય માટે 'આ પુરુષકારકૃત છે' આવો વ્યવહાર થાય છે ત્યાં પણ દૈવ ગૌણરૂપે તો કારણ હોય જ છે આવું વ્યવહાર-નયવાદીએ કહેવા પર પ્રશ્ન ઊભો થયેલો કે દૈવ કે પુરુષકારમાં આ મુખ્યત્વ-ગૌણત્વ શું છે ? આ પ્રશ્નેનો વ્યવહારનયવાદી જવાબ આપે એ પહેલાં અન્ય કોઈ જવાબ આપવા મથે છે. અલ્પધનવાળાનો લોકમાં નિર્ધન તરીકે વ્યવહાર થાય છે. એટલે જણાય છે કે અલ્પનો અભાવ તરીકે ઉલ્લેખ થાય છે. તેથી જ્યાં દૈવનો નિષેધ થાય છે ત્યાં એ 'અલ્પ' હોય છે એમ સમજવું જોઈએ. એટલે કે અલ્પત્વ એ જ ગૌણત્વ છે. ને તેથી 'અધિકત્વ' એ જ મુખ્યત્વ છે એમ સમજવું જોઈએ.

**વ્યવહારનયવાદી :** આવો જવાબ બરાબર નથી. કારણ કે અલ્પ પણ જો ઉત્કટ હોય તો સ્વકાર્યક્ષમ હોય છે ને બહુ પણ જો અનુત્કટ હોય તો અકિંચિત્કર હોય છે. એટલે કે ઉત્કટત્વ એ જ મુખ્યત્વ છે ને અનુત્કટત્વ એ જ ગૌણત્વ છે. એટલે જ કોઈ દરિદ્ર વગેરે પ્રચંડ પુરુષાર્થ કરીને રાજા બને તો પણ 'આનું ભાગ્ય ચમકી ગયું..' અર્થાત્ 'આ ભાગ્યથી રાજા બન્યો' એવો વ્યવહાર થતો હોય છે. એટલે અલ્પત્વ-બહુત્વ નહીં, પણ અનુત્કટત્વ-ઉત્કટત્વ જ અહીં ગૌણત્વ-મુખ્યત્વ તરીકે અભિપ્રેત છે.

**પ્રશ્ન :** દરેક કાર્ય જો દૈવ અને પુરુષાર્થ ઉભયજન્ય છે તો એનો 'દૈવજન્ય' કે 'પુરુષાર્થજન્ય' એવો જ ઉલ્લેખ કરવો એ અપ્રમાણ ન કહેવાય?

**ઉત્તર :** અહીં 'દૈવજન્ય'નો અર્થ ઉત્કટદૈવજન્ય છે. એમ 'પુરુષાર્થજન્ય'નો અર્થ ઉત્કટપુરુષાર્થજન્ય છે. એટલે પુરુષાર્થ જ્યાં અનુત્કટ હોય ત્યાં 'પુરુષાર્થજન્ય' કહી શકાતું ન હોવાથી 'દૈવકૃત' કહેવાય છે. એમાં પુરુષાર્થનો અભાવ જે જણાય છે તે ઉત્કટપુરુષાર્થનો જ, અનુત્કટ પુરુષાર્થનો નહીં. આવું જ અનુત્કટદૈવ અંગે પણ જાણવું. વ્યવહારનય જેમ અલ્પની અવિવક્ષા કરનારો છે એમ અનુત્કટની પણ અવિવક્ષા કરનારો છે. એટલે જ્યાં પુરુષાર્થ અનુત્કટ હોય ત્યાં એની અવિવક્ષા કરી જાણે કે એ છે જ નહીં એવા અભિપ્રાયથી કાર્યનો 'આ દૈવકૃત છે, પુરુષાર્થકૃત નથી' એમ ઉલ્લેખ કરે છે. ને છતાં એ ઉલ્લેખ અપ્રમાણ હોતો નથી.

**શંકા :** કાર્ય ઉભયકૃત છે. એટલે એમાં જ્યારે દૈવકૃતત્વનો બોધ થશે ત્યારે ભેગો ભેગો પુરુષાર્થકૃતત્વનો બોધ પણ થઈ જ જશે. એટલે કે 'આ પુરુષાર્થકૃત છે' એવું જ્ઞાન થઈ જ જવાનું છે. પછી 'આ પુરુષાર્થકૃત નથી' એવું જ્ઞાન થઈ શી રીતે શકે ?

**સમાધાન :** પાષાણની હોવાના કારણે જડ એવી પ્રતિમા અંગે 'આમાં જ્ઞાન હોય નહીં' એવો નિશ્ચય હોય જ છે. ને છતાં

ભક્તજીવ પ્રતિમા સમક્ષ 'તું સર્વજ્ઞ છે, વીતરાગ છે' વગેરે સ્તુતિ કરે છે એનાથી જણાય છે કે એ પ્રતિમાને કેવલજ્ઞાનવાળી જાણી રહ્યો છે. આવા જ્ઞાનને આહાર્યજ્ઞાન કહે છે. જેમ પ્રસ્તુતમાં ભક્તની તેવી ભક્તિની પ્રબળ ઇચ્છા વિરોધીજ્ઞાનને અવગણીને પણ આવું જ્ઞાન કરાવે છે એમ સર્વત્ર જાણવું. અર્થાત્ વિરોધીજ્ઞાન હાજર હોવા છતાં તેવી પ્રબળ ઇચ્છાવશાત્ થતું જ્ઞાન આહાર્યજ્ઞાન હોય છે. પ્રસ્તુતમાં પણ કાર્ય ઉભયકૃત હોવાના કારણે પુરુષાર્થકૃત હોવારૂપે પણ જ્ઞાત છે જ. છતાં અલ્પની અભાવ તરીકે વિવક્ષવાની ઇચ્છાને આધીન થઈ વ્યવહારનય 'આ પુરુષાર્થકૃત નથી' એવું આહાર્યજ્ઞાન કરે છે. ને એ જ્ઞાનને અનુસરીને પછી એવો ઉલ્લેખ કરે છે.

**પૂર્વપક્ષ :** 'આ દૈવકૃત છે, પુરુષાર્થકૃત નથી' આવો વ્યવહાર કરનાર કેટલાક વ્યવહર્તા વિશેષદર્શી હોતા નથી. અર્થાત્ તેઓએ ઉત્કટત્વ અને અનુત્કટત્વ એવી વિશેષતા જોઈ છે ને માટે આવો વ્યવહાર કરે છે એવું હોતું નથી. તેઓ આવી વિશેષતા જોવા માટે સમર્થ જ હોતા નથી.

**શંકા :** જો આવી વિશેષતાને તેઓ જોતા નથી તો ઉભયકૃત કાર્યનો આ રીતે તેઓ ઉલ્લેખ શા માટે કરે ?

**(પૂર્વપક્ષીએ આપેલું) સમાધાન :** આવા વ્યવહર્તાઓની બુદ્ધિ એક પક્ષમાં બંધાઈ ગઈ હોય છે ને તેથી એ બીજા વિષયને ઇચ્છતો હોતો નથી. આશય એ છે કે તેઓનું જ્ઞાન એક વિષયથી એવું રંગાઈ ગયું હોય છે, એ એક જ વિષયની ઉત્કટ જિજ્ઞાસાથી એનું મન એવું રંગાઈ ગયું હોય છે કે જેથી અન્ય વિષયનું જ્ઞાન થતું નથી. એટલું જ નહીં, એ વિષયના અભાવનું જ્ઞાન એને થાય છે. ને તેથી એ ઉલ્લેખ પણ એવો કરે છે. પોતે માનેલા વિષયનું જ જ્ઞાન કરવાની એની તીવ્ર અભિલાષા, બીજા વિષયને એના જ્ઞાનમાં પ્રવેશ કરવા દેતી નથી. અવસર હોવા છતાં એ વિષયનો બોધ થતો ન હોવાથી એના અભાવનો બોધ થાય છે. ને પછી એવો ઉલ્લેખ થાય છે.

**ઉત્તરપક્ષ :** તમારી વાત સાચી છે. પણ એવા વિશેષઅદર્શી વ્યવહર્તાઓનું આ એક વિષયક જ્ઞાન, અન્ય વિષયના અભાવનું જ્ઞાન.. માત્ર એક વિષયનો જ સ્વીકાર કરવાના અભિમાનવશ થયેલ ભ્રમરૂપ જાણવું. એ તો સ્પષ્ટ છે કે જે ઉભયકૃત છે એને માત્ર એકકૃત માનવું એ ભ્રમ છે.

**પૂર્વપક્ષ :** તમે જે વિશેષદર્શી વ્યવર્હતાની પૂર્વે વાત કરી એ પણ ઉભયકૃત કાર્યને માત્ર દૈવકૃત કે માત્ર પુરુષકારકૃત કહે છે, અને એ વખતે અન્ય કાર્ય માટે, 'પુરુષકારકૃત નથી' કે 'દૈવકૃત નથી' એવું પણ કહે છે. તો એનો પણ આ ભ્રમ જ બની જશે ને ?'

**ઉત્તરપક્ષ :** ના, નહીં બને.

**પૂર્વપક્ષ :** વિશેષદર્શી વ્યવહર્તાનો ભ્રમરૂપ નહીં, અને વિશેષ અદર્શી વ્યવહર્તાનો એવો જ વ્યવહાર ભ્રમરૂપ.. આ ભેદ શા માટે?

**ઉત્તર :** આ ભેદ વ્યવહર્તાના અભિપ્રાયના ભેદના કારણે છે. આશય એ છે કે વિશેષદર્શી વ્યવહર્તા વિવક્ષિત કાર્યમાં પુરુષાર્થ-કૃતત્વનો ઉલ્લેખ ભલે નથી કરતો, ઉપરથી નિષેધ કરે છે, છતાં એના અભિપ્રાયમાં ગર્ભિતરીતે એ કાર્યના પુરુષાર્થકૃતત્વનો સ્વીકાર પણ કરે જ છે. માત્ર અલ્પની અવિવક્ષા એ પોતાનો સિદ્ધાન્ત છે ને એને અનુસરીને નિષેધ છે. જ્યારે વિશેષઅદર્શી વ્યવહર્તા ગર્ભિત રીતે પણ એ કાર્યમાં પુરુષાર્થકૃતત્વનો સ્વીકાર કરવા તૈયાર નથી. એટલે નય-દુર્નયની જેમ એક સમ્યગ્ છે, એક મિથ્યા ભ્રમાત્મક છે.

હવે, 'વિવક્ષિત કાર્ય પ્રત્યે દૈવ-પુરુષકાર બન્ને કારણ નથી, પણ અન્યોન્યનિરપેક્ષ એવું કોઈપણ એક જ કારણ છે. કારણ કે જે સાપેક્ષ હોય તે અસમર્થ હોય છે.' આવું નિશ્ચનયવાદીએ પૂર્વે જે કહેલું એ અંગે વ્યવહારનયવાદી કહે છે.-

બીજ સર્વત્ર કે સર્વદા હોતું નથી.. આવી જે વાસ્તવિકતા છે એ જણાવે છે કે એને સ્વોત્પત્તિમાં કોઈ અન્ય હેતુની અપેક્ષા છે.

જ્યાં ને જ્યારે એ હેતુ સંપન્ન થાય ત્યાં ને ત્યારે બીજ ઉત્પન્ન થાય. વળી ઉત્પન્ન થયેલું બીજ અંકુરોદ્ગમને યોગ્ય બનવા માટે પણ અન્યહેતુની અપેક્ષા રાખે છે. આ વાત તમે પણ સ્વીકારો છો. તો જે ખુદની ઉત્પત્તિમાં ને યોગ્ય પરિણતિમાં બીજાની અપેક્ષા રાખે છે એ સ્વકાર્યને કરવામાં અન્ય સહકારીની અપેક્ષા ન રાખે એમ શી રીતે કહેવાય ? બીજ, ધરતી-પાણી-ખાતર વગેરે અન્ય સહકારીઓના સહકારથી અંકુરાત્મક કાર્યની ઉત્પત્તિ કરે છે એ અનુભવસિદ્ધ છે. પછી, 'બીજને પૃથ્વીવગેરેની અપેક્ષા હોવાથી એ સ્વયં અંકુરોત્પાદમાં અસમર્થ છે' એમ કહેવામાં ડહાપણ નથી.

'દૈવ, દૈવસામાન્યરૂપે નહીં, પણ અમુક વિશિષ્ટરૂપે (=અમુક ચોક્કસ પ્રકારના કુર્વદ્રૂપવત્ત્વેન) કાર્યજનન કરે છે.અને આ વિશિષ્ટ રૂપે કાર્ય કરવામાં એને અન્ય કોઈની અપેક્ષા હોતી નથી. આ જ રીતે પુરુષાર્થ પણ કુર્વદ્રૂપત્વેન કાર્યજનન કરતો હોવાથી કોઈની અપેક્ષા રાખતો નથી. આ અન્યોન્ય નિરપેક્ષ એવા દૈવ કે પુરુષાર્થ કાર્ય પ્રત્યે કારણ છે' આવું જે નિશ્ચયનયવાદીએ કહેલું એનો વ્યવહારનયવાદી જવાબ આપે છે- દૈવ દૈવસામાન્યરૂપે નહીં, પણ અમુક વિશિષ્ટરૂપે કાર્યજનન કરે છે. આવું માનવાનો અર્થ એ થાય છે કે દરેક વખતે કાર્ય ભિન્ન ભિન્ન પ્રકારનું હોવું જોઈએ. કારણ કે કાર્યભેદ વિના કારણભેદ માનવો વ્યર્થ છે. આશય એ છે કે તૃણજન્ય અગ્નિ(=તાર્ણ અગ્નિ) પ્રત્યે અરણિને અને મણિને કારણ મનાતા નથી. એમ અરિણજન્ય અગ્નિ (=આરણ્ય અગ્નિ) પ્રત્યે તૃણને અને મણિને કારણ મનાતા નથી. એમ મણિજન્ય અગ્નિ (=માણેય અગ્નિ) પ્રત્યે તૃણને અને અરણિને કારણ મનાતા નથી. અર્થાત્ તે તે તાર્ણ વગેરે અગ્નિ પ્રત્યે અરણિવગેરેને અન્યથાસિદ્ધ કહેવાય છે. પણ આમાં તો તાર્ણ અગ્નિ, આરણેય અગ્નિ વગેરે વિજાતીય અગ્નિઓ છે. એટલે કે કાર્ય અલગ-અલગ જાતિનું છે માટે તે તે (તાર્ણ અગ્નિ વગેરે રૂપ) વિજાતીય કાર્ય પ્રત્યે માત્ર તૃણને કારણ કહેવામાં આવે છે. અર્થાત્ તૃણ-અરણિ-મણિ એ ત્રણેમાં રહેલ કોઈ

સામાન્યધર્મરૂપે નહીં, પણ માત્ર તૃણમાં રહેલ તૃણત્વરૂપ વિશિષ્ટધર્મ-રૂપે માત્ર તૃણને કારણ કહેવામાં આવે છે. ને તેથી અરણિ-મણિને અન્યથાસિદ્ધ કહી શકાય છે. એમ ક્રમશઃ આરણેય-માણેય અગ્નિ પ્રત્યે ક્રમશઃ અરણિ-મણિને કારણ કહી તદન્યને અન્યથા સિદ્ધ કહી શકાય છે.

પણ પ્રસ્તુતમાં આવું શક્ય નથી, શ્રીમંતના સંતાનને દૈવથી થયેલી ધનપ્રાપ્તિ અને નિર્ધનના સંતાનને પરિશ્રમથી થયેલી ધનપ્રાપ્તિ આ બે ધનપ્રાપ્તિમાં-ધનમાં કોઈ વૈજાત્ય હોવું સિદ્ધ નથી, એટલે કે એ બે ધન અલગ-અલગ પ્રકારના હોવા સિદ્ધ નથી કે જેથી 'શ્રીમંતના સંતાનના ધન પ્રત્યે દૈવ કારણ અને પુરુષાર્થ અન્યથાસિદ્ધ, તથા નિર્ધનના સંતાનના ધન પ્રત્યે પુરુષાર્થ કારણ અને દૈવ અન્યથાસિદ્ધ' એવું કહી શકાય. વસ્તુતઃ બન્ને ધન એક જ પ્રકારના (=સજાતીય) છે. એટલે જો પ્રથમ ધન પ્રત્યે દૈવ કારણ છે તો બીજા ધન પ્રત્યે પણ એ કારણ છે જ. એમ બીજા ધન પ્રત્યે જો પુરુષાર્થ કારણ છે તો પ્રથમ ધન પ્રત્યે પણ એ કારણ છે જ.. અર્થાત્ બન્ને ધન પ્રત્યે બન્ને કારણ છે જ. માટે બન્ને એક બીજાના સહકારથી ધનપ્રાપ્તિ કરાવે છે.

નહીંતર તો કોઈ એવું પણ કહેશે કે આ ઘડા પ્રત્યે દંડ કારણ છે, ચક્ર અન્યથાસિદ્ધ છે. અન્ય ઘડા પ્રત્યે ચક્ર કારણ છે ને દંડ અન્યથાસિદ્ધ છે.

**નિશ્ચયનયવાદી :** ઘડા પ્રત્યે જેમ દંડના અન્વયવ્યતિરેક મળે છે એમ ચક્રના પણ સ્વતંત્ર અન્વયવ્યતિરેક મળે જ છે. ચક્ર ન હોય તો દંડ હોવા છતાં ઘટ થતો જ નથી. એટલે ચક્રને પણ કારણ માનવું પડવાથી અન્યથાસિદ્ધ કહી શકાતું નથી.

**વ્યવહારનયવાદી :** આ વાત પ્રસ્તુતમાં પણ સમાન છે. દૈવ અને પુરુષકાર એ બન્નેના તે તે દરેક કાર્ય પ્રત્યે સ્વતંત્ર અન્વયવ્યતિરેક મળે જ છે. પછી બેમાંથી એકેય ને અન્યથાસિદ્ધ શી રીતે કહી શકાય?

**શંકા :** દૈવ પ્રકૃષ્ટ હોય ત્યારે ફળ પણ પ્રકૃષ્ટ મળે એવું જોવા મળે છે, માટે એ જ ફળનું કારણ છે, પુરુષાર્થ નહીં.

**સમાધાન :** એ જ રીતે પ્રયત્ન જ્યારે પ્રકૃષ્ટ હોય ત્યારે પણ ફળ પ્રકૃષ્ટ મળતું જોવા મળે જ છે, માટે એ પણ ફળનું કારણ છે.

**શંકા :** પણ જ્યાં પ્રકૃષ્ટ દૈવથી ફળ પ્રાપ્તિ છે ત્યાં તો દૈવને જ કારણ માનવાનું રહેશે ને ?

**સમાધાન :** ત્યાં વર્તમાન ભવીય પુરુષાર્થ વિશેષ જણાતો ન હોય તો પણ એ પૂર્વભવીય તો હોય જ છે, કારણ કે પૂર્વભવીય પ્રકૃષ્ટ પુરુષાર્થ વિના આ ભવમાં દૈવ પ્રકૃષ્ટ હોવું સંભવતું નથી. માટે ત્યાં પણ પુરુષાર્થ પણ કારણ છે જ. એટલે દૈવ અને પુરુષકાર બન્ને પરસ્પર અપેક્ષાવાળા, કાર્ય પ્રત્યે કારણ છે. યોગબિંદુ ગ્રન્થમાં કહ્યું છે કે-ક્યારેક સામાન્ય પ્રયાસથી પણ જે ફળ આપે છે ને ક્યારેક ઘણો વિશિષ્ટ પ્રયાસ હોવા છતાં જે ફળ આપતું નથી તે કર્મ દૈવ છે. તે હિતકર અને અહિતકર અનેક પ્રકારનું જાણવું. એમ પુરુષાર્થ પણ દૈવની અપેક્ષાએ અત્યધિક પ્રબળ હોય ત્યારે ફળહેતુ બને છે. છેવટે એ જન્માન્તરમાં તો હોય જ છે. 'આમ બન્ને પરસ્પર સાપેક્ષ છે' એમ વિચક્ષણ પુરુષો કહે છે.

સાંખ્યદર્શનના મતે પુરુષ નિષ્ક્રિય હોવાથી પુરુષાર્થ જેવી વસ્તુ જ નથી. તેથી જેનું બીજું નામ 'પ્રધાન' છે એવું કર્મ જ ફળપ્રદ છે એવું તે દર્શનના અનુયાયીઓ માને છે અને કહે છે.

**જૈન :** આત્મા પર કર્મો તો ઢગલાબંધ વિદ્યમાન હોય છે પણ, જીવ જેવો પુરુષાર્થ કરે એને અનુરૂપ કર્મ ઉદયમાં આવે છે ને જીવને ફળપ્રાપ્તિ થાય છે. પણ હવે જો પુરુષાર્થ માનવાનો જ ન હોય તો કયું કર્મ વિવક્ષિત કાળે ઉદયમાં આવે ને કયું કર્મ વિવક્ષિતકાળે ઉદયમાં ન આવે એમાં કોઈ નિયામક ન રહેવાથી એક સાથે બધાં જ કર્મો ઉદયમાં આવીને સ્વફળ આપી દેવા જોઈએ.

**સાંખ્ય :** તે તે કાળ નિયામક હોવાથી આ પ્રશ્ન આવતો નથી. આશય એ છે કે અમુક કાળ અમુક કર્મને ઉદયમાં લાવી શકે છે, અન્યકાળ અન્યકર્મને.. તે તે કર્મને આ રીતે સ્વઉચિત કાળનો સંબંધ થવો એ જ તે તે કર્મનો વિપાક છે. એટલે જ્યારે ધનપ્રાપ્તિજનક કર્મને અનુકૂળ કાળ હશે ત્યારે તે કર્મ ઉદયમાં આવીને ધન પ્રાપ્તિ કરાવશે, સંતાનપ્રાપ્તિજનકકર્મને અનુકૂળ કાળ(તે કર્મને સંતાનજનન માટે જે કાળની અપેક્ષા છે તે કાળ) ત્યારે હાજર ન હોવાથી તે કર્મ ઉદયમાં આવશે નહી, ને તેથી સંતાનપ્રાપ્તિ થઈ જવાની આપત્તિ આવશે નહીં.

**જૈન :** તો તો પછી તે તે કાળને જ તે તે કાર્યનું કારણ માનીને પુરુષાર્થની જેમ કર્મને પણ અકારણ માનવું પડશે, આશય એ છે કે વિવક્ષિત કાળ જો ધનપ્રાપ્તિને અનુકૂળ છે તો એ જ ધનપ્રાપ્તિ કરાવી દેશે, અદૃષ્ટ એવા કર્મને માનવાથી જરૂર નથી. વળી એ કાળ સંતાનપ્રાપ્તિને અનુકૂળ નથી, તેથી ત્યારે સંતાનપ્રાપ્તિ થવાનો અતિપ્રસંગ પણ આવશે નહીં.

**સાંખ્ય :** તે ક્ષણ તો ચૈત્રની જેમ ઘટ માટે પણ સમાન જ છે, એટલે તે ક્ષણ ચૈત્રની જેમ ઘટને પણ ધનપ્રાપ્તિ કરાવી દેવાનો અતિપ્રસંગ થશે ને ! અમારા મતે તો ઘટમાં કર્મ ન હોવાથી ધનપ્રાપ્તિ સ્વરૂપ કાર્ય થતું નથી. આ રીતે ક્યાં ફળોત્પત્તિ થવી ને ક્યાં ન થવી એવું દેશનિયમન કર્મથી થઈ જતું હોવાથી અતિપ્રસંગ થતો નથી.

**જૈન :** આ અતિપ્રસંગનું વારણ તો સ્વભાવથી જ થઈ જાય છે. ઘટમાં ધન પ્રાપ્તિનો સ્વભાવ જ નથી, તો તેને ધનપ્રાપ્તિ થાય શી રીતે ? પછી ભલે ને ધનપ્રાપ્તિને અનુકૂળ ક્ષણ ઉપસ્થિત થઈ ગઈ પણ હોય. એટલે આવા અતિપ્રસંગના વારણ માટે પણ કર્મને માનવાની જરૂર ન હોવાથી, તે તે ક્ષણ સિવાય કર્મ વગેરે અન્ય કોઈને કારણ કહેવાની જરૂર નહીં રહે.

વળી પ્રત્યક્ષસિદ્ધ પ્રયત્નવગેરે બાહ્યકારણોનો અપલાપ કરવો અને અદૃષ્ટ એવા પ્રધાનની કલ્પના કરવી... આમાં તો ઘણા પ્રશ્નો નિર્માણ થશે. કેમકે પછી તો 'ઘટ પ્રત્યે પ્રત્યક્ષથી દેખાતા કુંભાર-દંડ-ચક્ર વગેરે કારણ નથી, પણ અદૃષ્ટ એવા વણકર વગેરે કારણ છે...' આવી બધી અસમંજસ ભરી વાતોનો પાર નહીં રહે. માટે 'માત્ર કર્મ જ કારણ છે' એવું માનવું તુચ્છ છે.

**કર્મવાદી :** આ ભવના રાજ્યસેવાદિ પ્રયત્નવગર પૂર્વભવીય કર્મ ફળ આપતું નથી એ વાત બરાબર હોવા છતાં એ પ્રયત્ન સ્વતંત્ર કારણ નથી, પણ પૂર્વભવીય કર્મનું દ્વાર છે. જેમ દંડ ચક્રભ્રમણ દ્વારા ઘટજનન કરે છે એમ પૂર્વભવીય કર્મ આ ભવના પ્રયત્ન દ્વારા ધનપ્રાપ્તિ વગેરે કરાવે છે. માટે જેમ દંડ જ કારણ કહેવાય છે, ચક્રભ્રમણ તો દ્વાર હોવાથી ગૌણ છે, એમ પ્રસ્તુતમાં ધનપ્રાપ્તિ માટે પૂર્વભવીય કર્મ જ કારણ છે, ઇહભવીય પ્રયત્ન તો દ્વાર હોવાથી ગૌણ છે.

**જૈન :** આ રીતે તો કર્મને પણ ગૌણ ગણી શકાય છે, કારણ કે કર્મ પણ પ્રયત્નનું દ્વાર બની શકે છે. જીવે કરેલા શુભ-અશુભ પ્રયત્નનું કાળાન્તરે શુભ-અશુભ ફળ મળે છે. પણ એ કાળાન્તર સુધી પ્રયત્ન ટકતો તો હોતો નથી. એટલે એનું કોઈ દ્વાર માનવું પડે છે જે કર્મ છે. આમ, કર્મને પ્રયત્નના દ્વાર તરીકે કહી શકતું હોવાથી એ પણ ગૌણ બનશે જ. માટે, આ રીતે દ્વાર તરીકે માની ગૌણ કરીને ન દૈવને અકારણ કહી શકાય છે, ન પુરુષાર્થને.

આમ 'માત્ર કર્મ જ કારણ છે, પુરુષાર્થ નહીં' એવી માન્યતાનું નિરાકરણ કર્યું. હવે 'માત્ર પુરુષાર્થ જ કારણ છે, કર્મ નહીં' આવી માન્યતાવાળા નાસ્તિકપ્રાય (=નાસ્તિક જેવા) વાદીનું નિરાકરણ કરવાનું છે. આમાં વાદી અદૃશ્ય એવા કર્મને માનવાનો નિષેધ કરે છે, માટે નાસ્તિક છે. છતાં એ પરલોક માને છે. માટે પૂરેપૂરો નાસ્તિક નથી. તેથી ગ્રન્થકારે એનો ઉલ્લેખ 'નાસ્તિક' તરીકે ન

કરતાં 'નાસ્તિકપ્રાય' તરીકે કરેલો છે. એમનું મુખ્ય કથન આ છે કે જગત્‌ની વ્યવસ્થાની સંગતિ દશ્ય કારણસામગ્રીથી જ જો થઈ શકે છે તો અદશ્ય એવા કર્મની કારણ તરીકે કલ્પના કરવી ન જોઈએ.

આ નાસ્તિકપ્રાય વાદીની મુખ્ય દલીલો અને એનો જવાબ હવે આગામી લેખમાં જોઈશું.

❖ ❖ ❖

## લેખાંક ૯૪

વ્યવહારનયવાદી પ્રત્યેક કાર્ય પ્રત્યે દૈવ અને પુરુષાર્થ બન્નેને કારણ માને છે. પોતાની આ માન્યતાથી ભિન્ન માન્યતા ધરાવનાર નિશ્ચયનયવાદી વગેરેની દલીલો અને એનું નિરાકરણ વ્યવહારનયવાદી જે રીતે કરે છે એ આપણે જોઈ રહ્યા છીએ. એમાં દશ્યસામગ્રીથી જ કાર્ય થઈ જાય છે વગેરે માનનાર નાસ્તિકપ્રાયવાદીનો મત જોઈએ.

**નાસ્તિકપ્રાય :** જેની 'દશ્યકારણ સામગ્રી ઉપસ્થિત થાય એ કાર્ય થાય, જેની ન થાય (એકાદ કારણપણ ગેરહાજર હોય) એ કાર્ય થાય નહીં' આ રીતે જ જગતમાં જોવા મળતી વિવિધતાઓની સંગતિ થઈ જાય છે. તો પછી અદશ્ય એવા કર્મને કારણ તરીકે કલ્પવાની શી જરૂર છે ?

**શંકા :** પરલોકમાં કોઈકને સારું ફળ મળે છે, કોઈકને નરસું. આની સંગતિ શી રીતે કરશો ?

**સમાધાન :** જેણે વિહિત અનુષ્ઠાન કર્યા હોય એને સારું ફળ મળે, એને જેણે નિષિદ્ધ અનુષ્ઠાન કર્યા હોય એને ખરાબ ફળ મળે.

**શંકા :** એ અનુષ્ઠાન તો જ્યારે પૂર્વભવમાં કર્યા હોય ત્યારે જ

નાશ પામી ગયા છે. પરલોક સુધી કાંઈ ટકતા નથી. પછી એ ઈષ્ટ-અનિષ્ટ ફળ આપે શી રીતે ?

**સમાધાન :** એ અનુષ્ઠાન ભલે નાશ પામ્યું. પણ એનો ધ્વંસ તો પરલોકવખતે પણ હાજર હોય જ છે. એટલે આ સ્વધ્વંસરૂપ દ્વાર દ્વારા એ ફળ આપી શકે છે.

**શંકા :** ધ્વંસનો ક્યારેય ધ્વંસ હોતો નથી, એટલે આ સ્વધ્વંસરૂપ દ્વાર અનંતકાળ સુધી ટકીને અનંતકાળ સુધી ફળ આપ્યા જ કરશે. ફળ આપવાનું ક્યારેય બંધ જ નહીં કરે. કર્મને માનવામાં તો તે કર્મ જે છેલ્લા સુખ-દુઃખ આપે તેનો ભોગવટો જ તે કર્મનો નાશક હોવાથી પછી એ કર્મ નષ્ટ થઈ જવાના કારણે ફળ પ્રાપ્તિ અટકી જાય છે (ફળ વિરામ થઈ જાય છે).

**સમાધાન :** અનુષ્ઠાન થવા પર કર્મ તો પેદા થઈ જ ગયું હોય છે. ને તરત તો એ ફળ દેવાનું શરુ કરતું નથી. એટલે કર્મને ફળજનન માટે અમુક કાળની અપેક્ષા હોય છે. એ કાળ ઉપસ્થિત થયે એ ફળ આપે છે એમ તમારે માનવું જ પડશે. તો જેમ અમુકકાળ પામીને ફળ પ્રારંભ થાય છે એમ ફળવિરામ પણ અમુક કાળ પામીને થાય છે એમ કહી જ શકાય છે. એટલે અનુષ્ઠાન ધ્વંસનો ધ્વંસ ન હોવા છતાં અમુક કાળ થાય ત્યારથી ફળ મળતું બંધ થઈ જાય છે. પછી અનંતકાળ સુધી ફળ મળ્યા કરવાની આપત્તિ ક્યાં ? ને એ આપત્તિના વારણ માટે કર્મ માનવાની જરૂર ક્યાં ?

**વ્યવહારનયવાદી :** નાસ્તિકોની આ વાત ખોટી છે, કારણ કે સમાન દૃશ્યકારણવાળા પણ બે પુરુષોને મળતા ફળમાં ફરક જોવા મળે છે. આ ફરક અદૃષ્ટના ભેદ વિના અસંગત રહેતો હોવાથી એ અસિદ્ધ રહે છે. એકજાતીય દુગ્ધપાનથી જ કોઈકને સુખ તો કોઈકને દુઃખ થતું જોવા મળે છે. આમાં અદૃષ્ટનો ભેદ જ નિયામક છે.

કારણભેદ વિના કાર્યભેદ સંભવતો નથી. એટલે જો કાર્યભેદ છે તો કારણભેદ હોવો જ જોઈએ. વળી દૃશ્યકારણમાં તો કોઈ ભેદ છે નહીં. માટે કોઈ અદૃશ્યકારણમાં ભેદ માનવો જોઈએ. આ અદૃશ્ય કારણ એ અદૃષ્ટ છે. તેથી અદૃષ્ટના ભેદ વિના ફળભેદ અસંગત રહે છે. અને તેથી અનુષ્ઠાનના દ્વાર તરીકે અદૃષ્ટને (કર્મને) ન માનતાં ધ્વંસને જ દ્વાર માનવાની વાત અસિદ્ધ છે. દૃશ્ય કારણો સમાન હોવા છતાં ફળભેદ જોવા મળે છે એમાં દૃષ્ટાન્ત જોઈએ- એક જાતીય દુગ્ધપાન એ સમાનદૃશ્ય કારણ છે. છતાં એનાથી એકને દુઃખ થાય છે, અન્યને સુખ. આ ફરક પડવામાં અદૃષ્ટનો ભેદ જ નિયામક માનવાનો રહે છે. અશુભ અદૃષ્ટવાળાને દુઃખ થાય છે. શુભ અદૃષ્ટવાળાને સુખ થાય છે. એમ ફળભેદની સંગતિ થઈ શકે છે.

**શંકા :** કાકડીની જેમ દૂધ વગેરેથી પણ કોઈકને પિત્તાદિ રસ જાગ્રત થવાથી દુઃખ થાય છે. આશય એ છે કે પુદ્ગલના સ્વભાવો વિચિત્ર હોય છે. જેમકે કાકડી પિત્તરસને જાગ્રત કરે છે. એમ દૂધ પણ કોઈકને પિત્તરસને જાગ્રત કરી દુઃખ પહોંચાડે એ સંભવે છે. એટલે દુઃખાત્મક ભિન્ન ફળની સંગતિ આ રીતે દૃશ્યકારણોથી જ સંભવતી હોવાથી અદૃષ્ટ માનવાની જરૂર નથી.

**સમાધાન :** કાકડીથી તો બધાને પિત્તોદય થાય છે. એમ દૂધથી પણ બધાને પિત્તોદય થવાની આપત્તિ આવશે. જો કોઈકને પિત્તોદય થાય ને કોઈક ને ન થાય તો ફળભેદની સંગતિ માટે અદૃષ્ટભેદ માનવો જ પડશે.

**શંકા :** કાકડીનું દૃષ્ટાન્ત જવા દો. ઔષધનું દૃષ્ટાન્ત લઈએ. એનાથી જેને ધાતુની સમાનતા થાય છે. એને આરોગ્ય પ્રાપ્તિનું સુખ થાય છે, ને જેને ધાતુનું વૈષમ્ય થાય છે એને રોગવૃદ્ધિનું દુઃખ થાય છે.

**સમાધાન :** આ વાત બરાબર નથી, કારણકે દવા મધુર હોય તો બધાને ભાવવા રૂપે સાક્ષાત્ સુખ સમાન રીતે થાય છે, ને દવા

કડવી હોય તો એ ન ભાવવારૂપે બધાને સાક્ષાત્ દુઃખ સમાન રીતે થાય છે. આ ફળમાં ભેદ હોતો નથી. ધાતુનું વૈષમ્ય થવું કે સામ્ય થવું એ તો પાછળથી થાય છે.

વળી આ ધાતુનું સામ્ય-વૈષમ્ય થવું એ પણ એક પ્રકારનો કાર્યભેદ જ છે ને ! અદૃષ્ટ માન્યા વિના એની સંગતિ શી રીતે કરશો?

**શંકા :** શરીરના બંધારણના આધારે એ સંગતિ થઈ શકે છે. શરીરનું અમુક પ્રકારનું બંધારણ હોય તો સામ્ય થાય. ને એના કરતાં અલગ પ્રકારનું હોય તો વૈષમ્ય થાય.. પછી અદૃષ્ટ માનવાની શી જરૂર છે ?

**સમાધાન :** એક જ માતપિતાના એક સાથે જન્મેલા જોડિયા સંતાનોમાં પણ શરીરના બંધારણનો ભેદ જોવા મળે છે. આની સંગતિ બીજી કોઈ રીતે શક્ય ન હોવાથી અદૃષ્ટ ભેદ માન્યા વિના છૂટકો નથી.

વિશેષાવશ્યકભાષ્યમાં કહ્યું છે કે- તુલ્ય સામગ્રી ધરાવનાર બે જણને ફળમાં જે ભેદ પડે છે તે કારણ વિના શક્ય નથી, કારણ કે કાર્યરૂપ છે, જેમ કે ઘડો. અને આ જે કારણ સિદ્ધ થાય છે તે કર્મ છે.

ચિરકાળ પૂર્વે ધ્વંસ પામી ગયેલી વસ્તુમાં ભવિષ્યત્કાલીન કાર્યની જે જે કારણતા હોય તે તે ભાવાત્મક વ્યાપાર દ્વારા હોય આવી વ્યાપ્તિ છે. જેમકે ઘટાત્મક કાર્ય માટે દંડની કારણતા ચક્રભ્રમણાત્મક ભાવદ્વારા છે. ધ્વંસ તો અભાવાત્મક છે, માટે એ વ્યાપાર બની શકે નહીં.

વળી અનુભવાત્મક કારણ ક્ષણિક છે. એનું સ્મૃત્યાત્મક કાર્ય કાળાન્તરે થાય છે. એમાં અતીન્દ્રિય એવા સંસ્કારને દ્વારરૂપે મનાયેલ છે. પણ જો ધ્વંસ વ્યાપાર બની શકતો હોય તો તો સંસ્કારને

માનવાની જરૂર જ નહીં રહે. અનુભવધ્વંસને જ વ્યાપાર તરીકે માની શકાતો હોવાથી અદશ્ય એવા સંસ્કાર શા માટે માનવા ?

નિષિદ્ધ આચરણ કર્યા પછી પશ્ચાત્તાપ જાગવાથી જીવ પ્રાયશ્ચિત્ત કરે છે. જો અદષ્ટ માનવાનું હોય તો પ્રાયશ્ચિત્તથી એ અદષ્ટનો નાશ થઈ જાય છે, ને તેથી પછી અદષ્ટ જ ન રહેવાથી તજ્જન્ય દુઃખ પણ આવતા નથી. આમ પ્રાયશ્ચિત્તવિધિ સફળ બની રહે છે. પણ જો અદષ્ટ માનવામાં ન આવે, તો પ્રાયશ્ચિતથી શાનો નાશ થશે ? કારણકે ધ્વંસનો ક્યારેય ધ્વંસ ન હોવાથી એનો નાશ તો માની શકાતો નથી. ને તેથી ધ્વંસાત્મક વ્યાપાર ઊભો રહેવાથી કાળાન્તરે દુઃખોત્પાદ પણ થશે જ. તો પ્રાયશ્ચિત્ત તો વ્યર્થ જ બની રહ્યું ને !

**શંકા :** જે પાપનું પ્રાયશ્ચિત્ત કરવામાં આવ્યું છે એ પાપથી જે નરકાદિ દુઃખો ઉત્પન્ન થવાના હતા તે દુઃખોનો જ પ્રાયશ્ચિત્તથી નાશ થઈ જાય છે. તેથી પ્રાયશ્ચિત્તવિધિ નિષ્ફળ નથી.

**સમાધાન :** એ દુઃખ તો ભવિષ્યમાં પેદા થવાનું છે. પ્રાયશ્ચિત્તકાળે એ વિદ્યમાન જ નથી તો એનો નાશ શી રીતે થશે?

**શંકા :** દુઃખનો ધ્વંસ શક્ય નથી. પણ દુઃખનો પ્રાગભાવ તો શક્ય છે ને ! બસ એજ પ્રાયશ્ચિત્તવિધિનું ફળ છે.

**સમાધાન :** પ્રાગભાવ અનાદિકાલીન હોવાથી પ્રાયશ્ચિત્તથી સાધ્ય(=જન્ય) હોતો નથી.

(**શંકા :** છતાં પ્રાયશ્ચિત્તથી પ્રાગભાવ જળવાઈ રહે છે, અર્થાત્ લંબાયા કરે છે. ને એ જ્યાં સુધી લંબાય છે ત્યાં સુધી દુઃખ પેદા થઈ શકતું નથી. આને જ પ્રાયશ્ચિત્તવિધિની સફળતા કહી શકાય છે ને !)

**સમાધાન :** જે ઘડો ક્યારેય ઉત્પન્ન થવાનો નથી એ તો ખપુષ્પતુલ્ય હોઈ એનો પ્રાગભાવ પણ મનાતો નથી. અર્થાત્ પ્રાગભાવ એનો જ

હોય છે જે પ્રતિયોગી ક્યારેક પણ ઉત્પન્ન થવાનો હોય, વળી એની કારણ સામગ્રીમાં પ્રાગભાવનો પણ સમાવેશ હોય છે.

આનો અર્થ એ થાય છે કે પ્રાગભાવ અવશ્ય સ્વપ્રતિયોગીનો જનક બને જ એવો નિયમ છે. એટલે, દુઃખનો પ્રાગભાવ લંબાવા છતાં અંતે તો એ સ્વપ્રતિયોગીભૂત દુઃખને પેદા કરશે જ. એટલે પ્રાયશ્ચિત્ત કરવા છતાં દુઃખ તો ભોગવવું જ પડવાથી પ્રાયશ્ચિત્ત વ્યર્થ જશે જ.

એટલે કર્મને છોડીને ધ્વંસને પુરુષાર્થના દ્વાર તરીકે સ્વીકારવો એ ઉચિત નથી. ને તેથી પૂર્વભવીય પુરુષાર્થના દ્વાર તરીકે કર્મને સ્વીકારવું એ જ યોગ્ય છે. વળી પૂર્વે જોઈ ગયા એમ ઇહભવીય પુરુષાર્થ કર્મના દ્વાર તરીકે કહી શકાય છે. એટલે વસ્તુતઃ દૈવ અને પુરુષકાર બન્ને દ્વાર રૂપે લઈ શકાતા હોવાથી માત્ર દ્વારરૂપ હોવાના કારણે એ બેને અકારણ-અન્યથાસિદ્ધ કહેવા એ ઉચિત નથી.

આમ, દરેક કાર્યપ્રત્યે દૈવ અને પુરુષાર્થ બન્ને જરૂરી છે એ નિશ્ચિત થયું. છતાં દૈવ અને પુરુષકાર જો વિષમબળી હોય તો એ વખતે કોઈ વિશેષતા થાય ? એવી સંભવિત જિજ્ઞાસાનો ઉત્તર વિચારીએ. દૈવ અને પુરુષાર્થમાં જો દૈવ બળવાન હોય તો એ પુરુષકારને હણે છે. એટલે કે પુરુષકારને સ્વફળજનન કરતાં અટકાવે છે. આશય એ છે કે જ્યારે દૈવ અને પુરુષાર્થ પરસ્પર વિરોધી હોય ત્યારે જે બળવાન હોય તે સ્વકાર્ય કરે છે અને નિર્બળને સ્વકાર્ય કરવા દેતું નથી. જેમકે અમુક આદમીને દૈવ નિર્ધન બનાવવા ચાહે છે ને એનો પુરુષાર્થ ધનવાન્ બનવાનો છે. આમાં દૈવ જો બળવાન્ હોય તો એ પુરુષાર્થને હણે છે. એ બે રીતે પુરુષાર્થને હણે છે. (૧) રોગ વગેરે પેદા કરીને પુરુષાર્થને જ હણી નાખે છે. (૨) જો પુરુષાર્થને ન હણી શકાય તો વચેટીયા દલાલ દ્વારા વિશ્વાસઘાત કરાવવો વગેરેરૂપ કોઈ એવું પરિબળ ઊભું કરે છે જેથી પુરુષાર્થ સફળ થઈ શકતો નથી. અર્થાત્ પ્રબળ દૈવ પુરુષાર્થને સ્વરૂપે

કે ફળદત્વેન હણે છે.

**શંકા :** દૈવે જો પુરુષાર્થને હણી નાખ્યો તો ત્યાં એની વિદ્યમાનતા રહી જ નહીં. એટલે કે વિના પુરુષાર્થ કાર્ય થઈ જવાથી વ્યતિરેક વ્યભિચાર આવશે.

**સમાધાન :** આમાં વ્યભિચાર નથી, કારણ કે પુરુષાર્થ અપેક્ષિત છે જ. આશય એ છે કે ઘટધ્વંસ માટે ઘટ અપેક્ષિત છે જ. એમ પુરુષાર્થના સ્વરૂપે નાશ માટે પુરુષાર્થ પણ અપેક્ષિત છે જ. પુરુષાર્થ હોય જ નહીં તો બળવાન્ દૈવ કોને હણે ? એમ, પુરુષાર્થ જ ન હોય તો એને નિષ્ફળ પણ શી રીતે કરી શકાય ? એટલે પુરુષાર્થને સ્વફળ આપતું હણવા માટે દૈવને પુરુષાર્થની અપેક્ષા છે જ. પછી વ્યતિરેક વ્યભિચાર ક્યાંથી ?

'જ્યારે દૈવ કરતાં વિપરીત પુરુષાર્થ પ્રબળ હોય છે ત્યારે એ પ્રબળ પુરુષાર્થ દૈવને હણે છે...' વગેરે વાતો પણ આ પ્રમાણે યથાયોગ્ય જાણવી.

અહીં વિશેષતા એ જાણવી કે જ્યારે નિર્બળ દૈવ કે પુરુષાર્થ બળવાન્ અન્યને (પુરુષાર્થ કે દૈવને) સહકાર આપતું હોય ત્યારે એ અનુત્કટ હોવારૂપે ગૌણ કારણ બને છે. પણ જ્યારે એ બળવાન્ના કાર્ય કરતાં વિરોધી કાર્ય કરવા મથી રહ્યું હોય છે ત્યારે એ પ્રતિહત થઈ જતું હોવાથી (હણાઈ જતું હોવાથી) પ્રતિઘાતના પ્રતિયોગી તરીકે ગૌણ બને છે.

**શંકા :** આ બેમાં ફરક શું પડે છે ?

**સમાધાન :** પરિણામમાં=કાર્યમાં=ફળમાં ફરક પડે છે. અહીં આવો આશય વિચારી શકાય છે કે-ધારો કે ૧૦૦ પાવરનો પુરુષાર્થ છે ને ૧૦ પાવરનું દૈવ છે. દૈવ જ્યારે પુરુષાર્થને અનુકૂળ હશે ત્યારે એનું બળ વધારીને જાણે કે પુરુષાર્થને ૧૧૦ પાવરનો બનાવી દેશે

ને તેથી એવા પાવરજન્ય કાર્ય થશે. દૈવ જ્યારે પુરુષાર્થને પ્રતિકૂળ હશે ત્યારે એનું બળ ઘટાડીને જાણે કે પુરુષાર્થને ૯૦ પાવરનો બનાવી દેશે ને તેથી એવા પાવરજન્ય કાર્ય થશે. આ બન્ને કાર્ય, ૧૦૦ પાવરના માત્ર પુરુષાર્થજન્ય કાર્ય કરતાં વિલક્ષણ હશે એ તો સ્પષ્ટ છે જ. અર્થાત્ આ બન્ને કાર્યો માત્ર પુરુષાર્થથી થયા નથી, પણ દૈવ અને પુરુષાર્થ બન્નેથી થયા છે. માટે બન્ને પ્રત્યે દૈવને પણ કારણ તો માનવું જ પડે છે. આમાં અનુકૂળ દૈવ કાર્યજનનમાં સહકાર આપે છે. પણ માત્ર દસ પાવરનું હોવાથી અનુત્કટ હોવાના કારણે ગૌણકારણ કહેવાય છે. (પ્રતિકૂળદૈવની) પ્રતિકૂળ અસરને નાબુદ કરવારૂપે પુરુષાર્થ દૈવને જ હણી નાખે છે. દૈવ આ પ્રતિઘાતનો પ્રતિયોગી હોવાથી ગૌણ કારણ કહેવાય છે.

દૈવ અને પુરુષકાર પરસ્પર ઉપઘાતાદિ જે કરે છે તે અંગે આવી પણ વિશેષતા છે-માત્ર કર્મથી કોઈના અનુગ્રહ ઉપઘાત થતા નથી કે માત્ર કર્મના કોઈનાથી અનુગ્રહ - ઉપઘાત થતા નથી. પણ જીવનો પુરુષકાર ભળે તો યથાસંભવ આ બન્ને સંભવે છે. આશય એ છે કે અનુકૂળ કર્મ હોલા છતાં જીવ જ્યાં સુધી પુરુષાર્થ કરતો નથી ત્યાં સુધી એ કર્મ સ્વફળ આપી શકતું નથી. જીવ પુરુષાર્થ કરે તો એને સહકાર આપીને સફળતા અપાવે છે. ધનપ્રાપ્તિનું પુણ્ય હોવા છતાં જીવ વેપારાદિ ન કરે ત્યાં સુધી ધનપ્રાપ્તિ થતી નથી. કર્મે પુરુષાર્થને આપેલો સહકાર એ કર્મનો પુરુષાર્થ પર અનુગ્રહ છે. એમ પુરુષાર્થે કર્મને આપેલો સહકાર એ પુરુષાર્થનો કર્મ પર અનુગ્રહ છે. કોઈકને પ્રબળ પ્રતિકૂળ કર્મ છે. પણ એ જીવ જ્યાં સુધી ધનપ્રાપ્તિ વગેરેને અનુકૂળ પુરુષકાર કરતો નથી ત્યાં સુધી એ કર્મ કોનો પ્રતિઘાત કરે ? પુરુષાર્થ હોય તો એને ધનપ્રાપ્તિ સ્વરૂપ સ્વફળ આપતાં અટકાવવા રૂપે કર્મ એનો ઉપઘાત કરી શકે.

એમ કોઈકને અલ્પબળી પ્રતિકૂળ કર્મ છે. પણ જીવ જ્યાં સુધી

ધનપ્રાપ્તિને અનુકૂળ પ્રબળ પુરુષાર્થ ન કરે ત્યાં સુધી એ કર્મનો પ્રતિઘાત શી રીતે થાય ? કોનાથી થાય ? જીવ એવો પુરુષાર્થ કરે ત્યારે એ પુરુષાર્થ એ કર્મને, ધનપ્રાપ્તિમાં બાધા પહોંચાડવારૂપ સ્વફળ આપતું અટકાવે છે. આ પુરુષાર્થથી થયેલ કર્મનો ઉપઘાત છે.

ટૂંકમાં, કેવલ કર્મ અસહાય છે. પુરુષાર્થની સાથે સંકળાયા વિના કશું કરી શકતું નથી. એટલે નંદીષેણમુનિનું નિકાચિત એવું પણ ભોગાવલિકર્મ, એમણે અર્થવૃષ્ટિ કરવાનો પુરુષાર્થ કર્યો એ પછી જ એમનું પતન કરી શક્યું, એ પૂર્વે નહીં. આમ, કર્મ પુરુષાર્થ સાથે સંકળાય એ પછી જ પુરુષાર્થને અનુગ્રહ કે ઉપઘાત કરી શકે છે, એમ એ પછી જ એ અનુગ્રહ કે ઉપઘાત પામી શકે છે. અનુકૂળ કર્મ પુરુષાર્થને અનુગ્રહ કરે છે કે પુરુષાર્થથી અનુગ્રહ પામે છે. પ્રતિકૂળ કર્મ, નિર્બળ પુરુષાર્થ માટે બાધક બનીને ઉપઘાત કરે છે, અને પ્રબળ પુરુષાર્થ માટે બાધ્ય બનીને ઉપઘાત પામે છે. એટલે કે કર્મ અને પુરુષકાર પરસ્પર વિરોધી હોય ત્યારે જે બળવાન્ હોય તે બાધક બને છે, ને નિર્બળ હોય તે બાધ્ય બને છે. હવે પરસ્પર વિરોધી એવા બન્ને જ્યારે તુલ્યબળી હોય છે ત્યારે કોણ બાધ્ય બને છે ? ને કોણ બાધક બને છે ! એનો વિચાર કરવાનો છે. આવા અવસરે બન્નેનો બાધ્યસ્વભાવ પણ હોય છે. ને બાધક સ્વભાવ પણ હોય છે, કારણ કે બન્ને તુલ્યબળી છે.

દૈવ અને પુરુષકાર... આ બન્ને જ્યારે પરસ્પર બાધ્ય-બાધક સ્વભાવવાળા હોય છે. ત્યારે તે તે કાળ વગેરેની અપેક્ષાએ બાધ્ય-બાધક ભાવ થાય છે, કારણ કે એમાં સમ્યગ્ ન્યાયનો વિરોધ થતો નથી.

આશય એ છે કે- બન્નેનો બાધ્યબાધકસ્વભાવ છે... એનો અર્થ બન્ને બાધ્ય પણ બની શકે છે ને બન્ને બાધક પણ બની શકે છે. જ્યારે બન્ને પરસ્પર અનુકૂળ હોય ત્યારે તો પરસ્પર બાધ્ય-બાધક

હોતા જ નથી, પણ અનુગ્રાહ્ય-અનુગ્રાહક હોય છે. એટલે જણાય છે કે પ્રસ્તુતમાં બન્ને પરસ્પર વિરોધી લેવાના છે, અર્થાત્ વિરોધી કાર્યજનનતત્પર લેવાના છે. એમાં પણ જો બન્ને અસમબળી હોય તો તો અસમબળ જ વિનિગમક બની, બળવાન ને બાધક બનાવશે ને નિર્બળને બાધ્ય બનાવશે. પણ તો પછી એક બાધક જ બનશે ને બીજો બાધ્ય જ બનશે. બન્ને બન્ને સ્વભાવવાળા નહીં બને. એટલે જણાય છે કે અહીં પરસ્પર તુલ્યબળી અને છતાં પરસ્પર વિરોધી એવા દૈવ-પુરુષકારની વાત છે. અને તો પછી તે તે પ્રસંગે કોણ બાધ્ય બને ને કોણ બાધક બને એમાં એ બેનું બળ વિનિગમક બની શકતું નથી. એટલે ગ્રન્થકાર કહે છે કે આવા પ્રસંગે તે તે કાળ વગેરે આમાં વિનિગમક બને છે. અર્થાત્ તે તે પ્રસંગે તે તે કાળવગેરે જો પુરુષાર્થને અનુકૂળ હોય તો પુરુષાર્થ બાધક બની કર્મનો બાધ કરે છે ને સ્વફળજનન કરે છે. પણ તે તે કાળ વગેરે જો કર્મને અનુકૂળ હોય તો કર્મ બાધક બની પુરુષકારનો બાધ કરે છે ને પુરુષકાર જન્યફળથી વિપરીત એવા સ્વફળનું જનન કરે છે. આવું માનવું યોગ્ય પણ છે, કારણ કે એમાં સમ્યગ્ ન્યાય જળવાઈ રહે છે.

આશય એ છે કે કાર્ય પ્રત્યે કાળ વગેરેને પણ કારણ કહેલ છે. એટલે દૈવ કે પુરુષકાર જ્યારે નિર્ણાયક નથી બનતા ત્યારે કાળાદિ નિર્ણાયક બને છે.

સ્વયંતુલ્યબળી એવા પણ દૈવ-પુરુષકારમાંથી જેને કાળાદિનો સહકાર મળે એનું બળ વધી જવાથી એનું કાર્ય થાય તો એ ન્યાયસંગત છે જ એ સ્પષ્ટ છે. આમાં આવું વિચારી શકાય કે કોઈક જીવને એનું અશાતાવેદનીય કર્મ શર્દીની તકલીફ કરવા મથી રહ્યું છે. એ જીવનો એવા જ બળવાળો પુરુષાર્થ શર્દી ન થાય એવો છે. હવે એ વખતે કાળ વર્ષાકાળ કે શીતકાળ હોય તો એ કર્મને સહાયક બનશે, ને તેથી એ જીવને શર્દી થશે. પણ કાળ જો ઉષ્ણકાળ હોય તો એ પુરુષાર્થને

સહાયક બનશે ને તેથી એ જીવને શર્દી થશે નહીં.

દૈવ-અદૃષ્ટ-કર્મ.. આ તો અતીન્દ્રિય પદાર્થ છે. એટલે એની બાધ્યતા સમજવી સરળ બને એ માટે પ્રતિમાની યોગ્યતાનું દૃષ્ટાંત જાણકારો આપતા હોય છે. યોગ્ય એવા દરેક કાષ્ઠમાં પ્રતિમાની યોગ્યતા હોય જ છે. પણ એ દરેક કાષ્ઠમાંથી પ્રતિમા બને જ એવો નિયમ હોતો નથી. અમુક કાષ્ઠમાંથી બને છે. અન્ય કાષ્ઠ કે જેને અન્ય સહકારી કારણો મળ્યા નથી, એ યોગ્ય હોવા છતાં એમાંથી પ્રતિમા બનતી નથી. એટલે સ્વફળજનન પ્રત્યે કાષ્ઠમાં રહેલી યોગ્યતા પણ કર્મની જેમ અનિયતભાવવાળી છે. માટે એ દૃષ્ટાંત તરીકે અપાય છે. આ દૃષ્ટાંત કઈ રીતે ઘટાવવું એ આગામી લેખમાં જોઈશું.

❖ ❖ ❖

## લેખાંક ૯૫

દૈવ અને પુરુષકાર.. આ બેની પરસ્પર બાધ્યતા-બાધકતાનો વિચાર ચાલી રહ્યો છે. જેમાં, દૈવમાં રહેલી બાધ્યતાને સમજાવવા કાષ્ઠમાં રહેલી પ્રતિમાની યોગ્યતાનું દૃષ્ટાન્ત જાણકારો આપે છે. એટલે આ દૃષ્ટાન્તદ્વારા એ બાધ્યતાને સમજીએ.

દૈવ બે પ્રકારનું હોય છે. સોપક્રમ કર્મ અને નિરુપક્રમ કર્મ. આમાં જે નિરુપક્રમ કર્મ છે તે, ગમે એટલો વિરોધી પુરુષાર્થ કરવામાં આવે તો પણ અવશ્ય ફળજનન કરે જ છે. એને ફળજનન પ્રત્યે નિયતભાવવાળું કહે છે. એ પુરુષાર્થથી બાધ્ય હોતું નથી. અહીં તો પુરુષાર્થથી બાધ્ય કર્મની વાત કરવાની છે. માટે ફળજનન પ્રત્યે અનિયતભાવવાળા સોપક્રમ કર્મની વાત જાણવી. એ પ્રતિમાની યોગ્યતા જેવું હોય છે.

પ્રતિમાને યોગ્ય હોય એવા દરેક કાષ્ઠમાં પ્રતિમાની યોગ્યતા હોય છે, પણ એ દરેક કાષ્ઠમાંથી પ્રતિમા બને જ છે એવો નિયમ હોતો નથી. એટલે આ યોગ્યતા ફળજનન પ્રત્યે અનિયત ભાવવાળી છે. એમ સોપક્રમ કર્મ પણ, સ્વફળ અવશ્ય આપશે જ એવો નિયમ ધરાવતું ન હોવાથી ફળજનન પ્રત્યે અનિયત ભાવવાળું હોવાના કારણે આ યોગ્યતા જેવું જ હોય છે. વળી જેમ એ કાષ્ઠમાં પ્રતિમા ઘડવામાં આવે એટલે પછી યોગ્યતા રહેતી નથી, એટલે કે પ્રતિમાથી યોગ્યતા નિવૃત્ત થાય છે. એમ અમુક ચોક્કસ પ્રકારનો પ્રયત્ન કરવાથી એ સોપક્રમ કર્મને ઉપક્રમ લાગી જવાથી પછી એ ફળજનન માટે સમર્થ રહેતું નથી. તેથી એ પ્રયત્નથી બાધ્ય થયું કહેવાય છે.

અહીં પ્રતિમા બાધક, કાષ્ઠમાં રહેલી પ્રતિમાની યોગ્યતા એ બાધ્ય અને આ યોગ્યતાનો નાશ એ બાધ... આ દૃષ્ટાન્ત છે. પ્રયત્ન એ બાધક, કર્મમાં રહેલી સુખદુઃખાદિ જનન શક્તિ (યોગ્યતા) એ બાધ્ય અને આ યોગ્યતાનો નાશ એ બાધ... આ રીતે દાર્ષ્ટાન્તિક લઈએ તો દૃષ્ટાન્ત અને દાષ્ટાન્તિક એ બન્નેની યોગ્યતાનાશરૂપે એક સમાન બાધ મળે છે. પણ આપણી દૈવ-પુરુષકારની વિચારણામાં દૈવને-કર્મને જ બાધ્ય માનવાનું છે. એમાં રહેલી ફળજનનશક્તિરૂપ યોગ્યતાને નહીં, એટલે બાધ પણ કર્મનો જ કહેવાનો રહે, યોગ્યતાનો નહીં. પ્રયત્નથી કર્મનો કાંઈ નાશ થતો નથી, કારણ કે કર્મ દ્રવ્યાત્મક છે, દ્રવ્યના ધર્મ-પર્યાય રૂપ નથી. એટલે કર્મનો નાશાત્મક બાધ કહી શકાતો નથી. ત્યારે કાષ્ઠમાં રહેલી યોગ્યતાનો નાશાત્મક બાધ છે, કારણ કે એ યોગ્યતા દ્રવ્યાત્મક નથી, પણ કાષ્ઠદ્રવ્યના ધર્મરૂપ છે. એટલે બન્નેનો 'બાધ' એવા એક જ શબ્દથી ઉલ્લેખ થતો હોવા છતાં સ્વરૂપ એક નથી, અર્થાત્ સમાનતા જે છે તે માત્ર શબ્દથી જ છે.

**પ્રશ્ન :** તો પછી કર્મનો બાધ શું છે ?

**ઉત્તર :** કર્મ પહેલાં ફળજનનયોગ્ય હતું... પ્રયત્ન કરવાથી એ

ફળજનન અયોગ્ય બની ગયું. એનો આવો વિકાર (ફેરફાર) થવો એ જ એનો બાધ છે. આ વિકાર રૂપાન્તર પરિણતિ (અન્ય રૂપે પરિણમવું) સ્વરૂપ હોવો સ્પષ્ટ છે. વળી કાષ્ઠાદિમાં યોગ્યતાનાશ પણ કથંચિદ્ રૂપાન્તર પરિણતિ સ્વરૂપ છે જ, કારણ કે નાશ પણ કોઈનો સર્વથા હોતો નથી. એટલે દૃષ્ટાન્તમાં અને દર્ષ્ટાન્તિકમાં થતા બાધનો, નાશ કે વિકારરૂપે ઉલ્લેખ ન કરતાં અમુક ચોક્કસ પ્રકારની રૂપાન્તર પરિણતિરૂપે ઉલ્લેખ કરવામાં આવે તો બન્ને, સ્વરૂપે પણ એકરૂપ થઈ શકે છે, એટલે દૃષ્ટાન્ત તરીકે પ્રતિમામાં અને દાર્ષ્ટાન્તિક તરીકે પ્રયત્નમાં ક્રમશઃ બાધ્યભૂત પ્રતિમાયોગ્યતાની અને કર્મની આ રૂપાન્તર પરિણતિ કરવી એ બાધ્યબાધકતા છે એવો અર્થ જાણવો.

**શંકા :** પ્રતિમાની યોગ્યતા (પ્રાગભાવ) એ કારણ છે અને પ્રતિમા એનું કાર્ય (ફળ) છે. આ યોગ્યતાનો નાશાત્મક બાધ થવા પર એના ફળરૂપ પ્રતિમાની ઉત્પત્તિ થઈ જાય છે. એમ દાર્ષ્ટાન્તિકમાં પણ કર્મમાં રહેલી ફળજનન યોગ્યતા એ કારણ છે અનેસુખદુઃખાદિરૂપ ફળ એનું કાર્ય છે. એટલે આ યોગ્યતાનો નાશાત્મક (કે કર્મનો વિકારાત્મક) બાધ થવા પર એના ફળરૂપ સુખદુઃખાદિ ઉત્પન્ન થઈ જશે.

**સમાધાન :** આવી આપત્તિ આવતી નથી, કારણ કે ફલોત્પત્તિનો નિયમ ઉપાદાન કારણના નાશ સાથે છે. નિમિત્તકારણના નાશ સાથે નહીં. તે પણ એટલા માટે કે ફળોત્પત્તિ ઉપાદાન-કારણના નાશથી અભિન્ન હોય છે, નિમિત્તકારણના નાશથી અભિન્ન નહીં. પ્રસ્તુતમાં કાષ્ઠમાં રહેલી પ્રતિમાયોગ્યતા પ્રતિમાનું ઉપાદાન કારણ હોવાથી એના નાશે પ્રતિમાની ઉત્પત્તિ માનવી બરાબર છે. પણ કર્મયોગ્યતા તો સુખદુઃખાદિ ફળનું નિમિત્ત કારણ છે, ઉપાદાન કારણ નહીં. એટલે દંડાત્મક નિમિત્ત કારણનો નાશ થવા પર ઘટ કાંઈ ઉત્પન્ન થઈ જતો નથી, એમ પ્રસ્તુતમાં પણ કર્મયોગ્યતાનાશે સુખદુઃખાદિ ઉત્પન્ન

થઈ જવાની આપત્તિ નથી.

**શંકા :** સુખદુઃખાદિ ફળ ન આપનાર કર્મમાં પણ એની યોગ્યતા માનવી ને પછી પ્રયત્નથી એનો બાધ માનવો... આ બધું ગૌરવ શા માટે ? એના કરતા એ કર્મમાં પહેલેથી યોગ્યતા જ ન માનવામાં લાઘવ છે.

**સમાધાન :** અમુક ચોક્કસ પ્રકારના લક્ષણો હોવા ન હોવા.. પર તે તે કાષ્ઠમાં પ્રતિમાની યોગ્યતા હોવા ન હોવાનો લોકમાં વ્યવહાર થાય છે. હવે, જે જે કાષ્ઠમાં પ્રતિમાની યોગ્યતાનો વ્યવહાર થાય છે, એ દરેકમાંથી પ્રતિમા બને જ એવો નિયમ તો છે નહીં, ને છતાં પ્રતિમા ન બનનાર કાષ્ઠમાં પણ યોગ્યતાનો જ વ્યવહાર થાય છે, કારણ કે યોગ્યતાના લક્ષણો છે જ.

એમ પ્રસ્તુતમાં સોપક્રમ કર્મમાં સુખદુઃખાદિરૂપ ફળજનનનો નિયમ નથી, કારણ કે યોગ્ય પુરુષકાર દ્વારા એ બાધ્ય હોય છે. જ્યાં એવો પુરુષકાર ન થાય ત્યાં ફળજનન થાય છે, ને જ્યાં એ થાય છે ત્યાં ફળજનન થતું નથી. આમ અનિયમ=અનૈકાંતિકતા છે. આમાં જે સોપક્રમ કર્મ ફળજનન કરે છે એ જેમ કષાયોદયજન્ય અધ્યવસાય પ્રયુક્ત સ્થિતિ વિશેષ અને લેશ્યાજન્ય અધ્યવસાય પ્રયુક્ત રસવિશેષ ધરાવે છે. તે જ રીતે, તથાવિધ પ્રયત્નથી બાધ પામનારું સોપક્રમકર્મ પણ કષાયોદયજન્યઅધ્યવસાયપ્રયુક્તસ્થિતિવિશેષ અને લેશ્યાજન્યઅધ્યવસાયપ્રયુક્તરસવિશેષ ધરાવે જ છે. તે પણ એટલા માટે કે એના બંધ વખતે પણ આવા આવા અધ્યવસાયો હતા જ. તેથી એ કર્મમાં પણ આવી સ્થિતિરસવિશેષ ઘટિત યોગ્યતા અક્ષતપણે માનવી જ જોઈએ. અને એટલે જ પ્રામાણિક પુરુષો આવા અવસરે, ફળનો અભાવ હોવા છતાં બાધ્યકર્મમાં યોગ્યતાનો વ્યવહાર કરે છે. એટલે યોગ્યતા માનવાની, ને બાધક પુરુષાર્થથી એનો બાધ માનવો એ ઊચિત છે.

'જે ફળોપધાયક ન બને અર્થાત્ સુખદુઃખાદિ રૂપ સ્વફળજનન ન કરે એવા કર્મમાં સ્વરૂપયોગ્યતા જ ન માનવી' આવી શંકાનું સમાધાન જોયું. હવે, જે સ્વરૂપયોગ્ય હોય (=યોગ્યતા ધરાવતું હોય) એ કર્મ અવશ્ય ફળોપાધાયક બને જ (અવશ્ય સુખદુઃખાદિ રૂપ સ્વફળજનન કરે જ) એવી શંકાનું સમાધાન જોઈએ.

કાષ્ઠાદિદલમાં રહેલી પ્રતિમાયોગ્યતાથી જ જો પ્રતિમા બની જતી હોય તો બધા જ યોગ્ય કાષ્ઠાદિથી અવશ્ય પ્રતિમા ઉત્પન્ન થવાની આપત્તિ આવે. અથવા પ્રતિમાયોગ્ય એવા જે કાષ્ઠમાંથી પ્રતિમા ન બને એમાં અયોગ્યતા માનવી પડશે, કારણ કે જો એ યોગ્ય હોત તો તો એમાં રહેલી યોગ્યતા જ પ્રતિમા બનાવી આપવાની હતી. પણ પ્રતિમા તો બની નથી. માટે કાષ્ઠને અયોગ્ય માનવું જ પડે.

**શંકા :** તો અયોગ્ય માની લ્યો ને !

**સમાધાન :** ના, ન મનાય, કારણકે એ કાળમાં પણ એવા લક્ષણો હોવાથી શિષ્ટપુરુષો એમાં યોગ્યતા હોવાનો વ્યવહાર જ કરે છે.

એટલે, કાષ્ઠમાં રહેલી યોગ્યતા જ પ્રતિમા બનાવી દે છે એવું માની શકાતું નથી. એ જ રીતે 'કર્મમાં રહેલી યોગ્યતા (=કર્મ) જ સ્વફળને અનુરૂપ પુરુષાર્થને ખેંચી લાવે છે ને ફળજનન કરી દે છે એવું પણ માની શકાતું નથી. કારણ કે એવું માનવામાં બધું જ સોપક્રમ કર્મ પણ અવશ્ય ફળજનન કરશે જ એવું માનવું પડે છે જે અયોગ્ય છે. અથવા ફળજનન ન કરનાર કર્મમાં યોગ્યતા જ નહોતી એવું માનવું પડે જે પણ અયોગ્ય જ છે, કારણ કે એ કર્મમાં પણ એવા સ્થિતિવિશેષ-રસવિશેષરૂપ યોગ્યતા છે જ. વળી આવું માનવામાં, દાનાદિમાં ભાવભેદે થતો શાસ્ત્રાદિસંગત ફળભેદ અસંગત થઈ જાય છે.

કહેવાનો ભાવ એ છે કે 'પુરુષાર્થ કરવામાં જીવ સ્વતંત્ર નથી.

પણ કર્મ જ સ્વફળને અનુરૂપ તે તે પુરુષાર્થને ખેંચી લાવે છે' આવું માનવામાં આવે તો જીવ દાનાદિ સુકૃત જે કરે છે તે પણ પોતાના સ્વતંત્ર પુરુષાર્થથી નહીં, પણ પૂર્વના તથાવિધ કર્મવશ કરે છે એમ માનવું પડે. અને તો પછી જે બે જીવોને સમાન કર્મ છે એ બન્નેને ફળમાં ભેદ પડવો ન જોઈએ. આશય એ છે કે કર્મ જ જો પુરુષાર્થને ખેંચી લાવનાર હોય તો સમાન કર્મવાળા જીવોને બાહ્યક્રિયારૂપ પુરુષાર્થ અને આંતરિક પરિણામરૂપ પુરુષાર્થ.. આ બન્ને એક સમાન જ ખેંચાશે. અને તો પછી શાસ્ત્રમાં અને લોકમાં ભાવભેદે ફળભેદ જે પ્રસિદ્ધ છે તે સંગત નહીં થઈ શકે. આમ, સમાનકર્મ હોવા છતાં થતાં ફળભેદના પ્રયોજન તરીકે પુરુષાર્થભેદ જે સિદ્ધ થાય છે. એના પરથી નિશ્ચિત થાય છે કે ફળ આપવામાં કર્મને પુરુષાર્થની અપેક્ષા છે. (વળી, સમાન પ્રયત્નવાળા બે જીવોને મળતાં ફળમાં પણ ભેદ જોવા મળે છે, આ ફળભેદના પ્રયોજક તરીકે કોઈ દશ્યકારણસામગ્રીનો ભેદ જોવા ન મળવાથી અદશ્યભેદ માનવો જરૂરી બને છે. એનાથી એ સિદ્ધ થાય છે કે પુરુષકારને ફળજનનમાટે અદશ્ય એવા કર્મની અપેક્ષા છે.)

પુરુષકારમાં શુભ-અશુભ-તીવ્ર-મધ્યમ-મંદ... વગેરે ભેદ હોવાથી કર્મમાં પણ શુભ-અશુભ વગેરે ભેદ પડે છે. એટલે પુરુષકારને જો અકિંચિત્કર માનવાનો હોય તો તો કર્મમાં ભેદ જ ન પડવાથી બધું કર્મ એકાકાર જ બની જાય. (આ બંધાતા કર્મમાં પુરુષકારભેદે પડતો ભેદ જાણવો.) દાનાદિમાં ભાવભેદે ફળભેદ વગેરે જે વાત કરેલી એ ઉદયમાં આવેલા કર્મમાં પુરુષકારભેદે પડતા ભેદની વાત હતી. સત્તાગત કર્મ સમાન હોવા છતાં ઉદય શુભકર્મનો થવો કે અશુભકર્મનો થવો ? એનો પણ તીવ્રરસ ઉદયમાં આવવો કે મંદ-મધ્યમરસ ? આ બધાનો આધાર તે તે ઉદયકાળે જીવના અધ્યવસાયાદિરૂપ પુરુષાર્થ હોય છે.

આમ દૈવ અને પુરુષકાર બન્ને પરસ્પર અપેક્ષાવાળા છે. આ અપેક્ષા પ્રવાહની અપેક્ષાએ પણ છે. તે આ રીતે-પૂર્વકાલીન કર્મ વર્તમાન પુરુષાર્થને પ્રવર્તાવે છે, ને વર્તમાન પુરુષાર્થ ભાવી કર્મને ઘડે છે. વળી એ ભાવીકર્મ ભાવી પુરુષાર્થને ઘડે છે ને એ ભાવી પુરુષાર્થ વળી નવા કર્મને તૈયાર કરે છે. આ પ્રમાણે પ્રવાહ= પરંપરા ચાલે છે. માટે પ્રવાહની અપેક્ષાએ પણ બંને પરસ્પર અપેક્ષાવાળા છે.

આમ પરસ્પર સાપેક્ષ એવા પણ બે બાધ્ય-બાધક છે. ચરમાવર્તમાં આ બેમાં પ્રાયઃ પુરુષાર્થથી દૈવ બાધ્ય હોય છે. કહેવાનો ભાવ એ છે કે- કર્મ પૂર્વના પુરુષાર્થને અનુસરીને શુભ-અશુભ-તીવ્ર કે મંદ હોય છે. અને સામાન્ય રીતે પુરુષાર્થ ઉદય પામેલા પૂર્વકર્મને અનુસરીને પ્રવર્તે છે. જેમકે ક્રોધમોહનીયનો ઉદય હોય તો જીવ ગુસ્સો કરે છે. નિદ્રાના ઉદયે ઉંઘી જાય છે વગેરે... આ પરિપ્રેક્ષ્યમાં દૈવ અને પુરુષકાર પરસ્પર સાપેક્ષ છે.

ફળજનન સંદર્ભમાં વિચારીએ તો પરસ્પર અનુકૂળ કર્મ અને પુરુષાર્થ એકબીજાને સહકાર આપીને ફળજનન કરે છે. પરસ્પર પ્રતિકૂળ દૈવ-પુરુષાર્થમાં જે બળવાન્ હોય તે નિર્બળનો બાધ કરીને વિલક્ષણ પ્રકારનું સ્વકાર્ય કરે છે. પ્રતિકૂળ બન્ને લગભગ તુલ્યબળી હોય તો કાળાદિનો સહકાર જેને મળે એ બીજાનો બાધ કરીને વિલક્ષણ પ્રકારનું સ્વકાર્ય કરે છે. આ વિલક્ષણકાર્ય પ્રત્યે પ્રતિઘાત પામનાર દૈવ કે પુરુષાર્થ પણ પ્રતિઘાતના પ્રતિયોગી તરીકે ભાગ ભજવે છે. એટલે કે એવા ફળજનનમાં પણ દૈવ-પુરુષકાર પરસ્પર સાપેક્ષ છે.

હવે આત્મહિતના-ધર્મના સંદર્ભમાં વિચારવામાં આવે તો ગ્રન્થકાર કહે છે કે આ દૈવ પુરુષકારમાં ચરમાવર્તમાં પ્રાયઃ પુરુષકારથી દૈવનો બાધ થાય છે. જેમકે ક્રોધમોહનીય કર્મ જીવને ધમધમાટ

કરાવી રહ્યું છે. પણ જીવ નક્કી કરે છે કે મારે મૌન રાખવું, આક્રોશ ભરેલો એક પણ શબ્દ બોલવો નહીં.. વગેરે.. તો એ ક્રોધ મોહનીયના ઉદયને નિષ્ફળ કરી નાખે છે. આવું અન્ય કર્મોમાં પણ જાણવું. તેમ છતાં તીવ્ર સંક્લેશ અવસ્થામાં બાંધેલું કર્મ ગાઢ નિકાચિત હોય છે. જીવ એ કર્મનો વિરોધી પુરુષાર્થ ગમે એટલો કરે તો પણ એ કર્મ બાધ પામતું નથી, પણ ઉપરથી પુરુષાર્થનો બાધ કરીને એ સ્વફળ દેખાડે જ છે. જેમકે નંદિષેણમુનિએ તીવ્રતપ વગેરે જબ્બર પુરુષાર્થ કરવા છતાં એમનું ચારિત્રમોહનીય કર્મ બાધ ન પામ્યું.. ને છેવટે એમનું પતન થયું તે થયું જ.

**શંકા**- ચરમાવર્તમાં પ્રાયઃ પુરુષકારથી દૈવનો બાધ થાય છે એ જાણ્યું. તો અચરમાવર્તમાં દૈવ પુરુષકારને બાધ કરે છે એમ સમજવાનું?

**સમાધાન** : હા, એવું સમજવું યોગ્ય લાગે છે. જ્ઞાનસારમાં ગ્રન્થકાર શ્રી યશોવિજયજી મહારાજે કહ્યું છે કે असावचरमावर्ते धर्मं हरति पश्यतः । चरमावर्तिसाधोस्तु छलमन्विष्य दूष्यति ॥

**અર્થ** : આ કર્મવિપાક અચરમાવર્તકાળમાં જીવના દેખતાં જ ધર્મને (ધર્મપુરુષાર્થને) હરી લે છે. ચરમાવર્તવર્તીસાધુનું તો છિદ્ર મળે તો એને દૂષિત કરે છે. આના પરથી જણાય છે કે અચરમાવર્તમાં કર્મનું જોર ઘણું હોય છે ને એ દુર્બળ પુરુષાર્થને હણે છે. એટલે જ અચરમાવર્તમાં કરેલો ધર્મપુરુષાર્થ આત્માને કશો લાભ કરાવી શકતો નથી.

જીવ ચરમાવર્તમાં પ્રવેશે ત્યારથી પ્રકૃતિનો અધિકાર ખસી જાય છે, જીવ અપુનર્બન્ધક બને છે ને તેથી ધર્મ પુરુષાર્થ સફળ બનવો શરુ થાય છે. આ પુરુષાર્થ બળવાન હોવાથી દૈવનો બાધ કરે છે. છતાં એ એવો બળવાન્ હોતો નથી કે જેથી એનાથી ગ્રન્થિભેદ પણ થઈ જાય. પણ, દેશોનઅર્ધપુદ્ગલપરાવર્તથી ઓછો સંસારકાળ

બાકી હોય એ પછી જ્યારે જીવ એવો અધિક બળવાન્ પુરુષાર્થ ફોરવે છે ત્યારે ગ્રંથિભેદ થાય છે. એ પછી જીવના તેવા પરિણામથી ધર્મ-અર્થ વગેરે અંગે ન્યાયોચિત પ્રવૃત્તિ જ થાય છે. એટલે કે ધર્મવગેરે પુરુષાર્થને પરસ્પર બાધા ન પહોંચે એ રીતે.. અર્થાત્ ત્રિવર્ગ અબાધા થાય એ રીતે પ્રવૃત્તિ થાય છે.

**શંકા :** માર્ગાનુસારીના ગુણોમાં ત્રિવર્ગ અબાધાને ગુણ તરીકે કહેલ છે. માર્ગાનુસારી જીવ અપુનર્બન્ધક હોય છે. વળી અપુનર્બન્ધક જીવથી જ ઉચિત પ્રવૃત્તિ અન્યત્ર કહેલી જ છે, તો ચરમાવર્ત પ્રવેશથી જ ઔચિત્યપૂર્વકની પ્રવૃત્તિ ન કહેતાં ગ્રન્થિભેદ થયા પછી કેમ કહી છે ?

**સમાધાન :** તમારી વાત સાચી છે. છતાં અપુનર્બન્ધકની પ્રવૃત્તિમાં જે ઔચિત્ય હોય છે. એના કરતાં ગ્રન્થિભેદ પછી સમ્યક્ત્વી થયેલા જીવની પ્રવૃત્તિમાં જે ઔચિત્ય હોય છે તે ઘણું વિશિષ્ટ પ્રકારનું હોય છે. આવા વિશિષ્ટ પ્રકારના ઔચિત્યની જ ઔચિત્ય તરીકે વિવક્ષા હોવાથી અહીં ગ્રન્થિભેદોત્તર કાળમાં કહ્યું છે. એટલે જ પંદરમી સમ્યગ્દૃષ્ટિ દ્વાત્રિંશિકામાં અંશતઃક્ષીણદોષત્વરૂપ શિષ્ટત્વનો પ્રારંભ અપુનર્બન્ધક જીવથી ન કહેતાં સમ્યગ્દૃષ્ટિ જીવથી કહ્યો છે અને એના જ્ઞાપક લિંગ તરીકે સંવેગાદિની સાથે ઉચિત પ્રવૃત્તિ ન કહેતાં અતિ ઉચિત પ્રવૃત્તિ કહી છે.

**શંકા :** જો આ રીતે ગ્રન્થિભેદ થયા પછી સ્વપરિણામથી જ ઉચિતપ્રવૃત્તિ થયા કરતી હોય તો તેનો ઉપદેશ વ્યર્થ થઈ જશે.

**સમાધાન :** ભિન્નગ્રન્થિકજીવની ઉચિત પ્રવૃત્તિમાં એનો સમ્યક્ત્વાદિસ્વરૂપ આંતરિક પરિણામ નિયત હેતુ છે. ઉપદેશ અનિયત હેતુ છે. આશય એ છે કે જીવ જે ભૂમિકાએ પહોંચ્યો હોય એ ભૂમિકામાં અવસ્થિત રહેલા જીવની એ અવસ્થાને ઉચિત પ્રવૃત્તિ એના સ્વપરિણામથી જ થયા કરે છે. એમાં ઉપદેશની જરૂર હોતી

નથી. પણ ભૂમિકાના બદલાવાના પ્રસ્તાવમાં ઉપદેશ જરૂરી બને છે. અર્થાત્ સમ્યક્ત્વીને દેશવિરતિ-સર્વવિરતિનો ઉપદેશ, દેશવિરતને સર્વવિરતિનો ઉપદેશ, સર્વવિરતને અપ્રમત્તતાદિનો ઉપદેશ આગળ વધારનારો બને છે. એમ ક્યારેક પ્રમાદાદિના કારણે જીવ સ્વભૂમિકામાંથી પતનને અભિમુખ થઈ રહ્યો હોય ત્યારે એ પતનથી થનારા નુકશાનો વગેરેનો ઉપદેશ જીવને પતનમાંથી ઉગારી લે છે. એટલે એને પણ ઉપદેશ ઉપયોગી બને છે.

જેમ દંડ ભમતા ચક્રના ભ્રમણની દઢતા માટે કે ભ્રમણ અટકી ગયું હોય તો ફરીથી ચાલુ કરવા માટે જરૂરી બને છે, પણ યોગ્યભ્રમણવાળા ચક્ર માટે જરૂરી નથી. એમ ઉપદેશ પણ ગુણઠાણાના પ્રારંભ માટે કે તેના પતનના પ્રતિબંધ માટે ઉપયોગી બને છે, પણ સ્થિતપરિણામવાળા જીવ માટે નહીં.

યોગ્ય ઉપદેશને ઝીલીને જીવ ઉત્તરોત્તર ચઢિયાતો પ્રયત્ન કરે છે. આ અતિશયિત પ્રયત્નના પ્રભાવે સમ્યગ્દષ્ટિજીવ ઔચિત્યપૂર્વકની એવી પ્રવૃત્તિ કરે છે કે જેથી ચારિત્રમોહનીયકર્મની સ્થિતિસત્તામાંથી પલ્યોપમ પૃથક્ત્વ જેટલી સ્થિતિનો ક્ષય થવાથી જીવ દેશવિરતિ ચારિત્ર પામે છે. અને પછી સંખ્યાતા સાગરોપમ સ્થિતિ ઘટવાથી જીવ સર્વવિરતિ ચારિત્ર પામે છે. આ જ ક્રમે સ્થિતિ ઘટતાં ઘટતાં જીવ ઉપશમશ્રેણિ અને ક્ષપકશ્રેણી પણ પામી શકે છે.

દેશવિરતિ અને સર્વવિરતિ ચારિત્રના પાંચ લિંગ છે- માર્ગાનુસારિતા, શ્રદ્ધા, પ્રાજ્ઞપુરુષની પ્રજ્ઞાપનામાં રતિ, ગુણરાગ અને શક્યઆરંભ.

**(૧) માર્ગાનુસારિતા :** અંધપુરુષ જંગલમાંથી પસાર થઈ રહ્યો છે. માર્ગમાં વચ્ચે ખાડા વગેરે આવે ત્યારે એને કાંઈ ખબર નથી કે અહીં ખાડો છે. માટે બીજેથી જાઉં, કારણકે અંધ છે. તેમ છતાં

એ શાતાના ઉદયથી યુક્ત છે. આ શાતાનો ઉદય જ એની ગતિ એવી રીતે બદલી નાખે છે કે જેથી ખાડાવગેરેનો પરિહાર સ્વતઃ થઈ જાય છે. ને એ અંધપુરુષને કોઈ પીડા થતી નથી. આ રીતે ખાડા વગેરેનો પરિહાર થવો એ સદન્ધન્યાય કહેવાય છે. આ રીતે ચારિત્રવાન્ આત્માને એવો ક્ષયોપશમ હોય છે કે જેથી માર્ગાનુસારિતા આવે છે. એટલે આ જીવ સત્સાતોદય સંયુક્ત હોય છે. અર્થાત્ અતિદઢ હોવાના કારણે સુંદર એવા સાતોદયથી સંયુક્ત હોય છે. આનો પ્રભાવ એવો હોય છે કે શ્રુતચક્ષુવિહીન હોય તો પણ સહજ રીતે પાપાદિનો પરિહાર થયા કરે છે. અહીં, વિશેષરૂપે શ્રુતજ્ઞાન ન હોય કે એ હોવા છતાં જ્યારે એનો ઉપયોગ ન હોય ત્યારે જીવ શ્રુતચક્ષુવિહીન કહેવાય છે. આવો વિહીન હોવા છતાં એની પ્રવૃત્તિ ઉચિત જ થાય છે, અનુચિત નહીં. એટલે જો માર્ગાનુસારિતા ન હોય તો અજ્ઞાનકાળે કે અનાભોગકાળે અનાદિકાલીન સંસ્કારાદિવશાત્ પાપાદિ પ્રવૃત્તિ થવાની સંભાવના રહે છે ને પછી તો ચારિત્ર સંભવી જ શી રીતે શકે ? ચોવીશે કલાક સતત ઉપયોગ બહુ મુશ્કેલ વાત છે. તેથી, ચારિત્ર એ માત્ર બોલવાનું રહે છે, વાસ્તવિક હોતું નથી. આમ તો અવિરત સમ્યક્ત્વી પણ માર્ગાનુસારી હોય છે. છતાં કર્મો વિચિત્ર હોવાથી એ પાપાદિપરિહાર કરી શકતો નથી. માટે ચારિત્રથી વિકલ હોય છે.

જો શુદ્ધ અનુષ્ઠાન અંગે તીવ્રરુચિ ન હોય તો ક્યારેક અનુષ્ઠાન કરે ક્યારેક ન કરે. કરે તો પણ ઓછુંવત્તું કરે. પછી ચારિત્ર માટે પ્રશ્ન ઊભો થાય જ. તેથી (૨) **શ્રદ્ધા** પણ જોઈએ.

પ્રાજ્ઞ એટલે પંડિત એટલે બહુશ્રુત મહાત્મા.. જીવને સંયમ સ્થાનમાં આગળ વધારવા (કે પતન પામતો હોય તો પતન અટકાવવા) વિશેષ પ્રકારે જે દેશના આપે=સમજણ આપે એ સાંભળવાની ને એને અમલમાં મૂકવાની રતિ= આસક્તિ ન હોય તો પ્રગતિ રુંધાઈ

જાય, પતન અટકે નહીં. માટે ચારિત્રીને (૩) **પ્રાજ્ઞપ્રજ્ઞાપનારતિ** પણ આવશ્યક છે.

(૪) **ગુણોનું બહુમાન** *બીજં સત્પ્રશંસાદિ*ન્યાયે પોતાનામાં પણ ગુણવિકાસ થવાનું પ્રબળ કારણ હોવાથી ચારિત્રીને આવશ્યક છે.

પોતાના માટે જે શક્ય નથી એવી ધનવગેરેની કોઈ પણ પ્રવૃત્તિ કરવા જાય તો પછડાટ ખાવી પડે ને પછી પોતાના આચારમાં કાંઈપણ બાંધછોડ કરવી પડે, જે ચારિત્રીને પોષાય નહીં. માટે (૫) **શક્યારંભ** હોવો જોઈએ.

આ દેશવિરતિ-સર્વવિરતિ ચારિત્રની હાજરીમાં, જેનું લક્ષણ પૂર્વે કહી ગયા છીએ એવા યોગની પ્રવૃત્તિ થાય છે જે પરમાનંદથી વ્યાપ્ત હોય છે. આમ સત્તરમી બત્રીશીની વિચારણા પૂર્ણ થઈ. હવે આગામી લેખથી અઢારમી બત્રીશીની વિચારણા કરીશું.

❖ ❖ ❖

॥ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ॥
॥ શ્રી વિજયપ્રેમ-ભુવનભાનુ-જયઘોષ-ધર્મજિત્-જયશેખરસૂરીશ્વરેભ્યો નમઃ ॥

# એક પત્ર

પૂજ્ય ઉપા. શ્રી ભુવનચન્દ્ર વિ. મ. સા. સાદર વંદના-સુખશાતાપૃચ્છા. દેવગુરુકૃપયા કુશળ છીએ.

અનુસંધાનના ૬૦મા અંકમાં તમારો પત્ર-લેખ વાંચ્યો. તથા એ જ અંકમાં મુનિરાજશ્રી ત્રૈલોક્યમંડનવિજયજીનો 'પત્રચર્ચા-૧નો પ્રતિભાવ' શીર્ષક લેખ છે. તથા પૂ. આચાર્ય શ્રી શીલચન્દ્ર સૂ.મ.સા.ની સંપાદકીય નોંધ છે. આ પ્રતિભાવલેખ અને સંપાદકીય નોંધ પરથી જણાય છે કે એ પક્ષે તમને મધ્યસ્થવિદ્વાન તરીકે નીમીને આ કાર્ય સોંપ્યું હતું ને તમે એ કાર્યરૂપે આ પત્રલેખ પાઠવ્યો છે. હવે આમાં માધ્યસ્થ્ય ખરેખર જળવાયું છે કે નહીં એનો જેના પરથી નિર્ણય થઈ શકે એવી કેટલીક વાતો જણાવું-

જ્યારે કોઈ એક વિષયમાં બે પક્ષ ઊભા થાય...ત્યારે વાસ્તવિક નિષ્કર્ષ પર પહોંચવા માટે મધ્યસ્થ વિદ્વાન્‌ની નિમણુંક કરવાની હોય તો એ ઉભયપક્ષસંમત ન જોઈએ ? એના બદલે એક પક્ષ બીજા પક્ષને સાવ અંધારામાં રાખીને સ્વપ્રશંસક વિદ્વાનને નિષ્કર્ષ આપવાનું કામ સોંપી દે તો એમાં માધ્યસ્થ્ય કહેવાય કે પક્ષપાત ? એ વિદ્વાન્ પણ, અન્યપક્ષને હું માન્ય છું કે નહીં ? એ જાણવાની તસ્દી સુધ્ધાં ન લે, ને નિષ્કર્ષ આપી દે તો એમાં માધ્યસ્થ્ય કહેવાય કે પક્ષપાત ? જો હું પણ મારા પ્રશંસક એવા અન્ય વિદ્વાન્‌ને મધ્યસ્થ વિદ્વાન તરીકે નીમીને નિષ્કર્ષ આપવા વિનંતી કરું ને તેઓ નિષ્કર્ષ આપે તો તેમાં માધ્યસ્થ્ય કહેવાય કે પક્ષપાત ? આવો નિષ્કર્ષ સ્વીકાર્ય બને ?

તેમ તમારા લેખમાં મારો Senior (અગ્રગામી) અને મુ. શ્રી ત્રૈલોક્યમંડનવિજયજીનો Junior (અનુગામી) તરીકે ઉલ્લેખ કર્યો છે

તથા 'અગ્રગામીઓ અનુગામીઓ પ્રત્યે સદ્ભાવ અને સહાનુભૂતિ દાખવે એવી અપેક્ષા રહે, અને અનુગામીઓ અગ્રગામીઓ તરફ આદરભાવ રાખે એ અપેક્ષિત છે' આવું જણાવીને આગળ મને સલાહ આપી છે કે 'આચાર્યશ્રીએ આવા સ્વાધ્યાયશીલ મુનિ માટે સહાનુભૂતિ દાખવવાની જરૂર હતી.' હવે તમે એમનો લેખ પણ ધ્યાનથી વાંચ્યો છે. એટલે, એમણે એમના લેખમાં મારા પ્રત્યે આદરભાવ વ્યક્ત થાય એવું એક વાક્ય સુદ્ધાં લખ્યું નથી એ તમારા ધ્યાનમાં આવ્યું જ હશે. છતાં તમે એમને 'તમારે આવા અગ્રગામી આચાર્યશ્રી પ્રત્યે આદરભાવ દાખવવાની જરૂર હતી' એવી સલાહ આપી નથી. આમાં માધ્યસ્થ્ય છે ?

સાહિત્યક્ષેત્રે કોઈને અગ્રગામી અને પોતાને અનુગામી માનવા એનો અર્થ પોતાની અપેક્ષાએ એ અગ્રગામી ઘણા વિદ્વાન છે એવો સ્વીકાર. આ સ્વીકારમાં ભેગો આદરભાવ પણ પ્રાયઃ ભળેલો હોય જ. એટલે અગ્રગામીના નિરૂપણમાં અનુગામીને કંઈક ત્રુટિ ભાસે અને પછી એ ત્રુટિ બતાવવાનો પ્રસ્તાવ આવે ત્યારે, આ આદરભાવ, અનુગામીને 'આ ત્રુટિ બતાવવામાં કદાચ મારી જ કોઈ ભૂલ તો નહીં થતી હોય ને' આવી શંકા ઊભી કરે જ. આ શંકા હોય એટલે એ અનુગામી 'એ ત્રુટિનું પ્રદર્શન સીધું જાહેરમાં ન કરતાં, પહેલા પૂરા આદરભાવ સાથે અગ્રગામીને વ્યક્તિગત જણાવે ને સાથે વિનંતી કરે કે 'આપ સૂક્ષ્મતાથી વિચારશો તથા આમાં મારી કોઈ ભૂલ થતી હોય તો મને ચોક્કસ જણાવશો.' વગેરે.

વિદ્વજ્જનોમાં પ્રસિદ્ધ આવા શિષ્ટ વ્યવહારને, અગ્રગામી-અનુગામી-સહાનુભૂતિ-આદરભાવ વગેરેની વાતો કરનારા તમારા જેવા પ્રબુદ્ધ વિદ્વાન્ જાણતા જ હોય એ નિઃશંક છે. અનુગામીએ આવું કાંઈ કર્યું નથી...એ પણ તમને ખબર જ છે. ને છતાં, તમે એ

અનુગામીને આ અંગે કશું ધ્યાન દોર્યું નથી. આને શું માધ્યસ્થ્ય કહેવાય?

તમે તમારા લેખમાં સ્વસ્થ ચર્ચા...પ્રત્યુત્તર વાળ્યો હોત...વગેરે જણાવ્યું છે. એમને જે ત્રુટિઓ ભાસી...એ મને પ્રેમથી જણાવી હોત..વિચારવા જણાવ્યું હોત- હું મારા વિચાર જણાવું... એના પર તેઓ ફરીથી વિચાર કરે...જણાવવા જેવું જણાવે... આ સ્વસ્થ ચર્ચાનો શિરસ્તો તમારા જેવા પ્રબુદ્ધ વિદ્વાન ન જાણતા હોય એવું કેમ માની શકાય ? એ મહાત્માએ આવું કશું કર્યું નથી...જે ત્રુટિઓ પોતાને ભાસી એ ત્રુટિઓ જ છે એવો નિશ્ચય જ કરી લીધો... (કારણ કે નિશ્ચય વગર તો છાપીને જાહેર કરાય જ શી રીતે ? હું તો નિશ્ચય વગર આવું છાપવાની હિંમત ક્યારેય ન કરી શકું. વળી આ રીતે તો જેને અન્યના જે નિરૂપણમાં જે ત્રુટિ ભાસી એ છાપી જ નાખવાની.. એ અન્ય નિરૂપકની સાથે કોઈ ચર્ચા વિચારણા કરવાની જ નહીં...તો તો શાસનમાં કેટલી અવ્યવસ્થા ફેલાઈ જાય એ શું સમજાય એવું નથી ? હા, એ અન્ય નિરૂપક સાથે પૂર્વે આવી કોઈ પ્રસંગે એમની અપ્રજ્ઞાપનીયતા વગેરે ભાસી હોય તો વાત જુદી... છતાં એવે અવસરે પણ, પોતાને ભાસેલી ત્રુટિઓ ખરેખર ત્રુટિરૂપ છે કે નહીં ? એ અન્ય વિદ્વાન પાસે ચકાસાવ્યા વગર છપાવાય શી રીતે ? આ મહાત્માએ પોતાના આ વિસ્તૃત લેખને ચકાસાવ્યો હોય એવું જણાતું નથી, કારણ કે એવો કશો ઉલ્લેખ એમાં છે નહીં. આ બાબતો સૂચવે છે કે એમણે તો એમને ભાસેલી ત્રુટિઓનો ત્રુટિઓ તરીકે નિશ્ચય જ કરી લીધો છે. છેલ્લે જે વિદ્વજ્જનોને ક્ષતિઓ સૂચવવાની વિનંતી હોય છે તે તો, પોતાને તો નિશ્ચય છે જ. છતાં છદ્મસ્થતાના કારણે કોઈ ક્ષતિ રહી હોય તે અંગે હોય છે). ચાલો, એમને એમ છપાવી દીધું તો ભલે છપાવી દીધું... પછી પણ 'સપ્તભંગીવિંશિકા ગ્રન્થ અંગે મેં એક ચર્ચા આ અંકમાં રજુ કરી છે, એ વાંચશો વિચારશો... મારી ક્ષતિ હોય તો

જણાવશો, અથવા આ આ અંગે આગળ કાંઈ પણ વિચારવા જેવું હોય તે જણાવશો.' વગેરે જેવું કંઈ જણાવતા કવરિંગ લેટર સાથે મને અંક મોકલ્યો હોત... તો હજુ કદાચ માની શકાત કે સ્વસ્થ ચર્ચાની ઈચ્છા છે. એમણે અંક મોકલ્યો નથી. કોઈ પત્ર પણ નહીં.. મારા પર અંક આવતા જ નથી... આ તો કેટલાય વખત પછી કોઈક મહાત્માએ મને અંક મોકલ્યો ને જણાવ્યું કે આમાં સપ્તભંગીવિંશિકા અંગે ચર્ચા છે, ત્યારે મને ખબર પડી. એ સિવાય હું તો સાવ અંધારામાં જ હતો... પછી સ્વસ્થ ચર્ચાનો એમનો ઈરાદો હતો એવું માની શી રીતે લેવાય ? તમારા જેવા પ્રબુદ્ધ વિદ્વાન્ આવી પ્રક્રિયા થઈ છે કે નહીં ? એ જાણવાની કશી પણ તસ્દી લીધા વિના જ સ્વસ્થ ચર્ચા વગેરેની વાતો જણાવો. તો આમાં માધ્યસ્થ્ય કહેવાય ? વળી આ વાતો તો સમકક્ષ વિદ્વાનો અંગે... સીનિયર-જુનિયર વચ્ચેની ચર્ચામાં તો આના કરતાં પણ ઘણું અપેક્ષિત ન હોય ?

એ મહાત્માના વ્યવહારમાં કે એમના લેખમાં એવું કશું જ જોવા મળતું નથી. જેના પરથી નિર્ણય થાય કે તેઓ મને સીનિયર માને છે ને પોતાને જુનિયર માને છે. તેઓએ તેમના લેખમાં પૂર્વમહર્ષિઓના વચનોની અને મારા વચનોની વિચારણા કરી છે. તથા લેખના અંતે, *'પૂર્વ મહર્ષિઓ અને તેઓનાં વચનો પ્રત્યે અપાર આદરભાવ હોવા છતાં...'* આવું વાક્ય લખ્યું છે. એક વિશેષનું વિધાન અન્ય વિશેષના નિષેધને જણાવે છે આ ન્યાયે, તેઓને મારા પ્રત્યે આદરભાવ નથી એ સૂચિત થાય જ છે. પછી સીનિયર-જુનિયરની કલ્પના આવે જ શી રીતે ? તથા, તમે *'અને હું ધારું છું કે ત્રૈલોક્યમંડનવિજયજી પણ આચાર્યશ્રી માટે-તેમની બહુશ્રુતતા માટે આદર ધરાવતા જ હશે.'* આવું જે જણાવ્યું છે... એમાં એ ધારણાને અવકાશ જ ન હોવા છતાં ધારણા કરવાની ? આદરને સૂચિત કરે એવા કશા વ્યવહાર કે વચન વિના એની ધારણા કરવાની વાત એમનો બચાવ કરવાની વૃત્તિને શું સૂચિત ન કરે ?

પછી માધ્યસ્થ્ય કહેવાય ?

સામા પક્ષે, મારા પ્રત્યેની તમારી વૃત્તિ જુઓ... દ્રવ્યગુણ-પર્યાયનો રાસ ગ્રન્થમાં ૧૪મી ઢાળમાં વ્યંજનપર્યાયની જે બીજી વ્યાખ્યા આપી છે એનો ઉલ્લેખ મેં, (ભલે અવશિષ્ટ વાતોમાં) સપ્તભંગીવિંશિકા પુસ્તકના પૃ. ૧૫૪ ઉપર કર્યો જ છે ને એનું વિશેષ સ્પષ્ટીકરણ દ્રવ્યગુણપર્યાયનો રાસ ગ્રન્થના વિવેચનના બીજા ભાગમાં કરવાનો ઉલ્લેખ પણ કર્યો જ છે. છતાં, તમે તમારા લેખમાં, *'આવી (બીજી) વ્યાખ્યાઓ પણ પ્રાપ્ત થાય છે. એવો ઉલ્લેખ પણ સ.વિં.માં કરી દીધો હોત તો ઠીક થાત એમ લાગે છે...સ.વિં.માં. તો અન્ય વ્યાખ્યાઓ જાણે છે જ નહીં એવી છાપ મન પર પડે છે.'* વગેરે જણાવ્યું છે. બાકી 'નિરૂપણીય વિષયમાં જેટલા મતાંતરો મળતા હોય એ બધાનો ઉલ્લેખ કરવો જ જોઈએ, જેનો ઉલ્લેખ ન હોય એનો અપલાપ કર્યો કહેવાય.' આવો નિયમ આપણા ગ્રન્થોમાં જોવા મળતો જ નથી. ને છતાં તમે તમારા લેખમાં આવું જણાવો તો એનાથી તમારું માધ્યસ્થ્ય સૂચિત થાય કે પક્ષપાતી વલણ ?

એમની વ્યક્તેરભેદ અંગેની ભૂલ માટે તમે *'એક ગૌણભૂલ-ભૂલ નહીં, પણ સરતચૂક જ'* વગેરે લખ્યું છે. આ પણ એમનો બચાવ કરવાની વૃત્તિ નથી ? વ્યક્તિ સળંગ કાંઈ નિરૂપણ કરી રહી હોય... એમાં ક્યાંક સરતચૂક થઈ જાય..એ સમજી શકાય છે. પણ જ્યારે અન્યના નિરૂપણમાં ત્રુટિ દેખાડવાની હોય... ને એમાં પણ તમારા કથન મુજબ જુનિયરે સીનિયરની ભૂલ દેખાડવાની હોય...ત્યારે તો કેટલા સજ્જ ને સાવધ રહેવાનું હોય. આ તો ગમે તે વ્યક્તિ ગમે તેના લખાણમાં આડેધડ ભૂલ દેખાડી દે...ને પછી એની ભૂલ દેખાડવામાં આવે ત્યારે 'આ તો સરતચૂક હતી.' એમ કહીને હાથ ઊંચા કરી દે... આ ચાલી શકે ? આવા અવસરે તો ધરાર પક્ષપાતી હોવા છતાં માધ્યસ્થ્યનો દેખાવ કરવા પણ એ ભૂલ

કરનારને આટલી સલાહ તો આપે જ કે 'ભલે આ ભૂલ મુખ્ય વિષયની નથી, છતાં જ્યારે તમે અન્યની ભૂલ કાઢવા બેઠા છો ત્યારે તમારે ખૂબ ચોકસાઈવાળા બનવું જોઈએ... આ ભૂલ કરી તો આવો પ્રતિભાવ આવ્યો ને!' વગેરે. 'મેં આટલી સલાહ પણ કેમ ન આપી?' એનું તમારે આત્મનિરીક્ષણ શું ન કરવું જોઈએ ?

'તમારો આદરભાવ વ્યક્ત થાય એવું કંઈક પણ લેખમાં લખવાની જરૂર હતી...' 'પહેલા આખી વિચારણા એમને વ્યક્તિગત મોકલી એમનો અભિપ્રાય જાણવાની જરૂર હતી...' 'આવી ભૂલ પણ ન થાય એની કાળજી રાખવી જોઈએ...' આવી કશી સૂચના આપવી નહીં ને માત્ર એમના ગુણ ગાયા કરવા... આમાં આ માત્ર એમને ખુશ કરવા માટે લખાયેલો લેખ છે' એવું સૂચિત ન થાય? કઈ હદનો પક્ષપાત ?

અને તમે એમની ભૂલને ભૂલ નહીં - માત્ર સરતચૂક તરીકે જ જણાવી તથા એમણે પણ તમને આપ્તપુરુષ માની તમારી આ વાતને સાચી જે માની લીધી એનું દુષ્પરિણામ જુઓ...'પત્રચર્ચા-૧નો પ્રતિભાવ' આ લેખમાં એ મહાત્માએ પોતાની વ્યક્તેરભેદ અંગેની આ ભૂલ માટે 'ઘાસની ગંજીમાંથી સોય શોધી આપવાનું કઠિન કામ આવા સંશોધકો જ કરી શકે' એવું જણાવ્યું છે. એ મહાત્માને **બિચ્ચારા**ને ખબર નથી કે એમનો લેખ જોતાં જોતાં આ ટીપ્પણ પર નજર પડી... ને જેવી નજર પડી કે તરત જ મને ખ્યાલ આવી ગયો કે અહીં ભૂલ છે. આમાં કોઈ સૂક્ષ્મેક્ષિકા પણ કરવી પડી નથી કે બીજી ક્ષણ પણ લાગી નથી. અને આ માત્ર મારી વાત નથી, જેણે પણ ન્યાયના પ્રાથમિક ગ્રન્થોનો પણ સંગીન (હા, સંગીન, ઉપરછલ્લો નહીં) અભ્યાસ કર્યો હોય એવા કોઈ પણ અભ્યાસુને પહેલી જ નજરે ચઢી જાય એવી આ ભૂલ છે.

એટલે સફેદ ભૂમિતલ પર રહેલો કાળો ભાલો જેમ પહેલી જ નજરે, નજરે ચઢી જાય એવી આ ભૂલ છે. આવા ભાલાને જોવા માટે પણ જેણે ખૂબ કઠિનાઈ પડે... નજરને ખૂબ સૂક્ષ્મ કરવી પડે (એટલે કે સામાન્ય માણસને ઘાસની ગંજીમાં પડી ગયેલી સોયને જોવા માટે જે રીતે નજરને સૂક્ષ્મ કરવી પડી ને દીર્ઘકાળ સ્થિર કરવી પડે એ રીતે નજરને સૂક્ષ્મ કરીને લાંબો કાળ જોવું પડે) એની નજર કેટલી કાચી હશે એ સમજી શકાય છે. આ મહાત્માને પણ આ ભાલા જેવી (રીપીટ, ભાલા જેવી) ભૂલ જોવા માટે ઘાસની ગંજીમાંથી સોય શોધવા જેવો પરિશ્રમ જે આવશ્યક લાગે છે એ જ એમની બુદ્ધિ કઈ હદે સ્થૂળ હશે એનું શું સૂચન ન કરે ? અને આવી સ્થૂળ બુદ્ધિવાળાને સપ્તભંગી જેવા સૂક્ષ્મ ગહન વિષયમાં ગતાગમ ન જ પડે એ પણ શું સમજી શકાય એવું નથી ? વસ્તુતઃ કલિકાળસર્વજ્ઞ શ્રી હેમચન્દ્રાચાર્યની *'તથાપિ ગ્રસ્તો રાગાદ્યૈર્નાપ્તો ભવિતુમર્હતિ'* એવી સોનેરી સલાહને અવગણવાનું આ દુષ્પરિણામ છે.

હવે, તમે તમારા પત્રલેખમાં *'આ વાક્યો રોષજનિત છે' આમાં રોષભર્યો પ્રત્યાઘાત દેખાય છે.'* વગેરે જે જણાવ્યું છે એ અંગે વિચારીએ.'ગતાગમ નથી' 'આત્મઘાતી ચેષ્ટા' આવા શબ્દોનો પ્રયોગ ક્રોધથી પણ થઈ શકે ને કડકાઈથી પણ થઈ શકે. આમાંથી મેં આ શબ્દોનો પ્રયોગ ક્રોધથી જ કર્યો છે આવો નિશ્ચય તમે કર્યો છે તો શું તમને અતીન્દ્રિયજ્ઞાન થયું છે ? એ જે હોય તે, પણ તમારો આ નિશ્ચય ભ્રાન્ત છે એ વાત નિઃશંક જાણશો. ક્રોધ તો વિવેક-ઔચિત્ય ચૂકવે છે. મેં 'મુનિરાજશ્રી' 'મહાત્મા' વગેરે શબ્દો પ્રયોજ્યા છે જે સૂચવે છે કે હું વિવેક ચૂક્યો નથી અને ખરેખર મેં કડકાઈથી આ પ્રતિભાવ આપ્યો છે. ચોયણા-પડિચોયણામાં પણ કડક શબ્દો હોય છે. 'ચોયણા-પડિચોયણા ક્રોધથી જ થાય' આવું સુજ્ઞજન તો ન સ્વીકારી શકે કે ન કહી શકે. મેં આ એક ભૂલને આગળ કરીને

કડક પ્રતિભાવ જે આપ્યો છે તે ચર્ચા ટાળવા માટે જ આપ્યો છે એવું તમારું નિરીક્ષણ સાચું છે. હું આ ચર્ચા કેમ ટાળવા માગું છું એના કારણો પણ જણાવી દઉં.

(૧) કોઈના પણ નિરૂપણમાં ક્ષતિ જણાય તો પૂર્વે જણાવી ગયો છું તેમ એ નિરૂપણના નિરૂપક સાથે વ્યક્તિગત ધોરણે ચર્ચા-વિચારણા કરવી જોઈએ.. સીધું જાહેરમાં છાપી ન દેવું જોઈએ... આ ઉચિત વ્યવહાર છે. બે પક્ષ પડ્યા હોય ને પછી મધ્યસ્થ નિષ્કર્ષ પર આવવાનું હોય તો એ નિષ્કર્ષ આપનાર મધ્યસ્થ વિદ્વાન્‌ની નિમણુંક બંને પક્ષ સાથે મળીને કરે...છેવટે બંને પક્ષને માન્ય તો હોય જ... આ ઉચિત વ્યવહાર છે. આના બદલે એક પક્ષ બીજા પક્ષને અંધારામાં રાખીને, પોતાની સાથે અહો રૂપં અહો ધ્વનિઃ ના તાલમેળવાળા વિદ્વાનને મધ્યસ્થ તરીકે નીમી દે, એમણે આપેલા નિષ્કર્ષને મધ્યસ્થનિષ્કર્ષ તરીકે છાપીને જાહેર કરી દે... આ અનુચિત વ્યવહાર છે.

જેમના વ્યવહારમાં ઔચિત્ય ભાસતું નથી, એમની સાથે ચર્ચા શું કરવાની ?

(૨) અનુસંધાનમાં આવતા આવા ભૂલ દર્શાવનારા લખાણો બિલકુલ બેજવાબદાર રીતે લખાયેલા હોવા જણાયા છે. વૈરાગ્યદેશનાદક્ષ પૂ.આ.શ્રી હેમચન્દ્ર સૂ.મ.સા.ની. પ્રેરણાથી ટકાઉ કાગળ પર જે પ્રત વગેરે પ્રકાશિત થયા છે તે અંગે અનુસંધાનમાં કંઈક આવી ટીકા આવી હતી કે *'બહુ જ કાળજી રાખીને જુના સંપાદકો વગેરેના નામ કાઢી તેના સ્થળે પોતાના નામો ગોઠવી દીધા છે.'*

હવે જાહેરમાં આવું લખવું હોય તો પહેલાં ચોકસાઈ પૂર્વક તપાસ કરવી જોઈએ કે ખરી હકીકત શું છે ? હકીકત એ છે કે મૂળપ્રતોમાં જ સંપાદકનું નામ નથી. પછી એને કાઢી નાખવાની વાત આવે જ શી રીતે ? પણ આવા બેજવાબદાર મહાનુભાવો સાથે ચર્ચા શું કરવાની હોય ?

(૩) પૂ.આ.શ્રી હેમચન્દ્રસૂરિ મહારાજે ઉપરના ટીકાત્મક લખાણ અંગે પત્રવ્યવહાર કર્યો અને જણાવ્યું કે 'અમે કોઈના નામ કાઢ્યા નથી..'વગેરે. અને મૂળપ્રતો જોતા આ હકીકત સ્પષ્ટ થઈ જ જાય છે. છતાં, 'અનુસંધાનમાં બહુ જ કાળજી રાખીને જુના સંપાદકો વગેરેના નામ કાઢી નાખ્યાનું અમે જે જણાવેલું તે અમારી ભૂલ હતી, કારણ કે મૂળપ્રતમાં જ આ નામો હતા નહીં...' વગેરે રૂપે કોઈ ખુલાસો ક્યારેય આવ્યો નથી. એટલે કે 'અમને ભાસતી બીજાની ભૂલ અમે છાપી નાખીશું...' એમાં અમારી કોઈ ભૂલ હશે ને કોઈ અમને એ જણાવશે તો પણ અમે એને જાહેર કરવાના નથી. આવું વલણ સ્પષ્ટ જણાય છે. (આવા વલણનો અનુભવ અન્યને પણ થયેલ છે). આવું વલણ ધરાવનાર સાથે ચર્ચા કરવાનો કોઈ મતલબ ખરો ?

આવા અન્ય કારણો પણ છે, પણ હવે એ આપવાથી સર્યું.

તમારા આ પત્રલેખ પરથી મને તમારામાં માધ્યસ્થ્ય હોવાની પ્રતીતિ થઈ નથી, પણ નીતરતો પક્ષપાત ભાસ્યો છે. અને તેથી મને મારા આ પત્રના પ્રત્યુત્તરની કોઈ અપેક્ષા છે નહીં, એની નોંધ લેશો.

તમને કે કોઈને પણ આ પત્રથી કાંઈપણ મનદુઃખ થાય તો એનું મિચ્છામિ દુક્કડં જાણશો.

૨૦૬૯, વૈ.સુ.ર. સુરત

**-અભયશેખરની વંદના**

❖ ❖ ❖

**તા.ક.** આ પત્ર વાંચવા પર કોઈને પણ એમ થાય કે 'તમે જો ચર્ચા કરશો જ નહીં તો તો તમારાં નવા-નવા પ્રકાશનો અંગે આવું કાંઈ ને કાંઈ બેરોકટોક લખ્યા જ કરશે...' તો એના જવાબમાં

હું કહીશ કે... હાથી ચલા બજાર... અથવા આગળ કહેવાથી સર્યું. મારી સજ્જનતા મને રોકી રહી છે. आलप्यालमिदं हि वा...

**એક વિશેષ વાતઃ**

શ્રી અનુયોગદ્વાર સૂત્ર પરની મારી ટીપ્પણમાં દ્રવ્યપુદ્ગલ-પરાવર્ત અંગે વિચારણા કરી છે. મુ.શ્રી ત્રૈલોક્યમંડનવિજયજીએ અનુસંધાનના ૬૩મા અંકમાં, એ વિચારણા અંગે, પોતાની હંમેશની (કુ?)ટેવ મુજબ જે નનુ નચ કર્યું છે તેમાં એમના ક્ષયોપશમની અતિ મંદતાના વરવા પ્રદર્શન સિવાય વિશેષ કશું જણાતું નથી. પણ એ અંગે ચર્ચા કરવાથી સર્યું !

❖ ❖ ❖

## પૂ. આ. શ્રી અભયશેખરસૂરિ મ. સા.નું
## સંપાદિત-અનુવાદિત લિખિત અધ્યયનોપયોગી સાહિત્ય

૧) અધ્યાત્મમતપરીક્ષા
૨) ધર્મપરીક્ષા
૩) સામાચારી પ્રકરણ, આરાધક વિરાધક ચતુર્ભંગી
કૂપદૃષ્ટાન્તવિશદીકરણ પ્રકરણ
૪) સમ્યક્ત્વ ષટ્સ્થાનની ચઉપઈ
૫-૬) દ્વાત્રિંશદ્ દ્વાત્રિંશિકા ભાગ-૧-૨
૭-૯) કર્મપ્રકૃતિ પદાર્થો ભાગ : ૧-૨-૩
૧૦-૧૧) ન્યાય સિદ્ધાન્તમુક્તાવલી ભાગ : ૧-૨
૧૨) સત્પદાદિ પ્રરૂપણા
૧૩) હારિભદ્રયોગભારતી
૧૪) યોગવિંશિકા
૧૫) સિદ્ધિનાં સોપાન
૧૬) તત્ત્વાવલોકન સમીક્ષા
૧૭) તત્ત્વ નિર્ણય
૧૮-૨૨) નવાંગી ગુરુપૂજન પ્રશ્નોત્તરી વગેરે
૨૩) શતક નામે પાંચમા કર્મગ્રન્થના પદાર્થો-ટીપ્પણો
૨૪-૨૬) દશવિધ સામાચારી (ભાગ : ૧-૨-૩)
૨૭-૨૮) તિથિ અંગે સત્ય અને સમાધાન (ભાગ : ૧-૨)
૨૯) સપ્તભંગીવિંશિકા
૩૦) દ્રવ્ય-ગુણ-પર્યાયનો રાસ ભાગ-૧
૩૧) નિક્ષેપવિંશિકા
૩૨) क्या जिनपूजा करना पाप है ?
૩૩) અનુયોગદ્વાર-સટીપ્પણ
૩૪) નયવિંશિકા
૩૫-૪૧) બત્રીશીના સથવારે-કલ્યાણની પગથારે ભાગ-૧-૨-૩-૪-૫-૬-૭

## પૂ. આ. શ્રી અભયશેખરસૂરિ મ. સા. લિખિત
## ઉપદેશાત્મક સાહિત્ય

૧) હંસા ! તું ઝીલ મૈત્રી સરોવરમાં...(ગુજ.+હિન્દી=૭૫૦૦૦ નકલ)
૨) હૈયું મારું નૃત્ય કરે
૩) હું કરું હું કરું એ જ અજ્ઞાનતા (૨૦૦૦૦ નકલ)
૪) કર પડિક્કમણું ભાવશું
૫) અવિક્ખા અણાણંદે
૬) હું છું સેવક તારો રે
૭) હા ! પસ્તાવો વિપુલ ઝરણું...
૮) મિચ્છામિ દુક્કડં
૯) ટાળિયે દોષ સંતાપ રે...
૧૦) જેલર (ગુજ.+હિન્દી+મરાઠી+અંગ્રેજી ૧,૩૦,૦૦૦ નકલ)

BHARAT GRAPHICS-Ahmedabad
(079) 22134176, Mo. 9925020106